Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્યદેવ વિરચિત

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય

મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ અને પંડિતપ્રવર
ટોડરમલજીકૃત ટીકા ઉપરથી

## ગુજરાતી અનુવાદ

અનુવાદક

**બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ**

બી.એ. (ઓનર્સ); એસ.ટી.સી. ; રાષ્ટ્રભાષારત્ન
વઢવાણ શહેર

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમાવૃત્તિ : પ્રત ૪૧૦૦

વીર સંવત ૨૪૯૨ ✣ વિક્રમ સંવત ૨૦૨૨

દ્વિતીયાવૃત્તિ : પ્રત ૨૧૦૦

વીર સંવત ૨૫૦૪ ✣ વિક્રમ સંવત ૨૦૩૪

તૃતીયાવૃત્તિ : પ્રત ૩૦૦૦

વીર સંવત ૨૫૫૪ ✣ વિક્રમ સંવત ૨૦૫૪

કિંમત :

રૂા. ૨૦/-

મુદ્રક :

કોમ્પ્યુ આર્ટ

૫૨૧, સ્ટાર ચેમ્બર્સ,

હરિહર ચોક, રાજકોટ - ૧.

ફોન : ૦૨૮૧ - ૨૩૯૩૯૬

ફેક્સ : ૦૨૮૧ - ૨૯૪૩૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This shastra has been kindly donated by Madhusudan and Manju Shah, London, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of Purusharth Siddhi Upai (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 31 January 2009 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ૐ

**શ્રી પુરુષાર્થ સિદ્ધ્યુપાયદર્શક સંતોને નમસ્કાર !**

# -: પ્રકાશકીય નિવેદન :-

અતિ પ્રશસ્ત અધ્યાત્મવિદ્યાકુશળ તથા જિનાગમમર્મજ્ઞ શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવે 'પુરુષાર્થ સિદ્ધ્યુપાય' અપર નામ 'જિનપ્રવચનરહસ્ય-કોષ' ની રચના કરી છે. તેના પર આચાર્યકલ્પ પં. શ્રી ટોડરમલજીકૃત ભાષા-ટીકા મૂળ ઢૂંઢારીમાં છે. તેનો ગુજરાતી ભાષામાં આ અનુવાદ બીજી આવૃત્તિમાં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓને આપતાં અત્યાનંદ અનુભવાય છે.

પંડિતપ્રવર શ્રી ટોડરમલજીએ રચેલ દેશભાષામય ટીકા અપૂર્ણ રહી ગયેલ છે. ત્યારબાદ પં. શ્રી દૌલતરામજીએ વિ.સં. ૧૮૨૭ માં તે પૂર્ણ કરેલ છે.

આ ગ્રંથ વીર સં. ૨૪૫૬ માં શ્રી દુલીચંદજી પરવાર, માલિક જિનવાણી પ્રચારક કાર્યાલય, કલકત્તા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ, પણ તેમાં અનેક અશુદ્ધિઓ રહી જવા પામેલ; તેથી અત્યંત સાવધાની અને શ્રમપૂર્વક તેને શુદ્ધ કરીને આ ગુજરાતી ભાષાંતર તૈયાર કરવામાં આવેલ છે. આ ગ્રંથ ઉપરોક્ત પ્રકાશકની સંમતિ લઈને છપાવ્યો છે અને સંમતિ આપવા બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

સર્વજ્ઞ વીતરાગ કથિત વસ્તુસ્વભાવદર્શક જૈનધર્મનું માહાત્મ્ય, અહિંસાદિ વ્રતોનું સ્વરૂપ, ગૃહસ્થોચિત નીતિમય વ્યવહારધર્મ અર્થાત્ સમ્યગ્દર્શનપૂર્વક યથાપદવી ચારિત્રમય જૈનત્વ શું છે તેનું અત્યંત સુગમ શૈલીથી વર્ણન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આત્મહિત માટે પુરુષાર્થનો ધારાવાહી સ્રોત જેઓ નિરંતર વહાવી રહ્યા છે એવા આત્મજ્ઞ સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામી પાસેથી પ્રેરણા પામીને સદ્ધર્મપ્રેમી બ્ર. ભાઈશ્રી વ્રજલાલ ગિરધરલાલ શાહે આ અનુવાદ તૈયાર કરી આપ્યો છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બ્ર. શ્રી વ્રજલાલભાઇ બી. એ. (ઓનર્સ ) એસ.ટી.સી. હોવા ઉપરાંત રાષ્ટ્રભાષારત્ન છે. તેઓ અતિ નમ્ર, વૈરાગ્યશીલ, બાલબ્રહ્મચારી, ઉત્તમ ધાર્મિકવૃત્તિવાળા, નિઃસ્પૃહી સજ્જન છે. વઢવાણ શહેરની હાઇસ્કૂલમાં પ્રતિષ્ઠાપ્રાપ્ત શિક્ષક છે. તેઓ દર વર્ષે બંને વેકેશનોમાં સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણપથપ્રદર્શક પ્રવચનોનો તથા અધ્યાત્મચર્ચાનો અલભ્ય લાભ લ્યે છે. ગ્રીષ્માવકાશમાં સોનગઢમાં ચાલતા ધાર્મિક શિક્ષણ વર્ગમાં વિદ્યાર્થીઓને તેમની સચોટ શૈલીથી શિક્ષણ પણ આપે છે. તેમણે આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ જિનવાણી પ્રત્યેની ભક્તિવશ, અત્યંત ઉલ્લાસપૂર્વક, તદ્દન નિઃસ્પૃહભાવે કરી આપ્યો છે. તે માટે આ સંસ્થા તેમની અત્યંત ૠણી છે અને ધન્યવાદ આપવા સાથે તેમનો આભાર માને છે.

પરમશ્રુત પ્રભાવક-મંડળ દ્વારા સંચાલિત રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળા, મુંબઇ તરફથી પ્રકાશિત ''પુરુષાર્થસિદ્ધ્યુપાય'' ગ્રંથમાં છપાયેલ મૂળ શ્લોકો તથા અન્વયાર્થ સંશોધનકાર્યમાં ઉપકારભૂત થયા છે, તથા તેમાંથી સમાધિમરણ અર્થાત્ સલ્લેખના ધર્મ સંબંધી લેખ ઉદ્ધૃત કરેલ છે, તે બદલ ઉપરોક્ત મંડળનો આભાર માનવામાં આવે છે.

જિનેન્દ્ર કથિત નિશ્ચય-વ્યવહારની સંધિવાળું સુલભ વર્ણન આ ગ્રંથમાંથી વાંચી-વિચારીને, નયપક્ષના રાગથી મધ્યસ્થ થઇ જિજ્ઞાસુઓ સ્વસન્મુખતારૂપ અપૂર્વ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ માટે નિરંતર પુરુષાર્થવંત બનો એ ભાવના.

**: નિવેદક :**

ટ્રસ્ટીગણ

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પ્રસ્તાવના

આ ગ્રન્થનું નામ ‘પુરુષાર્થસિદ્ધયુપાય’ અથવા ’જિનપ્રવચનરહસ્ય-કોષ’ છે. પુરુષ અર્થાત્ આત્માના પ્રયોજનની સિદ્ધિનો ઉપાય અથવા જૈનસિદ્ધાંતનાં રહસ્યોનો ભંડાર-એવો તેનો અર્થ થાય છે. સમસ્ત દુઃખરૂપી સંસારનું મૂળ મિથ્યા શ્રદ્ધા છે અને સત્યસુખરૂપી ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક નિજાત્મસ્વરૂપમાં લીન થવું તે પુરુષાર્થની સિદ્ધિનો ઉપાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ જ પુરુષાર્થસિદ્ધિ-ઉપાય છે.

આ ગ્રન્થના રચયિતા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ છે. આધ્યાત્મિક વિદ્વાનોમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય પછી જો કોઈનું પણ નામ લેવામાં આવે તો તે શ્રી અમૃતચંદ્રાચાર્ય છે. આવા મહાન અને ઉત્તમ પ્રજ્ઞાવંત આચાર્યદેવના વિષયમાં તેમની સાહિત્ય-રચના સિવાય અન્ય કાંઈ પણ સામગ્રી ઉપલબ્ધ નથી. તેઓ આ ભરતક્ષેત્રમાં સ્વરૂપાનંદની મસ્તીમાં ઝૂલતા, પ્રચુર સંવેદનસ્વરૂપ સ્વસંવેદનથી આત્મવૈભવ પોતામાં પ્રગટ કરનાર અનેક ઉત્તમ ગુણોના ધારક મહાન સંત હતા. વળી તેઓ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત પરમાગમ શ્રી સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય-સંગ્રહ શાસ્ત્રના અદ્વિતીય ટીકાકાર તથા ‘કલિકાલ ગણધર’ ની ઉપમાને પ્રાપ્ત હતા.

ઉપરોક્ત શાસ્ત્રોની સંસ્કૃત ટીકા ઉપરાંત ‘તત્ત્વાર્થસાર’ અને ‘પુરુષાર્થ-સિદ્ધયુપાય’ તેમની મૌલિક રચના છે. તેના અભ્યાસીઓ તેમની સર્વોત્તમ પ્રજ્ઞાની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. આત્મજ્ઞ સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામી તો અનેક વખત ફરમાવે છે કે ‘ગણધરદેવ તુલ્ય તેમની સંસ્કૃત ટીકા ન હોત તો ભગવાન શ્રી કુંદકુંદાચાર્યનું હાર્દ સમજી શકાત નહિ. તેમણે સર્વજ્ઞ પરમાત્માની વાણીના અપૂર્વ, અચિંત્ય રહસ્ય ખોલ્યાં છે.’ એવા મહાન્ યોગીશ્વરને અત્યંત ભક્તિભાવે નમસ્કાર હો !

પુરુષાર્થસિદ્ધયુપાય ઉપર ત્રણ ટીકાઓ ઉપલબ્ધ છે. પ્રથમ સંસ્કૃત ટીકા છે તેના કર્તા અજ્ઞાત છે, બીજી ટીકા પંડિતપ્રવર શ્રી ટોડરમલજી તથા પં. શ્રી દૌલતરામજી કૃત ઢૂંઢારી ભાષામાં છે અને ત્રીજી ટીકા પં. શ્રી ભૂધર મિશ્ર રચિત વ્રજભાષામાં છે.

બીજી ટીકા પ્રસિદ્ધ ભાષાટીકાકાર પં. પ્રવર શ્રી ટોડરમલજીની અંતિમ કૃતિ હોય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ લાગે છે કારણ કે તે અપૂર્ણ રહી ગઈ છે. જો તેઓ જીવિત હોત તો અવશ્ય તેને પૂર્ણ કરત. ત્યારબાદ આ ટીકા જયપુરના મહારાજા પૃથ્વીસિંહજીના મુખ્ય દીવાન શ્રી રતનચંદજીની પ્રેરણાથી પં. શ્રી દૌલતરામજીએ સં. ૧૮૨૭ માં પૂર્ણ કરી છે. તે ટીકાનો ગુજરાતી અનુવાદ આ ગ્રંથમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. એ રીતે બંને પંડિતોનો ઉપકાર છે.

જૈનધર્મ જ અહિંસાપ્રધાન છે. નિશ્ચય-અહિંસા તો વીતરાગી શ્રદ્ધા-જ્ઞાનચારિત્ર છે તેનું, તથા વ્યવહાર-અહિંસાનું વાસ્તવિક સ્વરૂપ શ્રી જિનેન્દ્રકથિત શાસ્ત્રોમાં પ્રરૂપવામાં આવ્યું છે.

હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ—એ ચાર બાબતોના જ્ઞાન વિના તથા ભૂતાર્થ નિજજ્ઞાયકસ્વભાવનો આશ્રય કર્યા વિના હિંસાનો યથાર્થ ત્યાગ થઈ શકતો નથી. શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે અહિંસાનું વર્ણન જે અપૂર્વ શૈલીથી આ ગ્રંથમાં કર્યું છે તેવું અન્ય મતના કોઈ ગ્રંથમાં છે જ નહિ. તેમણે મિથ્યાશ્રદ્ધા ઉપરાંત હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ અને પરિગ્રહાદિ પાપોને ખૂબીની સાથે કેવળ હિંસારૂપ જ સાબિત કરેલ છે. વર્તમાનમાં તો પશુવધ, માંસભક્ષણ અને અભક્ષ્યાદિના પ્રચાર દ્વારા હિંસાની જ પુષ્ટિ થઈ રહી છે, તેના ત્યાગ વગર વિશ્વમાં શાંતિની પ્રાપ્તિ થવી અસંભવિત છે. તેથી સર્વજ્ઞ વીતરાગ કથિત અહિંસાના રહસ્યને સમજી જગતના સર્વ જીવો શાંતિનો અનુભવ કરો એ જ ભાવના.

સોનગઢ

તા. ૨-૯-૬૬

—બ્ર. ગુલાબચંદ જૈન.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પં. ટોડરમલજીનું મંગળાચરણ | ૧ |
| શ્રી અમૃતચંદ્રાચાર્યનું મંગળાચરણ | ૨ |
| **ભૂમિકા....** | ૭ |
| વક્તાનું લક્ષણ | ૭ |
| નિશ્ચય-વ્યવહારનયનું સ્વરૂપ | ૮ |
| શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ | ૧૦ |
| **ગ્રંથ પ્રારંભ....** | ૧૪ |
| પુરુષનું સ્વરૂપ | ૧૪ |
| કર્તા-ભોક્તા | ૧૬ |
| પુરુષાર્થના પ્રયોજનની સિદ્ધિ | ૧૭ |
| પુદ્ગલ અને જીવ સ્વયં પરિણમે છે | ૧૮ |
| સંસારનું મૂળ કારણ | ૨૦ |
| પુરુષાર્થસિદ્ધિનો ઉપાય | ૨૨ |
| મુનિની અલૌકિક વૃત્તિ | ૨૩ |
| ઉપદેશ દેવાનો ક્રમ | ૨૪ |
| ક્રમ ભંગ કરનાર દંડને પાત્ર | ૨૪ |
| **શ્રાવકધર્મ વ્યાખ્યાન....** | ૨૬ |
| પ્રથમ સમ્યક્ત્વ જ અંગીકાર કરવું | ૨૬ |
| સમ્યક્ત્વનું લક્ષણ | ૨૭ |
| સાત તત્ત્વો | ૨૯ |
| સમ્યક્ત્વના આઠ અંગ | ૩૨ |
| **સમ્યગ્જ્ઞાન અધિકાર....** | ૩૮ |
| પ્રમાણ-નયોનું સ્વરૂપ | ૩૮ |
| પ્રથમ સમ્યક્ત્વ પછી જ્ઞાન કેમ ? | ૪૧ |
| બન્ને સાથે છે તો કારણ-કાર્ય શું ? | ૪૧ |
| સમ્યગ્જ્ઞાનનું લક્ષણ | ૪૨ |
| સમ્યગ્જ્ઞાનના આઠ અંગ | ૪૩ |
| **સમ્યક્ચારિત્રનું વ્યાખ્યાન....** | ૪૫ |
| સમ્યક્ચારિત્ર કોણે અંગીકાર કરવું ? | ૪૫ |
| સમ્યગ્જ્ઞાન પછી ચારિત્ર | ૪૫ |
| ચારિત્રનું લક્ષણ | ૪૬ |
| ચારિત્રના ભેદ અને સ્વામી | ૪૭ |
| પાંચ પાપ એક હિંસારૂપ જ છે. | ૪૮ |
| **અહિંસાવ્રત.....** | ૫૦ |
| હિંસા-અહિંસાનું લક્ષણ અને તેના ભેદ | ૫૦ |
| હિંસા છોડવા માટે પ્રથમ શું કરવું | ૫૦ |
| મદ્ય,માંસ, મધના દોષ અને તેનાથી **અમર્યાદિત હિંસા.....** | ૬૨ |
| પાંચ ઉદુમ્બર ફળના દોષ, તેના ભક્ષણ કરનારને વિશિષ્ટ રાગરૂપ હિંસા | ૬૮ |
| એ આઠ પદાર્થોનો ત્યાગ કરનાર જૈનધર્મના ઉપદેશને પાત્ર થાય છે. | ૭૦ |
| હિંસાદિકનો ત્યાગ | ૭૦ |
| સ્વચ્છંદપણાનો નિષેધ | ૭૧ |
| અહિંસા ધર્મને સાધતાં કુયુક્તિયોથી સાવધાન કરે છે | ૭૨ |
| **સત્યવ્રત.....** | ૮૦ |
| તેના ભેદ | ૮૦ |
| ચૌર્ય પાપનું વર્ણન | ૮૬ |
| **અચૌર્ય વ્રત.....** | ૮૬ |
| કુશીલનું સ્વરૂપ | ૯૦ |
| **બ્રહ્મચર્ય વ્રત** | ૯૦ |
| પરિગ્રહ પાપનું સ્વરૂપ | ૯૨ |
| તેના ભેદ | ૯૪ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| હિંસા-અહિંસા | ૯૬ | બાર વ્રતોના અતિચાર | ૧૪૭ |
| બન્ને પરિગ્રહોમાં હિંસા | ૯૬ | અતિચાર ત્યાગનું ફળ | ૧૫૭ |
| **અપરિગ્રહ વ્રત** | ૧૦૦ | **સકળચારિત્રનું વ્યાખ્યાન** | ૧૫૮ |
| બાહ્યપરિગ્રહ ત્યાગનો ક્રમ | ૧૦૨ | તપના બે ભેદ | ૧૫૯ |
| રાત્રિભોજનમાં ભાવહિંસા; | | બાહ્ય-અભ્યંતર તપના ભેદ | ૧૫૯ |
| દ્રવ્યહિંસા | ૧૦૭ | મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ | ૧૬૨ |
| **સાત શીલવ્રત** | ૧૦૯ | છ આવશ્યક | ૧૬૨ |
| ૧-દિગ્વ્રત | ૧૦૯ | ત્રણ ગુપ્તિ | ૧૬૩ |
| ૨-દેશવ્રત | ૧૧૦ | પાંચ સમિતિ | ૧૬૪ |
| ૩-અનર્થદંડવ્રત | ૧૧૨ | દશ ધર્મો | ૧૬૫ |
| તેના પાંચ ભેદ | ૧૧૨ | બાર ભાવનાઓ | ૧૬૭ |
| **ચાર શિક્ષાવ્રત** | ૧૧૬ | બાવીશ પરિષહો | ૧૭૧ |
| પહેલું સામાયિક શિક્ષાવ્રત | ૧૧૬ | રત્નત્રય માટે પ્રેરણા | ૧૭૬ |
| સામાયિકની વિધિ | ૧૧૭ | અપૂર્ણરત્નત્રય છે તેનાથી બંધ થતો | |
| બીજું શિક્ષાવ્રત-પ્રોષધોપવાસ | ૧૧૮ | નથી પણ રાગથી થાય છે. | ૧૭૮ |
| ઉપવાસના દિવસ-રાત્રિનું કર્તવ્ય | ૧૨૦ | અંશે રાગ, અંશે સમ્યક્રત્નત્રયનું ફળ | ૧૭૮ |
| ઉપવાસમાં વિશેષપણે અહિંસાની પુષ્ટિ | ૧૨૩ | કર્મોનો બંધ અને તેમાં કારણ | ૧૮૧ |
| ત્રીજું શિક્ષાવ્રત-ભોગોપભોગપરિમાણ | ૧૨૫ | રત્નત્રયથી બંધ થતો નથી | ૧૮૬ |
| તેના ભેદ | ૧૨૬ | તીર્થંકરાદિ નામકર્મનો બંધ પણ રત્ન | |
| ચોથું શિક્ષાવ્રત-વૈયાવૃત્ય | ૧૩૧ | ત્રયવડે થતો નથી | ૧૮૬ |
| નવધા ભક્તિના નામ | ૧૩૨ | રત્નત્રયધર્મ મોક્ષનું જ કારણ છે; | ૧૮૬ |
| દાતાના સાત ગુણ | ૧૩૩ | પુણ્યાસ્ત્રવ તે શુભોપયોગનો અપરાધ છે | ૧૮૭ |
| કેવી વસ્તુનું દાન દેવું | ૧૩૪ | નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ | ૧૮૭ |
| પાત્રોના ભેદ | ૧૩૫ | પરમાત્મા | ૧૮૯ |
| દાન આપવાથી હિંસાનો ત્યાગ | ૧૩૬ | જૈનનીતિ-નયવિવક્ષા | ૧૮૯ |
| **સલ્લેખનાધર્મ વ્યાખ્યાન** | ૧૩૯ | શાસ્ત્રરચના શબ્દોએ કરી છે અમારાંથી | |
| સમાધિમરણની વિધિ | ૧૩૯ | તેમાં કાંઈ કરાયું નથી | ૧૯૧ |
| સલ્લેખના પણ અહિંસા છે | ૧૪૬ | શ્લોકોની વર્ણાનુક્રમણિકા | ૧૯૩ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

श्रीजिनाय नमः

## શ્રીમદ્-અમૃતચંદ્રાચાર્ય દેવવિરચિત

# પુરુષાર્થસિદ્ધિ-ઉપાય

### આચાર્યકલ્પ શ્રી પં. ટોડરમલ્લજીકૃત ભાષાવચનિકાનો

# ગુજરાતી અનુવાદ

### મંગલાચરણ

(દોહા)– પરમ પુરુષ નિજ અર્થને, સાધિ થયા ગુણવૃંદ;
આનન્દામૃતચન્દ્રને, વંદું છું સુખકંદ. ૧
બાની બિન બૈન ન બને, બૈન બિના બિન નૈન;
નૈન બિના ના બાન બન, નમોં બાનિ બિન બૈન. ૨
ગુરુ ઉર ભાવૈ આપ પર, તારક, બારક પાપ;
સુરગુરુ ગાવૈ આપ પર, હારક વાચ કલાપ. ૩
મૈં નમો નગન જૈન જિન, જ્ઞાન ધ્યાન ધન લીન;
મૈન માન વિન દાનઘન, એન હીન તન છીન. ૪

ભાવાર્થઃ– જે પરમ પુરુષ નિજસ્વરૂપ સાધીને શુદ્ધગુણ સમૂહરૂપે થયા તે સુખકન્દ આનંદસ્વરૂપ શ્રી અમૃતચંદ્રાચાર્યને વંદું છું. ૧. વાણીનો યોગ ન હોય તો વર્ણન થાય નહીં, જિનવાણીના વર્ણન વિના જ્ઞાનચક્ષુ ન હોય, ભાવભાસનરૂપ જ્ઞાનચક્ષુ વિના વર્ણનને નિમિત્ત કહી શકાતું નથી, નિરક્ષરી જિનવાણીને નમસ્કાર હો. ૨. શ્રીગુરુ કેવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે ? કે હૃદયમાં સ્વ-પર ભેદવિજ્ઞાન ભાવે છે, તારક છે, પાપનું નિવારણ કરનાર છે; વચનબલી વાદીને જીતનારા જે સુરગુરુ તેઓ ભેદવિજ્ઞાન ગાય છે-ભક્તિ કરે છે.

હું જિનમુદ્રાધારક જૈન નગ્ન દિગમ્બર મુનિને નમસ્કાર કરું છું કે જેઓ જ્ઞાન-ધ્યાનરૂપી ધન-સ્વરૂપમાં લીન છે, કામ, માન (ઘમંડ, કર્તૃત્વ, મમત્વ) થી રહિત, મેઘ સમાન ધર્મોપદેશની વૃષ્ટિ કરનારા, પાપરહિત અને ક્ષીણકાય છે, અર્થાત્ કષાય અને કાયા ક્ષીણ છે તથા જ્ઞાનસ્વરૂપમાં બેહદ પુષ્ટ છે. ૪.

**( કવિત્ત-સવૈયા મનહર ૩૧ વર્ણ )**

કોઈ નર નિશ્ચયથી આતમાને શુદ્ધ માની,
થયા છે સ્વચ્છંદ ન પિછાને નિજ શુદ્ધતા;
કોઈ વ્યવહાર દાન તપ શીલ ભાવને જ
આતમાનું હિત માની છાંડે નહિ મૂઢતા;
કોઈ વ્યવહારનય-નિશ્ચયના મારગને
ભિન્ન ભિન્ન જાણીને કહે છે નિજ ઉદ્ધતા;
જાણે જયારે નિશ્ચયના ભેદ વ્યવહાર સહુ,
કારણને ઉપચાર માને ત્યારે બુદ્ધતા. ૫

(દોહા)-શ્રીગુરુ પરમ દયાળ થઈ દિયો સત્ય ઉપદેશ,
જ્ઞાની માને જાણીને, મૂઢ ગ્રહે છે ક્લેશ. ૬

હવે ગ્રન્થકર્તા શ્રી અમૃતચન્દ્રાચાર્યદેવ મંગલાચરણનિમિત્તે પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરીને આ જીવનું પ્રયોજન સિદ્ધ થવાના કારણભૂત નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગની એકતારૂપ ઉપદેશ જેમાં છે એવા ગ્રન્થનો આરંભ કરે છે.

सूत्रावतार :-

**( આર્યા છન્દ )**

**तज्जयति परं ज्योतिः समं समस्तैरनन्तपर्यायैः ।**
**दर्पणतल इव सकला प्रतिफलति पदार्थमालिका यत्र ॥१॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [यत्र] જેમાં [दर्पणतल इव] દર્પણની સપાટીની પેઠે [सकला] બધા [पदार्थमालिका] પદાર્થોનો સમૂહ [समस्तैरनन्तपर्यायैः समं] અતીત, અનાગત અને વર્તમાનકાળના સમસ્ત અનંત પર્યાયો સહિત [प्रतिफलति] પ્રતિબિંબિત થાય છે, [तत्] તે [परं ज्योतिः] સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતના સ્વરૂપ પ્રકાશ [जयति] જયવંત વર્તો.

**ટીકાઃ–** 'तत् परं ज्योतिः जयति'–તે પરમ જ્યોતિ–સર્વોત્કૃષ્ટ શુદ્ધ ચેતનાનો પ્રકાશ જયવંત વર્તે છે. તે કેવો છે? 'यत्र सकला पदार्थमालिका प्रतिफलति'–જે શુદ્ધ ચેતના પ્રકાશમાં બધા જ જીવાદિ પદાર્થોનો સમૂહ પ્રતિબિંબિત થાય છે. કેવી રીતે? 'समस्तैः अनन्तपर्यायैः समं'–પોતાના સમસ્ત અનંત પર્યાયો સહિત પ્રતિબિંબિત થાય છે.

**ભાવાર્થઃ–** શુદ્ધ ચેતના પ્રકાશનો કોઇ એવો જ મહિમા છે કે તેમાં 'જેટલા પદાર્થો છે તે બધા જ પોતાના આકાર સહિત પ્રતિભાસમાન થાય છે.' કયા દૃષ્ટાંતે? दर्पणतल इव–અરીસાના ઉપરના ભાગમાં ઘટપટાદિ પ્રતિબિંબિત થાય છે તેમ. અહીં અરીસાનું દૃષ્ટાંત આપ્યું છે તેનું પ્રયોજન એ જાણવું કે અરીસાને એવી ઇચ્છા નથી કે હું આ પદાર્થોને પ્રતિબિંબિત કરું. જેમ લોઢાની સોય લોહચુંબકની પાસે પોતાની મેળે જાય છે તેમ અરીસો પોતાનું સ્વરૂપ છોડી તેમને પ્રતિબિંબિત કરવા માટે પદાર્થની સમીપે જતો નથી. વળી તે પદાર્થો પણ પોતાનું સ્વરૂપ છોડીને તે અરીસામાં પેસતા નથી. જેમ કોઇ પુરુષ (બીજા) કોઇ પુરુષને કહે કે અમારું આ કામ કરો જ, તેમ તે પદાર્થો પોતાને પ્રતિબિંબિત કરવાની અરીસાને પ્રાર્થના પણ કરતા નથી. સહજ જ એવો સંબંધ છે કે જેવો તે પદાર્થોનો આકાર છે તેવા જ આકારરૂપે અરીસામાં પ્રતિબિંબિત થાય છે. પ્રતિબિંબ પડતાં અરીસો એમ માનતો નથી કે આ પદાર્થો મારા માટે ભલા છે, ઉપકારી છે, રાગ કરવા યોગ્ય છે, બધા પદાર્થો પ્રત્યે સમાન ભાવ પ્રવર્તે છે. જેવી રીતે અરીસામાં કેટલાક ઘટપટાદિ પદાર્થો પ્રતિબિંબિત થાય છે તેવી જ રીતે જ્ઞાનરૂપી દર્પણમાં સમસ્ત જીવાદિ પ્રતિબિંબિત થાય છે. એવું કોઇ દ્રવ્ય કે પર્યાય નથી જે જ્ઞાનમાં ન આવ્યું હોય. આવા શુદ્ધ ચૈતન્યરૂપ પ્રકાશનો સર્વોત્કૃષ્ટ મહિમા સ્તુતિ કરવા યોગ્ય છે.

અહીં કોઇ પ્રશ્ન કરે છે કે અહીં ગુણનું સ્તવન કર્યું, કોઇ પદાર્થનું નામ ન લીધું તેનું કારણ શું? પહેલાં પદાર્થનું નામ લેવું જોઇએ અને પછી ગુણનું વર્ણન કરવું જોઇએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનો ઉત્તરઃ—અહીં આચાર્યે પોતાનું પરીક્ષાપ્રધાનપણું પ્રગટ કર્યું છે. ભક્ત બે પ્રકારના છે —એક આજ્ઞાપ્રધાન, બીજા પરીક્ષાપ્રધાન. જે જીવો પરંપરા માર્ગવડે ગમે તેવા દેવ-ગુરુનો ઉપદેશ પ્રમાણ કરીને વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને આજ્ઞાપ્રધાન કહીએ અને જેઓ પોતાના સમ્યગ્જ્ઞાન વડે પહેલાં સ્તુતિ કરવા યોગ્ય ગુણનો નિશ્ચય કરે અને પછી જેમનામાં તે ગુણ હોય તેમના પ્રત્યે વિનયાદિ ક્રિયારૂપ પ્રવર્તે તેને પરીક્ષાપ્રધાન કહીએ. કેમ કે કોઇ પદ, વેશ અથવા સ્થાન પૂજ્ય નથી, ગુણ પૂજ્ય છે તેથી અહીં શુદ્ધ ચેતના પ્રકાશરૂપ ગુણ સ્તુતિ કરવા યોગ્ય છે એમ આચાર્યે નિશ્ચય કર્યો. જેમનામાં એવો ગુણ હોય તે સહજ જ સ્તુતિ કરવા યોગ્ય થયો. કારણ કે જે ગુણ છે તે દ્રવ્યના આશ્રયે છે, જુદો નથી એમ વિચારીને નિશ્ચય કરીએ તો એવો ગુણ પ્રગટરૂપ અરિહંત અને સિદ્ધમાં હોય છે. આ રીતે પોતાના ઇષ્ટદેવનું સ્તવન કર્યું. ૧.

હવે ઇષ્ટ આગમનું સ્તવન કરે છે.

**परमागमस्य *जीवं निषिद्धजात्यन्धसिन्धुरविधानम् ।**
**सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकान्तम् ॥२॥**

**અન્વયાર્થ :–** [निषिद्धजात्यन्धसिन्धुरविधानम्] જન્મથી અંધ પુરુષોના હાથીના વિધાનનો નિષેધ કરનાર [सकलनयविलसितानाम्] સમસ્ત નયોથી પ્રકાશિત વસ્તુસ્વભાવોના [विरोधमथनं] વિરોધોને દૂર કરનાર [परमागमस्य] ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના [जीवं] જીવભૂત [अनेकान्तम्] અનેકાન્તને-એક પક્ષરહિત સ્યાદ્વાદને હું અમૃતચંદ્રસૂરિ [नमामि] નમસ્કાર કરું છું.

**ટીકાઃ**–'अहं अनेकान्तं नमामि'—હું - ગ્રંથકર્તા અનેકાન્ત-એકપક્ષ રહિત સ્યાદ્વાદને નમસ્કાર કરું છું. અહીં કોઇ પ્રશ્ન કરે છે કે જિનાગમને નમસ્કાર કરવા હતા, અહીં સ્યાદ્વાદને નમસ્કાર કર્યા તેનું કારણ શું? તેનો ઉત્તર-જે સ્યાદ્વાદને અમે નમસ્કાર કર્યા તે કેવો છે? 'परमागमस्य जीवं'-ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાન્તના જીવભૂત છે.

**ભાવાર્થઃ**– જેમ શરીર જીવ સહિત કાર્યકારી છે, જીવ વિનાનું મૃતક શરીર કાંઇ કામનું નથી તેમ જૈન સિદ્ધાંત છે તે વચનાત્મક છે, વચન ક્રમવર્તી છે. તે જે કથન કરે છે

* पा. बीजं



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે એક નયની પ્રધાનતાથી કરે છે, પરન્તુ જૈન સિદ્ધાંત સર્વત્ર સ્યાદ્વાદથી વ્યાપ્ત છે. જ્યાં એક નયની પ્રધાનતા છે ત્યાં બીજો નય સાપેક્ષ છે તેથી જૈન સિદ્ધાંત આ જીવને કાર્યકારી છે. અન્યમતના સિદ્ધાંત એક પક્ષથી દૂષિત છે, સ્યાદ્વાદરહિત છે માટે કાર્યકારી નથી. જે જૈનશાસ્ત્રના ઉપદેશને પણ પોતાના અજ્ઞાનથી સ્યાદ્વાદરહિત શ્રદ્ધે છે તેને વિપરીત ફળ મળે છે. માટે સ્યાદ્વાદ પરમાગમના જીવભૂત છે. તેને નમસ્કાર કરું છું.

વળી કેવો છે સ્યાદ્વાદ ? 'निषिद्धजात्यन्धसिन्धुरविधानं ' જન્માંધ પુરુષોનું હસ્તિ-વિધાન જેણે દૂર કર્યું છે એવો છે. જેમ ઘણા જન્માંધ પુરુષો મળ્યા. તેમણે એક હાથીના અનેક અંગ પોતાની સ્પર્શેન્દ્રિયથી જુદા જુદા જાણ્યા. આંખો વિના આખા સર્વાંગ હાથીને ન જાણવાથી હાથીનું સ્વરૂપ અનેક પ્રકારે કહીને (એક અંગને જ સર્વાંગ ગણીને ) પરસ્પર વાદ કરવા લાગ્યા. ત્યાં આંખો વાળો પુરુષ હાથીનો યથાર્થ નિર્ણય કરીને તેમની ભિન્ન ભિન્ન કલ્પનાને દૂર કરે છે, તેમ અજ્ઞાની એક વસ્તુના અનેક અંગોનો પોતાની બુદ્ધિથી જુદી જુદી અન્ય અન્ય રીતિથી નિશ્ચય કરે છે. સમ્યગ્જ્ઞાન વિના સર્વાંગ (સંપૂર્ણ) વસ્તુને ન જાણવાથી એકાંતરૂપ વસ્તુ માનીને પરસ્પર વાદ કરે છે ત્યાં સ્યાદ્વાદ વિદ્યાના બળ વડે સમ્યગ્જ્ઞાની યથાર્થપણે વસ્તુનો નિર્ણય કરી તેમની ભિન્ન ભિન્ન કલ્પના દૂર કરે છે. તેનું ઉદાહરણ-

સાંખ્યમતી વસ્તુને નિત્ય જ માને છે, બૌદ્ધમતી ક્ષણિક જ માને છે. સ્યાદ્વાદી કહે છે કે જો વસ્તુ સર્વથા નિત્ય જ હોય તો અનેક અવસ્થાનું પલટવું થાય છે તે કેવી રીતે બને છે? જો વસ્તુને સર્વથા ક્ષણિક માનીએ તો 'જે વસ્તુ પહેલાં દેખી હતી તે આ જ છે' એવું પ્રત્યભિજ્ઞાન કેવી રીતે થાય છે ? માટે કથંચિત્ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ ક્ષણિક છે. આ રીતે સ્યાદ્વાદ વડે સર્વાંગ વસ્તુનો નિર્ણય કરવામાં આવે ત્યારે એકાંત શ્રદ્ધાનો નિષેધ થાય છે. વળી કેવો છે સ્યાદ્વાદ? 'सकलनयविलसितानां विरोधमथनं' સમસ્ત નયોથી પ્રકાશિત જે વસ્તુનો સ્વભાવ તેના વિરોધને દૂર કરે છે.

**ભાવાર્થ :**—નયવિવક્ષાથી વસ્તુમાં અનેક સ્વભાવો છે. વળી તેમાં પરસ્પર વિરોધ છે. જેમ કે અસ્તિ અને નાસ્તિ નું પ્રતિપક્ષપણું છે, પરન્તુ જ્યારે સ્યાદ્વાદથી સ્થાપના કરીએ ત્યારે સર્વ વિરોધ દૂર થાય છે. કેવી રીતે ? એક જ પદાર્થ કથંચિત્ સ્વચતુષ્ટયની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અપેક્ષાએ અસ્તિરૂપ છે, કથંચિત્ પરચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. કથંચિત્ સમુદાયની અપેક્ષાએ એકરૂપ છે, કથંચિત્ ગુણપર્યાયની અપેક્ષાએ અનેક રૂપ છે. કથંચિત્ સંજ્ઞા, સંખ્યા, લક્ષણની અપેક્ષાએ ગુણ-પર્યાયાદિ અનેક-ભેદરૂપ છે, કંથચિત્ સત્‌ની અપેક્ષાએ અભેદરૂપ છે. કથંચિત્ દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, કથંચિત્ પર્યાય અપેક્ષાએ અનિત્ય છે.આ રીતે સ્યાદ્વાદ સર્વ વિરોધને દૂર કરે છે.સ્યાત્ એટલે કથંચિત્ નય અપેક્ષાએ,વાદ એટલે વસ્તુસ્વભાવનું કથન તેને સ્યાદ્વાદ કહે છે,તેને નમસ્કાર કર્યા. ૨.

આગળ આચાર્ય ગ્રન્થ કરવાની પ્રતિજ્ઞા કરે છે.

**लोकत्रयैकनेत्रं निरूप्य परमागमं प्रयत्नेन ।**
**अस्माभिरुपोद्ध्रियते विदुषां पुरुषार्थसिद्ध्युपायोऽयम् ।।३।।**

**અન્વયાર્થ :**–[लोकत्रयैकनेत्रं] ત્રણ લોક સંબંધી પદાર્થોને પ્રકાશિત કરવામાં અદ્વિતીય નેત્ર [परमागमं] ઉત્કૃષ્ટ જૈનાગમને [प्रयत्नेन] અનેક પ્રકારના ઉપાયોથી [निरूप्य] જાણીને અર્થાત્ પરંપરા જૈન સિદ્ધાંતોના નિરૂપણપૂર્વક [अस्माभि:] અમારા વડે [विदुषां] વિદ્વાનોને માટે [अयं] આ [पुरुषार्थसिद्ध्युपाय:] પુરુષાર્થ સિદ્ધિઉપાય નામનો ગ્રન્થ [उपोद्ध्रियते] ઉદ્ધાર કરવામાં આવે છે.

**ટીકા:**–' अस्माभि: विदुषां अयं पुरुषार्थसिद्ध्युपाय: उपोद्ध्रियते '–અમે ગ્રન્થકર્તા જ્ઞાની જીવોને માટે આ પુરુષાર્થ સિદ્ધિઉપાય નામનો ગ્રન્થ અથવા ચૈતન્યપુરુષનું પ્રયોજન સિદ્ધ કરવાનો ઉપાય પ્રગટ કરીએ છીએ. ' किं कृत्वा ' -કેવી રીતે? 'प्रयत्नेन'–અનેક પ્રકારે ઉદ્યમ કરીને સાવધાનતાથી-'परमागमं निरूप्य' -પરંપરાથી જૈન સિદ્ધાન્તનો વિચાર કરીને.

**ભાવાર્થ :**– જેવી રીતે કેવળી, શ્રુતકેવળી અને આચાર્યોના ઉપદેશની પરંપરા છે તેનો વિચાર કરીને અમે ઉપદેશ કરીએ છીએ, સ્વમતિથી કલ્પિત રચના કરતા નથી. કેવા છે પરમાગમ? 'लोकत्रयैकनेत्रं '–ત્રણે લોકમાં ત્રણ લોક સંબંધી પદાર્થોને બતાવવા માટે અદ્વિતીય નેત્ર છે. ૩.

આ ગ્રન્થની શરૂઆતમાં વક્તા, શ્રોતા અને ગ્રન્થનું વર્ણન કરવું જોઇએ એવી પરંપરા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**માટે પ્રથમ જ વક્તાનું લક્ષણ કહે છે –**

**मुख्योपचारविवरण-निरस्तदुस्तरविनेयदुर्बोधाः ।**
**व्यवहारनिश्चयज्ञाः प्रवर्तयन्ते जगति तीर्थम् ।।४।।**

**અન્વયાર્થઃ–** [मुख्योपचारविवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः] મુખ્ય અને ઉપચાર કથનના વિવેચન વડે પ્રગટપણે શિષ્યોનો દુર્નિવાર અજ્ઞાનભાવ જેમણે નષ્ટ કર્યો છે તેવા તથા [व्यवहारनिश्चयज्ञाः] વ્યવહારનય અને નિશ્ચયનયના જાણનાર એવા આચાર્યો [जगति] જગતમાં [ तीर्थं ] ધર્મતીર્થ [प्रवर्तयन्ते] પ્રવર્તાવે છે.

**ટીકાઃ–**'व्यवहारनिश्चयज्ञाः जगति तीर्थं प्रवर्तयन्ते'–વ્યવહાર અને નિશ્ચયના જાણનાર આચાર્યો આ લોકમાં ધર્મતીર્થ પ્રવર્તાવે છે. કેવા છે આચાર્ય? 'मुख्योपचार-विवरणनिरस्तदुस्तरविनेयदुर्बोधाः'–મુખ્ય અને ઉપચાર કથનવડે શિષ્યના અપાર અજ્ઞાનભાવનો જેમણે નાશ કર્યો છે એવા છે.

**ભાવાર્થઃ–** ઉપદેશદાતા આચાર્યમાં અનેક ગુણો જોઈએ. પણ વ્યવહાર અને નિશ્ચયનયનું જાણપણું મુખ્ય જોઈએ. શા માટે? જીવોને અનાદિનો અજ્ઞાનભાવ છે તે મુખ્ય (-નિશ્ચય) કથન અને ઉપચાર (-વ્યવહાર) કથનના જાણપણાથી દૂર થાય છે. ત્યાં મુખ્ય કથન તો નિશ્ચયનયને આધીન છે. તે જ બતાવીએ છીએ. ''સ્વાશ્રિત તે નિશ્ચય.'' જે પોતાના જ આશ્રયે હોય તેને નિશ્ચય કહીએ. જે દ્રવ્યના અસ્તિત્વમાં જે ભાવ પ્રાપ્ત હોય તે દ્રવ્યમાં તેનું જ સ્થાપન કરવું, પરમાણુમાત્ર પણ અન્ય કલ્પના ન કરવી તેને સ્વાશ્રિત કહીએ. તેનું જે કથન તેને મુખ્ય કથન કહીએ. એને જાણવાથી અનાદિ શરીરાદિ પરદ્રવ્યમાં એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાનભાવનો અભાવ થાય છે, ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સર્વ પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. ત્યાં પરમાનંદ દશામાં મગ્ન થઈ કેવળદશાને પામે છે. જે અજ્ઞાની આને જાણ્યા વિના ધર્મમાં લાગે છે તે શરીરાશ્રિત ક્રિયાકાંડને ઉપાદેય જાણી, સંસારનું કારણ જે શુભોપયોગ તેને જ મુક્તિનું કારણ માની, સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો સંસારમાં ભમે છે. તેથી મુખ્ય (-નિશ્ચય) કથનનું જાણપણું અવશ્ય જોઈએ. તે નિશ્ચયનયને આધીન છે તેથી ઉપદેશદાતા નિશ્ચયનયના જાણનાર જોઈએ. કારણ કે પોતે જ ન જાણે તે શિષ્યોને કેવી રીતે સમજાવી શકે?



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી ''પરાશ્રિતો વ્યવહારઃ'' જે પરદ્રવ્યને આશ્રિત હોય તેને વ્યવહાર કહીએ. કિંચિત્‌માત્ર કારણ પામીને અન્ય દ્રવ્યનો ભાવ અન્ય દ્રવ્યમાં સ્થાપન કરે તેને પરાશ્રિત કહે છે. તેનું જે કથન તેને ઉપચાર કથન કહે છે. એને જાણીને શરીરાદિ સાથે સંબંધરૂપ સંસારદશા છે તેને જાણીને, સંસારનાં કારણ જે આસ્રવબંધ તેને ઓળખી, મુક્તિ થવાના ઉપાય જે સંવર-નિર્જરા તેમાં પ્રવર્તે. અજ્ઞાની એને જાણ્યા વિના શુદ્ધોપયોગી થવા ઇચ્છે છે તે પહેલાં જ વ્યવહારસાધનને છોડીને પાપાચરણમાં જોડાઇ, નરકાદિક દુઃખસંકટમાં જઇને પડે છે. તેથી ઉપચારકથનનું પણ જાણપણું જોઇએ. તે વ્યવહારનયને આધીન છે તેથી ઉપદેશદાતાને વ્યવહારનું પણ જાણપણું જોઇએ. આ રીતે બન્ને નયોના જાણનાર આચાર્ય ધર્મતીર્થના પ્રવર્તક છે, બીજા નહિ. ૪.

**આગળ કહે છે કે આચાર્ય બેય નયોનો ઉપદેશ કેવી રીતે કરે છે ?**

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम् ।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वोऽपि संसारः ।।५।।**

**અન્વયાર્થઃ**– [इह] આ ગ્રંથમાં [निश्चयं] નિશ્ચયનયને [भूतार्थं] ભૂતાર્થ અને [व्यवहारं] વ્યવહારનયને [अभूतार्थं] અભૂતાર્થ [वर्णयन्ति] વર્ણન કરે છે, [प्रायः] ઘણું કરીને [भूतार्थबोधविमुखः] ભૂતાર્થ અર્થાત્ નિશ્ચયનયના જ્ઞાનથી વિરુદ્ધ જે અભિપ્રાય છે, તે [सर्वोऽपि] બધોય [संसारः] સંસાર સ્વરૂપ છે.

**ટીકાઃ**– 'इह निश्चयं भूतार्थं व्यवहारं अभूतार्थं वर्णयन्ति' **આચાર્ય આ બન્ને નયોમાં નિશ્ચયનયને ભૂતાર્થ કહે છે અને વ્યવહારનયને અભૂતાર્થ કહે છે.**

**ભાવાર્થઃ**– ભૂતાર્થ નામ સત્યાર્થનું છે. ભૂત એટલે જે પદાર્થમાં હોય તે અને અર્થ એટલે **'ભાવ.'** તેને જે પ્રકાશે, બીજી કલ્પના ન કરે તેને **'ભૂતાર્થ'** કહીએ. જેમ કે સત્યવાદી સત્ય જ કહે, કલ્પના કરીને કહે નહિ. તે જ બતાવીએ છીએ. જોકે જીવ અને પુદ્‌ગલનો અનાદિથી એકક્ષેત્રાવગાહ સંબંધ છે, બન્ને મળેલા જેવા દેખાય છે તોપણ નિશ્ચયનય આત્મદ્રવ્યને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન જ પ્રકાશે છે. તે જ ભિન્નતા મુક્તિ દશામાં પ્રગટ થાય છે. માટે નિશ્ચયનય સત્યાર્થ છે.

વળી અભૂતાર્થ નામ અસત્યાર્થનું છે. અભૂત એટલે જે પદાર્થમાં ન હોય તે અર્થ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલે ભાવ, તેને જે પ્રકાશે અનેક કલ્પના કરે તેને અભૂતાર્થ કહીએ. જેમ જૂઠું બોલનાર માણસ જરાપણ કારણનું બહાનું–છળ પામે તો અનેક કલ્પના કરી તાદશ કરી બતાવે. તે જ કહીએ છીએ. જો કે જીવ અને પુદ્ગલની સત્તા ભિન્ન છે, સ્વભાવ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે તોપણ એકક્ષેત્રાવગાહ સંબંધનું છળ (બહાનું) પ્રાપ્ત કરીને "આત્મદ્રવ્યને શરીરાદિ પરદ્રવ્યથી એકપણું કહે છે," મુક્ત દશામાં પ્રગટ ભિન્નતા થાય છે એમ વ્યવહારનય પોતે જ ભિન્ન ભિન્ન પ્રકાશવાને તૈયાર થાય છે. તેથી વ્યવહારનય અસત્યાર્થ છે. प्राय: भूतार्थबोधविमुख: सर्वोऽपि संसार: –અતિશયપણે સત્યાર્થ જે નિશ્ચયનય તેના જાણપણાથી ઊલટો જે પરિણામ ( અભિપ્રાય ) તે બધોય સંસાર સ્વરૂપ છે.

**ભાવાર્થ :**– સંસાર કોઈ જાુદો પદાર્થ નથી. આ આત્માના પરિણામ નિશ્ચયનયના શ્રદ્ધાનથી વિમુખ થઈ, શરીરાદિ પરદ્રવ્ય સાથે એકત્વ શ્રદ્ધાનરૂપ પ્રવર્તે તેનું જ નામ સંસાર. તેથી જે સંસારથી મુક્ત થવા ઈચ્છે છે તેણે શુદ્ધનયની સન્મુખ રહેવું યોગ્ય છે.

તે જ બતાવીએ છીએ. જેમ ઘણા મનુષ્ય કાદવના સંયોગથી જેનું નિર્મળપણું આચ્છાદિત થયું છે એવા સમળ જળને જ પીએ છે અને કોઈ પોતાના હાથવડે કતકફળ (નિર્મળી) નાખીને કાદવ અને જળને જાુદું જાુદું કરે છે. ત્યાં નિર્મળ જળનો સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જેમાં પોતાનો પુરુષાકાર પ્રતિભાસે છે એવા નિર્મળ જળનો આસ્વાદ લે છે. તેમ ઘણા અજ્ઞાની જીવો કર્મના સંયોગથી જેનો જ્ઞાનસ્વભાવ ઢંકાઈ ગયો છે એવા અશુદ્ધ આત્માને અનુભવે છે. કોઈ પોતાની બુદ્ધિ વડે શુદ્ધ નિશ્ચયનયના સ્વરૂપને જાણી કર્મ અને આત્માને જાુદા જાુદા કરે છે. ત્યાં નિર્મળ આત્માનો સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જેમાં પોતાના ચૈતન્ય પુરુષનો આકાર પ્રતિભાસે છે એવા નિર્મળ આત્માને સ્વાનુભવરૂપ આસ્વાદે છે. તેથી શુદ્ધનય કતકફળ સમાન છે. એના શ્રદ્ધાનથી સર્વ સિદ્ધિ થાય છે. ૫

આગળ કહે છે કે જો એક નિશ્ચયનયના શ્રદ્ધાનથી જ સર્વ સિદ્ધિ થાય તો આચાર્ય વ્યવહારનયનો ઉપદેશ શા માટે કરે છે ? તેનો ઉત્તર–અર્થ આ ગાથામાં કહ્યો છે. ૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**વળી જે શ્રોતા ગાથાના અર્થમાંના ઉપદેશને અંગીકાર કરવા લાયક નથી તેનું કથન કરે છે–**

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति ।।६।।**

**અન્વયાર્થઃ**–[मुनीश्वरा:] ગ્રન્થ કરનાર આચાર્ય [अबुधस्य] અજ્ઞાની જીવોને [बोधनार्थं] જ્ઞાન ઉત્પન્ન કરવા માટે [अभूतार्थं] વ્યવહારનયનો [देशयन्ति] ઉપદેશ કરે છે અને [य:] જે જીવ [केवलं] કેવળ [व्यवहारम् एव] વ્યવહારનયને જ [अवैति] જાણે છે [तस्य] તેને-તે મિથ્યાદૃષ્ટિ માટે [देशना] ઉપદેશ [नास्ति] નથી.

**ટીકાઃ**–'मुनीश्वरा: अबुधस्य बोधनार्थं अभूतार्थं देशयन्ति -' મુનીશ્વરો એટલે આચાર્યો અજ્ઞાની જીવોને જ્ઞાન ઉત્પન્ન કરવા માટે અભૂતાર્થ એવો જે વ્યવહારનય તેનો ઉપદેશ કરે છે.

**ભાવાર્થ :**– અનાદિનો અજ્ઞાની જીવ વ્યવહારનયના ઉપદેશ વિના સમજે નહિ તેથી આચાર્ય વ્યવહારનય દ્વારા તેમને સમજાવે છે. તે જ બતાવીએ છીએ. જેમ કોઈ મ્લેચ્છને બ્રાહ્મણે 'સ્વસ્તિ' શબ્દ વડે આશીર્વાદ આપ્યો. તેને (અર્થની) કાંઈ ખબર પડી નહિ, તેના તરફ તાકી જ રહ્યો. ત્યાં દુભાષિયો તેને મ્લેચ્છની ભાષામાં કહેવા લાગ્યો કે આ કહે છે કે 'તારું ભલું થાવ.' ત્યારે આનંદિત થઈને તેનો આશીર્વાદ અંગીકાર કરે છે. તેમ અજ્ઞાની જીવોને આચાર્યે 'આત્મા' એવા શબ્દ વડે ઉપદેશ કર્યો. ત્યારે તેને કાંઈ સમજણ ન પડવાથી આચાર્ય તરફ જોઈ રહ્યો. ત્યાં નિશ્ચયવ્યવહારનયના જાણનાર આચાર્યે વ્યવહારનય વડે ભેદ ઉપજાવીને કહ્યું કે–જે આ દેખનાર, જાણનાર, આચરણ કરનાર પદાર્થ છે તે જ આત્મા છે, ત્યારે સહજ પરમાનંદ દશાને પ્રાપ્ત થઈ તે આત્માને નિજ સ્વરૂપ વડે અંગીકાર કરે છે. આ રીતે આ સદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ આપ્યું.

હવે અસદ્ભૂત વ્યવહારનયનું ઉદાહરણ કહીએ છીએ. જેમ માટીનો ઘડો ઘીથી સંયુક્ત છે તેને વ્યવહારે ઘીનો ઘડો કહીએ છીએ. અહીં કોઈ પુરુષ જન્મથી ઘીનો ઘડો જાણે છે. જો કોઈ તેને ઘીનો ઘડો કહીને સમજાવે તો સમજે અને જો માટીનો ઘડો કહે તો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બીજા કોઈ કોરા ઘડાનું નામ સમજે છે. નિશ્ચયથી વિચારીએ તો ઘડો છે તે માટીનો જ છે, પરંતુ તેને સમજાવવા માટે 'ઘીનો ઘડો' એવા નામ વડે કહીએ છીએ. તેમ ચૈતન્યસ્વરૂપ આત્મા કર્મજનિત પર્યાયથી સંયુક્ત છે તેને વ્યવહારથી દેવ, મનુષ્ય ઈત્યાદિ નામથી કહીએ છીએ. અહીં અજ્ઞાની અનાદિથી તે આત્માને દેવ, મનુષ્ય ઈત્યાદિ સ્વરૂપ જ જાણે છે. જો કોઈ એને દેવ, મનુષ્ય વગેરે નામથી સંબોધીને સમજાવે તો સમજે અને ચૈતન્યસ્વરૂપ આત્માનું નામ કહે તો બીજા કોઈ પરમબ્રહ્મ, પરમેશ્વરનું નામ સમજે. નિશ્ચયથી વિચારીએ તો આત્મા છે તે ચૈતન્યસ્વરૂપ જ છે. પરંતુ એને સમજાવવા માટે આચાર્ય ગતિ, જાતિના ભેદ વડે જીવનું નિરૂપણ કરે છે. આ રીતે અજ્ઞાની જીવોને જ્ઞાન ઉપજાવવા માટે આચાર્ય વ્યવહારનો ઉપદેશ કરે છે. અહીં માત્ર વ્યવહાર 'एवं अवैति तस्य देशना नास्ति'-જે જીવ કેવળ વ્યવહારની જ શ્રદ્ધા કરે છે તેને માટે ઉપદેશ નથી.

**ભાવાર્થ:**—નિશ્ચયનયની શ્રદ્ધા વિના કેવળ વ્યવહાર માર્ગમાં જ જે પ્રવર્તે તે મિથ્યાદૃષ્ટિને ઉપદેશ કરવો નિષ્ફળ છે. ૬.

**આગળ કેવળ વ્યવહારનયનું શ્રદ્ધાન થવાનું કારણ બતાવે છે—**

**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य ॥७॥**

**અન્વયાર્થ:**— [यथा] જેમ [अनवगीतसिंहस्य] સિંહને સર્વથા ન જાણનાર પુરુષને [माणवकः] બિલાડી [एव] જ [सिंहः] સિંહરૂપ [भवति] થાય છે, [हि] નિશ્ચયથી [तथा] તેમ જ [अनिश्चयज्ञस्य] નિશ્ચયનયના સ્વરૂપથી અપરિચિત પુરુષને માટે [व्यवहारः] વ્યવહાર [एव]જ [निश्चयतां] નિશ્ચયપણું [याति] પામે છે.

**ટીકા:**—'यथा हि अनवगीतसिंहस्य माणवक एव सिंहो भवति'જેમ નિશ્ચયથી (ખરેખર) જેણે સિંહને જાણ્યો નથી તેને બિલાડી જ સિંહરૂપ થાય છે. તથા 'अनिश्चयज्ञस्य व्यवहारः एव निश्चयतां याति'—તેમ જેણે નિશ્ચયનું સ્વરૂપ જાણ્યું નથી તેમને વ્યવહાર જ નિશ્ચયરૂપ થાય છે. અર્થાત્ તેઓ વ્યવહારને જ નિશ્ચય માની બેસે છે.

**ભાવાર્થ:**—જેમ બાળક સિંહને ઓળખતું નથી, બિલાડીને જ સિંહ માને છે તેમ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની નિશ્ચયના સ્વરૂપને ઓળખતો નથી, વ્યવહારને જ નિશ્ચય માને છે. તે જ બતાવીએ છીએ. જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યરૂપ આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ મોક્ષમાર્ગને ઓળખતો નથી તે જીવ વ્યવહારદર્શન, જ્ઞાન, ચારિત્રનું સાધન કરી પોતાને મોક્ષનો અધિકારી માને છે. અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરુ, દયાધર્મનું શ્રદ્ધાન કરી પોતાને સમ્યગ્દષ્ટિ માને છે. અને કિંચિત્ જિનવાણીને જાણી પોતાને જ્ઞાની માને છે, મહાવ્રતાદિ ક્રિયાનું સાધન કરી પોતાને ચારિત્રવાન માને છે. આ રીતે એ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ, શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી છે તે કારણે કેવળ વ્યવહારનયના અવલંબી થયા છે એને ઉપદેશ આપીએ તો નિષ્ફળ છે. અહીં પ્રશ્ન ઉપજે છે કે આવા શ્રોતા પણ ઉપદેશ લાયક નથી.

**તો શ્રોતા કેવા ગુણવાળા હોવા જોઈએ? તેનો ઉત્તર આગળ કહે છે–**

**व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः ।**
**प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः ॥८॥**

**અન્વયાર્થઃ–** [यः] જે જીવ [व्यवहारनिश्चयौ] વ્યવહારનય અને નિશ્ચયનયને [तत्त्वेन] વસ્તુસ્વરૂપ વડે [प्रबुध्य] યથાર્થપણે જાણીને [मध्यस्थः] મધ્યસ્થ [भवति] થાય છે, અર્થાત્ નિશ્ચયનય અને વ્યવહારનયના પક્ષપાતરહિત થાય છે. [सः] તે [एव]જ [शिष्यः] શિષ્ય [देशनायाः] ઉપદેશના [अविकलं] સમ્પૂર્ણ [फलं] ફળને [प्राप्नोति] પામે છે.

**ટીકાઃ–**'यः व्यवहारनिश्चयौ तत्त्वेन प्रबुध्य मध्यस्थः भवति'–જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને યથાર્થપણે જાણીને પક્ષપાતરહિત થાય છે 'स एव शिष्यः देशनायाः अविकलं फलं प्राप्नोति'–તે જ શિષ્ય ઉપદેશનું સંપૂર્ણ ફળ પામે છે.

**ભાવાર્થઃ–**શ્રોતામાં અનેક ગુણ જોઈએ. પરંતુ વ્યવહાર અને નિશ્ચયને જાણીને એક પક્ષના હઠાગ્રહીરૂપ ન થવું એ ગુણ મુખ્ય જોઈએ. કહ્યું છે કે–

**जइ जिणमयं पवज्जह ता मा ववहार णिच्छए मुअह ।**
**एकेण विणा छिज्जइ तित्थं, अण्णेण पुण तच्चं ॥**

(–પં. પ્રવર આશાધરકૃત અનગાર ધર્મામૃત પ્ર. અ. પૃ. ૧૮)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અર્થઃ**– જો તું જિનમતમાં પ્રવર્તે છે તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડ. જો નિશ્ચયનો પક્ષપાતી થઈ વ્યવહારને છોડીશ તો રત્નત્રયસ્વરૂપ ધર્મતીર્થનો અભાવ થશે. અને જો વ્યવહારનો પક્ષપાતી થઈ નિશ્ચયને છોડીશ તો શુદ્ધ તત્ત્વસ્વરૂપનો અનુભવ નહિ થાય. તેથી પહેલાં વ્યવહાર-નિશ્ચયને બરાબર જાણી પછી યથાયોગ્યપણે એને અંગીકાર કરવા, પક્ષપાતી ન થવું એ જ ઉત્તમ શ્રોતાનું લક્ષણ છે. અહીં પ્રશ્નઃ– જે નિશ્ચય-વ્યવહારના જાણપણારૂપ ગુણ વક્તાનો કહ્યો હતો તે જ શ્રોતાનો કહ્યો તેમાં વિશેષ શું આવ્યું ? ઉત્તરઃ–જે ગુણ વક્તામાં અધિકપણે હોય તે જ શ્રોતામાં હીનતાપણે - થોડા અંશે હોય છે. એ રીતે વક્તા અને શ્રોતાનું વર્ણન કર્યું. ૮.

## [ ભૂમિકા સમાપ્ત ]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# ગ્રન્થ પ્રારંભ

હવે ગ્રન્થનું વર્ણન કરે છે. આ ગ્રન્થમાં પુરુષના અર્થની સિદ્ધિના ઉપાયનું વ્યાખ્યાન કરશે. તેથી પ્રથમ જ પુરુષનું સ્વરૂપ કહે છેઃ-

**अस्ति पुंरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः ।**
**गुणपर्ययसमवेतः समाहितः समुदयव्ययध्रौव्यैः ॥१॥**

**અન્વયાર્થઃ-** [पुरुषः] પુરુષ અર્થાત્ આત્મા [चिदात्मा] ચેતના સ્વરૂપ [अस्ति] છે, [स्पर्शगन्धरसवर्णैः] સ્પર્શ, ગંધ, રસ અને વર્ણથી [विवर्जितः] રહિત છે, [गुणपर्ययसमवेतः] ગુણ અને પર્યાય સહિત છે તથા [समुदयव्ययध्रौव्यैः] ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય [समाहितः] યુક્ત છે.

**ટીકાઃ-** पुरुषः चिदात्मा अस्ति – **પુરુષ છે તે ચૈતન્યસ્વરૂપ છે.**

**ભાવાર્થઃ-** ( पुरु ) **ઉત્તમ ચેતના ગુણમાં** ( सेते ) **સ્વામી થઈને પ્રવર્તે તેનું નામ પુરુષ છે. જ્ઞાન, દર્શન, ચેતનાના નાથને પુરુષ કહીએ.** આ જ ચેતના અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણ દોષરહિત આ આત્માનું અસાધારણ લક્ષણ છે. અવ્યાપ્તિ દોષ તેને કહે છે કે જેને જેનું લક્ષણ કહ્યું હોય તે તેના કોઈ લક્ષ્યમાં હોય, અને કોઈ લક્ષ્યમાં ન હોય. પણ કોઈ આત્મા ચેતના રહિત નથી.

જો આત્માનું લક્ષણ રાગાદિ કહીએ તો અવ્યાપ્તિ દૂષણ લાગે છે કારણ કે રાગાદિ સંસારી જીવને છે, સિદ્ધ જીવોને નથી.

જે લક્ષણ લક્ષ્યમાં હોય અને અલક્ષ્યમાં પણ હોય તેને અતિવ્યાપ્તિ દૂષણ કહીએ. પણ ચેતના જીવ પદાર્થ સિવાય બીજા કોઈ પદાર્થમાં નથી. જો આત્માનું લક્ષણ અમૂર્તત્વ કહીએ તો અતિવ્યાપ્તિ દૂષણ લાગે; કારણ કે જેવી રીતે આત્મા અમૂર્તિક છે તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ પણ અમૂર્તિક છે. વળી જે પ્રમાણમાં ન આવે તેને અસંભવ કહીએ. ચેતના જીવ પદાર્થમાં પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી જણાય છે. જો આત્માનું લક્ષણ જડપણું કહીએ તો અસંભવ દોષ લાગે છે; કારણ કે તે પ્રત્યક્ષ પ્રમાણથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાધિત છે. આ રીતે ત્રણ દોષ રહિત આત્માનું ચેતના લક્ષણ બે પ્રકારે છે. એક જ્ઞાનચેતના છે, બીજી દર્શનચેતના છે. જે પદાર્થોને સાકારરૂપે વિશેષપણે કરીને જાણે તેને જ્ઞાનચેતના કહે છે.

જે પદાર્થોને નિરાકારરૂપે સામાન્યપણે દેખે તેને **દર્શનચેતના** કહીએ. આ જ ચેતના પરિણામની અપેક્ષાએ ત્રણ પ્રકારની છે. જયારે આ ચેતના શુદ્ધ જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે ત્યારે **જ્ઞાનચેતના** કહીએ, જયારે રાગાદિ કાર્યરૂપે પરિણમે ત્યારે **કર્મચેતના** અને હર્ષ-શોકાદિ વેદનરૂપ કર્મના ફળરૂપે પરિણમે ત્યારે **કર્મફળચેતના** કહીએ. આ રીતે ચેતના અનેક સ્વાંગ કરે પણ ચેતનાનો અભાવ કદી થતો નથી. આવા **ચેતનાલક્ષણથી** વિરાજમાન જીવ નામના પદાર્થનું નામ **પુરુષ** છે. વળી કેવો છે પુરુષ? સ્પર્શ, રસ, ગંધ અને વર્ણથી રહિત છે. આઠ પ્રકારના સ્પર્શ, બે પ્રકારની ગંધ, પાંચ પ્રકારના રસ, પાંચ પ્રકારના વર્ણ એવા જે પુદ્ગલોનાં લક્ષણ તેનાથી રહિત અમૂર્તિક છે. આ વિશેષણથી પુદ્ગલ દ્રવ્યથી જુદાઈ પ્રગટ કરી, કારણ કે આ આત્મા અનાદિથી સંબંધરૂપ જે પુદ્ગલ દ્રવ્ય છે તેમાં અહંકાર-મમકારરૂપ પ્રવર્તે છે. જો પોતાના ચૈતન્ય પુરુષને અમૂર્તિક જાણે તો દ્રવ્યકર્મ, નોકર્મ, ધનધાન્યાદિ પુદ્ગલદ્રવ્યમાં અહંકાર-મમકાર ન કરે.

વળી કેવો છે પુરુષ? 'गुणपर्यायसमवेत:'—ગુણપર્યાયોથી વિરાજમાન છે. ત્યાં ગુણનું લક્ષણ સહભૂત છે. સહ એટલે દ્રવ્યની સાથે છે, ભૂ એટલે સત્તા. દ્રવ્યમાં જે સદાકાળ પ્રાપ્ત છે તેને ગુણ કહીએ. આત્મામાં ગુણ બે પ્રકારે છે. **જ્ઞાન-દર્શનાદિ અસાધારણ ગુણ છે, બીજા દ્રવ્યમાં તે હોતા નથી.** અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વાદિ સાધારણ ગુણ છે, બીજાં દ્રવ્યમાં પણ હોય છે. **પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે.** જે દ્રવ્યમાં અનુક્રમે ઊપજે, કદાચિત્-કોઈવાર હોય તેને પર્યાય કહીએ. આત્મામાં પર્યાય બે પ્રકારે છે. જે નર-નારકાદિ આકારરૂપ અથવા સિદ્ધના આકારરૂપ પર્યાય તેને **વ્યંજનપર્યાય** કહીએ. જ્ઞાનાદિ ગુણને પણ **સ્વભાવ વા વિભાવરૂપ** પરિણમન જે છ પ્રકારે હાનિ-વૃદ્ધિરૂપ છે તેને **અર્થપર્યાય** કહે છે. આ ગુણપર્યાયોથી આત્માની તદાત્મક એકતા છે. આ વિશેષણ વડે આત્માનું વિશેષ્ય જાણી શકાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી કેવો છે પુરુષ? 'समुदयव्ययध्रौव्यैः समाहितः' – ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી સંયુક્ત છે. **નવીન અર્થપર્યાય અને વ્યંજનપર્યાયનું ઊપજવું તે ઉત્પાદ, પૂર્વ પર્યાયનો નાશ થવો તે વ્યય અને ગુણની અપેક્ષાએ અથવા દ્રવ્યની અપેક્ષાએ શાશ્વતપણું તેને ધ્રૌવ્ય કહીએ.** જેમ સોનું કુંડળ પર્યાયથી ઊપજે છે, કંકણ પર્યાયથી વિણસે છે, પીળાશ વગેરેની અપેક્ષાએ અથવા સોનાપણાની અપેક્ષાએ સર્વ અવસ્થાઓમાં શાશ્વતતા છે. આ વિશેષણથી આત્માનું અસ્તિત્વ પ્રગટ કર્યું. ૯.

**પ્રશ્નઃ**– આવા ચૈતન્ય પુરુષને અશુદ્ધતા કઇ રીતે થઇ જેથી એને પોતાના અર્થની સિદ્ધિ કરવી પડે? તેનો ઉત્તર આગળ કહે છે–

**परिणममानो नित्यं ज्ञानविवर्तैरनादिसन्तत्या ।**
**परिणामानां स्वेषां स भवति कर्ता च भोक्ता च ॥१०॥**

**અન્વયાર્થઃ**– [सः] તે ચૈતન્ય આત્મા [अनादिसन्तत्या] અનાદિની પરિપાટીથી [नित्यं] નિરંતર [ज्ञानविवर्तैः] જ્ઞાનાદિ ગુણોના વિકારરૂપ રાગાદિ પરિણામોથી [परिणममानः] પરિણમતો થકો [स्वेषां] પોતાના [परिणामानां] રાગાદિ પરિણામોનો [कर्ता च भोक्ता च] કર્તા અને ભોક્તા પણ [भवति] થાય છે.

**ટીકાઃ**– "अनादिसन्तत्या नित्यं ज्ञानविवर्तैः परिणममानः स्वेषां परिणामानां कर्ता च भोक्ता च भवति ।" – તે ચૈતન્ય પુરુષ અનાદિની પરિપાટીથી સદા જ્ઞાન ચારિત્રરહિત જે રાગાદિ પરિણામ તે વડે પરિણમતો થકો પોતાના જે રાગાદિ પરિણામ થયા તેનો એ કર્તા પણ છે અને ભોક્તા પણ છે.

**ભાવાર્થઃ**– આ આત્માને નવી અશુદ્ધતા થઇ નથી. અનાદિકાલથી સંતાનરૂપે દ્રવ્યકર્મથી રાગાદિ થાય છે. રાગાદિથી વળી દ્રવ્યકર્મનો બંધ થાય છે. સુવર્ણકીટિકા જેમ અનાદિ સંબંધ છે. તે સંબંધથી પોતાના જ્ઞાનસ્વભાવની ખબર જ નથી તેથી ઉદયાગત કર્મપર્યાયમાં ઇષ્ટ-અનિષ્ટભાવ વડે રાગ, દ્વેષ, મોહરૂપ પરિણમ્યો છે. જોકે આ પરિણામોને દ્રવ્યકર્મનું કારણ છે તોપણ એ પરિણામ ચેતનામય છે. તેમાં આ પરિણામનો વ્યાપ્યવ્યાપક ભાવથી આત્મા જ કર્તા છે.

ભાવ્યભાવકભાવથી આત્મા જ ભોક્તા છે, વ્યાપ્યવ્યાપકભાવ એટલે શું તે કહીએ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છીએ. જે નિયમથી સહચારી હોય તેને વ્યાપ્તિ કહે છે. જેમ ધૂમાડા અને અગ્નિમાં સહચારીપણું છે. જયાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય અને અગ્નિ વિના ધૂમાડો ન હોય. તેમ રાગાદિભાવ અને આત્મામાં સહચારીપણું છે. જયાં રાગાદિ હોય ત્યાં આત્મા હોય જ. આત્મા વિના રાગાદિ ન હોય. આ વ્યાપ્તિક્રિયામાં જે કર્મ છે તેને વ્યાપ્ય કહીએ. આત્મા કર્તા છે તેને વ્યાપક કહીએ. આવી રીતે જયાં વ્યાપ્ય વ્યાપક સંબંધ હોય, ત્યાં કર્તાકર્મ સંબંધ સંભવે, બીજા સ્થાનમાં ન સંભવે. એ જ રીતે જે જે ભાવ અનુભવવા યોગ્ય હોય તેને ભાવ્ય કહીએ. અનુભવ કરનાર પદાર્થને ભાવક કહીએ. આવો ભાવ્યભાવકસંબંધ જયાં હોય ત્યાં ભોક્તાભોગ્યસંબંધ સંભવે, બીજી જગ્યાએ ન સંભવે. ૧૦.

આ રીતે આ અશુદ્ધ આત્માને અર્થસિદ્ધિ કયારે થાય અને અર્થસિદ્ધિ કોને કહેવાય તે આગળ કહે છે—

**सर्वविवर्त्तोत्तीर्णं यदा स चैतन्यमचलमाप्नोति ।**
**भवति तदा कृतकृत्यः सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः ॥११॥**

**અન્વયાર્થઃ—** [यदा] જયારે [सः] ઉપર્યુક્ત અશુદ્ધ આત્મા [सर्वविवर्त्तोत्तीर्णं] સર્વ વિભાવોથી પાર થઇ ને [अचलं] પોતાના નિષ્કમ્પ [चैतन्यं] ચૈતન્ય સ્વરૂપને [आप्नोति] પ્રાપ્ત થાય છે [तदा] ત્યારે આ આ ત્મા તે [सम्यक्पुरुषार्थसिद्धिम्] સમ્યક્પણે પુરુષાર્થ ના પ્રયોજનની સિદ્ધિને [आपन्नः] પ્રાપ્ત થતો થકો [कृतकृत्यः] કૃતકૃત્ય [भवति] થાય છે.

**ટીકાઃ—** 'स यदा सर्वविवर्त्तोत्तीर्णं चैतन्यमचलमाप्नोति तदा कृतकृत्यः भवति '— રાગાદિ ભાવોથી લિપ્ત તે જ આત્મા જયારે સર્વ વિભાવથી પાર થઇ પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને નિઃશંકપણે પ્રાપ્ત થાય ત્યારે આ જ આત્મા કૃતકૃત્ય થાય છે. કેવો છે આ આત્મા ? सम्यक्पुरुषार्थसिद्धिमापन्नः'— સમ્યક્ પ્રકારે પુરુષાર્થની સિદ્ધિને પ્રાપ્ત થયો છે.

**ભાવાર્થઃ—** જ્યારે આ આત્મા **સ્વ-પર ભેદવિજ્ઞાન** વડે શરીરાદિ પરદ્રવ્યને જુદા જાણે ત્યારે તેમાં ''આ ભલા-ઈષ્ટ, આ બૂરા'' એવી બુદ્ધિનો ત્યાગ કરે. કારણ કે જે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ ભલું કે બૂરું થાય છે તે તો પોતાના પરિણામોથી જ થાય છે, પરદ્રવ્યના કરવાથી ભલું-બૂરું થતું નથી. તેથી સર્વ પરદ્રવ્યોમાં રાગદ્વેષ ભાવનો ત્યાગ કરે. જો અવશપણે (પુરુષાર્થ ની નિર્બળતાથી ) રાગાદિ ઊપજે તો તેના નાશના માટે અનુભવ-અભ્યાસમાં ઉદ્યમવંત રહે. આમ કરતાં જયારે સર્વ વિભાવભાવનો નાશ થાય, અક્ષુબ્ધ સમુદ્રવત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લવણવત્ પરિણામ લીન થાય, ધ્યાતા ધ્યેયનો વિકલ્પ ન રહે, એમ ન જાણે કે હું શુદ્ધાત્મસ્વરૂપને ધ્યાવું છું, પોતે જ તાદાત્મ્યવૃત્તિથી શુદ્ધાત્મસ્વરૂપ થઈ નિષ્કંપપણે પરિણમે, તે વખતે આ આત્માને જે કાંઈ કરવાનું હતું તે કરી લીધું, કાંઈ કરવાનું હવે બાકી રહ્યું નહિ તેથી એને કૃતકૃત્ય કહીએ છીએ. તેની અવસ્થામાં પુરુષાર્થની સિદ્ધિ થઈ. પુરુષનો જે અર્થ અર્થાત્ પ્રયોજનરૂપ કાર્ય તેની જે સિદ્ધિ થવાની હતી તે થઈ ગઈ. આવી અવસ્થાને જે પ્રાપ્ત થયો તે આત્માને કૃતકૃત્ય કહીએ છીએ. ૧૧.

આગળ પુરુષાર્થસિદ્ધિનો ઉપાય કહેવા ઈચ્છે છે ત્યાં પ્રથમ પરદ્રવ્યના સંબંધનું કારણ કહે છે, જે જતાં જે કંઈ ઉપાય કરવામાં આવે છે તે કહે છે :–

**जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये ।**
**स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन ॥१२॥**

**અન્વયાર્થ :–** [जीवकृतं] જીવના કરેલા [परिणामं] રાગાદિ પરિણામને [निमित्तमात्रं] નિમિત્તમાત્ર [प्रपद्य] પામીને [पुनः] ફરી [अन्ये पुद्गलाः] જીવથી ભિન્ન અન્ય પુદ્ગલ સ્કન્ધ [अत्र] આત્મામાં [स्वयमेव] પોતાની મેળે જ [कर्मभावेन] જ્ઞાનાવરણાદિ કર્મરૂપ [परिणमन्ते] પરિણમે છે.

**ટીકાઃ–** " जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनः अन्ये पुद्गलाः स्वयमेव कर्मभावेन परिणमन्ते ।" જીવે કરેલા જે રાગાદિ પરિણામ તેને નિમિત્તમાત્ર પામીને નવા અન્ય પુદ્ગલસ્કંધ સ્વયમેવ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ થઈ પરિણમે છે.

**ભાવાર્થ :–** જયારે જીવ રાગદ્વેષમોહભાવે પરિણમે છે ત્યારે તે ભાવોનું નિમિત્ત પામી પોતે જ પુદ્ગલ દ્રવ્ય કર્મઅવસ્થાને ધારણ કરે છે. વિશેષ એટલું કે જો આત્મા દેવ-ગુરુ-ધર્માદિક પ્રશસ્ત રાગરૂપે પરિણમે તો શુભકર્મનો બંધ થાય.

**પ્રશ્નઃ–** જીવના ભાવ મહા સૂક્ષ્મરૂપ છે તેની ખબર જડકર્મને કેવી રીતે પડે ? અને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર વિના કેવી રીતે પુણ્ય-પાપરૂપે થઇ ને પરિણમે છે ?

**ઉત્તરઃ**– જેમ મંત્રસાધક પુરુષ બેઠો બેઠો ગુપ્તપણે મંત્ર જપે છે, તે મંત્રના નિમિત્તથી એના કર્યા વિના જ કોઇને પીડા ઊપજે છે, કોઇનું મરણ થાય છે, કોઇનું ભલું થાય છે, કોઇ વિટંબણારૂપ પરિણમે છે-એવી એ મંત્રમાં શક્તિ છે. તેનું નિમિત્ત પામી ચેતન-અચેતન પદાર્થ પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે. તેવી રીતે અજ્ઞાની જીવ પોતાના અંતરંગમાં વિભાવભાવરૂપે પરિણમે છે. તે ભાવનું નિમિત્ત પામીને એના કર્યા સિવાય જ કોઇ પુદ્‌ગલ પુણ્યપ્રકૃતિરૂપે પરિણમે છે, કોઇ પાપરૂપ પરિણમે છે. એવી એના ભાવોમાં શક્તિ છે. તેનું નિમિત્ત પામીને પુદ્‌ગલ પોતે જ અનેક અવસ્થા ધારણ કરે છે. એવો જ નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. ૧૨

આ જીવને જે વિભાવભાવ થાય છે તે પોતાથી જ થાય છે વા એનું પણ નિમિત્ત કારણ છે એ પ્રશ્નનો ઉત્તર આગળ કહેશે.

**परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः ।**
**भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि ॥१३॥**

**અન્વયાર્થઃ**- [हि] નિશ્ચયથી [स्वकैः] પોતાના [चिदात्मकैः] ચેતનાસ્વરૂપ [भावैः] રાગાદિ પરિણામોથી [स्वयमपि] પોતે જ [परिणममानस्य] પરિણમતા [तस्य चितः अपि] પૂર્વોક્ત આત્માને પણ [पौद्गलिकं] પુદ્‌ગલ સંબંધી [कर्म] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ [निमित्तमात्रं] નિમિત્ત માત્ર [भवति] થાય છે.

**ટીકાઃ**– हि चिदात्मकैः स्वकैर्भावैः परिणममानस्य तस्य चितः अपि पौद्गलिकं कर्म निमित्तमात्रं भवति' – નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપ પોતાના રાગાદિ પરિણામરૂપે પરિણમેલા તે પૂર્વોક્ત આત્માને પણ પૌદ્‌ગલિક જ્ઞાનાવરણાદિ કર્મ નિમિત્તમાત્ર થાય છે.

**ભાવાર્થ**:– આ જીવને રાગાદિ વિભાવભાવ પોતાથી જ (સ્વદ્રવ્યના આલંબનથી) થતા નથી. જો પોતાથી જ થાય તો તે જ્ઞાન-દર્શનની જેમ સ્વભાવભાવ થઇ જાય. સ્વભાવભાવ હોય તો તેનો નાશ પણ ન થાય. તેથી એ ભાવ ઔપાધિક છે, અન્ય નિમિત્તથી થાય છે. તે નિમિત્ત જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોને જાણવું. જે જે પ્રકારે દ્રવ્યકર્મ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉદય અવસ્થારૂપે પરિણમે તે તે પ્રકારે આત્મા વિભાવભાવરૂપે પરિણમે છે.

**પ્રશ્નઃ**– પુદ્ગલમાં એવી કઈ શક્તિ છે કે જે ચૈતન્યને વિભાવરૂપે પરિણમાવે છે?

**ઉત્તરઃ**– જેમ કોઈ મનુષ્યના શિર ઉપર મંત્રેલી રજ નાખી હોય તો તે રજના નિમિત્ત દ્વારા તે પુરુષ પોતાને ભૂલી નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે. મંત્રના નિમિત્તે રજમાં એવી શક્તિ હોય છે કે જે બુદ્ધિમાન મનુષ્યને વિપરીત [1]પરિણમાવે છે. તેવી જ રીતે આ આત્માના પ્રદેશોમાં રાગાદિના નિમિત્તે બંધાયેલાં પુદ્ગલોના નિમિત્તે આ આત્મા પોતાને ભૂલીને નાના પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે. એના વિભાવભાવોના નિમિત્તે પુદ્ગલમાં એવી શક્તિ હોય છે કે જે ચૈતન્યપુરુષને વિપરીત પરિણમાવે છે. આ રીતે ભાવકર્મથી દ્રવ્યકર્મ થાય છે અને દ્રવ્યકર્મથી ભાવકર્મ થાય છે. તેનું નામ સંસાર કહીએ. ૧૩.

**આગળ આ સંસારનું મૂળ કારણ બતાવીએ છીએ –**

**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ॥१४॥**

**અન્વયાર્થઃ**- [एवम्] એ રીતે [अयं] આ આત્મા [कर्मकृतैः] કર્મોના કરેલા [भावैः]રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી [असमाहितोऽपि] સંયુક્ત ન હોવા છતાં પણ [बालिशानां] અજ્ઞાની જીવોને [युक्तः इव] સંયુક્ત જેવો [प्रतिभाति] પ્રતિભાસે છે અને [सः प्रतिभासः] તે પ્રતિભાસ જ [खलु] નિશ્ચયથી [भवबीजं] સંસારના બીજરૂપ છે.

**ટીકાઃ** 'स एवं अयं कर्मकृतैर्भावैः असमाहितः अपि बालिशानां युक्तः इति प्रतिभाति'આવી રીતે આ આત્મા કર્મ વડે કરેલા નાના પ્રકારના ભાવથી સંયુક્ત નથી તો પણ અજ્ઞાનીને પોતાના અજ્ઞાનથી આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત જેવો પ્રતિભાસે છે.

**ભાવાર્થઃ**– પહેલાં આમ કહ્યું કે પુદ્ગલકર્મને કારણભૂત રાગાદિભાવ છે, રાગાદિભાવોનું કારણ પુદ્ગલકર્મ છે. તેથી આ આત્મા નિજ સ્વભાવભાવની અપેક્ષાએ કર્મજનિત નાના પ્રકારના ભાવોથી જુદો જ ચૈતન્યમાત્ર વસ્તુ છે.

૧. દરેક દ્રવ્ય સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી છે, પર દ્રવ્યાદિનો તેમાં સદાય અભાવ જ છે તેથી કોઈ કોઈને પરિણમાવી શકતું નથી, છતાં જીવની તે પ્રકારે પરિણમવાની યોગ્યતા કાળે બાહ્યમાં કઈ સામગ્રીને નિમિત્ત બનાવવામાં આવી તેનું જ્ઞાન કરાવવા માટે અસદ્ભૂત વ્યવહારનયથી નિમિત્તને કર્તા કહેવામાં આવે છે, વ્યવહાર કથનની રીત આમ છે એમ જાણવું જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ લાલ ફૂલના નિમિત્તે સ્ફટિક લાલ રંગરૂપે પરિણમે છે પરંતુ તે લાલ રંગ સ્ફટિકનો નિજ ભાવ નથી. સ્ફટિક સ્વચ્છતારૂપ પોતાના શ્વેત વર્ણથી બિરાજમાન છે. લાલ રંગ છે તે સ્વરૂપમાં પેઠા સિવાય ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં રત્નનો પારખુ ઝવેરી તો એમ જ જાણે છે અને અપારખુ (અપરીક્ષક) પુરુષને સત્યરૂપ લાલ મણિની જેમ લાલરંગરૂપ જ પ્રતિભાસે છે. તેવી જ રીતે કર્મનિમિત્તથી આત્મા રાગાદિરૂપે પરિણમે છે. તે રાગાદિ આત્માના નિજ ભાવ નથી. આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણમાં બિરાજમાન છે. રાગાદિ છે તે સ્વરૂપમાં પેઠા વિના ઉપર ઉપર જ ઝલક માત્ર દેખાય છે. ત્યાં જ્ઞાની સ્વરૂપના પરીક્ષક તો એમ જ જાણે છે. અને અપરીક્ષક જીવોને સત્યરૂપ આત્મા પુદ્‌ગલ કર્મની પેઠે રાગાદિ સ્વરૂપ જ પ્રતિભાસે છે. અહીં પ્રશ્ન-તમે જ રાગાદિભાવને જીવકૃત કહ્યા હતા. અહીં તેને કર્મકૃત કેવી રીતે કહો છો? તેનો ઉત્તર—રાગાદિભાવ ચેતનારૂપ છે તેથી એનો કર્તા જીવ જ છે, પરંતુ અહીં શ્રદ્ધા કરાવવા માટે મૂળભૂત જીવના શુદ્ધસ્વભાવની અપેક્ષાએ રાગાદિ ભાવ કર્મના નિમિત્તથી થાય છે તેથી કર્મકૃત કહ્યા.

જેમ કોઇ મનુષ્યને ભૂત વળગ્યું હોય તો તે મનુષ્ય તે ભૂતના નિમિત્તે નાના પ્રકારની વિપરીત ચેષ્ટા કરે છે. તેથી તે ચેષ્ટાઓનો કર્તા તો મનુષ્ય જ છે પરંતુ તે ચેષ્ટા મનુષ્યનો નિજભાવ નથી માટે એ ચેષ્ટાઓને ભૂતકૃત કહીએ. તેમ આ જીવ કર્મના નિમિત્તે નાના પ્રકારના વિપરીત ભાવોરૂપે પરિણમે છે, તે ભાવોનો કર્તા તો જીવ જ છે પરંતુ આ જીવનો નિજભાવ નથી તેથી તે ભાવોને કર્મકૃત કહીએ છીએ. અથવા કર્મે કરેલા જે નાના પ્રકારના પર્યાય, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, દેવ-નારક-મનુષ્ય-તિર્યંચશરીર, સંહનન, સંસ્થાનાદિ ભેદ અથવા પુત્ર, મિત્ર, મકાન, ધન, ધાન્યાદિ ભેદ-એ બધાથી શુદ્ધાત્મા પ્રત્યક્ષ ભિન્ન જ છે. જેમ કોઇ મનુષ્ય અજ્ઞાની ગુરુના કહેવાથી એકાંત ઓરડામાં બેસી પાડાનું ધ્યાન કરવા લાગ્યો, પોતાને પાડા સમાન મોટા શરીરવાળો ચિંતવવા લાગ્યો, આકાશ જેવડા મોટા શિંગડાંવાળો માની હું આ ઓરડામાંથી કેવી રીતે નીકળીશ એમ ચિંતવવા લાગ્યો. તે પોતાને પાડો ન માને તો મનુષ્યસ્વરૂપ પોતે બની જ રહ્યો છે. તેમ આ જીવ મોહના નિમિત્તથી પોતાને વર્ણાદિક સ્વરૂપ માની દેવાદિ પર્યાયોમાં આવ્યો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને છે. જો ન માને તો અમૂર્તિક શુદ્ધાત્મા પોતે બની રહેલ જ છે.

આ રીતે આ આત્મા કર્મજનિત રાગાદિકભાવ અથવા વર્ણાદિકભાવ તેનાથી સદાકાળ ભિન્ન છે. કહ્યું છે કે –"वर्णाद्या वा रागमोहादयो वा । भिन्ना भावाः सर्व एवास्य पुंसः[1]" તો પણ અજ્ઞાની જીવોને આત્મા કર્મજનિત ભાવોથી સંયુક્ત પ્રતિભાસે છે, " खलु सः प्रतिभासः भवबीजम् " **નિશ્ચયથી આ પ્રતિભાસ તે જ સંસારના બીજભૂત છે.**

**ભાવાર્થઃ–** જેમ બધાં વૃક્ષો ના મૂળભૂત બીજ છે તેમ અનંત સંસારનું મૂળકારણ કર્મજનિત ભાવોને પોતાના માનવા તે છે. આવી રીતે અશુદ્ધતાનું કારણ બતાવ્યું. ૧૪.

## પુરુષાર્થ સિદ્ધિનો ઉપાય

**विपरीताभिनिवेशं निरस्य सम्यग्व्यवस्य निजतत्त्वम् ।**
**यत्तस्मादविचलनं स एव पुरुषार्थसिद्ध्युपायोऽयम् ॥१५॥**

**અન્વયાર્થઃ–** [विपरिताभिनिवेशं] વિપરીત શ્રદ્ધાનનો [निरस्य] નાશ કરીને [निजतत्त्वम्] નિજસ્વરૂપને [सम्यक्] યથાર્થપણે [व्यवस्य] જાણીને [यत्] જે [तस्मात्] તે પોતાના સ્વરૂપમાંથી [अविचलनं] ભ્રષ્ટ ન થવું [स एव] તે જ [अयं] આ [पुरुषार्थसिद्ध्युपाय:] પુરુષાર્થસિદ્ધિનો ઉપાય છે.

**ટીકાઃ–** " यत् विपरीताभिनिवेशं निरस्य सम्यक् निजतत्त्वं व्यवस्य तत् तस्मात अविचलनं स एव अयं पुरुषार्थसिद्ध्युपायः ।"–જે વિપરીત શ્રદ્ધાનનો નાશ કરી યથાર્થપણે નિજસ્વરૂપને જાણે અને તે પોતાના સ્વરૂપમાંથી ભ્રષ્ટ ન થાય તે જ પુરુષાર્થ સિદ્ધિ થવાનો ઉપાય છે.

**ભાવાર્થઃ–** પૂર્વે જે કહ્યું હતું કે સંસારના બીજભૂત કર્મજનિત પર્યાયને આત્માપણે-પોતારૂપે જાણવું તેનું જ નામ વિપરીત શ્રદ્ધાન કહીએ છીએ. તેનો મૂળમાંથી નાશ કરવો તે સમ્યગ્દર્શન છે. કર્મજનિત પર્યાયથી ભિન્ન શુદ્ધ ચૈતન્યસ્વરૂપને યથાર્થપણે જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને કર્મજનિત પર્યાયોથી ઉદાસીન થઈ સ્વરૂપમાં અકંપ-સ્થિર રહેવું તે

---

૧-આ પુરુષ (-આત્મા) ને વર્ણાદિ, રાગાદિ અથવા મોહાદિ બધાય ભાવ (પોતાથી) ભિન્ન છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ ચારિત્ર છે. **એ ત્રણે ભાવોનો સમૂહ તે જ આ જીવને કાર્ય સિદ્ધ થવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય સર્વથા નથી.** ૧૫.

**જે આ ઉપાયમાં લાગે છે તેમનું વર્ણન આગળ કરે છે –**

**अनुसरतां पदमेतत् करम्बिताचारनित्यनिरभिमुखा ।**
**एकान्तविरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः ॥१६॥**

**અન્વયાર્થઃ–** [एतत् पदम् अनुसरतां] આ રત્નત્રયરૂપ પદવીને અનુસરનાર અર્થાત્ પ્રાપ્ત કરેલ [मुनीनां] મહામુનિઓની [वृत्तिः] વૃત્તિ [करम्बिताचारनित्यनिरभिमुखा] પાપક્રિયા મિશ્રિત આચારોથી સર્વથા પરાઙ્મુખ તથા [एकान्तविरतिरूपा] પરદ્રવ્યોથી સર્વદા ઉદાસીનરૂપ અને [अलौकिकी] લોકથી વિલક્ષણ પ્રકારની [भवति] હોય છે.

**ટીકાઃ–** '' एतत्पदं अनुसरतां मुनीनां वृत्तिः अलौकिकी भवति'' – આ રત્નત્રયરૂપ પદવીને પ્રાપ્ત થયેલા **જે મહામુનિઓ છે તેમની રીત લોકરીતિને મળતી આવતી નથી.** તે જ કહીએ છીએ. લોકો પાપક્રિયામાં આસક્ત થઈ પ્રવર્તે છે, મુનિ પાપક્રિયાનું ચિંતવન પણ કરતા નથી. લોકો અનેક પ્રકારે શરીરની સંભાળ રાખે, પોષે છે, મુનિ અનેક પ્રકારે શરીરને પરીષહ ઉપજાવે છે અને પરીષહ સહે છે. વળી લોકોને ઇન્દ્રિય વિષયો બહુ મીઠા લાગે છે, મુનિ વિષયોને હળાહળ ઝેર સમાન જાણે છે.

લોકોને પોતાની પાસે માણસોનો સંગ-સમુદાય ગમે છે. મુનિ બીજાનો પણ સંયોગ થતાં ખેદ માને છે. લોકોને વસ્તી ગમે છે, મુનિને નિર્જન સ્થાન સારું લાગે છે. કયાં સુધી કહીએ ? મહા મુનીશ્વરોની રીત લોકોની રીતથી ઊલટા રૂપે હોય છે. કેવી છે મુનીશ્વરોની પ્રવૃત્તિ ? ' करम्बिताचारनित्यनिरभिमुखा'-પાપક્રિયા સહિતના આચારથી પરાઙ્મુખ છે. જેમ શ્રાવકનો આચાર પાપક્રિયાથી મિશ્રિત છે, તેમ મુનીશ્વરોના આચારમાં પાપનો મેળાપ નથી અથવા કરંબિત એટલે કર્મજનિત ભાવમિશ્રિત જે આચરણ તેમાં પરાઙ્મુખ છે, કેવળ નિજસ્વરૂપને અનુભવે છે તે માટે એકાંત વિરતિરૂપા એટલે સર્વથા પાપક્રિયાના ત્યાગસ્વરૂપ છે અથવા એક નિજસ્વભાવના અનુભવ વડે સર્વથા પરદ્રવ્યોથી ઉદાસીન સ્વરૂપ છે. રત્નત્રયના ધારક મહામુનિઓની એવી પ્રવૃત્તિ છે. ૧૬.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ઉપદેશ દેવાનો ક્રમ

**बहुशः समस्तविरतिं प्रदर्शितां यो न जातु गृह्णाति ।**
**तस्यैकदेशविरतिः कथनीयानेन बीजेन ॥१७॥**

**અન્વયાર્થઃ–** [यः] જે જીવ [बहुशः] વારંવાર [प्रदर्शितां] બતાવેલી [समस्तविरतिं] સકળ પાપરહિત મુનિવૃત્તિને [जातु] કદાચ [न गृह्णाति] ગ્રહણ ન કરે તો [तस्य] તેને [एकदेशविरतिः] એકદેશ પાપક્રિયા રહિત ગૃહસ્થાચાર [अनेन बीजेन] આ હેતુથી [कथनीया] સમજાવે અર્થાત્ કહે.

**ટીકાઃ–**''यः बहुशः प्रदर्शितां समस्तविरतिं न जातु गृह्णाति तस्य एकदेशविरतिः अनेन बीजेन कथनीया ।'' –જે જીવ વારંવાર ઉપદેશ વડે બતાવવામાં આવેલ સકલ પાપરહિત મહાવ્રતની ક્રિયા તેને કદાચ ગ્રહણ ન કરે તો તે જીવને એકદેશ પાપરહિત શ્રાવક-ક્રિયા આ રીતે કહેવી.

**ભાવાર્થઃ–** જે જીવ ઉપદેશ સાંભળવાની રુચિવાળા હોય તેમને પહેલાં વારંવાર મુનિધર્મનો ઉપદેશ આપવો. જો તે જીવ મુનિપદવી અંગીકાર ન કરે તો પછી તેને શ્રાવક ધર્મનો ઉપદેશ આપવો. ૧૭.

શ્રાવકધર્મનું વ્યાખ્યાન આગળ જે રીતે કરે છે તે રીતથી ઉપદેશ ન લાગે તો આ અનુક્રમ છોડીને જે ઉપદેશદાતા ઉપદેશ આપે છે તેની નિંદા કરે છે –

**यो यतिधर्ममकथयन्नुपदिशति गृहस्थधर्ममल्पमतिः ।**
**तस्य भगवत्प्रवचने प्रदर्शितं निग्रहस्थानम् ॥१८॥**

**અન્વયાર્થઃ–** [यः] જે [अल्पमतिः] તુચ્છ બુદ્ધિ ઉપદેશક [यतिधर्मं] મુનિધર્મનું [अकथयन्] કથન ન કરતાં [गृहस्थधर्मं] શ્રાવકધર્મનો [उपदिशति] ઉપદેશ આપે છે [तस्य] તે ઉપદેશકને [भगवत्प्रवचने] ભગવાનના સિદ્ધાન્તમાં [निग्रहस्थानं] દંડ દેવાનું સ્થાન [प्रदर्शितं] બતાવ્યું છે.

**ટીકાઃ–** ''यः अल्पमतिः यतिधर्मं अकथयन् गृहस्थधर्मं उपदिशति तस्य भगवत्प्रवचने निग्रहस्थानं प्रदर्शितम्'' –તુચ્છ બુદ્ધિવાળા ઉપદેશક મુનિધર્મનો ઉપદેશ ન આપતાં, ગૃહસ્થધર્મનો ઉપદેશ આપે છે. તેને ભગવાનના સિદ્ધાન્તમાં દંડનું સ્થાન કહ્યું છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ :-** જે ઉપદેશક પહેલાં યતીશ્વરના ધર્મનો તો ઉપદેશ ન સંભળાવે પણ પહેલાં જ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે તો તે ઉપદેશકને જિનમતમાં પ્રાયશ્ચિત્તરૂપ દંડ-યોગ્ય કહ્યો છે. ૧૮.

**આગળ એને દંડ આપવાનું કારણ કહે છે :–**

**अक्रमकथनेन यतः प्रोत्सहमानोऽतिदूरमपि शिष्यः ।**
**अपदेऽपि सम्प्रतृप्तः प्रतारितो भवति तेन दुर्मतिना ॥१९॥**

**અન્વયાર્થ :–** [यतः] જે કારણે [तेन] તે [दुर्मतिना] દુર્બુદ્ધિના [अक्रमकथनेन] ક્રમભંગ કથનરૂપ ઉપદેશ કરવાથી [अतिदूरं] અત્યંત દૂર-વધારે [प्रोत्सहमानोऽपि] ઉત્સાહવાળો હોવા છતાં પણ [शिष्यः] શિષ્ય [अपदे अपि] તુચ્છ સ્થાનમાં જ [संप्रतृप्तः] સંતુષ્ટ થઈ ને [प्रतारितः भवति] ઠગાય છે.

**ટીકાઃ–** ''यतः तेन दुर्मतिना अक्रमकथनेन शिष्यः प्रतारितो भवति ।'' –જે કારણે તે મંદબુદ્ધિ ઉપદેશદાતાએ અનુક્રમ છોડીને કથન કરવાથી સાંભળનાર શિષ્ય છેતરાયો છે. પહેલાં શ્રાવકધર્મનો ઉપદેશ સંભળાવીને શિષ્યને છેતરવામાં આવ્યો છે. તેનું કારણ કહે છે. કેવો છે શિષ્ય? ''अतिदूरं प्रोत्सहमानो अपि अपदेऽपि संप्रतृप्तः'' –અત્યંત દૂર સુધી જવા માટે ઉત્સાહિત થયો હતો તો પણ તે અપદ જે તુચ્છ સ્થાન તેમાં સંતુષ્ટ થયો છે. એ શિષ્યના અંતરંગમાં એટલો ઉત્સાહ થયો હતો કે જો પહેલાં મુનિધર્મ સાંભળ્યો હોત તો મુનિપદવી જ અંગીકાર કરત. પરંતુ ઉપદેશદાતાએ તેને પ્રથમ જ શ્રાવકધર્મ સંભળાવ્યો. તેણે એ જ ધર્મ અંગીકાર કર્યો. તે માટે મુનિધર્મ છેતર્યો એટલે ઉપદેશદાતાને તેનો દંડ આપવો યોગ્ય છે. ૧૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# શ્રાવકધર્મ વ્યાખ્યાન

જે જીવ મુનિધર્મનો ભાર ઉપાડી ન શકે તેના નિમિત્તે આચાર્ય આગળ શ્રાવકધર્મનું વ્યાખ્યાન કરે છે. ત્યાં શ્રાવકને ધર્મસાધનમાં શું કહેવું તેનું વ્યાખ્યાન કરે છે.

**एवं सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मको नित्यम् ।**
**तस्यापि मोक्षमार्गो भवति निषेव्यो यथाशक्ति ॥२०॥**

**અન્વયાર્થઃ–** [एवं] આ રીતે [तस्यापि] તે ગૃહસ્થને પણ [यथाशक्ति] પોતાની શક્તિ અનુસાર [सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मक:] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ ભેદરૂપ [मोक्षमार्ग:] મુક્તિનો માર્ગ [नित्यं] સર્વદા [निषेव्य:] સેવન કરવા યોગ્ય [भवति] થાય છે.

**ટીકાઃ–**''तस्य अपि यथाशक्ति एवं मोक्षमार्ग: निषेव्य: भवति'' –તે ગૃહસ્થને પણ પોતાની શક્તિ અનુસાર આગળ જેનું વર્ણન કરે છે તે પ્રકારે મોક્ષમાર્ગ સેવન કરવા યોગ્ય છે.

**ભાવાર્થઃ–** મુનિને તો મોક્ષમાર્ગનું સેવન સંપૂર્ણપણે હોય છે અને ગૃહસ્થે પણ પોતાની શક્તિ પ્રમાણે મોક્ષમાર્ગનું થોડું ઘણું સેવન કરવું. કારણ કે ધર્મ નું બીજું કોઇ અંગ નથી કે જેનું સેવન કરવાથી પોતાનું ભલું થાય. કેવો છે મોક્ષમાર્ગ? ''सम्यग्दर्शनबोधचरित्रत्रयात्मक:'' –સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નું ત્રિક જેનું સ્વરૂપ છે. જુદા જુદા ત્રણે મોક્ષમાર્ગ નથી. ત્રણે મળીને મોક્ષમાર્ગ છે. ૨૦.

**આ ત્રણેમાં પ્રથમ કોને ગ્રહણ કરવું તે કહે છેઃ–**

**तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन ।**
**तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च ॥२१॥**

**અન્વયાર્થઃ–** [तत्रादौ] એ ત્રણેમાં પ્રથમ [अखिलयत्नेन] સમસ્ત પ્રકારે સાવધાનતારૂપ યત્નથી [सम्यक्त्वं] સમ્યગ્દર્શન [समुपाश्रयणीयम्] સારી રીતે અંગીકાર કરવું જોઇએ. [यत:] કેમ કે [तस्मिन् सति एव] તે હોતાં જ [ज्ञानं] સમ્યગ્જ્ઞાન [च] અને [चरित्रं]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યક્ચારિત્ર [भवति] થાય છે.

**ટીકા:–** '' तत्र आदौ अखिलयत्नेन सम्यक्त्वं समुपाश्रणीयम् '' –એ ત્રણેમાં પહેલાં સમસ્ત ઉપાયો વડે જો બને તો સમ્યગ્દર્શન અંગીકાર કરવું. એ પ્રાપ્ત થતાં અવશ્ય મોક્ષપદ પ્રાપ્ત થાય છે. એના વિના સર્વથા મોક્ષ થતો નથી. વળી તે સ્વરૂપપ્રાપ્તિનું અદ્વિતીય કારણ છે. માટે એને અંગીકાર કરવામાં પ્રમાદી ન રહેવું. મરીને પણ આ કાર્ય જેમ બને તેમ કરવું. વધારે શું કહીએ ? **આ જીવનું ભલું થવાનો ઉપાય એક સમ્યગ્દર્શન સમાન કોઈ નથી. માટે તેને અવશ્ય અંગીકાર કરવું.** પહેલાં એને અંગીકાર કરવાનું કારણ શું છે તે કહે છે. ''यत: तस्मिन् सति एव ज्ञानं च चरित्रं च भवति '' –તે સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર થાય છે.

**ભાવાર્થ:–** સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે. વળી મહાવ્રતાદિકનું સાધન કરી અન્તિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ કરે તો પણ અસંયમ નામ પામે. પણ સમ્યક્ત્વ સહિત જે કાંઈ જાણપણું હોય તે બધું સમ્યગ્જ્ઞાન નામ પામે અને જો થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે તો સમ્યક્ચારિત્ર નામ પામે. જેમ અંકસહિત શૂન્ય હોય તો પ્રમાણમાં આવે, અંક વિના શૂન્ય શૂન્ય જ છે, તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે. માટે પહેલાં સમ્યક્ત્વ અંગીકાર કરી પછી બીજાં સાધન કરવું. ૨૧.

**આમ જો સમ્યક્ત્વનું લક્ષણ જાણીએ તો તેને અંગીકાર કરીએ. માટે તે સમ્યક્ત્વનું લક્ષણ કહે છે:–**

**जीवाजीवादीनां तत्त्वार्थानां सदैव कर्त्तव्यम् ।**
**श्रद्धानं विपरीताभिनिवेशविविक्तमात्मरूपं तत् ॥२२॥**

**અન્વયાર્થ:–** [जीवाजीवादीनां] જીવ, અજીવાદિ [तत्त्वार्थानां] તત્ત્વાર્થોનું [विपरीताभिनिवेशविविक्तं] વિપરીત અભિનિવેશ (આગ્રહ) રહિત અર્થાત્ બીજાને બીજાપણે સમજવારૂપ મિથ્યાજ્ઞાનથી રહિત [श्रद्धानं] શ્રદ્ધાન અર્થાત્ દૃઢ વિશ્વાસ [सदैव] નિરંતર જ [कर्त्तव्यं] કરવું જોઈએ. કારણ કે [तत्] તે શ્રદ્ધાન જ [आत्मरूपं] આત્માનું સ્વરૂપ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ**– ''जीवाजीवादीनां तत्त्वार्थानां श्रद्धानं सदैव कर्त्तव्यं '' –જીવ-અજીવ આદિ જે તત્ત્વાર્થ-તત્ત્વ એટલે જેનો જેવો કાંઇ નિજભાવ છે તેવો જ હોવો તે. તે તત્ત્વથી સંયુક્ત જે અર્થ એટલે પદાર્થ તે તત્ત્વાર્થ–તેનું શ્રદ્ધાન એટલે આમ જ છે, બીજી રીતે નથી એવો પ્રતીતભાવ તે સદૈવ કર્તવ્ય છે. તેવું શ્રદ્ધાન કરવા યોગ્ય છે. 'विपरीताभिनिवेशविविक्तं' –એટલે બીજાને બીજારૂપે માનવારૂપ મિથ્યાત્વથી રહિત શ્રદ્ધાન કરવું. 'तत् आत्मरूपं अस्ति' – તે શ્રદ્ધાન આત્માનું સ્વરૂપ છે. જે શ્રદ્ધાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિને ઊપજે છે તે જ સિદ્ધ અવસ્થા સુધી રહે છે. તેથી ઉપાધિભાવ નથી, આત્માનો નિજ ભાવ છે.

**ભાવાર્થઃ**– તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. તે તત્ત્વાર્થશ્રદ્ધાન બે પ્રકારે છે. એક સામાન્યરૂપ, એક વિશેષરૂપ. જે પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય-સ્વરૂપને પોતારૂપે શ્રદ્ધે છે તે સામાન્ય તત્ત્વાર્થ શ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન તો નારકી, તિર્યંચાદિ સર્વ સમ્યગ્દષ્ટિ જીવોને હોય છે. અને જીવ-અજીવાદિ સાત તત્ત્વોના વિશેષણો (ભેદો) જાણી શ્રદ્ધાન કરે તે વિશેષ તત્ત્વાર્થશ્રદ્ધાન કહીએ. આ શ્રદ્ધાન મનુષ્ય, દેવાદિ વિશેષ બુદ્ધિવાન જીવોને હોય છે. પરંતુ રાજમાર્ગ (-મુખ્યમાર્ગ) ની અપેક્ષાએ સાત તત્ત્વોને જાણવાં તે સમ્યક્ત્વનું-સમ્યક્શ્રદ્ધાનનું કારણ છે. કારણ કે જો તત્ત્વોને જાણે નહિ તો શ્રદ્ધાન શાનું કરે? તેથી સાત તત્ત્વોનું થોડુંક વર્ણન કરીએ છીએ.

**૧. જીવતત્ત્વઃ**– પ્રથમ જ જીવતત્ત્વ ચેતના લક્ષણથી વિરાજમાન તે શુદ્ધ, અશુદ્ધ અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારે છે. ત્યાં **(૧) શુદ્ધ જીવતત્ત્વ**–જે જીવોને સર્વ ગુણ-પર્યાય પોતાના નિજભાવરૂપ પરિણમે છે અર્થાત્ જેમના કેવળજ્ઞાનાદિ ગુણ શુદ્ધ પરિણતિ-પર્યાયથી બિરાજમાન થયા તેને શુદ્ધ જીવ કહીએ.

**(૨) અશુદ્ધ જીવતત્ત્વ**–જે જીવોના સર્વગુણ-પર્યાય વિકારભાવને પ્રાપ્ત થઇ રહ્યા છે, જ્ઞાનાદિ ગુણ આવરણથી આચ્છાદિત થઇ રહ્યા છે, જે થોડાઘણા પ્રગટરૂપ છે તે વિપરીતપણે પરિણમી રહ્યા છે અને જેની પરિણતિ રાગાદિરૂપ પરિણમી રહી છે તે મિથ્યાદષ્ટિ જીવોને અશુદ્ધ જીવ કહીએ.

**(૩) મિશ્રજીવ** – જે જીવના સમ્યક્ત્વાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઇ છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા તેમાં પણ કાંઇક મલિનતા રહી ગઇ છે. અર્થાત્ કોઇ જ્ઞાનાદિ ગુણોની કેટલીક શક્તિ શુદ્ધ થઇ છે, બીજી બધી અશુદ્ધ રહી છે, કેટલાક ગુણ અશુદ્ધ થઇ રહ્યા છે, એવી તો ગુણોની દશા થઇ છે અને જેની પરિણતિ શુદ્ધાશુદ્ધરૂપ પરિણમે છે તે જીવ શુદ્ધાશુદ્ધસ્વરૂપ મિશ્ર કહીએ. આ રીતે જીવ નામનું તત્ત્વ ત્રણ પ્રકારે છે.

૨. **અજીવતત્ત્વઃ**– જે ચેતનાગુણ રહિત તે પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળરૂપ (-કાલાણુરૂપ) પાંચ પ્રકારે છે. તેમાં (૧) પુદ્‌ગલદ્રવ્ય–સ્પર્શ, રસ, ગંધ, વર્ણસંયુક્ત, અણુ અને સ્કંધના ભેદથી બે પ્રકારે છે. તેમાં જે એકાકી-અવિભાગી પરમાણુ તેને અણુ કહીએ. અનેક અણુ મળીને સ્કંધ થાય છે તેને સ્કંધ કહીએ. અથવા પુદ્‌ગલદ્રવ્યના છ ભેદ છેઃ–

(૧) **સ્થૂલસ્થૂલ**–કાષ્ઠ-પાષાણ આદિ જે છેદાયા ભેદાયા પછી મળે નહિ તેને સ્થૂલસ્થૂલ પુદ્‌ગલ કહીએ. ૨–સ્થૂલ–જે જળ, દૂધ, તેલ આદિ દ્રવ પદાર્થો ની જેમ છિન્નભિન્ન થવા છતાં ફરી તુરતજ મળી શકે તેને સ્થૂલ કહીએ. ૩–**સ્થૂલસૂક્ષ્મ**– આતાપ, ચાંદની, અંધકારાદિ આંખથી દેખાય પણ પકડાય નહિ તેને સ્થૂલસૂક્ષ્મ કહીએ. ૪–**સૂક્ષ્મસ્થૂલ**–જે શબ્દ ગંધાદિ આંખથી ન દેખાય પણ અન્ય ઇન્દ્રિયથી જણાય તેને સૂક્ષ્મસ્થૂલ કહીએ, **૫-સૂક્ષ્મ**–જે ઘણા પરમાણુઓનો સ્કંધ છે પણ ઇન્દ્રિયગમ્ય નથી તેને સૂક્ષ્મ કહીએ. **૬-સૂક્ષ્મસૂક્ષ્મ**–અતિ સૂક્ષ્મ સ્કંધ અથવા પરમાણુને સૂક્ષ્મ-સૂક્ષ્મ કહીએ. આ રીતે આ લોકમાં ઘણો ફેલાવો આ પુદ્‌ગલ દ્રવ્યનો છે.

(૨) **ધર્મદ્રવ્ય**– જીવ અને પુદ્‌ગલોને ગતિ કરવામાં સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્ય છે.

(૩) **અધર્મદ્રવ્ય**–જીવ અને પુદ્‌ગલને સ્થિતિ કરવામાં સહકારીગુણસંયુક્ત લોકપ્રમાણ એક દ્રવ્યછે.

(૪) **આકાશદ્રવ્ય**–સર્વ દ્રવ્યોને અવગાહનહેતુત્વલક્ષણસંયુક્ત લોકાલોકપ્રમાણ એક દ્રવ્ય છે. જયાં સર્વ દ્રવ્યોને પ્રાપ્ત થાય તેને લોક અને જયાં કેવળ એક આકાશ જ છે તેને અલોક કહીએ. બન્નેની સત્તા જુદી નથી તેથી એક દ્રવ્ય છે.

(૫) **કાળદ્રવ્ય**–સર્વ દ્રવ્યોને વર્ત્તનાહેતુત્વલક્ષણસંયુક્ત લોકના એકેક પ્રદેશ ઉપર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્થિત એકેક પ્રદેશમાત્ર અસંખ્યાત દ્રવ્ય છે. તેના પરિણામના નિમિત્તે સમય, આવલી આદિ વ્યવહાર કાળ છે. આ રીતે જીવદ્રવ્ય સહિત છ દ્રવ્ય જાણવા. કાળને બહુ પ્રદેશ નથી તેથી કાળ સિવાય પંચાસ્તિકાય કહીએ. એમાં જીવતત્ત્વ અને પુદ્‌ગલ-અજીવતત્ત્વના પરસ્પર સંબંધથી અન્ય પાંચ તત્ત્વ થાય છે.

૩. **આસ્રવતત્ત્વ**– જીવના રાગાદિ પરિણામથી યોગ દ્વારા આવતા પુદ્‌ગલના આગમનને આસ્રવતત્ત્વ કહીએ.

૪. **બંધતત્ત્વ**– જીવને અશુદ્ધતાના નિમિતે આવેલાં પુદ્‌ગલોનું જ્ઞાનાવરણાદિરૂપ પોતાની સ્થિતિ અને રસસંયુક્ત પ્રદેશો સાથે સંબંધરૂપ થવું તે બંધતત્ત્વ કહીએ.

૫. **સંવરતત્ત્વ**– જીવના રાગાદિ પરિણામના અભાવથી પુદ્‌ગલોનું ન આવવું તેને સંવર કહીએ.

૬. **નિર્જરાતત્ત્વ**–જીવના શુદ્ધોપયોગના બળથી પૂર્વે બંધાયેલાં કર્મોનો એકદેશ નાશ થવો તેને સંવરપૂર્વક નિર્જરા કહીએ. કર્મફળને ભોગવીને નિર્જરા કરવામાં આવે તે નિર્જરા મોક્ષને આપે નહીં.

૭. **મોક્ષતત્ત્વ**–સર્વથા કર્મનો નાશ થતાં જીવનો નિજભાવ પ્રગટ થવો તેને મોક્ષ કહીએ. આ સાત તત્ત્વાર્થ જાણવાં. પુણ્ય-પાપ આસ્રવાદિના ભેદ છે, માટે જુદાં કહ્યાં નથી. આ રીતે આ તત્ત્વાર્થનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ કહીએ.

**પ્રશ્નઃ**– આ લક્ષણમાં અવ્યાપ્તિદોષ આવે છે. કેવી રીતે ? જે સમયે સમ્યગ્દષ્ટિ વિષય-કષાયની તીવ્રતારૂપે પરિણમે છે ત્યારે એવું શ્રદ્ધાન કયાં હોય છે ? લક્ષણ તો એવું કહેવું જોઈએ કે સર્વ લક્ષ્યમાં તે સદાકાળ હોય.

**ઉત્તરઃ**– જીવના બે ભાવ છે. એક શ્રદ્ધાનરૂપ છે, બીજો પરિણમનરૂપ છે. શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વનું લક્ષણ છે, પરિણામરૂપ ચારિત્રનું લક્ષણ છે. સમ્યગ્દષ્ટિ વિષયકષાયના પરિણમનરૂપ થયો છે, શ્રદ્ધાનમાં પ્રતીતિ યથાવત્ છે. જેમ નોકર શેઠનો ચાકર છે. તેના અંતરંગમાં એવી પ્રતીતિ છે કે આ બધું શેઠનું કાર્ય છે, મારું ઘર જુદું જ છે. પરિણામો વડે તો શેઠના કામમાં પ્રવર્તે છે, તે શેઠના કામને 'મારું મારું' કહે છે, નફો કે ખોટ જાય ત્યાં હર્ષ-શોક પણ કરે છે. તે પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જયારે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શેઠનો અને પોતાનો હિસાબ કરે છે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તે પ્રગટ કરે છે. શેઠના કાર્યમાં પ્રવર્તતાં તે શક્તિ પ્રતીતિરૂપ રહે છે. કદાચિત્ જો તે શેઠનું ધન ચોરીને તેને પોતાનું જાણે તો તેને અપરાધી કહીએ. વળી તે નોકર શેઠની નોકરીને પરાધીન દુઃખદાયક જાણે છે. પરંતુ પોતાના ધનના બળ વિના આજીવિકાવશ તેના કામમાં પ્રવર્તે છે, તેમ જ્ઞાની કર્મના ઉદયને ભોગવે છે.

એના અંતરંગમાં એવી પ્રતીત છે કે આ બધો દેખાવનો ઠાઠ છે, મારું સ્વરૂપ જાુદું જ છે. પરિણામો વડે ઔદયિક ભાવોમાં પરિણમે છે. ઉદયના સંબંધને કારણે 'મારું-મારું' પણ કહે છે, ઈષ્ટ-અનિષ્ટમાં હર્ષ-વિષાદ પણ કરે છે. તે પોતાની પ્રતીતિને વારંવાર સંભારતો પણ નથી. પણ જે વખતે તે કર્મ અને પોતાના સ્વરૂપનો વિચાર કરે ત્યારે જેવી પ્રતીતિ અંતરંગમાં હતી તેવી જ પ્રગટ કરે છે. વળી તે કર્મના ઉદયમાં તે પ્રતીતિ શક્તિરૂપ રહે છે. તે કદીપણ તે કર્મના ઉદયને શ્રદ્ધાનમાં પોતાનો જાણે તો તેને મિથ્યાત્વી કહીએ.

વળી તે જ્ઞાની કર્મના ઉદયને પરાધીન દુઃખ જાણે છે. પરંતુ પોતાના શુદ્ધોપયોગના બળ વિના પૂર્વબદ્ધ કર્મને વશ થઈ કર્મના ઔદયિક ભાવોમાં પ્રવર્તે છે. આ રીતે સમ્યગ્દ્રષ્ટિને તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન પરિણમનરૂપ તો નિર્બાધપણે નિરન્તર જ છે, પણ જ્ઞાનોપયોગ અપેક્ષાથી જોવામાં આવે તો સામાન્યરૂપ અથવા વિશેષરૂપ, શક્તિ અવસ્થામાં કે વ્યક્ત અવસ્થામાં સદાકાળ હોય છે.

**પ્રશ્નઃ**– ભલે, આ લક્ષણમાં અવ્યાપ્તિ દોષ તો નથી, પણ અતિવ્યાપ્તિ દોષ તો લાગે છે, કારણ કે દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત સાત તત્ત્વોને જ માને છે, અન્ય મતના કલ્પિત તત્ત્વોને માનતા નથી. લક્ષણ તો એવું કહેવું જોઈએ કે લક્ષ્ય વિના બીજા સ્થાનમાં ન હોય.

**ઉત્તરઃ**– દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત તત્ત્વને જ માને છે, પરંતુ **વિપરીત અભિનિવેશ સહિત માને છે, શરીરાશ્રિત ક્રિયાકાંડને પોતાના જાણે છે, તેથી** અજીવતત્ત્વમાં જીવતત્ત્વ માન્યું. **વળી આસ્રવબંધરૂપ [1]શીલ, સંયમાદિકરૂપ પરિણામ તેને સંવર-નિર્જરારૂપ માની**

૧. શીલ=શુભભાવરૂપ વ્યવહાર બ્રહ્મચર્ય.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મોક્ષનું કારણ માને છે.** દ્રવ્યલિંગી પાપથી તો વિરક્ત થયો છે પણ પુણ્યમાં ઉપાદેયબુદ્ધિથી પરિણમ્યો છે માટે તત્ત્વાર્થશ્રદ્ધાન નથી. આ રીતે (વિપરીત અભિપ્રાય રહિત) તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન અંગીકાર કરવું. ૨૨.

સમ્યક્ત્વના આઠ અંગોનું વર્ણન.

## ૧- [૧]નિઃશંક્તિ અંગ

**सकलमनेकान्तात्मकमिदमुक्तं वस्तुजातमखिलज्ञैः ।**
**किमु सत्यमसत्यं वा न जातु शङ्केति कर्तव्या ॥२३॥**

**અન્વયાર્થઃ–** [अखिलज्ञैः] સર્વજ્ઞદેવે [उक्तं] કહેલો [इदं] આ [सकलं] સમસ્ત [वस्तुजातं] વસ્તુસમૂહ [अनेकान्तात्मकं] અનેક સ્વભાવરૂપ છે તે [किमु सत्यं] શું સત્ય છે? [वा असत्यं] અથવા જૂઠ છે [इति] એવી [शंका] શંકા [जातु] કદીપણ [न] ન [कर्तव्या] કરવી જોઇએ.

**ટીકાઃ–** ''अखिलज्ञैः इदं सकलं वस्तुजातं अनेकान्तात्मकं उक्तं किमु सत्यं वा असत्यं वा । जातु इति शंका न कर्तव्या'' – સર્વજ્ઞદેવે આ સમસ્ત જીવાદિ પદાર્થોનો સમૂહ અનેકાન્તાત્મક એટલે અનેક સ્વભાવસહિત કહ્યો છે તે શું સાચું છે કે જૂઠું છે - કદી એવી શંકા ન કરવી.

**ભાવાર્થઃ–** શંકા નામ સંશયનું છે. જિનપ્રણીત પદાર્થોમાં સંદેહ ન કરવો તેને [૧]નિઃશંક્તિ નામનું અંગ કહીએ. ૨૩.

## ૨-[૨]નિઃકાક્ષિત અંગ

**इह जन्मनि विभवादीन्यमुत्र चक्रित्वकेशवत्वादीन् ।**
**एकान्तवाददूषितपरसमयानपि च नाकांक्षेत् ॥२४॥**

**અન્વયાર્થઃ–** [इह] આ [जन्मनि] લોકમાં [विभवादीनि] ઐશ્વર્ય, સંપદા આદિ,

૧. સ્વામી સમંતભદ્રાચાર્યકૃત રત્નકરંડશ્રાવકાચાર ગા ૧૧ માં કહ્યું છે કે –તત્ત્વ આ જ છે, આવું જ છે, અન્ય નથી અથવા બીજી રીતે નથી. એવી નિષ્કમ્પ તલવારની તીક્ષ્ણધાર સમાન સન્માર્ગમાં સંશય રહિત રુચિ-વિશ્વાસને નિઃશંક્તિ અંગ કહે છે.

૨. નિઃકાંક્ષા=(વિષયોની-વિષયના સાધનોની અભિલાષા-આશાને કાંક્ષા કહે છે ) અર્થાત્ કર્મને વશ થઇને, અંતવાળા, ઉદયમાં દુઃખમિશ્રિત અને પાપના બીજરૂપ સુખમાં અનિત્યતાનું શ્રદ્ધાન થવું તે નિઃકાંક્ષિત અંગ છે. (રત્ન૦ શ્રા૦ ગા૦ ૧૨ )



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[अमुत्र] પરલોકમાં [चक्रित्वकेशवत्वादीन्] ચક્રવર્તી, નારાયણ આદિ પદોને [च] અને [एकान्तवाददूषितपरसमयान्] એકાન્તવાદથી દૂષિત અન્ય ધર્મોને [अपि] પણ [न आकांक्षेत्] ચાહે નહિ.

**ટીકાઃ**– ''इह जन्मनि विभवादीनि न आकांक्षेत् '' **સમ્યગ્દષ્ટિ આ લોકમાં તો સંપદા વગેરે અને પુત્રાદિને ચાહે નહિ.** 'च अमुत्र चक्रित्वकेशवत्वादीन् न आकांक्षेत्' **–વળી પરલોકમાં ચક્રવર્તીપદ, નારાયણપદ અને આદિ શબ્દથી ઈન્દ્રાદિ પદને ચાહતા નથી.** 'एकान्तवाददूषितपरसमयान् अपि न आकांक्षेत्' **–વસ્તુના એકાન્તસ્વભાવનું કથન કરવાને લીધે દૂષણ સહિત જે અન્યમત તેને પણ ચાહતા નથી.**

**ભાવાર્થઃ**– નિઃકાંક્ષિત નામ વાંચ્છા રહિતનું છે. કારણ કે આ લોક સંબંધી પુણ્યના ફળને ચાહતા નથી તેથી સમ્યક્ત્વી પુણ્યના ફળરૂપ ઈન્દ્રિયના વિષયોને આકુળતાના નિમિત્ત હોવાથી દુઃખરૂપ જ માને છે. વળી અન્યમતી નાના પ્રકારની એકાન્તરૂપ કલ્પના કરે છે તેને ભલા જાણી ચાહતા નથી. ૨૪.

## ૩. [૧]નિર્વિચિકિત્સા અંગ

**क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु नानाविधेषु भावेषु ।**
**द्रव्येषु पुरीषादिषु विचिकित्सा नैव करणीया ॥२५॥**

**અન્વયાર્થઃ**– [क्षुत्तृष्णाशीतोष्णप्रभृतिषु] ભૂખ, તરસ, ઠંડી, ગરમી વગેરે [नानाविधेषु] નાના પ્રકારના [भावेषु] ભાવોમાં અને [पुरीषादिषु] વિષ્ટા આદિ [द्रव्येषु] પદાર્થોમાં [विचिकित्सा] ગ્લાનિ [नैव] ન [करणीया] કરવી જોઈએ.

**ટીકાઃ** – ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ વગેરે નાના પ્રકારના દુઃખદાયક પર્યાયો અને અપવિત્ર વિષ્ટા આદિ પદાર્થોમાં ગ્લાનિ ન કરવી.

**ભાવાર્થઃ**– વિચિકિત્સા નામ અણગમાનું છે, અથવા ગ્લાનિનું છે. તેનાથી રહિત તે નિર્વિચિકિત્સા. પાપના ઉદયથી દુઃખદાયક ભાવનો સંયોગ થતાં ઉદ્વેગરૂપ ન થવું, કારણ કે ઉદયાધીન કાર્ય પોતાને વશ નથી. એ દુઃખથી અમૂર્તિક આત્માનો ઘાત પણ

૧. નિર્વિચિકિત્સા અંગ = રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી પવિત્ર પરન્તુ સ્વાભાવિક અપવિત્ર શરીરમાં (મુનિ-ધર્માત્માના મલિન શરીરમાં) ગ્લાનિ-સૂગ ન કરવી પણ તેમના ગુણોમાં પ્રીતિ કરવી તેને નિર્જુગુપ્સા અંગ કહે છે (રત્ન૦ શ્રા૦ ગા૦ ૧૩)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. વળી વિષ્ટાદિ નિંદ્ય વસ્તુમાં ગ્લાનિરૂપ ન થવું કારણ કે વસ્તુનો એવો જ સ્વભાવ છે. એમાં આત્માને શું? અથવા જે શરીરમાં આ આત્મા વસે છે તેમાં તો બધી જ વસ્તુ નિંદ્ય છે. ૨૫.

## ૪. [1]અમૂઢદૃષ્ટિ અંગ

**लोके शास्त्राभासे [2]समयाभासे च देवताभासे ।**
**नित्यमपि तत्त्वरुचिना कर्तव्यममूढदृष्टित्वम् ॥२६॥**

**અન્વયાર્થઃ–** [लोके] લોકમાં, [शास्त्राभासे] શાસ્ત્રાભાસમાં, [समयाभासे] ધર્માભાસમાં [च] અને [देवताभासे] દેવાભાસમાં [तत्त्वरुचिना] તત્ત્વોમાં રુચિવાળા સમ્યગ્દૃષ્ટિ પુરુષે [नित्यमपि] સદાય [अमूढदृष्टित्वम्] મૂઢતારહિત શ્રદ્ધાન [कर्तव्यम्] કરવું જોઈએ.

**ટીકાઃ–** ''तत्त्वरुचिना नित्यं अपि अमूढदृष्टित्वं कर्तव्यम्''–**તત્ત્વશ્રદ્ધાનવાળા પુરુષે હંમેશા અમૂઢદૃષ્ટિ થવું યોગ્ય છે. મૂઢદૃષ્ટિ યથાર્થ જ્ઞાનરહિતનું નામ છે, તે શ્રદ્ધાનવાળા થવું યોગ્ય નથી. કયાં કયાં?**

लोके = લોકમાં ઘણા માણસો વિપરીત ભાવમાં પ્રવર્તતા હોય તોપણ પોતે તેમની જેમ (દેખાદેખીથી) ન પ્રવર્તવું.

शास्त्राभासे = શાસ્ત્ર જેવા લાગતા , અન્ય વાદીઓએ નીપજાવેલા ગ્રન્થોમાં રુચિરૂપ ન પ્રવર્તવું.

समयाभासे = સાચા મત જેવા લાગતા અન્યમતમાં **કોઈ ક્રિયા ભલી જેવી દેખીને તેમાં ભલું જાણીને ન પ્રવર્તવું. અથવા સમય એટલે પદાર્થ સરખાં લાગે તેવાં અન્યવાદીઓએ કહેલાં કલ્પિત તત્ત્વો તેમાં યુક્તિ જેવું જોઈ ને સત્યબુદ્ધિ ન કરવી.**

देवताभासे = દેવ જેવા પ્રતિભાસે એવા, અરિહંત દેવ સિવાય અન્ય દેવોમાં કાંઈક ચમત્કારાદિ દેખીને વિનયરૂપ ન પ્રવર્તવું, चकार વડે બીજા પણ જે ગુરુ જેવા પ્રતિભાસે

---

૧. **અમૂઢત્વ** = દુઃખદાયક ખોટા માર્ગો અથવા કુત્સિતધર્મોમાં અને કુમાર્ગોમાં રહેલા પુરુષોમાં (ભલે તે લૌકિકમાં પ્રખ્યાત હોય) મનથી પ્રામાણિક માને નહીં, કાયાથી પ્રશંસા અને વચનથી સ્તુતિ ન કરે તેને અમૂઢદૃષ્ટિ કહે છે. (ગા૦ ૧૪)

૨. **સમયાભાસ** = યથાર્થમાં જે પદાર્થ તત્ત્વાર્થ નથી પણ ભ્રમબુદ્ધિથી તેવા દેખાવા લાગે, જેમકે મિથ્યાદૃષ્ટિઓનાં બનાવેલાં શાસ્ત્ર યથાર્થમાં તો શાસ્ત્ર નથી જ પરંતુ ભ્રમથી શાસ્ત્ર જેવાં ભાસે છે તે શાસ્ત્રાભાસ-સમયાભાસ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એવા વિષય-કષાય વડે લંપટી, વેશધારીઓ તેના પ્રત્યે વિનયરૂપ ન પ્રવર્તવું. એ પ્રમાણે યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થવાના કારણો તેમાં સાવધાન રહેવું. ૨૬.

## ૫. [૧] ઉપગૂહન અંગ

**धर्मोऽभिवर्द्धनीयः सदात्मनो मार्दवादिभावनया ।**
**परदोषनिगूहनमपि विधेयमुपबृंहणगुणार्थम् ॥२७॥**

**અન્વયાર્થઃ–** [उपबृंहणगुणार्थं] ઉપબૃંહણ નામના ગુણ અર્થે [मार्दवादिभावनया] માર્દવ, ક્ષમા, સંતોષાદિ ભાવનાઓ વડે [सदा] નિરંતર [आत्मनो धर्मः] પોતાના આત્માના ધર્મની અર્થાત્ શુદ્ધ સ્વભાવની [अभिवर्द्धनीयः] વૃદ્ધિ કરવી જોઇએ અને [परदोषनिगूहनमपि] બીજાના દોષોને ગુપ્ત રાખવા પણ [ विधेयम् ] જોઇએ. (એ પણ કર્તવ્ય છે.)

**ટીકાઃ–** ''उपबृंहणगुणार्थं मार्दवादिभावनया सदा आत्मनः धर्मः अभिवर्द्धनीयः'' ઉપબૃંહણ નામના ગુણને માટે માર્દવ એટલે કોમળ પરિણામ અને આદિ શબ્દથી ક્ષમા, સંતોષાદિની ભાવના વડે સદા પોતાના આત્માનો નિજ સ્વભાવ પ્રગટપણે વધારવો. 'परदोषनिगूहनमपि विधेयम् ।' – અન્ય જીવના જે કોઇ અક્રિયારૂપ દોષ હોય તેને પ્રગટ ન કરવા, દાબી દેવા એ પણ કરવું.

**ભાવાર્થઃ-** ઉપબૃંહણ નામ વધારવાનું છે. પોતાના આત્માનો ધર્મ વધારવો. વળી આ ધર્મનું નામ ઉપગૂહન પણ કહ્યું છે. તે અપેક્ષાએ દોષ ઢાંકવાનું કહ્યું. બીજાના દોષ પ્રગટ કરવાથી તેને દુઃખ ઉપજે છે. ૨૭.

## ૬. [૨] સ્થિતિકરણ અંગ

**कामक्रोधमदादिषु चलयितुमुदितेषु वर्त्मनो न्यायात् ।**
**श्रुतमात्मनः परस्य च युक्त्या स्थितिकरणमपि कार्यम् ॥२८॥**

**અન્વયાર્થઃ–** [कामक्रोधमदादिषु] કામ, ક્રોધ, મદ, લોભાદિ વિકાર [न्यायात्

---

૧. ઉપગૂહનત્વ = મોક્ષમાર્ગ પોતે તો શુદ્ધ જ છે તેની અશક્ત અને અજ્ઞાની-જીવોના આશ્રયે થતી નિંદાને દૂર કરવી તેને ઉપગૂહન કહે છે [ સ્વસન્મુખતાના બળ વડે શુદ્ધિની વૃદ્ધિ કરવી તેને ઉપબૃંહણ અંગ કહે છે.] (ગા૦ ૧૫ રત્ન૦ શ્રાવકાચાર)

૨. સ્થિતિકરણત્વ = સમ્યગ્દર્શનથી અને સમ્યક્ચારિત્રથી ચલાયમાન થતા જીવોને ધર્મવત્સલ વિદ્વાનો દ્વારા સ્થિરીભૂત કરવામાં આવે તેને સ્થિતિકરણ અંગ કહે છે. ( ગા૦ ૧૬)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वर्त्मन:] ન્યાયમાર્ગથી અર્થાત્ ધર્મમાર્ગથી [चलयितुम्] વિચલિત કરવાને માટે [उदितेषु] પ્રગટ થયા હોય ત્યારે [श्रुतं] શાસ્ત્ર અનુસાર [आत्मनः परस्य च] પોતાની અને પરની [स्थितिकरणं] સ્થિરતા [अपि] પણ [कार्यम्] કરવી જોઇએ.

**ટીકાઃ–** ''कामक्रोधमदादिषु न्यायात् वर्त्मनः चलयितुं उदितेषु आत्मनः परस्य च श्रुतं युक्त्या स्थितिकरणं अपि कार्यम् ।'' –મૈથુનના ભાવ, ક્રોધના, માનના ભાવ અને આદિ શબ્દથી લોભાદિકના ભાવ ન્યાયરૂપ ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરનારા છે, માટે તે પ્રગટ થતાં પોતાને અને અન્ય જીવોને શાસ્ત્ર પ્રમાણે યુક્તિવડે ધર્મમાં સ્થિર કરવા તે કાર્ય પણ શ્રદ્ધાનવાળાએ કરવા યોગ્ય છે.

**ભાવાર્થઃ–** ભ્રષ્ટને ધર્મમાં સ્થાપવો તેનું નામ સ્થિતિકરણ કહીએ. ધર્મથી જે ભ્રષ્ટ થાય છે તે કામ, ક્રોધાદિને વશ થવાથી થાય છે. તેથી જો એના નિમિત્તે પોતાના પરિણામ ભ્રષ્ટ થાય તો પોતે યુક્તિ વડે ધર્મમાં સ્થિર થવું, અન્ય જીવ ભ્રષ્ટ થાય તો તેને જેમ બને તેમ ધર્મમાં દૃઢ કરવો. ૨૮.

## ૭. [૧]વાત્સલ્ય અંગ

**अनवरतमहिंसायां शिवसुखलक्ष्मीनिबन्धने धर्मे ।**
**सर्वेष्वपि च सधर्मिषु परमं वात्सल्यमालम्ब्यम् ।।२९।।**

**અન્વયાર્થઃ–** [शिवसुखलक्ष्मीनिबन्धने] મોક્ષસુખરૂપ સંપદાના કારણભૂત [धर्मे] ધર્મમાં [अहिंसायां] અહિંસામાં [च] અને [सर्वेष्वपि] બધાય [सधर्मिषु]સાધર્મીજનોમાં [अनवरतं] સતત [परमं] ઉત્કૃષ્ટ [वात्सल्यं] વાત્સલ્ય અથવા પ્રીતિનું [आलम्ब्यम्] આલંબન કરવું જોઇએ.

**ટીકાઃ–** મોક્ષસુખની સંપદાના કારણભૂત એવો જે હિંસારહિત જિનપ્રણીત ધર્મ તેમાં અને તે ધર્મસહિત એવા બધાય ધર્મીઓમાં ઉત્કૃષ્ટ વાત્સલ્ય નિરંતર રાખવું.

**ભાવાર્થઃ–** વાત્સલ્ય ગાયને વાછરડા પ્રત્યે હોય તેવી પ્રીતિને કહે છે. જેમ વાછરડા પ્રત્યેના પ્રેમને લીધે ગાય સિંહની સામે જાય છે-એવા વિચારથી કે મારું ભક્ષણ કરીને આ વાછરડાનું ભલું થઇ જાય તો ઘણું સારું. એવી પ્રીતિ ધર્મમાં અને ધર્માત્મા સાધર્મીમાં જોઇએ. જે તન, મન, ધન, સર્વસ્વ ખરચીને પોતાની પ્રીતિ પાળે. ૨૯.

૧. **વાત્સલ્ય** = પોતાના સમૂહના ધર્માત્મા જીવોનો સાચા ભાવથી કપટ રહિત, યથાયોગ્ય સત્કાર કરવો તે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૮. પ્રભાવના અંગ

**आत्मा प्रभावनीयो रत्नत्रयतेजसा सततमेव ।**

**दानतपोजिनपूजाविद्यातिशयैश्च जिनधर्मः ॥३०॥**

**અન્વયાર્થઃ–** [सततमेव] નિરંતર [रत्नत्रयतेजसा] રત્નત્રયના તેજથી [आत्मा] પોતાના આત્માને [ प्रभावनीयः] પ્રભાવનાયુક્ત કરવો જોઈએ. [च] અને [दानतपोजिनपूजाविद्यातिशयैः] દાન, તપ, જિનપૂજન અને વિદ્યાના અતિશયથી અર્થાત્ એની વૃદ્ધિ કરીને [जिनधर्मः] જૈનધર્મની [प्रभावनीयः] પ્રભાવના કરવી જોઈએ.

**ટીકાઃ–** ''रत्नत्रयतेजसा सततं एव आत्मा प्रभावनीयः'' –રત્નત્રયના તેજથી નિરંતર પોતાના આત્માને પ્રભાવનાસંયુક્ત કરવો જોઈએ. અને ''दानतपोजिनपूजाविद्यातिशयैः जिनधर्मः प्रभावनीयः'' –વળી દાન, તપ, જિનપૂજા, વિદ્યા, ચમત્કારાદિ વડે જૈનધર્મને [૧]પ્રભાવનાસંયુક્ત કરવો.

**ભાવાર્થઃ–** પ્રભાવના એટલે અત્યંતપણે પ્રગટ કરવું. પોતાના આત્માનો અતિશય તો રત્નત્રયનો પ્રતાપ વધવાથી પ્રગટ થાય છે. અને જૈનધર્મનો અતિશય ઘણાં દાન-દયાવડે ઉગ્ર તપ કરીને, ખૂબ ધન ખર્ચી ભગવાનની પૂજા કરાવીને, શાસ્ત્રાભ્યાસ કરીને તથા નિર્દોષ દેવાદિના ચમત્કારવડે (જૈનધર્મની મહિમા ) પ્રગટ થાય છે, તેથી આવો અતિશય પ્રગટ કરવો. આ રીતે સમ્યક્ત્વનાં આઠ અંગ કહ્યાં. તે કોઈ સમ્યગ્દષ્ટિને પૂરેપૂરાં હોય છે, કોઈને થોડાં હોય છે, કોઈને ગૌણપણે હોય છે, કોઈને મુખ્યરૂપે હોય છે. પરંતુ સમ્યક્ત્વની શોભા તો ત્યારે જ થાય જયારે એ આઠે અંગ સંપૂર્ણ મુખ્યપણે, પ્રગટ પ્રત્યક્ષ ભાસે. આ રીતે સમ્યક્ત્વ અંગીકાર કર્યા પછી ધર્મી ગૃહસ્થે શું કરવું તે આગળ કહીએ છીએ. ૩૦.

આ પ્રમાણે શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત પુરુષાર્થસિદ્ધિ ઉપાય જેનું બીજું નામ પ્રવચનરહસ્ય કોષ છે તેમાં સમ્યગ્દર્શન વર્ણન નામે પ્રથમ અધિકાર.

---

૧. **પ્રભાવના** = અજ્ઞાન-અંધકારનો ફેલાવ તેને જે રીતે થઈ શકે તે રીતે દૂર કરીને જિનશાસનના માહાત્મ્યનો પ્રકાશ કરવો તે પ્રભાવના છે. (રત્ન. શ્રાવકાચાર ગા. ૧૮)



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સમ્યગ્જ્ઞાન અધિકાર

**इत्याश्रितसम्यक्त्वैः सम्यग्ज्ञानं निरूप्य यत्नेन ।**
**आम्नाययुक्तियोगैः समुपास्यं नित्यमात्महितैः ॥३१॥**

**पृथगाराधनमिष्टं दर्शनसहभाविनोऽपि बोधस्य ।**
**लक्षणभेदेन यतो नानात्वं संभवत्यनयोः ॥३२॥**

**અન્વયાર્થઃ**– [इति] એ રીતે [आश्रितसम्यक्त्वैः] જેમણે સમ્યકત્વનો આશ્રય લીધો છે તેવા [आत्महितैः] આત્માના હિતકારી પુરુષોએ [नित्यं] સર્વદા [आम्नाययुक्तियोगैः] જિનાગમની પરંપરા અને યુક્તિ અર્થાત્ પ્રમાણ નયના અનુયોગવડે [निरूप्य] વિચારીને [यत्नेन ] પ્રયત્નપૂર્વક [सम्यग्ज्ञानं] સમ્યગ્જ્ઞાનનું [समुपास्यं] સારી રીતે સેવન કરવું યોગ્ય છે. [दर्शनसहभाविनोऽपि] સમ્યગ્દર્શનની સાથે ઉત્પન્ન થવા છતાં પણ [बोधस्य] સમ્યગ્જ્ઞાનનું [पृथगाराधनं] જુદું જ આરાધન કરવું [इष्टं] કલ્યાણકારી છે. [यतः] કારણ કે [अनयोः] આ બન્નેમાં અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં [लक्षणभेदेन] લક્ષણના ભેદથી [नानात्वं] ભિન્નતા [संभवति] સંભવે છે.

**ટીકાઃ**– ''इत्याश्रित सम्यक्त्वैः आत्महितैः च यत्नेन सम्यग्ज्ञानं समुपास्यम् '' –આ રીતે જેમણે સમ્યક્ત્વ અંગીકાર કર્યું છે એવા પોતાના આત્માનું હિત કરનાર ધર્માત્મા જીવોએ જે-તે ઉપાયે સમ્યગ્જ્ઞાન સેવવું યોગ્ય છે.

**ભાવાર્થઃ**– સમ્યક્ત્વને અંગીકાર કર્યા પછી સમ્યગ્જ્ઞાનને અંગીકાર કરવું. किं कृत्य–કેવી રીતે સેવવું? ''आम्नाययुक्तियोगैः निरूप्य'' આમ્નાય એટલે જિનાગમની પરંપરા અને યુક્તિ એટલે પ્રમાણ-નયના અનુયોગથી સારી રીતે તે સમ્યગ્જ્ઞાનનો વિચાર-નિર્ણય કરીને તેનું સેવન કરવું.

**ભાવાર્થઃ**– જે પદાર્થનું સ્વરૂપ જિનાગમની પરંપરા સાથે મળતું આવે તેને પ્રમાણ-નયવડે પોતાના ઉપયોગમાં બરાબર ગોઠવી, યથાર્થ જાણે તેનું નામ સમ્યગ્જ્ઞાનનું સેવવું. તે પ્રમાણ-નયનું સ્વરૂપ થોડું લખીએ છીએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રમાણ-નયનું સંક્ષેપ સ્વરૂપ

પ્રમાણ નામ સમ્યગ્જ્ઞાનનું છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી બે પ્રકારે છે. ત્યાં પ્રત્યક્ષના બે ભેદ છે. જે જ્ઞાન કેવળ આત્માને જ આધીન થઇ જેટલો પોતાનો વિષય છે તેને વિશદતાથી સ્પષ્ટ જાણે તેને પારમાર્થિક પ્રત્યક્ષ કહીએ. તેના પણ બે ભેદ છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન તો એકદેશ પ્રત્યક્ષ છે, કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે. વળી જે નેત્રાદિ ઇન્દ્રિયો દ્વારા વર્ણાદિકને સાક્ષાત્ ગ્રહણ કરે અર્થાત્ જાણે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ. પરમાર્થથી આ જાણવું પરોક્ષ જ છે, કારણ કે સ્પષ્ટ જાણપણું નથી. તેનું ઉદાહરણઃ—જેમ આંખ વડે કોઇ વસ્તુને સફેદ જાણી, તેમાં મલિનતાનું પણ મિશ્રણ છે. અમુક અંશ શ્વેત છે અને અમુક મલિન છે એમ આને સ્પષ્ટ પ્રતિભાસતું નથી તેથી એને વ્યવહારમાત્ર પ્રત્યક્ષ છે પરંતુ આચાર્ય પરોક્ષ જ કહે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે.

## પરોક્ષ પ્રમાણ

જે જ્ઞાન પોતાના વિષયને સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ પ્રમાણ કહીએ. તેના પાંચ ભેદ છે. ૧. સ્મૃતિ, ૨. પ્રત્યભિજ્ઞાન, ૩. તર્ક, ૪. અનુમાન, ૫. આગમ. આ પાંચ ભેદ જાણવા.

**૧. સ્મૃતિ**— પૂર્વે જે પદાર્થને જાણ્યો હતો તેને યાદ કરીને કાળાંતરમાં જે જાણીએ તેને સ્મૃતિ કહીએ છીએ.

**૨. પ્રત્યભિજ્ઞાન**— જેમ પહેલાં કોઇ પુરુષને જોયો હતો પછી તેને યાદ કર્યો કે આ તે જ પુરુષ છે જેને મેં પહેલાં જોયો હતો. જે પહેલાંની વાત યાદ કરીને પ્રત્યક્ષ પદાર્થનો નિશ્ચય કરવામાં આવે તેને પ્રત્યભિજ્ઞાન કહીએ છીએ. જેમ પહેલાં એમ સાંભળ્યું હતું કે રોઝ નામનું જાનવર ( પશુ ) ગાય જેવું હોય છે. ત્યાં કદાચ વનમાં રોઝને જોયું ત્યારે એ વાત યાદ કરી કે ગાય જેવું રોઝ હોય છે એમ સાંભળ્યું હતું તે રોઝ જાનવર આ જ છે.

**૩. તર્ક**— વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ છીએ. 'આના વિના તે નહિ' એને વ્યાપ્તિ કહીએ. જેમ અગ્નિ વિના ધુમાડો ન હોય, આત્મા વિના ચેતના ન હોય. આ વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૪. અનુમાન**– લક્ષણવડે પદાર્થનો નિશ્ચય કરીએ તેને અનુમાન કહીએ છીએ. જેમ કોઇ પર્વતમાંથી ધુમાડો નીકળતો દેખી નિશ્ચય કરવો કે અહીં અગ્નિ છે.

**૫. આગમ**– આ તેના વચનના નિમિત્તે પદાર્થને જાણવો તેને આગમ કહીએ છીએ. જેમ શાસ્ત્ર વડે લોકનું સ્વરૂપ જાણીએ. આ રીતે પાંચ ભેદ પરોક્ષ પ્રમાણના જાણવા.

## નય

શ્રુતજ્ઞાનપ્રમાણનો જે અંશ તેને નયં કહીએ. પ્રમાણવડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મ ને મુખ્ય કરીને અનુભવ કરાવે તેને નય કહીએ. તેના બે ભેદ છે. ( દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ) જે દ્રવ્યને મુખ્ય કરી અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય, તેના ત્રણ ભેદ છે.

**૧. નૈગમ**– જે સંકલ્પ માત્રથી પદાર્થનું ગ્રહણ કરવું-જાણવું તેને નૈગમ કહીએ. જેમકે કથરોટ બનાવવા માટે કોઇ લાકડું લેવા જાય છે, તેને કોઇએ પૂછયું, ''તું કયાં જાય છે ?'' તેણે ઉત્તર આપ્યો કે હું કથરોટ લેવા જાઉં છું. જયાં તે જાય છે ત્યાં તેને કથરોટ તો નહિ મળે પણ ત્યાંથી લાકડું લાવી તે કથરોટ બનાવશે.

**૨. સંગ્રહ**– સામાન્યરૂપથી પદાર્થોના ગ્રહણને સંગ્રહનય કહીએ છીએ. જેમકે છ જાતિના સમસ્ત દ્રવ્યો દ્રવ્યસંજ્ઞા-લક્ષણ સહિત છે. એ છ દ્રવ્યોના સમૂહને દ્રવ્ય કહેવું તે.

**૩. વ્યવહારનય**– સામાન્યરૂપથી જાણેલ દ્રવ્યના વિશેષ (ભેદ) કરવા તેને વ્યવહાર કહીએ. જેમકે દ્રવ્યના છ ભેદ કરવા. આ રીતે એટલા દ્રવ્યાર્થિકનય કહ્યા.

પર્યાયાર્થિકનયના ચાર ભેદ છે. ૠજાુસૂત્રનય વર્તમાન પર્યાયમાત્રને જાણે છે. શબ્દનય, સમભિરૂઢ અને એવંભૂતનય તે શબ્દનય છે.

પદાર્થમાં જ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તો અવશ્ય થાય છે પરંતુ એના વિશેષ વડે જાુદું આરાધન કરવાનું કહ્યું છે. શા માટે? ''यत: लक्षणभेदेन अनयो: नानात्वं संभवति ।'' કારણ કે લક્ષણભેદથી એ બન્નેમાં ભિન્નપણું સંભવે છે. સમ્યક્ત્વનું લક્ષણ યથાર્થ શ્રદ્ધાન છે, આનું (-જ્ઞાનનું) લક્ષણ યથાર્થ જાણવું છે, તેથી એને જાુદા કહ્યા. ૩૧-૩૨.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગળ સમ્યક્ત્વ પછી જ્ઞાન કહેવાનું કારણ બતાવે છેઃ–

**सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जिनाः ।**

**ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात् ॥३३॥**

**અન્વયાર્થઃ–** [जिनाः] જિનેન્દ્રદેવ [सम्यग्ज्ञानं] સમ્યગ્જ્ઞાનને [कार्यं] કાર્ય અને [सम्यक्त्वं] સમ્યક્ત્વને [कारणं] કારણ [वदन्ति] કહે છે. [तस्मात् ] તેથી [सम्यक्त्वानन्तरं] સમ્યક્ત્વ પછી તુરત જ [ज्ञानाराधनं] જ્ઞાનની આરાધના [इष्टम् ] યોગ્ય છે.

**ટીકાઃ** – ''जिनाः सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति '' – જિનદેવ સમ્યગ્જ્ઞાનને કાર્ય કહે છે, સમ્યક્ત્વને કારણ કહે છે.

**ભાવાર્થઃ–** મતિજ્ઞાન પદાર્થને તો જાણતું હતું પરંતુ સમ્યક્ત્વ વિના તેનું નામ કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું. તે જ જ્ઞાન જે સમયે સમ્યક્ત્વ થયું તે જ સમયે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન નામ પામ્યું, તેથી જ્ઞાન તો હતું પણ સમ્યક્પણું સમ્યક્ત્વથી જ થયું. માટે સમ્યક્ત્વ તો કારણરૂપ છે, સમ્યગ્જ્ઞાન કાર્યરૂપ છે. 'तस्मात् सम्यक्त्वानन्तरं ज्ञानाराधनं इष्टम् ' –માટે સમ્યક્ત્વ પછી જ જ્ઞાનની આરાધના યોગ્ય છે. કારણ કે કારણથી કાર્ય થાય છે. ૩૩.

**પ્રશ્નઃ–** કારણ-કાર્ય તો આગળ-પાછળ હોય તો કહેવાય. આ તો બન્ને સાથે છે તો કારણ-કાર્યપણું કેવી રીતે સંભવે છે? તેનો ઉત્તર આગળ કહે છે.

**कारणकार्यविधानं समकालं जायमानयोरपि हि ।**

**दीपप्रकाशयोरिव सम्यक्त्वज्ञानयोः सुघटम् ॥३४॥**

**અન્વયાર્થઃ–** [ हि ] ખરેખર [सम्यक्त्वज्ञानयोः] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બન્ને [समकालं] એક સમયે [जायमानयोः अपि] ઉત્પન્ન થવા છતાં પણ [दीपप्रकाशयोः] દીવો અને પ્રકાશની [इव] જેમ [कारणकार्यविधानं ] કારણ અને કાર્યની વિધિ [सुघटम्] સારી રીતે ઘટિત થાય છે.

**ટીકાઃ–** ''हि सम्यक्त्वज्ञानयोः समकालं जायमानयोः अपि कारणकार्यविधानं सुघटम् '' –નિશ્ચયથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એક જ સમયે ઉત્પન્ન થાય છે. તો પણ તેમાં કારણ- કાર્યનો પ્રકાર યથાર્થ વર્તે છે. કયા દૃષ્ટાંતે? 'दीपप्रकाशयोः इव'-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ દીવો અને પ્રકાશ એક જ સમયે પ્રગટ થાય છે તો પણ દીવો પ્રકાશનું કારણ છે, પ્રકાશ કાર્ય છે, કેમકે દીવાથી પ્રકાશ થાય છે. તેવી રીતે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ છે, સમ્યગ્જ્ઞાન કાર્ય છે; કેમકે સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન નામ પામે છે. ૩૪.

**આ સમ્યગ્જ્ઞાનનું લક્ષણ કહે છે:–**

**कर्तव्योऽध्यवसायः सदनेकान्तात्मकेषु तत्त्वेषु ।**
**संशयविपर्ययानध्यवसायविविक्तमात्मरूपं तत् ।।३५।।**

**અન્વયાર્થ:–** [सदनेकान्तात्मकेषु] પ્રશસ્ત અનેકાન્તાત્મક અર્થાત્ અનેક સ્વભાવવાળા [तत्त्वेषु] તત્ત્વો અથવા પદાર્થોમાં [अध्यवसाय:] નિર્ણય [कर्तव्य:] કરવા યોગ્ય છે અને [तत्] તે સમ્યગ્જ્ઞાન [संशयविपर्ययानध्यवसायविविक्तं] સંશય, વિપર્યય અને વિમોહ રહિત [आत्मरूपं] આત્માનું નિજ સ્વરૂપ છે.

**ટીકા:–** 'सदनेकान्तात्मकेषु तत्त्वेषु अध्यवसाय: कर्तव्य:' –અનેકાન્ત છે સ્વભાવ જેનો એવા પદાર્થોમાં જાણપણું કરવું યોગ્ય છે.

**ભાવાર્થ:–** પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. તે પદાર્થ અનેકાન્ત સ્વભાવને ધારણ કરે છે. અનેક=ઘણા, અંત = ધર્મ. એમ પોતાના અનંતધર્મને-સ્વભાવને ધારણ કરે છે તેનું જાણપણું અવશ્ય કરવું જોઈએ. જો સમ્યક્ પ્રકારે વસ્તુને ઓળખે તો કરોડો કારણ મળવા છતાં પણ અશ્રદ્ધાની ન થાય. 'तत आत्मरूपं वर्तते'– તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. કારણ કે જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે. કેવું છે જ્ઞાન ? 'संशयविपर्ययानध्यवसायविविक्तम्' –સંશય, વિપર્યય અને વિમોહ-એ ત્રણ ભાવથી રહિત છે.

**સંશય:–** વિરુદ્ધ બે તરફનું જ્ઞાન હોય તેને સંશય કહે છે. જેમ રાત્રે કોઈને જોઈને સંદેહ થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે.

**વિપર્યય:–** અન્યથા (વિપરીત) રૂપ એક તરફનું જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમકે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી.

**અનધ્યવસાય:–** 'કાંઈક છે' એટલું જ જાણપણું હોય, વિશેષ વિચાર ન કરે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે. જેમકે ગમન કરતાં તૃણના સ્પર્શ નું જ્ઞાન થાય તે. આ ત્રણ ભાવથી રહિત યથાર્થ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન કહીએ. અહીં ઘટપટાદિ પદાર્થોના વિશેષ જાણવા માટે ઉદ્યમી રહેવાનું બતાવ્યું નથી પણ સંસાર-મોક્ષના કારણભૂત જે પદાર્થો છે તેને યથાર્થ જાણવા માટે ઉદ્યમી રહેવાનો ઉપદેશ આપ્યો છે.

**પ્રશ્નઃ–** સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિને જાણપણું તો એકસરખું હોય છે છતાં સમ્યક્પણું અને મિથ્યાપણું નામ શા માટે પામ્યું?

**ઉત્તરઃ–** સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે તેથી જેટલા ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે તેથી સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્રૂપ કહ્યું છે. મિથ્યાદષ્ટિને મૂળ પદાર્થોની ખબર નથી તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે તે સર્વને પણ અયથાર્થરૂપ સાધે છે તેથી મિથ્યાદષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહીએ છીએ. ૩૫.

**આગળ આ સમ્યગ્જ્ઞાનનાં આઠ અંગ કહે છે :–**

**ग्रन्थार्थोभयपूर्णं काले विनयेन सोपधानं च ।**
**बहुमानेन समन्वितमनिह्नवं ज्ञानमाराध्यम् ॥३६॥**

**અન્વયાર્થઃ–** [ग्रन्थार्थोभयपूर्णं] ગ્રન્થરૂપ, શબ્દરૂપ, અર્થરૂપ અને ઉભય અર્થાત્ શબ્દ અર્થરૂપ શુદ્ધતાથી પરિપૂર્ણ, [काले] કાળમાં અર્થાત્ અધ્યયનકાળમાં આરાધવા યોગ્ય, [विनयेन] મન, વચન, કાયાની શુદ્ધતાસ્વરૂપ વિનય [च] અને [सोपधानं] ધારણા યુક્ત [बहुमानेन] અત્યંત સન્માનથી અર્થાત્ દેવ-ગુરુ-શાસ્ત્રનાં વંદન, નમસ્કારાદિ [समन्वितं] સહિત તથા [अनिह्नवं] વિદ્યાગુરુને છુપાવ્યા વિના [ज्ञानं] જ્ઞાન [आराध्यम्] આરાધવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'ज्ञानं आराध्यम्' શ્રદ્ધાવાન પુરુષોએ સમ્યગ્જ્ઞાન આરાધવા યોગ્ય છે. કેવું છે જ્ઞાન? 'ग्रन्थार्थोभयपूर्णम्' –શબ્દરૂપ છે, અર્થરૂપ છે, અને ઉભયથી પૂર્ણ છે.

**ભાવાર્થઃ– ૧. વ્યંજનાચાર–** જ્યાં માત્ર શબ્દના પાઠનું જ જાણપણું હોય તેને વ્યંજનાચાર અંગ કહીએ.

**૨. અર્થાચાર–** જ્યાં કેવળ અર્થ માત્રના પ્રયોજન સહિત જાણપણું હોય તેને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થાચાર કહીએ અને

૩. **ઉભયાચાર**– જયાં શબ્દ અને અર્થ બન્નેમાં સમ્પૂર્ણ જાણપણું હોય તેને શબ્દાર્થ ઉભયપૂર્ણ અંગ કહીએ. આ ત્રણ અંગ કહ્યા. વળી જ્ઞાન કયારે આરાધવું ?

૪. **કાલાચાર** - **કાળે** = જે કાળે જે જ્ઞાનનો વિચાર જોઈએ તે જ કરવો ( સૂર્યોદય, સૂર્યાસ્ત, બપોર અને મધ્યરાત્રિ તેના પહેલા અને પછીના મુહૂર્ત તે સંધ્યાકાળ છે, તે કાળ છોડીને બાકીના ચાર ઉત્તમ કાળોમાં પઠન-પાઠનાદિરૂપ સ્વાધ્યાય કરવો તેને કાલાચાર કહે છે. ચારે સંધ્યાકાળની છેલ્લી બે ઘડીઓમાં, દિગ્દાહ, ઉલ્કાપાત, વજ્રપાત, ઈન્દ્રધનુષ્ય, સૂર્ય-ચંદ્રગ્રહણ, તોફાન, ભૂકમ્પ, આદિ ઉત્પાતોના કાળે સિદ્ધાન્તગ્રન્થોનું પઠન-પાઠન વર્જિત છે. હાં, સ્તોત્ર-આરાધના, ધર્મકથાદિકના ગ્રંથ વાંચી શકાય છે. )

૫. **વિનયાચાર**– વળી કેવી રીતે જ્ઞાન આરાધવું ? विनयेन = નમ્રતાયુક્ત થવું, ઉદ્ધત ન થવું.

૬. **ઉપધાનાચાર**– વળી કેવું જ્ઞાન આરાધવું ? सोपधानं =ધારણા સહિત જ્ઞાનને ભૂલવું નહીં; ઉપધાનસહિત જ્ઞાનનું આરાધન કરવું તે છઠ્ઠું અંગ છે.

૭. **બહુમાનાચાર**- તથા કેવું છે જ્ઞાન ? बहुमानेन समन्वितम् = જ્ઞાનનો , પુસ્તક-શાસ્ત્રનો અથવા શીખવનારનો ખૂબ આદર કરવો તે સહિત જ્ઞાનનું આરાધન તે સાતમું અંગ છે.

૮. **અનિહ્નવાચાર**– વળી કેવું જ્ઞાન ? 'अनिह्नवं' = જે શાસ્ત્ર તથા ગુરુથી પોતાને જ્ઞાન થયું છે તેને છુપાવવા નહીં. આ આઠ અંગ ( સમ્યગ્જ્ઞાનના વિનયનાં ) છે. આ રીતે સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું. ૩૬.

એમ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત પુરુષાર્થસિદ્ધિ-ઉપાય જેનું બીજું નામ જિનપ્રવચનરહસ્યકોષ છે તેમાં સમ્યગ્જ્ઞાનવર્ણન નામનો બીજો અધિકાર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સમ્યક્ચારિત્ર વ્યાખ્યાન

સમ્યગ્જ્ઞાન અંગીકાર કર્યા પછી ધર્માત્મા પુરુષોએ શું કરવું તે કહીએ છીએઃ–

**विगलितदर्शनमोहैः समञ्जसज्ञानविदिततत्त्वार्थैः ।**

**नित्यमपि निःप्रकम्पैः सम्यक्चारित्रमालम्ब्यम् ।।३७।।**

**અન્વયાર્થઃ**– [विगलितदर्शनमोहैः] જેમણે દર્શનમોહનો નાશ કર્યો છે, [समञ्जसज्ञानविदिततत्त्वार्थैः] સમ્યગ્જ્ઞાન વડે જેમણે તત્ત્વાર્થ જાણ્યા છે, [नित्यमपि निःप्रकम्पैः] જે સદાકાળ અકંપ અર્થાત્ દ્રઢચિત્તવાળા છે એવા પુરુષો દ્વારા [सम्यक्-चारित्रं ] સમ્યક્ચારિત્ર [आलम्ब्यम्] અવલંબન કરવા યોગ્ય છે.

**ટીકાઃ**– 'सम्यक्चारित्रं आलम्ब्यम्'–સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું. કેવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું? 'विगलितदर्शनमोहैः'- જેમના દર્શનમોહનો નાશ થયો છે અને દર્શનમોહના નાશથી જે તત્ત્વશ્રદ્ધાની થયા છે. વળી કેવા છે ? 'समञ्जसज्ञानविदिततत्त्वार्थैः' –જેમણે સમ્યગ્જ્ઞાનથી તત્ત્વાર્થ જાણ્યા છે. વળી કેવા છે? 'नित्यमपि निःप्रकम्पैः' – ધારણ કરેલા આચરણમાં નિરન્તર નિષ્કંપ છે. ગ્રહણ કરેલા આચરણને કોઈપણ રીતે છોડતા નથી. એવા જીવોએ સમ્યક્ચારિત્ર અંગીકાર કરવું.

**ભાવાર્થઃ**– પહેલાં સમ્યગ્દ્રષ્ટિ થઈને સમ્યગ્જ્ઞાની થાય અને પછી નિશ્ચલવૃત્તિ ધારણ કરીને સમ્યક્ચારિત્ર અંગીકાર કરવાનું કારણ કહે છે. ૩૭.

**न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते ।**

**ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात् ।।३८।।**

**અન્વયાર્થઃ**– [अज्ञानपूर्वकं चरित्रं] અજ્ઞાન સહિતનું ચારિત્ર [सम्यग्व्यपदेशं] સમ્યક્ નામ [न हि लभते] પામતું નથી. [तस्मात्] માટે [ज्ञानानन्तरं] સમ્યગ્જ્ઞાન પછી [चारित्राराधनं] ચારિત્રનું આરાધન [उक्तम्] કહ્યું છે.

**ટીકાઃ**– 'अज्ञानपूर्वकं चरित्रं सम्यग्व्यपदेशं न हि लभते' -જેની પૂર્વે અજ્ઞાન ભાવ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તેનું ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. પહેલાં જો સમ્યગ્જ્ઞાન ન હોય અને પાપક્રિયાનો ત્યાગ કરી ચારિત્રભાર ધારણ કરે તો તે ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી. જેમ જાણ્યા વિના ઔષધિનું સેવન કરે તો મરણ જ થાય, તેમ જ્ઞાન વિના ચારિત્રનું સેવન સંસાર વધારે છે. જીવ વિનાના મૃત શરીરમાં ઇન્દ્રિયના આકાર શા કામના ? તેમ જ્ઞાન વિના શરીરનો વેશ કે ક્રિયાકાંડના સાધનથી શુદ્ધોપયોગની પ્રાપ્તિ થતી નથી. 'तस्मात् ज्ञानानन्तरं चारित्राराधनं उक्त्' - માટે સમ્યગ્જ્ઞાન મેળવ્યા પછી ચારિત્રનું આરાધન કહ્યું છે. ૩૮.

## ચારિત્રનું લક્ષણ

**चारित्रं भवति यतः समस्तसावद्ययोगपरिहरणात् ।**
**सकलकषायविमुक्तं विशदमुदासीनमात्मरूपं तत् ॥३९॥**

**અન્વયાર્થઃ–** [यतः] કારણ કે [तत्] તે [चारित्रं] ચારિત્ર [समस्तसावद्ययोगपरिहरणात्] સમસ્ત પાપયુક્ત મન, વચન, કાયાના યોગના ત્યાગથી, [सकलकषायविमुक्तं] સંપૂર્ણ કષાય રહિત, [विशदं] નિર્મળ [उदासीन] પર પદાર્થોથી વિરક્તતારૂપ અને [आत्मरूपं] આત્મસ્વરૂપ [भवति] હોય છે.

**ટીકાઃ–** 'यतः समस्तसावद्ययोगपरिहरणात् चारित्रं भवति' – સમસ્ત પાપસહિત મન, વચન, કાયાના યોગનો ત્યાગ કરવાથી ચારિત્ર થાય છે. મુનિ પહેલાં સામાયિક ચારિત્ર અંગીકાર કરે છે ત્યારે એવી પ્રતિજ્ઞા કરે છે. 'अहं सर्वसावद्ययोगविरतोऽस्मि ' – હું સર્વપાપસહિતના યોગનો ત્યાગી છું. કેવું છે ચારિત્ર ? 'सकलकषायविमुक्तम्' – સમસ્ત કષાયોથી રહિત છે. સમસ્ત કષાયનો અભાવ થતાં યથાખ્યાત ચારિત્ર થાય છે. વળી કેવું છે ? 'विशदम्' –નિર્મળ છે. આત્મસરોવર કષાયરૂપી કાદવથી મેલું હતું, કષાય જતાં સહેજે નિર્મળતા થઇ. વળી કેવું છે ? 'उदासीनम् ' પરદ્રવ્યથી વિરક્ત સ્વરૂપ છે. 'तत् आत्मरूपं वर्तते' – તે ચારિત્ર આત્માનું સ્વરૂપ છે. કષાયરહિત જે આત્માનું સ્વરૂપ પ્રગટ થયું તે જ સદાકાળ રહેશે, તે અપેક્ષાએ આત્માનું સ્વરૂપ છે, નવીન આવરણ કદીપણ નથી. સામાયિક ચારિત્રમાં સકળચારિત્ર થયું પણ સંજવલન કષાયના સદ્ભાવથી મલિનતા ન ગઇ. તેથી જયારે સકળ કષાયરહિત થયા ત્યારે યથાખ્યાત નામ પામ્યું, જેવું ચારિત્રનું સ્વરૂપ હતું તેવું પ્રગટ થયું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રશ્નઃ**– શુભોપયોગરૂપ ભાવ છે તે ચારિત્ર છે કે નહિ?

**ઉત્તરઃ**– શુભોપયોગ વિશુદ્ધ પરિણામોથી હોય છે. વિશુદ્ધતા નામ મંદ કષાયનું છે. તેથી કષાયની હીનતાથી કથંચિત્ ચારિત્ર નામ પામે છે.

**પ્રશ્નઃ**– દેવ-ગુરુ-શાસ્ત્ર, શીલ, તપ, સંયમાદિમાં અત્યંત રાગરૂપ પ્રવર્તે તેને મંદ કષાય કેવી રીતે કહેવાય?

**ઉત્તરઃ**– વિષય-કષાયાદિના રાગની અપેક્ષાએ તે મંદ કષાય જ છે. કારણ કે એના રાગમાં ક્રોધ, માન, માયા તો છે જ નહિ. એને પ્રીતિભાવની અપેક્ષાએ લોભ છે. તેમાં પણ કાંઈ સાંસારિક પ્રયોજન નથી, તેથી લોભ-કષાયની પણ મંદતા છે. ત્યાં પણ જ્ઞાની જીવ રાગભાવના પ્રેર્યા, અશુભ રાગ છોડી શુભ રાગમાં પ્રવર્તે છે, શુભ રાગને ઉપાદેયરૂપ તો શ્રદ્ધતા નથી પણ તેને પોતાના શુદ્ધોપયોગરૂપ ચારિત્રમાં મલિનતાનું કારણ જ જાણે છે. અશુભોપયોગમાં તો કષાય ની તીવ્રતા થઈ છે તેથી તે કોઈ પણ પ્રકારે ચારિત્ર નામ પામતું નથી. ૩૯.

## ચારિત્રના ભેદ

**हिंसातोऽनृतवचनात् स्तेयादब्रह्मत: परिग्रहत: ।**
**कात्स्न्यैकदेशविरतेश्चारित्रं जायते द्विविधम् ।।४०।।**

**અન્વયાર્થઃ**– [हिंसात:] હિંસાથી, [अनृतवचनात्] અસત્ય ભાષણથી, [स्तेयात्] ચોરીથી, [अब्रह्मत:] કુશીલથી અને [परिग्रहत:] પરિગ્રહથી [कात्स्न्यैकदेशविरते:] સર્વદેશ અને એકદેશ ત્યાગથી તે [चारित्रं] ચારિત્ર [द्विविधम्] બે પ્રકારનું [जायते] હોય છે.

**ટીકાઃ**– 'चारित्रं द्विविधं जायते'– ચારિત્ર બે પ્રકારે ઊપજે છે. કેવી રીતે? 'हिंसात:, अनृतवचनात्, स्तेयात्, अब्रह्मत:, परिग्रहत:, कात्स्न्यैकदेशविरते:' – હિંસા, જૂઠું, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના સર્વદેશ અને એકદેશ ત્યાગથી. ચારિત્રના બે ભેદ છે.

**ભાવાર્થઃ**– હિંસાદિકનું વર્ણન આગળ કરીશું. તેના સર્વથા ત્યાગને સકળચારિત્ર કહીએ અને એકદેશ ત્યાગને દેશચારિત્ર કહીએ. ૪૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આગળ આ બન્ને પ્રકારના ચારિત્રના સ્વામી બતાવે છે :–**

**निरत: कार्त्स्न्यनिवृत्तौ भवति यति: समयसारभूतोऽयम् ।**
**या त्वेकदेशविरतिर्निरतस्तस्यामुपासको भवति ॥४१॥**

**અન્વયાર્થઃ–** [कार्त्स्न्यनिवृत्तौ] સર્વથા–સર્વદેશ ત્યાગમાં [निरत:] લીન [अयं यति:] આ મુનિ [समयसारभूत:] શુદ્ધોપયોગરૂપ સ્વરૂપમાં આચરણ કરનાર [भवति] હોય છે. [या तु एकदेशविरति:] અને જે એકદેશવિરતિ છે [तस्यां निरत:] તેમાં લાગેલો [उपासक:] ઉપાસક અર્થાત્ શ્રાવક [भवति] હોય છે.

**ટીકાઃ–** '' कार्त्स्न्यनिवृत्तौ निरत: अयं यति: भवति '' –(અંતરંગમાં તો ત્રણ કષાયરહિત શુદ્ધિનું બળ છે જેને તથા ) પાંચ પાપના સર્વથા-સર્વદેશ ત્યાગમાં જે જીવ લાગેલો છે તે મુનિ છે. ''अयं समयसारभूत:'' – આ મુનિ શુદ્ધોપયોગરૂપ શુદ્ધાત્માસ્વરૂપ જ છે. મુનિ છે તે શુદ્ધોપયોગસ્વરૂપ જ છે. જે શુભોપયોગરૂપ ભાવ છે તે પણ આ મુનિની પદવીમાં કાલિમા સમાન છે. ''तु एकदेशविरति: तस्यां निरत: उपासक: भवति '' – જે પાંચ પાપના કદાચિત્ એકદેશ ત્યાગમાં લાગેલો જીવ છે તે શ્રાવક છે.

**ભાવાર્થઃ–** સકળચારિત્રના સ્વામી તો મુનિ છે અને દેશચારિત્રના સ્વામી શ્રાવક છે. ૪૧.

**આગળ કહે છે કે આ પાંચ પાપ એક હિંસારૂપ જ છે :–**

**आत्मपरिणामहिंसनहेतुत्वात्सर्वमेव हिंसैतत् ।**
**अनृतवचनादि केवलमुदाहृतं शिष्यबोधाय ॥४२॥**

**અન્વયાર્થઃ–** [आत्मपरिणामहिंसनहेतुत्वात्] આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામોનો ઘાત થવાના હેતુથી [एतत्सर्वं] આ બધું [हिंसैव] હિંસા જ છે. [अनृतवचनादि] અનૃત વચનાદિના ભેદ [केवलं] કેવળ [शिष्यबोधाय] શિષ્યોને સમજાવવા માટે [उदाहृतम्] ઉદાહરણરૂપ કહ્યા છે.

**ટીકાઃ–** 'सर्वं एतत् हिंसा एव'–સમસ્ત આ પાંચ પાપ કહ્યા છે તે હિંસા જ છે. શા માટે? 'आत्मपरिणामहिंसनहेतुत्वात्' – આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણમનના ઘાતના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ છે તેથી સર્વ હિંસા જ છે.

**પ્રશ્નઃ**– જો હિંસા જ હોય તો બીજા ભેદ શા માટે કહ્યા ?

**ઉત્તરઃ**– 'अनृतवचनादि केवलं शिष्यबोधाय उदाहृतम्' –અનૃત વચન વગેરે જે ભેદ તે માત્ર શિષ્યને સમજાવવાના નિમિત્તે ઉદાહરણરૂપ કહ્યા છે. શિષ્ય હિંસાના વિશેષને ન જાણે તો હિંસાનાં ઉદાહરણ અનૃત વચનાદિ કહ્યાં છે. હિંસાનો એક ભેદ અનૃત વચન છે, એક ચોરી છે – એમ ઉદાહરણરૂપે જાણવું. ૪૨.

આગળ હિંસાનું સ્વરૂપ કહે છેઃ–

**यत्खलु कषाययोगात्प्राणानां द्रव्यभावरूपाणाम् ।**
**व्यपरोपणस्य करणं सुनिश्चिता भवति सा हिंसा ॥४३॥**

**અન્વયાર્થઃ**– [कषाययोगात्] કષાયરૂપે પરિણમેલા મન, વચન, કાયાના યોગથી [यत्] જે [द्रव्यभावरूपाणाम्] દ્રવ્ય અને ભાવરૂપ બે પ્રકારના [प्राणानां] પ્રાણોનું [व्यपरोपणस्य करणं] વ્યપરોપણ કરવું-ઘાત કરવો [सा] તે [खलु] નિશ્ચયથી [सुनिश्चिता] સારી રીતે નક્કી કરેલી [हिंसा] હિંસા [भवति] છે.

**ટીકાઃ**– 'खलु कषाययोगात् यत् द्रव्यभावरूपाणां प्राणानां व्यपरोपणस्य करणं सा सुनिश्चिता हिंसा भवति' – નિશ્ચયથી કષાયરૂપ પરિણમેલા મન, વચન, કાયાના યોગના હેતુથી દ્રવ્યભાવરૂપ બે પ્રકારના પ્રાણોને પીડવા, ઘાતવા તે ખરેખર હિંસા છે.

**ભાવાર્થઃ**– પોતાના મનમાં, વચનમાં કે શરીરમાં ક્રોધ-કષાય પ્રગટ થયો. તેનાથી પ્રથમ તો પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણનો ઘાત થયો. આ હિંસા તો પોતાના ભાવપ્રાણના વ્યપરોપણથી થઈ, તે તો પહેલાં જ થઈ. બીજી હિંસા તો થાય કે ન પણ થાય. પાછળથી કદાચિત્ તીવ્ર કષાયરૂપ થાય અને પોતાના દીર્ઘશ્વાસાદિથી અથવા હાથ-પગવડે પોતાના અંગને પીડા ઉપજાવી અથવા આપઘાત કરી મરી ગયો તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ. વળી જે કષાય થી અન્ય જીવને કુવચન કહ્યા, મર્મભેદી હાસ્ય કર્યું અથવા જે રીતે તેનું અંતરંગ પીડિત થઈ કષાયરૂપ પરિણમે તેવું કાર્ય કર્યું, ત્યાં પરના ભાવપ્રાણના વ્યપરોપણથી હિંસા થાય છે. જયાં કષાયના વશે પ્રમાદી થયો, બીજા જીવના શરીરને પીડા કરી અથવા પ્રાણનાશ કર્યા ત્યાં પરના દ્રવ્યપ્રાણના ઘાતથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિંસા થઈ. આ રીતે હિંસાનું સ્વરૂપ કહ્યું. ૪૩.

**આગળ હિંસા અને અહિંસાનું નિશ્ચયે લક્ષણવર્ણન કરે છેઃ–**

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति ।**
**तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः ॥४४॥**

**અન્વયાર્થઃ–** [खलु] નિશ્ચયથી [रागादीनां] રાગાદિ ભાવોનું [अप्रादुर्भावः] પ્રગટ ન થવું [इति] એ [अहिंसा] અહિંસા [भवति] છે અને [तेषामेव] તે રાગાદિ ભાવોનું [उत्पत्तिः] ઉત્પન્ન થવું તે [हिंसा] હિંસા [भवति] છે. [इति] એવો [जिनागमस्य] જૈન સિદ્ધાન્તનો [संक्षेपः] સાર છે.

**ટીકાઃ–** 'खलु रागादीनां अप्रादुर्भावः इति अहिंसा भवति'–નિશ્ચયથી રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થવી એટલા માત્રથી અહિંસા થાય છે.

**ભાવાર્થઃ–** પોતાના શુદ્ધોપયોગરૂપ પ્રાણોનો ઘાત રાગાદિ ભાવોથી થાય છે. માટે રાગાદિ ભાવોનો અભાવ તે જ અહિંસા. આદિ શબ્દથી દ્વેષ, મોહ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, શોક, જુગુપ્સા, પ્રમાદાદિ સમસ્ત વિભાવભાવ જાણવા. એનાં લક્ષણ કહીએ છીએ. પોતાને કાંઈક ઈષ્ટ જાણી પ્રીતિરૂપ પરિણામ તેને રાગ કહીએ, પોતાને અનિષ્ટ જાણી અપ્રીતિરૂપ પરિણામ તેને દ્વેષ કહીએ. પરદ્રવ્યમાં મમત્વરૂપ પરિણામ તેને મોહ કહીએ, મૈથુનરૂપ પરિણામને કામ કહીએ, આણે અયોગ્ય કર્યું એમ જાણી પરને દુઃખદાયક પરિણામ તેને ક્રોધ કહીએ, બીજા કરતાં પોતાને મોટો માનવો તેને માન કહીએ, મન વચન કાયામાં એકતાનો અભાવ તેને માયા કહીએ, પરદ્રવ્ય સાથે સંબંધ કરવાની ઈચ્છારૂપ પરિણામને લોભ કહીએ, ભલી અથવા બૂરી ચેષ્ટા જોઈને વિકસિતરૂપ પરિણામ તે હાસ્ય કહીએ, પોતાને દુઃખદાયક જાણી ડરરૂપ પરિણામ તેને ભય કહીએ, પોતાને ઈષ્ટનો અભાવ થતાં આર્તરૂપ પરિણામ તેને શોક કહીએ, ગ્લાનિરૂપ પરિણામને જુગુપ્સા કહીએ, કલ્યાણકારી કાર્યમાં અનાદરને પ્રમાદ કહીએ. –ઈત્યાદિ સમસ્ત વિભાવભાવ હિંસાના પર્યાય છે. તે ન થાય એ જ અહિંસા.

'तेषामेव उत्पत्तिः हिंसा' –તે રાગાદિભાવોનું ઊપજવું તે જ હિંસા. 'इति जिनागमस्य



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



संक्षेप:' – એવું જૈન સિદ્ધાન્તનું રહસ્ય છે.

**ભાવાર્થઃ–** જૈન સિદ્ધાન્તનો વિસ્તાર તો ઘણો ઘણો છે, પણ સર્વનું રહસ્ય સંક્ષેપમાં આટલું જ છે કે ધર્મનું લક્ષણ અહિંસા. રાગાદિ ભાવોનો અભાવ થવો તે અહિંસા. તેથી જેમ બને તેમ, જેટલો બને તેટલો રાગાદિ ભાવોનો નાશ કરવો. તે જ અન્ય ગ્રન્થોમાં કહ્યું છે– रागादिणामणुप्पा अहिंसा गत्तति देसि दंसमए ते सिंचे दुप्पत्ती हिंसेति जिणहि णिदिट्ठं ।

**પ્રશ્નઃ–** હિંસાનું લક્ષણ પર જીવના પ્રાણોને પીડવા એમ કેમ ન કહ્યું?

**ઉત્તરઃ–** આ લક્ષણમાં અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ બન્ને દોષ લાગે છે. ૪૪.

ત્યાં પ્રથમ જ અતિવ્યાપ્તિ દોષ બતાવે છેઃ–

**युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि ।**
**न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव ।।४५।।**

**અન્વયાર્થઃ–** [अपि] અને [युक्ताचरणस्य] યોગ્ય આચરણવાળા [सत:] સંત પુરુષના [रागाद्यावेशमन्तरेण] રાગાદિ ભાવો વિના [ प्राणव्यपरोपणात् ] કેવળ પ્રાણ પીડનથી [हिंसा] હિંસા[जातु एव] કદી પણ [न हि] નથી [ भवति ]થતી.

**ટીકાઃ–** ' अपि युक्ताचरणस्य सत: रागाद्यावेशमन्तरेण प्राणव्यपरोपणात् जातु हिंसा न हि भवति' –નિશ્ચયથી યોગ્ય પ્રયત્નપૂર્વક છે આચરણ જેમનું એવા જે સંત પુરુષ તેને રાગાદિ ભાવોના પ્રવેશ વિના, કેવળ પરજીવના પ્રાણ પીડવાથી જ કદી હિંસા થતી નથી.

**ભાવાર્થઃ–** મહાપુરુષ ધ્યાનમાં લીન છે અથવા ગમનાદિમાં સાવધાનતાથી યત્નપૂર્વક પ્રવર્તે છે અને કદાચ એના શરીરના સંબંધથી કોઈ જીવના પ્રાણ પીડાયા તો પણ એને હિંસાનો દોષ નથી. કેમકે એના પરિણામમાં કષાય હતો નહિ. તેથી પરજીવના પ્રાણને પીડા થાય તોપણ હિંસા નામ પામે નહિ. માટે અતિવ્યાપ્તિ દોષ લાગે છે.

**આગળ અવ્યાપ્તિ દોષ બતાવે છેઃ–**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**व्युत्थानावस्थायां रागादीनां वशप्रवृत्तायाम् ।**
**म्रियतां जीवो मा वा धावत्यग्रे ध्रुवं हिंसा ।।४६।।**

**અન્વયાર્થઃ–** [रागादीनां] રાગાદિભાવોના [वशप्रवृत्तायाम्] વશે પ્રવર્તેલી [व्युत्थानावस्थायां] અયત્નાચારરૂપ પ્રમાદ અવસ્થામાં [जीव:] જીવ [म्रियतां] મરો [वा] અથવા [मा 'म्रियतां'] ન મરો, [हिंसा] હિંસા તો [ध्रुवं] નિશ્ચયથી [अग्रे] આગળ જ [धावति] દોડે છે.

**ટીકાઃ–** 'रागादीनां वशप्रवृत्तायां व्युत्थानावस्थायां जीव: म्रियतां वा मा म्रियतां हिंसा अग्रे ध्रुवं धावति' –રાગાદિ પ્રમાદભાવના વશે થતી ઊઠવા-બેસવા આદિરૂપ ક્રિયામાં જીવ મરે કે ન મરે, હિંસા તો નિશ્ચયથી આગળ દોડે છે.

**ભાવાર્થઃ–** જે પ્રમાદી જીવ કષાયને વશ થઈને ગમનાદિ ક્રિયામાં યત્નરૂપ પ્રવર્તતો નથી અથવા બેસતાં-ઊઠતાં ક્રોધાદિ ભાવોમાં પરિણમે છે તો ત્યાં જીવ કદાચ મરે કે ન મરે પણ એને તો કષાયભાવ વડે અવશ્ય હિંસાનો દોષ લાગે છે. એટલે પરજીવના પ્રાણની પીડા ન થવા છતાં પણ પ્રમાદના સદ્‌ભાવથી હિંસા નામ પામે છે. તેમાટે જ તે લક્ષણમાં અવ્યાપ્તિ દોષ લાગે છે. ૪૬.

**પ્રશ્નઃ–** હિંસાનો અર્થ તો ઘાત કરવો તે છે, પરજીવના પ્રાણનો ઘાત કર્યા વિના હિંસા નામ કેવી રીતે પામે? **તેનો ઉત્તર આગળ કહે છેઃ–**

**यस्मात्सकषाय: सन् हन्त्यात्मा प्रथममात्मनात्मानम् ।**
**पश्चाज्जायेत न वा हिंसा प्राण्यन्तराणां तु ।।४७।।**

**અન્વયાર્થઃ–** [यस्मात्] કારણ કે [आत्मा] જીવ [सकषाय: सन्] કષાયભાવો સહિત હોવાથી [प्रथमं] પહેલાં [आत्मना] પોતા વડે જ [आत्मानं] પોતાને [हन्ति] હણે છે [तु] અને [पश्चात्] પછીથી ભલે [प्राण्यन्तराणां] બીજા જીવોની [हिंसा] હિંસા [जायेत] થાય [वा] કે [न] ન થાય.

**અર્થઃ–** 'यस्मात् सकषाय: सन् आत्मा प्रथमं आत्मना आत्मानं हन्ति तु पश्चात् प्राण्यन्तराणां हिंसा जायेत वा न जायेत' –કારણ કે કષાયભાવો સહિત થયેલો આત્મા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પહેલાં પોતાથી જ પોતાને હણે છે, પછી અન્ય પ્રાણી-જીવોનો ઘાત થાવ કે ન થાવ.

**ભાવાર્થઃ–** હિંસા નામ તો ઘાતનું જ છે, પણ ઘાત બે પ્રકારના છે. એક આત્મઘાત, બીજો પરઘાત, જ્યારે આ આત્મા કષાયભાવે પરિણમ્યો અને પોતાનું બૂરું કર્યું ત્યારે આત્મઘાત તો પહેલાં જ થયો. ત્યાર પછી બીજા જીવનું આયુષ્ય પૂરું થયું હોય અથવા પાપનો ઉદય હોય તો તેનો પણ ઘાત થાય. તું તેનો ઘાત કરી શકતો નથી કારણ કે તેનો ઘાત તો તેના કર્મને આધીન છે. આને તો આના ભાવનો દોષ છે. આ રીતે પ્રમાદસહિત યોગમાં આત્મઘાતની અપેક્ષાએ તો હિંસા નામ પામ્યો છે.૪૭.

**હવે પરઘાતની અપેક્ષાએ પણ હિંસાનો સદ્ભાવ બતાવે છેઃ–**

**हिंसाया अविरमणं हिंसापरिणमनपि भवति हिंसा ।**
**तस्मात्प्रमत्तयोगे प्राणव्यपरोपणं नित्यम् ॥४८॥**

**અન્વયાર્થઃ–** [हिंसाया] હિંસાથી [अविरमणं] વિરક્ત ન થવું [हिंसा] તેનાથી હિંસા અને [हिंसापरिणमनं] હિંસારૂપ પરિણમવું તેનાથી [अपि] પણ [हिंसा] હિંસા [भवति] થાય છે. [तस्मात्] તેથી [प्रमत्तयोगे] પ્રમાદના યોગમાં [नित्यं] નિરંતર [प्राणव्यपरोपणं] પ્રાણઘાતનો સદ્ભાવ છે.

**ટીકાઃ–** 'हिंसाया अविरमणं हिंसापरिणमनं अपि भवति हिंसा' –હિંસાના ત્યાગભાવનો અભાવ તે હિંસા છે અને હિંસારૂપ પરિણમવાથી પણ હિંસા થાય છે.

**ભાવાર્થઃ–** પરજીવના ઘાતરૂપ જે હિંસા છે તે બે પ્રકારની છે. એક અવિરમણરૂપ અને એક પરિણમનરૂપ.

**૧. અવિરમણરૂપ હિંસાઃ–** જે વખતે જીવ પરજીવના ઘાતમાં તો પ્રવર્તતો નથી, બીજા જ કોઈ કામમાં પ્રવર્તે છે પણ હિંસાનો ત્યાગ કર્યો નથી. તેનું ઉદાહરણઃ– જેમ કોઈને હરિતકાયનો ત્યાગ નથી અને તે કોઈ વખતે હરિતકાયનું ભક્ષણ પણ કરતો નથી, તેમ જેને હિંસાનો ત્યાગ તો નથી અને તે કોઈ વખતે હિંસામાં પ્રવર્તતો પણ નથી પરંતુ અંતરંગમાં હિંસા કરવાના અસ્તિત્વભાવનો નાશ કર્યો નથી તેને અવિરમણરૂપ હિંસા કહીએ છીએ.

**૨. પરિણમનરૂપ હિંસાઃ–** વળી જે વખતે જીવ પરજીવના ઘાતમાં મનથી, વચનથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે કાયથી પ્રવર્તે તેને પરિણમનરૂપ હિંસા કહીએ. આ બે ભેદ હિંસાના કહ્યા. તે બન્ને ભેદમાં પ્રમાદ સહિત યોગનું અસ્તિત્વ છે. 'तस्मात्प्रमत्तयोगे नित्यं प्राणव्यपरोपणम् ' –તેથી પ્રમાદ સહિતના યોગમાં હંમેશાં પરજીવની અપેક્ષાએ પણ પ્રાણઘાતનો સદ્ભાવ આવ્યો. એનો અભાવ તો ત્યારે જ થાય જ્યારે આ જીવ પરહિંસાનો ત્યાગ કરી પ્રમાદરૂપ ન પરિણમે. ત્યાં સુધી હિંસાનો તો અભાવ કોઈપણ પ્રકારે થઈ શકે નહિ. ૪૮.

**પ્રશ્નઃ**– જો પ્રમાદરૂપ પોતાના પરિણામોથી હિંસા ઊપજે છે તો બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ શા માટે કરાવવામાં આવે છે? તેનો ઉત્તર આગળ કહે છેઃ–

**सूक्ष्मापि न खलु हिंसा परवस्तुनिबन्धना भवति पुंसः ।**
**हिंसायतननिवृत्तिः परिणामविशुद्धये तदपि कार्या ॥४९॥**

**અન્વયાર્થઃ**– [खलु] નિશ્ચયથી [पुंसः] આત્માને [परवस्तुनिबन्धना] પર વસ્તુનું જેમાં કારણ છે એવી [सूक्ष्महिंसा अपि] સૂક્ષ્મ હિંસા પણ [न भवति] થતી નથી. [तदपि] તોપણ [परिणामविशुद्धये] પરિણામોની નિર્મળતા માટે [हिंसायतननिवृत्तिः] હિંસાના સ્થાનરૂપ પરિગ્રહાદિનો ત્યાગ [कार्या] કરવો ઉચિત છે.

**ટીકાઃ**– 'खलु पुंसः परवस्तुनिबन्धना सूक्ष्मा अपि हिंसा न भवति' –નિશ્ચયથી આત્માને પરવસ્તુના કારણે નીપજતી એવી જરાપણ હિંસા નથી.

**ભાવાર્થઃ**– પરિણામોની અશુદ્ધતા વિના પરવસ્તુના નિમિત્તે અંશમાત્ર પણ હિંસાનો દોષ લાગતો નથી. નિશ્ચયથી તો એમ જ છે તો પણ પરિણામની શુદ્ધિ માટે 'हिंसायतननिवृत्तिः कार्या' – હિંસાના સ્થાન જે પરિગ્રહાદિ તેનો ત્યાગ અવશ્ય કરવો.

**ભાવાર્થઃ**– જે પરિણામ થાય છે તે કોઈ વસ્તુનું આલંબન પામીને થાય છે. જો સુભટની માતાને સુભટ પુત્ર વિદ્યમાન હોય તો તો એવા પરિણામ થાય કે 'હું સુભટને મારું,' પણ જે વંધ્યા છે, જેને પુત્ર જ નથી તો એવા પરિણામ કેવી રીતે થાય કે હું વંધ્યાના પુત્રને હણું? માટે જો બાહ્ય પરિગ્રહાદિનું નિમિત્ત હોય તો તેનું અવલંબન પામીને કષાયરૂપ પરિણામ થાય. જો પરિગ્રહાદિકનો ત્યાગ કર્યો હોય તો નિમિત્ત વિના, અવલંબન વિના કેવી રીતે પરિણામ ઊપજે? માટે પોતાના પરિણામોની શુદ્ધતા માટે બાહ્ય કારણરૂપ જે પરિગ્રહાદિક તેનો પણ ત્યાગ કરવો. ૪૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગળ એક પક્ષવાળાનો નિષેધ કરે છે :–

**निश्चयमबुध्यमानो यो निश्चयतस्तमेव संश्रयते ।**
**नाशयति करणचरणं स बहि:करणालसो बाल: ॥५०॥**

**અન્વયાર્થઃ–** [यः] જે જીવ [निश्चयं] યથાર્થ નિશ્ચય સ્વરૂપને [अबुध्यमानः] જાણ્યા વિના [तमेव] તેને જ [निश्चयतः] નિશ્ચય શ્રદ્ધાથી [संश्रयते] અંગીકાર કરે છે [स] તે [बालः] મૂર્ખ [बहिःकरणालसः] બાહ્ય ક્રિયામાં આળસુ છે અને [करणचरणं] બાહ્યક્રિયારૂપ આચરણનો [नाशयति] નાશ કરે છે.

**ટીકાઃ–** 'यः निश्चयं अबुध्यमानः निश्चयतः तमेव संश्रयते सः बालः करणचरणं नाशयति' –જે જીવ યથાર્થ નિશ્ચયના સ્વરૂપને તો જાણતા નથી, જાણ્યા વિના માત્ર નિશ્ચયના શ્રદ્ધાનથી અંતરંગને જ હિંસા જાણી અંગીકાર કરે છે તે અજ્ઞાની દયાના આચરણનો નાશ કરે છે.

**ભાવાર્થઃ–** જે કોઈ કેવળ નિશ્ચયનો શ્રદ્ધાની થઈને એમ કહે છે કે અમે પરિગ્રહ રાખ્યો અથવા ભ્રષ્ટાચારરૂપ પ્રવર્તીએ તો શું થયું ? અમારા પરિણામ સારા જોઈએ. એમ કહીને સ્વચ્છંદે પ્રવર્તે છે તે જીવે દયાના આચરણનો નાશ કર્યો. બાહ્યમાં તો નિર્દય થયો જ અને અંતરંગ નિમિત્ત પામી પરિણામ અશુદ્ધ થાય જ થાય; તેથી તે અંતરંગની અપેક્ષાએ પણ નિર્દય થયો. કેવો છે તે જીવ ? બાહ્ય દ્રવ્યરૂપ અન્ય જીવની દયામાં આળસુ છે, પ્રમાદી છે અથવા આ સૂત્રનો બીજી રીતે અર્થ કરીએ છીએ. 'यः निश्चयं अबुध्यमानः तमेव निश्चयतः संश्रयते सः बालः करुणा आचरणं नाशयति' –જે જીવ નિશ્ચયનયના સ્વરૂપને નહિ જાણીને વ્યવહારરૂપ જે બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ છે તેને જ નિશ્ચયથી મોક્ષમાર્ગ જાણી અંગીકાર કરે છે તે જીવ શુદ્ધોપયોગરૂપ જે આત્માની દયા તેનો નાશ કરે છે.

**ભાવાર્થઃ–** જે જીવ નિશ્ચયનયનું સ્વરૂપ તો જાણે નહિ, કેવળ વ્યવહારમાત્ર બાહ્ય પરિગ્રહાદિનો ત્યાગ કરે, ઉપવાસાદિકને અંગીકાર કરે, એ પ્રમાણે બાહ્ય વસ્તુમાં હેય-ઉપાદેયબુદ્ધિરૂપે પ્રવર્તે છે, તે જીવ પોતાના સ્વરૂપ અનુભવરૂપ શુદ્ધોપયોગમય અહિંસા ધર્મનો નાશ કરે છે. કેવો છે તે જીવ ? 'बहिः करणालसः' – ઉદ્યમ વડે તેણે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અશુભોપયોગનો તો ત્યાગ કર્યો પણ બાહ્ય પરજીવની દયારૂપ ધર્મ તેના જ સાધનમાં આળસુ થઈ ને બેસી રહ્યો , શુદ્ધોપયોગ ભૂમિકામાં ચઢવાનો ઉદ્યમ કરતો નથી. આ રીતે એકાંતપક્ષવાળાનો નિષેધ કર્યો. આગળ દ્રવ્યહિંસા અને ભાવહિંસાની અપેક્ષાએ ભિન્ન ભિન્ન પ્રકારના ભંગ બતાવે છે. ૫૦

**તેના આઠ સૂત્ર કહે છે :–**

**अविधायापि हि हिंसां हिंसाफलभाजनं भवत्येक: ।**

**कृत्वाप्यपरो हिंसां हिंसाफलभाजनं न स्यात् ।।५१।।**

**અન્વયાર્થઃ–** [हि] ખરેખર [एक:] એક જીવ [हिंसां] હિંસા [अविधाय अपि] ન કરવા છતાં પણ [हिंसाफलभाजनं] હિંસાના ફળને ભોગવવાને પાત્ર [भवति] બને છે અને [अपर:] બીજો [हिंसां कृत्वा अपि] હિંસા કરીને પણ [हिंसाफलभाजनं] હિંસાનું ફળ ભોગવવાને પાત્ર [न स्यात्] થતો નથી.

**ટીકાઃ–** 'हि एक: हिंसां अविधाय अपि हिंसाफलभाजनं भवति' –નિશ્ચયથી કોઈ એક જીવ હિંસા ન કરવા છતાં પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર બને છે.

**ભાવાર્થઃ–** કોઈ જીવે બાહ્ય હિંસા તો કરી નથી પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો છે તેથી તે જીવ ઉદયકાળમાં હિંસાનું ફળ ભોગવે છે. 'अपर: हिंसां कृत्वा अपि हिंसाफलभाजनं न स्यात्' – બીજો કોઈ જીવ હિંસા કરવા છતાં પણ હિંસાનું ફળ ભોગવવાને પાત્ર થતો નથી.

**ભાવાર્થઃ–** કોઈ જીવે શરીર સંબંધથી બાહ્ય હિંસા તો ઉપજાવી છે પણ પ્રમાદભાવરૂપે પરિણમ્યો નથી, તેથી તે જીવ હિંસાના ફળનો ભોક્તા થતો નથી. ૫૧.

**एकस्याल्पा हिंसा ददाति काले फलमनल्पम् ।**

**अन्यस्य महाहिंसा स्वल्पफला भवति परिपाके ।।५२।।**

**અન્વયાર્થઃ–** [एकस्य] એક જીવને તો [अल्पा] થોડી [हिंसा] હિંસા [काले] ઉદયકાળે [अनल्पम्] ઘણું [फलम्] ફળ [ददाति] આપે છે. અને [अन्यस्य] બીજા જીવને [महाहिंसा] મોટી હિંસા પણ [परिपाके] ઉદયના સમયે [स्वल्पफला] બિલકુલ થોડું ફળ આપનારી [भवति] થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ–** 'एकस्य अल्पा हिंसा काले अनल्पं फलं ददाति' –કોઈ એક જીવને થોડી પણ હિંસા ઉદયકાળે ઘણું ફળ આપે છે.

**ભાવાર્થઃ–** કોઈ જીવે બાહ્ય હિંસા તો થોડી જ કરી, પણ પ્રમાદી થઈને કષાયરૂપ ઘણો પરિણમ્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ ઘણું પામે છે. 'अन्यस्य महाहिंसा परिपाके स्वल्पफला भवति' – બીજા કોઈ જીવને મોટી હિંસા ઉદયકાળે થોડું જ ફળ આપે છે.

**ભાવાર્થઃ–** કોઈ જીવે કોઈ કારણ પામીને બાહ્ય હિંસા તો ઘણી કરી, પણ તે ક્રિયામાં ઉદાસીન રહ્યો, કષાય થોડો કર્યો તેથી ઉદયકાળે હિંસાનું ફળ પણ થોડું જ પામે છે. ૫૨.

**एकस्य सैव तीव्रं दिशति फलं सैव मन्दमन्यस्य ।**
**व्रजति सहकारिणोरपि हिंसा वैचित्र्यमत्र फलकाले ॥५३॥**

**અન્વયાર્થઃ–** [सङ्कारिणोः अपि हिंसा] એક સાથે મળીને કરેલી હિંસા પણ [अत्र] આ [फलकाले] ઉદયકાળે [वैचित्र्यम्] વિચિત્રતાને [व्रजति] પામે છે અને [एकस्य] કોઈને [सा एव] તે જ હિંસા [तीव्रं] તીવ્ર [फलं] ફળ [दिशति] દેખાડે છે અને [अन्यस्य] કોઈને [सा एव] તે જ [हिंसा] હિંસા [मन्दम्] ઓછું ફળ આપે છે.

**ટીકાઃ–** 'सहकारिणोः अपि हिंसा अत्र फलकाले वैचित्र्यं व्रजति' –બે પુરુષોએ સાથે મળીને કરેલી હિંસા ફળના સમયે વિચિત્રરૂપ-અનેક પ્રકારતાને પ્રાપ્ત થાય છે એ જ કહીએ છીએ. 'एकस्य सैव तीव्रं फलं दिशति' – એક પુરુષને તો તે જ હિંસા તીવ્ર ફળ આપે છે. 'अन्यस्य सा एव मन्दं फलं दिशति' –બીજા જીવને તે જ હિંસા મંદ ફળ આપે છે.

**ભાવાર્થઃ–** બે પુરુષોએ બાહ્ય હિંસા સાથે કરી, પણ તે કાર્યમાં જેણે તીવ્ર કષાયથી હિંસા કરી તેને આસક્તપણું બહુ હોવાથી ઉદયકાળે તીવ્રફળ થાય છે; જેને મંદકષાયથી આસક્તપણું બહુ ન થયું તેને ઉદયકાળે મંદફળ થાય છે. ૫૩.

**प्रागेव फलति हिंसा क्रियमाणा फलति फलति च कृता अपि ।**
**आरभ्य कर्तुमकृतापि फलति हिंसानुभावेन ॥५४॥**

**અન્વયાર્થઃ–** [हिंसा] કોઈ હિંસા [प्राक् एव] પહેલાં જ [फलति] ફળ આપે છે,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કોઇ [क्रियमाणा] કરતાં કરતાં [फलति]ફળ આપે છે, કોઇ [कृता अपि] કરી લીધા પછી [फलति] ફળ આપે છે [च] અને કોઇ [कर्तुम् आरभ्य] હિંસા કરવાનો આરંભ કરીને [अकृता अपि] ન કરવાં છતાં પણ [फलति] ફળ આપે છે. આ જ કારણે [हिंसा] હિંસા [अनुभावेन] કષાયભાવ અનુસાર જ [फलति] ફળ આપે છે.

**ટીકાઃ–** 'च हिंसा प्राक् एव फलति' – કોઇ હિંસા પહેલાં ફળે છે.

**ભાવાર્થઃ–** કોઇ જીવે હિંસાનો વિચાર કર્યો હતો પણ તે બની શકી તો નહિ પણ તે વિચારથી જે કર્મ બાંધ્યું હતું તેનું ફળ ઉદયમાં આવ્યું. પછી હિંસાનો જે વિચાર કર્યો હતો તે કાર્ય બાહ્યમાં બન્યું. આ રીતે હિંસા પહેલાં જ ફળ આવે છે.

'क्रियमाणा फलति' – વળી કોઇ હિંસા કરતાં જ ફળે છે.**ભાવાર્થઃ–** કોઇએ હિંસાનો વિચાર કર્યો તેનાથી જે કર્મબંધ કર્યો તે જે સમયે ઉદયમાં આવ્યો તે જ વખતે વિચાર પ્રમાણે બાહ્ય હિંસા બની. આ રીતે હિંસા કરતાં જ તેનું ફળ આવે છે.

'कृता अपि च फलति '– વળી કોઇ હિંસા કર્યા પછી ફળ આપે છે.

**ભાવાર્થઃ–** કોઇએ હિંસાનો વિચાર કર્યો, વિચાર પ્રમાણે બાહ્ય હિંસા પણ કરી. ત્યાર પછી તે હિંસાનું ફળ ઉદયમાં આવ્યું. આ રીતે કર્યા પછી હિંસા ફળે છે.

'हिंसां कर्तुम् आरभ्य अपि फलति' – કોઇએ હિંસા કરવાની શરૂઆત કરી પણ હિંસા પછી ન કરી તે પણ ફળે છે.

**ભાવાર્થઃ–** કોઇએ હિંસાનો વિચાર કરી હિંસા કરવામાં લાગ્યો. પછી કારણ પામીને હિંસા ન કરી. એવી હિંસા પણ ફળ આપે છે. આ રીતે ફળ થવાનું કારણ કહે છે.

'अनुभावेन' –કષાયભાવ અનુસાર ફળ થાય છે. આ જ પદ આગલા સૂત્રોમાં પણ 'દેહલી દીપક ન્યાય' ની જેમ બધે જાણી લેવું. ૫૪.

**માટે જ વચ્ચે કહ્યું છે :–**

**एकः करोति हिंसां भवन्ति फलभागिनो बहवः ।**
**बहवो विदधति हिंसां हिंसाफलभुग् भवत्येकः ।।५५।।**

**અન્વયાર્થઃ–** [एकः] એક પુરુષ [हिंसां] હિંસા [करोति] કરે છે પરંતુ [फलभागिनः] ફળ ભોગવનારા [बहवः] ઘણા [भवन्ति] થાય છે. એ જ રીતે [हिंसां] હિંસા [बहवः]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઘણા માણસો [विदधति] કરે છે પણ [हिंसाफलभुक्] હિંસાનું ફળ ભોગવનાર [एक:] એક પુરુષ [भवति] થાય છે.

**ટીકાઃ–** 'हिंसां एक: करोति फलभागिन: बहव: भवन्ति' –ક્યારેક હિંસા તો એક માણસ કરે છે અને ફળ અનેક માણસો ભોગવે છે. તેનું ઉદાહરણઃ–ચોરને (પ્રાણઘાતકરૂપ શિક્ષામાં) એક ચંડાળ જ મારે છે પણ દેખનારા બધા રૌદ્ર પરિણામ કરી પાપના ભોક્તા થાય છે. 'हिंसां बहव: विदधति एक: हिंसाफलभुक् भवति' – ક્યાંક હિંસા તો ઘણા પુરુષો કરે પણ રાજા સ્વામિત્વબુદ્ધિ કરીને પ્રેરક થાય છે તેથી તે બધી હિંસાના ફળનો ભોક્તા થાય છે. ૫૫.

**कस्यापि दिशति हिंसा हिंसाफलमेकमेव फलकाले ।**
**अन्यस्य सैव हिंसा दिशत्यहिंसाफलं विपुलम् ॥५६॥**

**हिंसाफलमपरस्य तु ददात्यहिंसा तु परिणामे ।**
**इतरस्य पुनर्हिंसा दिशत्यहिंसाफलं नान्यत् ॥५७॥**

**અન્વયાર્થઃ–** [कस्यापि] કોઈ પુરુષને તો [हिंसा] હિંસા [फलकाले] ઉદયકાળમાં [एकमेव] એક જ [हिंसाफलं] હિંસાનું ફળ [दिशति] આપે છે અને [अन्यस्य] બીજા કોઈ પુરુષને [सैव] તે જ [हिंसा] હિંસા [विपुलं] ઘણી [अहिंसाफलं] અહિંસાનું ફળ [दिशति] આપે છે.

[तु अपरस्य] અને બીજા કોઈ ને [अहिंसा] અહિંસા [परिणामे] ઉદયકાળમાં [हिंसाफलं] હિંસાનું ફળ [ददाति] આપે છે, [तु पुन:] તથા [इतरस्य] બીજા કોઈને [हिंसा] હિંસા [अहिंसाफलं] અહિંસાનું ફળ [दिशति] આપે છે, [अन्यत् न] બીજું નહિ.

**ટીકાઃ–** 'तु अपरस्य अहिंसा परिणामे हिंसाफलं ददाति '–બીજા કોઈ જીવને અહિંસા છે તે ઉદયના પરિણામમાં હિંસાનું ફળ આપે છે.

**ભાવાર્થઃ–** કોઈને અંતરંગમાં તો કોઈ જીવનું અહિત કરવાના પરિણામ છે, પણ બાહ્યમાં તેનો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે ભલું કરે છે અથવા બૂરું કરે તો પણ તેના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્યના ઉદયથી આના નિમિત્તે તેનું ભલું થઇ જાય છે. ત્યાં બહારમાં તો તેની દયા કરી પણ અંતરંગમાં પરિણામવડે તો હિંસા છે માટે હિંસાનું ફળ આપે છે, બીજું ફળ આપતી નથી.

**ભાવાર્થઃ**— કોઇના અંતરંગમાં દયાના ભાવથી તે યત્ન કરીને પ્રવર્તે છે છતાં તેને તત્કાલ પીડા થાય છે. અથવા યત્ન કરવા છતાં એના જ નિમિત્તે તેના પ્રાણઘાત થયા. ત્યાં બહારમાં તો તેની હિંસા જ થઇ, પણ અંતરંગ પરિણામવડે અહિંસાનું ફળ પામે છે. ૫૬-૫૭.

**इति विविधभङ्गगहने सुदुस्तरे मार्गमूढद्दष्टीनाम् ।**
**गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसञ्चारा: ॥५८॥**

**અન્વયાર્થઃ**— [इति] એ રીતે [सुदुस्तरे] અત્યંત મુશ્કેલીથી પાર કરી શકાય તેવા અને [विविधभङ्गगहने] નાના પ્રકારના ભંગોવડે ગહન વનમાં [मार्गमूढद्दष्टीनाम्] માર્ગ ભૂલેલા પુરુષોને [प्रबुद्धनयचक्रसञ्चारा:] અનેક પ્રકારના નય સમૂહને જાણનાર [गुरव:] શ્રીગુરુઓ જ [शरणं] શરણ [भवन्ति] થાય છે.

**ટીકાઃ**— 'इति सुदुस्तरे विविधभङ्गगहने मार्गमूढद्दष्टीनां गुरव: शरणं भवन्ति' — આ રીતે સુગમપણે જેનો પાર પમાતો નથી એવા અનેક પ્રકારના ભંગરૂપી ગહન વનમાં સત્યશ્રદ્ધાનસ્વરૂપમાર્ગમાં જેની દૃષ્ટિ ભ્રમિત થઇ છે તેમને શ્રીગુરુ જ શરણ છે. તેમના દ્વારા જ સત્યમાર્ગનું સ્વરૂપ જાણી શકાય છે. કેવા છે ગુરુ? 'प्रबुद्धनयचक्रसञ्चारा:' — જેમણે અનેક પ્રકારના નય સમૂહને પ્રવર્તન જાણ્યું છે, સર્વ નયો સમજાવવાને સમર્થ છે. ૫૮.

**अत्यंतनिशितधारं दुरासदं जिनवरस्य नयचक्रम् ।**
**खण्डयति धार्यमाणं मूर्धानं झटिति दुर्विदग्धानाम् ॥५९॥**

**અન્વયાર્થઃ**— [जिनवरस्य] જિનેન્દ્રભગવાનનું [अत्यन्तनिशितधारं] અત્યંત તીક્ષ્ણ ધારવાળું અને [दुरासदं] દુઃસાધ્ય [नयचक्रं] નયચક્ર [धार्यमाणं] ધારણ કરવામાં આવતાં [दुर्विदग्धानां] મિથ્યાજ્ઞાની પુરુષોના [मूर्धानं] મસ્તકને [झटिति] શીઘ્ર જ [खण्डयति] ખંડ ખંડ કરી દે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થ–** જૈનમતના નયભેદ સમજવા અત્યંત મુશ્કેલ છે. જે કોઈ મૂઢ પુરુષ સમજ્યા વિના નયચક્રમાં પ્રવેશ કરે છે તે લાભને બદલે નુકસાન મેળવે છે. આ રીતે હિંસાના ભંગ કહ્યા. ૫૯.

**હવે હિંસાના ત્યાગનો ઉપદેશ કરે છે :–**

**अवबुध्य हिंस्यहिंसकहिंसाहिंसाफलानि तत्त्वेन ।**
**नित्यमवगूहमानैर्निजशक्त्या त्यज्यतां हिंसा ॥६०॥**

**અન્વયાર્થઃ–** [नित्यं] નિરંતર [अवगूहमानै:] સંવર માં ઉદ્યમી પુરુષોએ [तत्त्वेन] યથાર્થ રીતે [ हिंस्यहिंसकहिंसाहिंसाफलानि] હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ [अवबुध्य] જાણીને [निजशक्त्या] પોતાની શક્તિ પ્રમાણે [हिंसा] હિંસા [त्यज्यतां] છોડવી જોઈએ.

**ટીકાઃ–** 'नित्यं अवगूहमानै: निजशक्त्या हिंसा त्यज्यताम्' –સંવરમાં ઉદ્યમી એવા જીવોએ હંમેશા પોતાની શક્તિવડે હિંસાનો ત્યાગ કરવો. જેટલી હિંસા છૂટે તેટલી છોડવી. કેવી રીતે? 'तत्त्वेन हिंस्यहिंसकहिंसाहिंसाफलानि अवबुध्य' – યથાર્થ રીતે હિંસ્ય, હિંસક, હિંસા અને હિંસાનું ફળ–આ ચાર ભાવોને જાણીને હિંસા છોડવી. એને જાણ્યા વિના ત્યાગ થતો નથી. જો કર્યો હોય તો પણ કાર્યકારી નથી. તેમાં

**૧. હિંસ્ય–** જેની હિંસા થાય તેને હિંસ્ય કહે છે. પોતાના ભાવપ્રાણ અથવા દ્રવ્યપ્રાણ અને પરજીવના ભાવપ્રાણ કે દ્રવ્યપ્રાણ એ હિંસ્યના ભેદ છે. અથવા એકેંદ્રિયાદિ જીવસમાસના ભેદ જાણવા અથવા જ્યાં જ્યાં જીવ ઊપજવાનાં સ્થાન છે તે જાણવા જોઈએ. તેનું યથાસ્થાને વર્ણન હોય જ છે.

**૨. હિંસક–** હિંસા કરનાર જીવને હિંસક કહીએ. ત્યાં પ્રમાદભાવરૂપે પરિણમેલા અથવા અયત્નાચારમાં પ્રવર્તતા જીવને હિંસક જાણવા.

**૩. હિંસા–** હિંસ્યને પીડા ઉપજાવવી અથવા તેમનો ઘાત કરવો તે હિંસા છે. તેનું વર્ણન આગળ કર્યું છે.

**૪. હિંસાફળ–** હિંસાથી જે કાંઈ ફળ થાય તેને હિંસાફળ કહે છે. આ લોકમાં તો હિંસક જીવ નિંદા પામે છે, રાજા વડે દંડ પામે છે, જેની એ હિંસા કરવા ઈચ્છે છે તેને જો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લાગ આવે તો આનો ઘાત કરે છે. વળી પરલોકમાં નરકાદિ ગતિ પામે છે, ત્યાં શરીરના નાના પ્રકારના છેદન-ભેદનાદિ અને નાના પ્રકારની માનસિક વેદના પામે છે. નરકનું વર્ણન કોણ ક્યાં સુધી લખે ! સર્વ દુઃખનો જ સમુદાય છે. તિર્યંચાદિનું દુઃખ પ્રત્યક્ષ જ ભાસે છે. એ બધું હિંસાનું ફળ છે. આ રીતે હિંસ્યને જાણી પોતે તેને ઘાતે નહિ, હિંસકને જાણી પોતે તેવો ન થાય, હિંસાને જાણી તેનો ત્યાગ કરે અને હિંસાનું ફળ જાણી તેનાથી ભયભીત રહે. માટે આ ચાર ભેદ જાણવા. ૬૦.

**આગળ જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેણે પહેલાં શું કરવું તે કહે છે:–**

**मद्यं मांसं क्षौद्रं पञ्चोदुम्बरफलानि यत्नेन ।**
**हिंसाव्युपरतिकामैर्मोक्तव्यानि प्रथममेव ॥६१॥**

**અન્વયાર્થઃ–** [हिंसाव्युपरतिकामैः] હિંસાનો ત્યાગ કરવાની ઇચ્છા રાખનાર પુરુષોએ [प्रथममेव] પ્રથમ જ [यत्नेन] યત્નપૂર્વક [मद्यं] દારૂ-શરાબ, [मांस] માંસ, [क्षौद्रं] મધ અને [पञ्चोदुम्बरफलानि] [1]પાંચ ઉદુમ્બર ફળો [मोक्तव्यानि] છોડી દેવા જોઈએ.

**ટીકાઃ–** 'हिंसाव्युपरतिकामैः प्रथमं एव यत्नेन, मद्यं, मांसं, क्षौद्रं, पञ्चउदुम्बरफलानि मोक्तव्यानि' –જે જીવ હિંસાનો ત્યાગ કરવા ઇચ્છે છે તેમણે પહેલાં જ યત્નપૂર્વક દારૂ, માંસ, મધ, અને પાંચ ઉદુંબર ફળ-આ આઠ વસ્તુઓ ત્યાગવા યોગ્ય છે. ૬૧

ત્યાં પ્રથમ જ મદ્યના દોષ કહે છે :–

**मद्यं मोहयति मनो मोहितचित्तस्तु विस्मरति धर्मम् ।**
**विस्मृतधर्मा जीवो हिंसामविशङ्कमाचरति ॥६२॥**

**અન્વયાર્થઃ–** [मद्यं] દારૂ [मनो मोहयति] મનને મોહિત કરે છે, અને [मोहितचित्तः] મોહિત ચિત્ત પુરુષ [तु] તો [धर्मम्] ધર્મને [विस्मरति] ભૂલી જાય છે તથા [विस्मृतधर्मा] ધર્મને ભૂલી ગયેલો [जीवः] જીવ [अविशङ्कम्] નીડર થઈને બેધડક [हिंसाम्] હિંસા [आचरति] આચરે છે.

**ટીકાઃ–** 'मद्यं मनः मोहयति' – મદિરા મનને મોહિત કરે છે. મદિરા પીધા પછી

---

૧. પાંચ ઉદુમ્બર ફળનાં નામ-ઉમરો, કઠુંબર, વડ, પીપર અને પીપળાનાં ફળ અથવા ગુલરના ફળ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાંઈ ખબર રહેતી નથી. 'तु मोहितचित्त: धर्मं विस्मरति ' –અને મોહિત ચિત્તવાળો મનુષ્ય ધર્મને ભૂલી જાય છે. ખબર વિના ધર્મને કોણ સંભાળે ? ' विस्मृतधर्मा जीव: अविशङ्कम् हिंसाम् आचरति' –ધર્મને ભૂલેલો જીવ નિઃશંકપણે હિંસા આચરે છે. ધર્મની ખબર ન હોવાથી હિંસા કરવામાં ડર શેનો હોય ? માટે મદિરા હિંસાનું પરંપરા કારણ છે. ૬૨.

**આગળ મદિરાને હિંસાનું સાક્ષાત્ કારણ કહે છે :–**

**रसजानां च बहूनां जीवानां योनिरिष्यते मद्यम् ।**
**मद्यं भजतां तेषां हिंसा संजायतेऽवश्यम् ॥६३॥**

**અન્વયાર્થઃ–** [च] અને [मद्यं] મદિરા [बहूनां] ઘણા [रसजानां जीवानां] રસથી ઉત્પન્ન થયેલા જીવોનું [योनि:] ઉત્પત્તિસ્થાન [इष्यते] માનવામાં આવે છે. તેથી જે [मद्यं] મદિરાનું [भजतां] સેવન કરે છે તેને [तेषां] તે જીવોની [हिंसा] હિંસા [अवश्यम्] અવશ્ય જ [संजायते] થાય છે.

**ટીકાઃ–** 'च मद्यं रसजानां जीवानां बहूनां योनि: इष्यते ' – મદિરા રસથી ઉત્પન્ન થયેલા ઘણા એકેન્દ્રિયાદિ જીવોનું ઉત્પત્તિસ્થાન છે તેથી 'मद्यं भजतां तेषां हिंसा अवश्यं संजायते' – જે મદિરાપાન કરે છે તેમને તે મદિરાના જીવોની હિંસા અવશ્યમેવ થાય છે. મદિરામાં જીવ ઊપજ્યા હતા તે બધાને આ પી ગયો તો હિંસા કેમ ન થાય ? ૬૩

**આગળ મદિરામાં ભાવિત હિંસા બતાવે છે :–**

**अभिमानभयजुगुप्साहास्यारतिशोककामकोपाद्या: ।**
**हिंसाया: पर्याया: सर्वेऽपि च सरकसन्निहिता: ॥६४॥**

**અન્વયાર્થઃ–** [च] અને [अभिमानभयजुगुप्साहास्यारतिशोककामकोपाद्या:] અભિમાન, ભય, ગ્લાનિ, હાસ્ય, અરતિ, શોક, કામ, ક્રોધાદિ [हिंसाया:] હિંસાના [पर्याया:] ભેદ છે અને [सर्वेऽपि] આ બધા જ [सरकसन्निहिता:] મદિરાના નિકટવર્તી છે.

**ટીકાઃ–** 'च अभिमानभयजुगुप्सा हास्य अरति शोक काम कोपाद्या: हिंसाया: पर्याया: सर्वे अपि सरकसन्निहिता:' –વળી અભિમાન, ભય, જુગુપ્સા, હાસ્ય, અરતિ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શોક, કામ, ક્રોધાદિ જેટલા હિંસાના ભેદ છે તે બધા જ મદિરાના નિકટવર્તી છે. એક મદિરાપાન કરવાથી તે બધા તીવ્રપણે એવા પ્રગટ થાય છે કે માતા સાથે પણ કામક્રીડા કરવા તૈયાર થઈ જાય છે. અભિમાનાદિનાં લક્ષણ પૂર્વે વર્ણવ્યાં છે. આમ મદિરાનો પ્રત્યક્ષ દોષ જાણી મદિરાનો ત્યાગ કરવો. બીજી માદક-નશાવાળી વસ્તુઓ છે તેમાં પણ હિંસાના ભેદ પ્રગટ થાય છે માટે તેમનો પણ ત્યાગ કરવો. ૬૪.

**આગળ માંસના દોષ બતાવે છે :–**

**न विना प्राणिविघातान्मांसस्योत्पत्तिरिष्यते यस्मात् ।**
**मांसं भजतस्तस्मात् प्रसरत्यनिवारिता हिंसा ॥६५॥**

**અન્વયાર્થઃ–** [यस्मात्] કારણ કે [प्राणिविघातात् विना] પ્રાણીઓના ઘાત વિના [मांसस्य] માંસની [उत्पत्तिः] ઉત્પત્તિ [न इष्यते] માની શકાતી નથી [तस्मात्] તે કારણે [मांसं भजतः] માંસભક્ષી પુરુષને [अनिवारिता] અનિવાર્ય [हिंसा] હિંસા [प्रसरति] ફેલાય છે.

**ટીકાઃ–** 'यस्मात् प्राणिविघातात् विना मांसस्य उत्पत्तिः न इष्यते' –પ્રાણીઓના જીવના ઘાત વિના માંસની ઉત્પત્તિ દેખાતી નથી. માંસ [બે ઇન્દ્રિય આદિ] જીવના શરીરમાં હોય છે, બીજી જગ્યાએ નહિ. તેથી તેનો ઘાત કરતાં જ માંસ મળે છે. 'तस्मात् मांसं भजतः अनिवारिता हिंसा प्रसरति' – માટે માંસ ખાનારને હિંસા કેવી રીતે ન થાય? તે હિંસા કરે જ કરે. ૬૫

**આગળ કોઈ કહે છે કે પોતે જીવને ન મારે તો દોષ નથી તેને કહે છે :–**

**यद्यपि किल भवति मांसं स्वयमेव मृतस्य महिषवृषभादेः ।**
**तत्रापि भवति हिंसा तदाश्रितनिगोतनिर्मथनात् ॥६६॥**

**અન્વયાર્થઃ–** [यद्यपि] જોકે [किल] એ સાચું છે કે [स्वयमेव] પોતાની મેળે જ [मृतस्य] મરેલા [महिषवृषभादेः] ભેંસ, બળદાદિનું [मांसं] માંસ [भवति] હોય છે પણ [तत्रापि] ત્યાંયે પણ અર્થાત્ તે માંસના ભક્ષણમાં પણ [तदाश्रितनिगोतनिर्मथनात्] તે માંસને આશ્રયે રહેતા તે જ જાતિના નિગોદ જીવોના મંથનથી [हिंसा] હિંસા [भवति] થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકા:**–'यद्यपि किल स्वयमेव मृतस्य महिषवृषभादेः मांसं भवति तत्र अपि हिंसा भवति' –જોકે પ્રગટપણે પોતાની મેળે મરણ પામેલા ભેંસ, બળદ વગેરે જીવોનું માંસ હોય છે તો પણ તે માંસભક્ષણમાં પણ હિંસા થાય છે. કેવી રીતે ? તેના આશ્રયે, જે નિગોદરૂપ અનંત જીવો છે તેનો ઘાત કરવાથી હિંસા થાય છે. ૬૬.

**આગળ માંસમાં નિગોદની ઉત્પત્તિ કહે છે :–**

**आमास्वपि पक्वास्वपि विपच्यमानासु मांसपेशीषु ।**
**सातत्येनोत्पादस्तज्जातीनां निगोतानाम् ॥६७॥**

**અન્વયાર્થ:**– [आमासु] કાચી [पक्वासु] પાકી [अपि] તથા [विपच्यमानासु] રંધાતી [अपि] પણ [मांसपेशीषु] માંસપેશીઓમાં [तज्जातीनां] તે જ જાતિના [निगोतानाम्] સમ્મૂર્છન જીવોનો [सातत्येन] નિરંતર [उत्पाद:] ઉત્પાદ થયા કરે છે.

**ટીકા:**– 'आमास्वपि, पक्वास्वपि, विपच्यमानासु मांसपेशीषु तज्जातीनां निगोतानां सातत्येन उत्पाद: अस्ति' –કાચા, અગ્નિથી રંધાયેલા, અથવા રંધાતા હોય તેવા સર્વ માંસના ટુકડાઓમાં તે જ જાતિના નિગોદના અનંત જીવોનું સમયે સમયે નિરંતર ઊપજવું થાય છે. સર્વ અવસ્થાઓમાં માંસના ટુકડામાં નિરંતર તેવા જ માંસ જેવા નવા નવા અનંત જીવ ઊપજે છે. ૬૭.

**આગળ માંસથી હિંસા થાય છે એમ પ્રગટ કરે છે :–**

**आमां वा पक्वां वा खादति यः स्पृशति वा पिशितपेशीम् ।**
**स निहन्ति सततनिचितं पिण्डं बहुजीवकोटीनाम् ॥६८॥**

**અન્વયાર્થ:**– [य:] જે જીવ [आमां] કાચી [वा] અથવા [पक्वां] અગ્નિમાં પાકેલી [पिशितपेशीम्] માંસની પેશીનું [खादति] ભક્ષણ કરે છે [वा] અથવા [स्पृशति] અડે છે [स:] તે પુરુષ [सततनिचितं] નિરંતર એકઠા થયેલા [बहुजीवकोटीनाम्] અનેક જાતિના જીવસમૂહના [पिण्ड:] પિંડને [निहन्ति] હણે છે.

**ટીકા:**– 'य: आमां वा पक्वां पिशितपेशीम् खादति वा स्पृशति स: सततनिचितं बहुजीवकोटीनां पिण्डं निहन्ति' –જે જીવ કાચા કે અગ્નિમાં પકાવેલા માંસના ટુકડાનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભક્ષણ કરે છે અથવા હાથ વગેરેથી અડે પણ છે તે જીવ નિરંતર જેમાં અનેક જાતિના જીવો એકઠા થયા હતા તેવા પિંડને હણે છે.

માંસમાં તો નિરંતર જીવ ઊપજી એકઠા થયા હતા. આણે તે માંસનું ભક્ષણ કર્યું અથવા સ્પર્શ કર્યો તેથી તે જીવોની પરમ હિંસા ઊપજી , માટે માંસનો ત્યાગ અવશ્ય કરવો. બીજી પણ જે વસ્તુઓમાં ઘણા જીવોની ઉત્પત્તિ થાય છે તે બધી વસ્તુ ત્યાગવા યોગ્ય છે. ૬૮.

**આગળ મધના દોષ બતાવે છે :–**

**मधुशकलमपि प्रायो मधुकरहिंसात्मकं भवति लोके ।**
**भजति मधु मूढधीको यः स भवति हिंसकोऽत्यन्तम् ॥६९॥**

**અન્વયાર્થઃ–** [लोके] આ લોકમાં [मधुशकलमपि] મધનું એક ટીપું પણ [प्रायः] ઘણું કરીને [मधुकरहिंसात्मकं] માખીઓની હિંસારૂપ [भवति] હોય છે માટે [यः] જે [मूढधीकः] મૂર્ખબુદ્ધિ મનુષ્ય [मधु भजति] મધનું ભક્ષણ કરે છે [सः] તે [अत्यन्तं हिंसकः] અત્યંત હિંસા કરનાર થાય છે. ૬૯.

**स्वयमेव विगलितं यो गृह्णीयाद्वा छलेन मधु गोलात् ।**
**तत्रापि भवति हिंसा तदाश्रयप्राणिनां घातात् ॥७०॥**

**અન્વયાર્થઃ–** [यः] જે [छलेन] કપટથી [वा] અથવા [गोलात्] મધપૂડામાંથી [स्वयमेव विगलितम्] પોતાની મેળે ટપકેલા [मधु] મધને [गृह्णीयात्] ગ્રહણ કરે છે [तत्रापि] ત્યાં પણ [तदाश्रयप्राणिनाम्] તેના આશ્રયભૂત જન્તુઓના [घातात्] ઘાતથી [हिंसा] હિંસા [भवति] થાય છે. ૭૦.

**मधु मद्यं नवनीतं पिशितं च महाविकृतयस्ताः ।**
**वल्भ्यन्ते न व्रतिना तद्वर्णा जन्तवस्तत्र ॥७१॥**

**અન્વયાર્થઃ–** [मधु] મધ, [मद्यं] મદિરા, [नवनीतं] માખણ [च] અને [पिशितं] માંસ [महाविकृतयः] મહાન વિકારોને ધારણ કરેલા [ताः] આ ચારે પદાર્થો [व्रतिना] વ્રતી પુરુષે [न वल्भ्यन्ते] ભક્ષણ કરવા યોગ્ય નથી. કારણ કે [तत्र] તે વસ્તુઓમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[तद्वर्णाः] તે જ જાતિના [जन्तवः] જીવ રહે છે.

**ટીકાઃ–** 'व्रतिना मधु मद्यं नवनीतं च पिशितं ताः महाविकृतयः न वल्भ्यन्ते' –વ્રતધારી જીવોએ મધ, મદિરા, માખણ[1] અને માંસ જે ઘણા વિકારને ધારણ કરે છે તે અને બીજી પણ વિકારયુક્ત વસ્તુઓનું ભક્ષણ ન કરવું જોઈએ. મધનું એક ટીપું પણ માખીની હિંસાથી મળે છે. જે મન્દબુદ્ધિ મધ ખાય છે તે અત્યંત હિંસક છે. જે સ્વયમેવ ટપકેલ અથવા કપટ કરીને મધપૂડામાંથી મધ લે તે પણ હિંસક છે. કારણ કે મધને આશ્રયે રહેલા જીવોની હિંસા તે સમયે પણ થાય છે. વ્રતી પુરુષ આ વસ્તુઓનું ભક્ષણ કરે નહિ. શા માટે? 'तत्र तद्वर्णाः जन्तवः' –તે વસ્તુમાં તેવા જ રંગવાળા ઘણા જીવો હોય છે. જેવી તે વસ્તુ છે તેવા જ તેમાં જીવ હોય છે. બીજી વસ્તુઓ કહેતાં ચામડાના સ્પર્શવાળું ઘી, તેલ, જળ અથવા અથાણાં, વિષ, માટી ઈત્યાદિ અભક્ષ્યનો ત્યાગ કરવો. મુખ્યપણે મદ્ય, માંસ, મધનો ત્યાગ કરાવ્યો પછી બીજી પણ અભક્ષ્ય વસ્તુઓ છોડવાનો ઉપદેશ કર્યો. ૭૨.

**આગળ પાંચ ઉદુમ્બર ફળના દોષ દેખાડે છે :–**

**योनिरुदुम्बरयुग्मं प्लक्षन्यग्रोधपिप्पलफलानि ।**
**त्रसजीवानां तस्मात्तेषां तद्भक्षणे हिंसा ॥७२॥**

**અન્વયાર્થઃ–** [उदुम्बरयुग्मं] ઉમર, અંજીર [प्लक्षन्यग्रोधपिप्पलफलानि] પીપળો, વડ અને પીપળનાં ફળ [त्रसजीवानां] ત્રસ જીવોની [योनिः] ખાણ છે [तस्मात्] તેથી [तद्भक्षणे] તેના ભક્ષણમાં [तेषां] તે ત્રસ જીવોની [हिंसा] હિંસા થાય છે.

**ટીકાઃ–** 'उदुम्बरयुग्मं प्लक्ष न्यग्रोध पिप्पलफलानि त्रसजीवानां योनिः' – ઉદુમ્બર અને કઠુંબર એ બે તથા પીપર-પીપળો, વડનાં ફળ અને પાકર =અંજીર એ ત્રણ-એ બધાંય ત્રસ જીવોની યોનિ છે. તેમાં ઊડતાં જંતુઓ જોવામાં આવે છે. 'तस्मात तद्भक्षणे तेषां हिंसा भवति' – તેથી તે પાંચ વસ્તુના ભક્ષણ માં તે ત્રસ જીવોની હિંસા થાય છે. ૭૨.

1. માખણ માટે અભક્ષ્યપણું એ રીતે કહ્યું છે કે દહીંથી જુદું પાડેલું માખણ અંતર્મુહૂર્તમાં તપાવી ગરમ કરી લેવું જોઈએ, નહીંતર તે અભક્ષ્ય થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**કોઈ કહે કે તે ઉદુંબરાદિ ફળમાં ત્રસ ન હોય તો ભક્ષણ કરવાં. તેને આગળ કહે છે:–**

**यानि तु पुनर्भवेयु: कालोच्छिन्नत्रसाणि शुष्काणि ।**
**भजतस्तान्यपि हिंसा विशिष्टरागादिरूपा स्यात् ।।७३।।**

**અન્વયાર્થ:–** [तु पुन:] અને વળી [यानि] જે પાંચ ઉદુમ્બર [शुष्कानि] સૂકા [कालोच्छिन्नत्रसाणि] સમય જતાં ત્રસરહિત બનેલાં [भवेयु:] હોય [तान्यपि] તેનું પણ [भजत:] ભક્ષણ કરનારને [विशिष्टरागादिरूपा] વિશેષ રાગાદિરૂપ [हिंसा] હિંસા [स्यात्] થાય છે.

**ટીકા:–** ' तु पुन: यानि शुष्काणि कालोच्छिन्नत्रसाणि भवेयु: तान्यपि भजत: हिंसा स्यात् ' –વળી જે ઉદુમ્બરાદિ પાંચ ફળો કાળ પામીને ત્રસજીવ રહિત સુકાઈ ગયાં હોય તો પણ તે ખાનારને હિંસા થાય છે. કેવી હિંસા થાય છે? 'विशिष्टरागादिरूपा' –જેમાં વિશેષ રાગભાવ થયો છે તેવા સ્વરૂપવાળી. જો અધિક રાગ ન હોત તો આવી નિંદ્ય વસ્તુ શા માટે અંગીકાર કરત ? માટે જ્યાં અધિક રાગભાવ થયો તે જ હિંસા. જેમ કોઈએ લીલોતરી ન ખાધી પણ તે વસ્તુના રાગભાવથી તેને સૂકવીને ખાધી. જો રાગ ન હોય તો શા માટે એવો પ્રયાસ કરે ?

**પ્રશ્ન:–** સૂકી વસ્તુમાં જો દોષ હોય તો અન્ન શા માટે ખાઈએ છીએ ?

**ઉત્તર:–** અન્ન નિંદ્ય નથી. વળી એના રાગભાવ વિના સહજ પ્રવૃત્તિથી તે સુકાય છે. વળી તેનું ભક્ષણ પણ સામાન્ય પેટ ભરવાના નિમિત્તે થાય છે, કાંઈ વિશેષ રાગ હોવાનું કારણ નથી. અહીં તો વિશેષરૂપ રાગભાવનું થવું તે જ હિંસા – એમ બતાવવામાં આવે છે. ૭૩.

**આગળ આ કથન સંકોચે છે :–**

**अष्टावनिष्टदुस्तरदुरितायतनान्यमूनि परिवर्ज्य ।**
**जिनधर्मदेशनाया भवन्ति पात्राणि शुद्धधिय: ।।७४।।**

**અન્વયાર્થ:–** [अनिष्टदुस्तरदुरितायतनानि] દુ:ખદાયક, દુસ્તર અને પાપનું સ્થાન [अमूनि] એવા [अष्टौ] આઠ પદાર્થોનો [परिवर्ज्य] પરિત્યાગ કરીને [शुद्धधिय:] નિર્મળ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બુદ્ધિવાળા પુરુષ [जिनधर्मदेशनाया:] જૈનધર્મના ઉપદેશને [पात्राणि] પાત્ર [भवन्ति] થાય છે.

**ટીકાઃ–** 'अनिष्टदुस्तरदुरितआयतनानि अमूनि अष्टौ परिवर्ज्य शुद्धधियः जिनधर्मदेशनायाः पात्राणि भवन्ति'–મહાદુઃખદાયક, સહેલાઈથી જેનો પાર પમાતો નથી એવી, મહાપાપના સ્થાનરૂપ જે આ આઠ વસ્તુઓ છે તેને ખાવાથી મહાપાપ ઊપજે છે. તેથી એને સર્વથા છોડીને, નિર્મળ બુદ્ધિવાળા થઈને, જૈનધર્મના ઉપદેશને પાત્ર થવાય છે. પહેલાં એનો ત્યાગ કરે ત્યારપછી અન્ય કોઈ ઉપદેશ દેવો. (અને કોઈ ઉપદેશ આપે.) જેમ મૂળ વિના વૃક્ષ હોતું નથી તેમ એના ત્યાગ વિના શ્રાવક હોય નહિ. માટે જ એનું નામ મૂળ છે. ૭૪.

**હવે આ હિંસાદિકનો ત્યાગ કરવાનું વિધાન કહે છેઃ–**

**कृतकारितानुमननैर्वाक्कायमनोभिरिष्यते नवधा ।**
**औत्सर्गिकी निवृत्तिर्विचित्ररूपापवादिकी त्वेषा ॥७५॥**

**અન્વયાર્થઃ–** [औत्सर्गिकी निवृत्तिः] ઉત્સર્ગરૂપ નિવૃત્તિ અર્થાત્ સામાન્ય ત્યાગ [कृतकारितानुमननैः] કૃત, કારિત અને અનુમોદનરૂપ [वाक्कायमनोभिः] મન, વચન અને કાયાથી [नवधा] નવ પ્રકારે [इष्यते] માનવામાં આવી છે, [तु] અને [एषा] આ [अपवादिकी] અપવાદરૂપ નિવૃત્તિ [विचित्ररूपा] અનેકરૂપ છે.

**ટીકાઃ–** 'औत्सर्गिकी निवृत्तिः कृतकारितानुमोदनैः वाक्कायमनोभिः नवधा इष्यते'– આ ઉત્સર્ગરૂપ ત્યાગ કૃત, કારિત, અનુમોદન સહિત મન, વચન, કાયાના ભેદથી નવપ્રકારે કહીએ છીએ. 'तु अपवादिकी एषा विचित्ररूपा' – અને અપવાદરૂપ જે ત્યાગ છે તે જુદા જુદા પ્રકારે છે.

**ભાવાર્થઃ–** હિંસાદિનો ત્યાગ બે પ્રકારે છે. એક ઉત્સર્ગ ત્યાગ અને બીજો અપવાદ ત્યાગ. ઉત્સર્ગ એટલે સામાન્ય. સામાન્યપણે સર્વથા પ્રકારે ત્યાગ કરીએ તેને ઉત્સર્ગ ત્યાગ કહે છે. તેના નવ ભેદ છે. મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ, અને કોઈએ કર્યું હોય તેને ભલું જાણે નહિ, વચનથી પોતે કરવાનું કહે નહિ, બીજાને કરાવવા માટે ઉપદેશ આપે નહિ, કોઈએ કર્યું હોય તેને ભલું કહે નહિ,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાયાથી પોતે કરે નહિ, બીજાને હાથ વગેરે દ્વારા પ્રેરણા આપી કરાવે નહિ અને કોઇ એ કર્યું હોય તેને હસ્તાદિ વડે પ્રશંસે નહિ. આ નવ ભેદ કહ્યા. અપવાદ ત્યાગ અનેક પ્રકારનો છે. આ નવ ભંગ કહ્યા તેમાંથી કેટલાક ભાંગાથી અમુક પ્રકારે ત્યાગ કરે, અમુક પ્રકારે ન કરે, આ રીતે મારે આ કાર્ય કરવું, આ રીતે ન કરવું – એમ અપવાદ ત્યાગ ભિન્ન ભિન્ન પ્રકારે છે. માટે શકય હોય તે રીતે ત્યાગ કરવો. ૭૫.

**હવે હિંસાના ત્યાગના બે પ્રકાર કહે છે :–**

**धर्ममहिंसारूपं संशृण्वन्तोपि ये परित्यक्तुम् ।**
**स्थावरहिंसामसहास्त्रसहिंसां तेऽपि मुञ्चन्तु ॥७६॥**

**અન્વયાર્થઃ–** [ये] જે જીવ [अहिंसारूपं] અહિંસારૂપ [धर्मं] ધર્મને [संशृण्वन्तः अपि] સારી રીતે સાંભળીને પણ [स्थावरहिंसां] સ્થાવર જીવોની હિંસા [परित्यक्तुम्] છોડવાને [असहाः] અસમર્થ છે [ते अपि] તેઓ પણ [त्रसहिंसां] ત્રસ જીવોની હિંસા [मुञ्चन्तु] છોડે.

**ટીકાઃ–** 'ये अहिंसारूपं धर्मं संशृण्वन्तः अपि स्थावरहिंसां परित्यक्तुम् असहाः ते अपि त्रसहिंसां मुञ्चन्तु'– જે જીવ અહિંસા જ જેનું સ્વરૂપ છે એવા ધર્મનું શ્રવણ ગુરુમુખે કરે છે પણ રાગભાવના વશે સ્થાવર હિંસા છોડવાને સમર્થ નથી તે જીવે ત્રસહિંસાનો તો ત્યાગ કરવો.

**ભાવાર્થઃ–** હિંસાનો ત્યાગ બે પ્રકારે છે. એક તો સર્વથા ત્યાગ છે તે મુનિધર્મમાં હોય છે. તેને અંગીકાર કરવો. વળી જો કષાયના વશથી સર્વથા ત્યાગ ન બને તો ત્રસ જીવોની હિંસાનો ત્યાગ કરી શ્રાવકધર્મનો અંગીકાર કરવો. અહીં કોઇ ત્રસજીવનું સ્વરૂપ પૂછે તો તેને કહીએ છીએ કે સંસારી જીવ બે પ્રકારના છે. એક સ્થાવર અને એક ત્રસ, જે એક સ્પર્શેન્દ્રિય સહિત એકેન્દ્રિય જીવ તે સ્થાવર છે. તેના પાંચ ભેદ છે. પૃથ્વીકાયિક, જળકાયિક, અગ્નિકાયિક, પવનકાયિક અને વનસ્પતિકાયિક, જે બે ઇન્દ્રિયાદિ જીવ છે તેને ત્રસ કહીએ છીએ. તેના ચાર ભેદ છે. સ્પર્શન અને રસના ઇન્દ્રિય સહિત ઇયળ, કોડી, શંખ, ગીંગોડા વગેરે દ્વીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ અને નાસિકા સંયુક્ત કીડી, મકોડા, કાનખજૂરા વગેરે ત્રીન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને આંખ સહિત ભમરા,પતંગિયા વગેરે ચતુરિન્દ્રિય જીવ છે. સ્પર્શ, જીભ, નાક, આંખ અને કાન સહિતના જીવ પંચેન્દ્રિય છે. તેના બે ભેદ છે. જેને મન હોય તે સંજ્ઞી, જેને મન ન હોય તે અસંજ્ઞી. તેમાં સંજ્ઞી પંચેન્દ્રિય સિવાય બધા તિર્યંચગતિના ભેદ છે. સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર પ્રકાર છે.દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચ. એમાં દેવ ભવનવાસી, વ્યંતર, જયોતિષી અને કલ્પવાસીના ભેદથી ચાર પ્રકારે છે. મનુષ્ય આર્ય અને મ્લેચ્છના ભેદથી બે પ્રકારે છે.નારકીના જીવ સાત ભૂમિની અપેક્ષાએ સાત પ્રકારના છે. તિર્યંચોમાં મચ્છાદિક જલચર, વૃષભાદિક સ્થલચર અને હંસાદિક નભચર-એ ત્રણ પ્રકાર છે.આ ભેદ ત્રસ-સ્થાવરના જાણી એની રક્ષા કરવી.૭૬.

**શ્રાવકને સ્થાવરહિંસામાં પણ સ્વચ્છંદપણાનો નિષેધ :–**

**स्तोकैकेन्द्रियघाताद्गृहिणां सम्पन्नयोग्यविषयाणाम् ।**
**शेषस्थावरमारणविरमणमपि भवति करणीयम् ।।७७।।**

**અન્વયાર્થઃ–** [सम्पन्नयोग्यविषयाणाम्] ઇન્દ્રિય-વિષયોનું ન્યાયપૂર્વક સેવન કરનાર [गृहिणाम्] ગૃહસ્થોએ [स्तोकैकेन्द्रियघातात् ] અલ્પ એકેન્દ્રિયના ઘાત સિવાય શેષસ્થાવરમારણવિરમણમપિ] બાકીના સ્થાવર (એકેન્દ્રિય) જીવોને મારવાનો ત્યાગ પણ [करणीयम्] કરવા યોગ્ય [भवति] છે.

**ટીકાઃ–** 'सम्पन्नयोग्यविषयाणां गृहिणां स्तोकैकेन्द्रियघातात् शेषस्थावरमारणविरमणम् अपि करणीयम् भवति' –ન્યાયપૂર્વક ઇન્દ્રિયના વિષયોને સેવનારા શ્રાવકોને થોડોક એકેન્દ્રિયનો ઘાત યત્ન કરવા છતાં થાય છે, તે તો થાય. બાકીના જીવોને વિના કારણે મારવાનો ત્યાગ પણ તેમણે કરવો યોગ્ય છે.

**ભાવાર્થઃ–** યોગ્ય વિષયોનું સેવન કરતાં સાવધાનતા હોવા છતાં સ્થાવરની હિંસા થાય તે તો થાય છે, પરંતુ અન્ય સ્થાવર જીવની હિંસા કરવાનો તો ત્યાગ કરવો. ૭૭

**આ અહિંસા ધર્મને સાધતાં સાવધાન કરે છેઃ–**

**अमृतत्वहेतुभूतं परममहिंसारसायनं लब्ध्वा ।**
**अवलोक्य बालिशानामसमञ्जसमाकुलैर्न भवितव्यम् ।।७८।।**

**અન્વયાર્થઃ–** [अमृतत्वहेतुभूतं ] અમૃત અર્થાત્ મોક્ષના કારણભૂત [परमं] ઉત્કૃષ્ટ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[अहिंसारसायनं] અહિંસારૂપી રસાયણ [लब्ध्वा] પ્રાપ્ત કરીને [बालिशानां] અજ્ઞાની જીવોનું [असमञ्जसम्] અસંગત વર્તન [अवलोक्य] જોઇને [आकुलैः] વ્યાકુળ [न भवितव्यम्] ન થવું જોઇએ.

**ટીકાઃ**– 'अमृतत्वहेतुभूतं परमअहिंसारसायनं लब्ध्वा बालिशानां असमञ्जसम् अवलोक्य आकुलैः न भवितव्यम्' –મોક્ષના કારણભૂત ઉત્કૃષ્ટ અહિંસારૂપી રસાયણ પામીને અજ્ઞાની જીવોનો મિથ્યાત્વભાવ જોઇ વ્યાકુળ ન થવું.

**ભાવાર્થઃ**– પોતે તો અહિંસા ધર્મનું સાધન કરે છે અને કોઇ મિથ્યાદષ્ટિ અનેક યુક્તિવડે હિંસાને ધર્મ ઠરાવી તેમાં પ્રવર્તે તો તેની કીર્તિ જોઇને પોતે ધર્મમાં આકુળતા ન ઉપજાવવી અથવા કદાચ પોતાને પૂર્વનાં ઘણાં પાપના ઉદયને લીધે અશાતા ઊપજી હોય અને તેને પૂર્વનાં ઘણાં પુણ્યના ઉદયને લીધે કાંઇક શાતા ઊપજી હોય તોપણ પોતે ઉદયની અવસ્થાનો વિચાર કરીને ધર્મમાં આકુળતા ન કરવી. ૭૮.

**મિથ્યાદષ્ટિ યુક્તિવડે હિંસામાં ધર્મ ઠરાવે છે તેને પ્રગટ કરી શ્રદ્ધાળુ શ્રાવક ને સાવધાન કરે છે. તેનાં બાર સૂત્રો કહે છેઃ–**

**सूक्ष्मो भगवद्धर्मो धर्मार्थं हिंसने न दोषोऽस्ति ।**
**इति धर्ममुग्धहृदयैर्न जातु भूत्वा शरीरिणो हिंस्याः ।।७९।।**

**અન્વયાર્થઃ**– [भगवद्धर्मः] સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો કહેલો ધર્મ [सूक्ष्मः] બહુ બારીક છે માટે [धर्मार्थं] 'ધર્મના નિમિત્તે [हिंसने] હિંસા કરવામાં [दोषः] દોષ [नास्ति] નથી.' [इति धर्ममुग्धहृदयैः] એવા ધર્મમાં મૂઢ અર્થાત્ ભ્રમરૂપ હૃદયવાળા [भूत्वा] થઇને [जातु] કદીપણ [शरीरिणः] શરીરધારી જીવોને [न हिंस्याः] મારવા નહિ જોઇએ.

**ટીકાઃ**– 'भगवद्धर्मः सूक्ष्मः' –જ્ઞાનસહિતનો ધર્મ સૂક્ષ્મ છે, તેથી 'धर्मार्थं हिंसने दोषः न अस्ति' –ધર્મના નિમિત્તે હિંસા કરવામાં દોષ નથી. 'इति धर्ममुग्धहृदयैः भूत्वा शरीरिणः जातु न हिंस्याः' એ રીતે જેનું ચિત્ત ધર્મમાં ભ્રમરૂપ થયું છે એવા થઇને પ્રાણીઓને કદીપણ ન મારવા.

**ભાવાર્થઃ**– કોઇ અજ્ઞાની કહે છે કે બીજી જગ્યાએ હિંસા કરવી તે પાપ છે પણ યજ્ઞાદિમાં ધર્મના નિમિત્તે તો હિંસા કરવી, તેમાં કાંઇ દોષ નથી. આવી શ્રદ્ધાથી હિંસામાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રવર્તવું યોગ્ય નથી. જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ કદીપણ ન હોય.

**પ્રશ્નઃ–** જૈનમતમાં મંદિર બનાવવાં, પૂજા-પ્રતિષ્ઠા કરવી વગેરે કહ્યું છે ત્યાં ધર્મ છે કે નથી?

**ઉત્તરઃ–** મંદિર, પૂજા, પ્રતિષ્ઠાદિ કાર્યમાં જો જીવહિંસા થવાનો ભય ન રાખે, યત્નાચારથી ન પ્રવર્તે, માત્ર મોટાઇ મેળવવા જેમતેમ કર્યા કરે તો ત્યાં ધર્મ નથી, પાપ જ છે. અને યત્નપૂર્વક કાર્ય કરતાં થોડી હિંસા થાય તો તે હિંસાનું પાપ તો થયું પણ ધર્માનુરાગથી પુણ્ય ઘણું થાય છે અથવા એકઠું કરેલું ધન ખરચવાથી લોભકષાયરૂપ અંતરંગ હિંસાનો ત્યાગ થાય છે. હિંસાનું મૂળ કારણ તો કષાય છે, તેથી તીવ્ર કષાયરૂપ થઇ તેમની હિંસા ન કરવાથી પાપ પણ થોડું થયું. માટે આ રીતે પૂજા-પ્રતિષ્ઠાદિ કરે તો ધર્મ જ થાય છે.

જેમ કોઇ મનુષ્ય ધન ખર્ચવા માટે ધન કમાય તો તેને કમાયો જ કહીએ. જો તે ધન ધર્મકાર્યમાં ન ખર્ચાત તો તે ધનવડે વિષયસેવનથી મહાપાપ ઊપજત તેથી તે પણ નફો જ થયો. જેમ મુનિ એક જ નગરમાં રાગાદિ ઊપજવાના ભયથી વિહાર કરે છે, વિહાર કરતાં થોડીઘણી હિંસા પણ થાય છે, પણ નફા-નુકસાન વિચારતાં એક જ નગરમાં રહેવું યોગ્ય નથી. તેમ અહીં પણ નફા-નુકસાનનો વિચાર કરવો જોઇએ. એક સામાન્ય કથનવડે વિશેષ કથનનો નિષેધ ન કરવો. આવું જ કાર્ય તો આરંભી, અવ્રતી અને તુચ્છ વ્રતી કરે છે. તેથી સામાન્યપણે એવો જ ઉપદેશ છે. ધર્મના નિમિત્તે હિંસા ન કરવી. ૭૯.

**धर्मो हि देवताभ्यः प्रभवति ताभ्यः प्रदेयमिह सर्वम् ।**
**इति दुर्विवेककलितां धिषणां न प्राप्य देहिनो हिंस्याः ॥८०॥**

**અન્વયાર્થઃ–** [हि] 'નિશ્ચયથી [धर्मः] ધર્મ [देवताभ्यः] દેવોથી [प्रभवति] ઉત્પન્ન થાય છે માટે [इह] આ લોકમાં [ताभ्यः] તેમના માટે [सर्वं] બધું જ [प्रदेयम्] આપી દેવું યોગ્ય છે' [इति दुर्विवेककलितां] આ રીતે અવિવેકથી ગ્રસાયેલ [धिषणां] બુદ્ધિ [प्राप्य] પામીને [देहिनः] શરીરધારી જીવોને [न हिंस्याः] મારવા ન જોઇએ.

**ટીકાઃ–** 'हि धर्मः देवताभ्यः प्रभवति' –નિશ્ચયથી ધર્મ ઊપજે છે તે દેવોથી ઊપજે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, 'इह ताभ्यः सर्वं प्रदेयम्'– આ લોકમાં તે દેવોના નિમિત્તે બધું આપવું જોઈએ. જીવોને પણ મારીને તેમને ચડાવો. 'इति दुर्विवेककलितां धिषणां प्राप्य देहिनः न हिंस्या:' – એવી અવિવેકવાળી બુદ્ધિથી પ્રાણીને મારવા નહિ.

**ભાવાર્થઃ**– દેવ,દેવી, ક્ષેત્રપાળ, કાલી, મહાકાલી, ચંડી, ચામુંડા ઈત્યાદિને અર્થે હિંસા ન કરવી. પરજીવને મારવાથી પોતાનું ભલું કેવી રીતે થાય ! બિલકુલ ન થાય. ૮૦.

**पूज्यनिमित्तं घाते छागादीनां न कोऽपि दोषोऽस्ति ।**
**इति संप्रधार्य कार्यं नातिथये सत्त्वसंज्ञपनम् ॥८१॥**

**અન્વયાર્થઃ**– [पूज्यनिमित्तं] 'પૂજવા યોગ્ય પુરુષોને માટે [छागादीनां] બકરા વગેરે જીવોનો [घाते] ઘાત કરવામાં [कः अपि] કોઈ પણ [दोषः] દોષ [नास्ति] નથી' [इति] એમ [संप्रधार्य] વિચારીને [अतिथये] અતિથિ અથવા શિષ્ટ પુરુષોને માટે [सत्त्वसंज्ञपनम्] જીવોનો ઘાત [न कार्यम्] કરવો ન જોઈએ.

**ટીકાઃ**– 'पूज्यनिमित्तं छागादीनां घाते कोऽपि दोषः न अस्ति' –પોતાના ગુરુ માટે બકરાદિ જીવોના ઘાતમાં કાંઈ દોષ નથી, 'इति सम्प्रधार्य अतिथये सत्त्वसंज्ञपनम् न कार्यम्' – એમ વિચારીને અતિથિ (ફકીરાદિ ગુરુ) માટે જીવોનો ઘાત ન કરવો.

**ભાવાર્થઃ**– પાપી, વિષયલંપટી અને જીભના લાલચુ એવા પોતાને અને બીજા જીવોને નરકમાં લઈ જવાને તૈયાર થનાર એવા કુગુરુના નિમિત્તે પણ હિંસા કરવી યોગ્ય નથી. હિંસાથી તેનો અને પોતાનો મોક્ષ કેવી રીતે થશે ? મતલબ કે થતો નથી. ૮૧.

**बहुसत्त्वघातजनितादशनाद्वरमेकसत्त्वघातोत्थम् ।**
**इत्याकलय्य कार्यं न महासत्त्वस्य हिंसनं जातु ॥८२॥**

**અન્વયાર્થઃ**– [बहुसत्त्वघातजनितात्] 'ઘણા પ્રાણીઓના ઘાતથી ઉત્પન્ન થયેલ [अशनात्] ભોજન કરતાં [एकसत्त्वघातोत्थम्] એક જીવના ઘાતથી ઉત્પન્ન થયેલું ભોજન [वरम्] સારું છે' [इति] એમ [आकलय्य] વિચારીને [जातु] કદીપણ [महासत्त्वस्य]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોટા ત્રસ જીવનો [हिंसनं] ઘાત [ न कार्यम्] કરવો ન જોઈએ.

**ટીકાઃ–** 'बहुसत्त्वघातजनितात् अशनात् एक सत्त्वघातोत्थम् वरम्' – ઘણા જીવોના નાશથી ઉત્પન્ન થયેલા ભોજન કરતાં એક જીવને મારવાથી ઊપજેલું ભોજન ઉત્કૃષ્ટ છે 'इति आकलय्य जातु महासत्त्वस्य हिंसनं न कार्यम्' – એમ વિચારીને કદીપણ મોટા જીવની હિંસા ન કરવી.

**ભાવાર્થઃ–** કોઈ કહે છે કે અન્નના આહારમાં ઘણા જીવો મરે છે માટે એક મોટો જીવ મારીને ભોજન કરીએ તો ઘણું સારું, – એમ માની પંચેન્દ્રિય જીવોનો ઘાત કરે છે, ત્યાં હિંસા તો પ્રાણઘાતથી છે. એકેન્દ્રિય કરતાં પંચેન્દ્રિયના દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ ઘણા-વધારે હોય છે. માટે જ એવો ઉપદેશ છે કે ઘણા એકેન્દ્રિય જીવને મારવા કરતાં દ્વીન્દ્રિય જીવને મારવાનું અનેકગણું પાપ છે તો પંચેન્દ્રિયને મારવાથી કેમ ઘણું પાપ ન થાય ? વળી બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય જીવને મારવામાં તો માંસનો આહાર થાય છે. તેના દોષ આગળ કહ્યા જ છે. માટે આ પ્રમાણે શ્રદ્ધાન કરવું ૮૨.

**रक्षा भवति बहूनामेकस्यैवास्य जीवहरणेन ।**
**इति मत्वा कर्त्तव्यं न हिंसनं हिंस्रसत्त्वानाम् ॥८३॥**

**અન્વયાર્થઃ–** [अस्य] 'આ [एकस्य एव] એક જ [जीवहरणेन] જીવનો ઘાત કરવાથી [ बहूनाम्] ઘણા જીવોની [रक्षा भवति] રક્ષા થાય છે' [इति मत्वा] એમ માની ને [हिंस्रसत्त्वानाम्] હિંસક જીવોની પણ [हिंसनं] હિંસા [न कर्त्तव्यम्] ન કરવી જોઈએ.

**ટીકાઃ–** 'अस्य एकस्य एव जीवहरणेन बहूनाम् रक्षा भवति' –આનો એક જ જીવ મારવાથી ઘણા જીવોની રક્ષા થાય છે ' इति मत्वा हिंस्र सत्त्वानां हिंसनं न कार्यम्' – એમ જાણીને હિંસક જીવનો પણ ઘાત ન કરવો.

**ભાવાર્થઃ–** સાપ, વીંછી, નાહર, સિંહ ઇત્યાદિ બીજા જીવોને મારનાર-હિંસક જીવોને મારવાથી ઘણા જીવ બચે છે માટે એને મારવામાં પાપ નથી–એવું શ્રદ્ધાન ન કરવું, કેમકે એને તો એના કાર્યનું પાપ લાગે છે. લોકમાં અનેક જીવો પાપ-પુણ્ય ઉપજાવે છે, તેમાં આને શું ? તે હિંસક જીવો હિંસા કરે છે તો તેમને પાપ લાગશે. પોતે તેમની હિંસા કરીને શા માટે પાપ ઉપજાવે ? ૮૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**बहुसत्त्वघातिनोऽमी जीवन्त उपार्जयन्ति गुरु पापम् ।**
**इत्यनुकम्पां कृत्वा न हिंसनीयाः शरीरिणो हिंस्राः ।।૮૪।।**

**અન્વયાર્થઃ–** [बहुसत्त्वघातिनः] 'ઘણા જીવના ઘાતક [अमी] આ જીવો [जीवन्तः] જીવતા રહેશે તો [गुरु पापम्] ઘણું પાપ [उपार्जयन्ति] ઉપાર્જન કરશે' [इति] એ પ્રકારની [अनुकम्पां कृत्वा] દયા લાવીને [हिंस्राः शरीरिणः] હિંસક જીવોને [न हिंसनीयाः] મારવા ન જોઈએ.

**ટીકાઃ–** 'बहुसत्त्वघातिनः अमी जीवन्तः गुरु पापं उपार्जयन्ति ' – ઘણા જીવોને મારનારા આ પાપી જીવતા રહે તો ઘણાં પાપ ઉપજાવશે એમ ' इति अनुकम्पां कृत्वा हिंस्राः शरीरिणः न हिंसनीयाः' –દયા કરીને હિંસક જીવોને ન મારવા.

**ભાવાર્થઃ–** બાજ, સમળી વગેરે જે જે હિંસક છે તે જીવતા રહે તો ઘણાં પાપ કરશે અને ઘણા જીવોને મારશે માટે એને મારવા-એવું શ્રદ્ધાન ન કરવું. તેમની હિંસાનું પાપ તેમને છે, પોતાને શું ? બને તો તે પાપક્રિયા છોડાવી દેવી. ૮૪.

**बहुदुःखासंज्ञपिताः प्रयान्ति त्वचिरेण दुःखविच्छित्तिम् ।**
**इति वासनाकृपाणीमादाय न दुःखिनोऽपि हन्तव्याः ।।૮૫।।**

**અન્વયાર્થઃ–** [तु] અને [बहुदुःखासंज्ञपिताः] 'અનેક દુઃખોથી પીડિત જીવ [अचिरेण] થોડા જ સમયમાં [दुःखविच्छित्तिम्] દુઃખનો અંત [प्रयान्ति] પામશે' [इति वासनाकृपाणीं] એ પ્રકારની વાસના અથવા વિચારરૂપી તલવાર [आदाय] લઈને [ दुःखिनः अपि ] દુઃખી જીવોને પણ [न हन्तव्याः] મારવા ન જોઈએ.

**ટીકાઃ–** ' तु बहुदुःखासंज्ञपिताः अचिरेण दुःखविच्छित्तिम् प्रयान्ति' – એ જીવ ઘણાં દુઃખથી પીડાય છે, જો એને મારીએ તો તેમનું બધું દુઃખ નાશ પામે. ' इति वासनाकृपाणीं आदाय दुःखिनः अपि न हन्तव्याः' – એવી ખોટી વાસનારૂપી તલવાર ગ્રહણ કરીને દુઃખી જીવોને પણ ન મારવા.

**ભાવાર્થઃ–** આ જીવ રોગથી અથવા ગરીબાઈ આદિથી બહુ જ દુઃખી છે, જો એને મારીએ તો તે દુઃખથી છૂટી જાય–એવી શ્રદ્ધા ન કરવી. મનુષ્ય અને તિર્યંચનું આયુષ્ય પુણ્યના ઉદયથી ઘણું હોય છે, માટે તેનું વેદન કરવું. અથવા જેવો તેને ઉદય છે તેવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભોગવે છે, પોતે હિંસા કરીને પાપ શા માટે ઉપજાવવું? ૮૫.

**कृच्छ्रेण सुखावाप्तिर्भवन्ति सुखिनो हता: सुखिन एव ।**
**इति तर्कमण्डलाग्र: सुखिनां घाताय नादेय: ।।८६।।**

**અન્વયાર્થઃ–** [सुखावाप्ति:] 'સુખની પ્રાપ્તિ [कृच्छ्रेण] કષ્ટથી થાય છે, માટે [हता:] મારવામાં આવેલા [सुखिन:] સુખી જીવ [सुखिन: एव] સુખી જ [भवन्ति] થશે' [इति] એમ [तर्कमण्डलाग्र:] કુતર્કનું ખડ્ગ [सुखिनां घाताय] સુખીઓના ઘાત માટે [नादेय:] અંગીકાર કરવું ન જોઈએ.

**ટીકાઃ–** ' कृच्छ्रेण सुखावाप्ति:' –કષ્ટથી સુખની પ્રાપ્તિ થાય છે. ' सुखिन: हता: सुखिन: एव भवन्ति' – તેથી સુખી જીવોને મારીએ તો તેઓ પરલોકમાં પણ સુખી જ થાય છે.'सुखिनां घाताय इति तर्कमण्डलाग्र: न आदेय:' – સુખી જીવોના ઘાત માટે આ પ્રકારનો વિચાર કોઈએ ન કરવો.

**ભાવાર્થઃ–** સુખ કષ્ટથી થાય છે. માટે આ સુખી જીવને કાશીનું કરવત વગેરે પ્રકારથી મારીએ તો પરલોકમાં પણ તે સુખી થાય - એવું શ્રદ્ધાન ન કરવું. આ રીતે મરવાથી કે મારવાથી સુખી કેવી રીતે થાય? સુખી તો સત્ય ધર્મના સાધનથી થાય છે. ૮૬.

**उपलब्धिसुगतिसाधनसमाधिसारस्य भूयसोऽभ्यासात् ।**
**स्वगुरो: शिष्येण शिरो न कर्त्तनीयं सुधर्ममभिलषता ।।८७।।**

**અન્વયાર્થઃ–** [सुधर्मम् अभिलषता] સત્યધર્મના અભિલાષી [शिष्येण] શિષ્ય દ્વારા [भूयस: अभ्यासात्] અધિક અભ્યાસથી [उपलब्धिसुगतिसाधनसमाधिसारस्य] જ્ઞાન અને સુગતિ કરવામાં કારણભૂત સમાધિનો સાર પ્રાપ્ત કરનાર [स्वगुरो:] પોતાના ગુરુનું [शिर:] મસ્તક [न कर्त्तनीयम्] કાપવું ન જોઈએ.

**ટીકાઃ–** 'सुधर्मम् अभिलषता शिष्येण स्वगुरो: शिरं न कर्त्तनीयम्' –ધર્મને ચાહનાર શિષ્યે પોતાના ગુરુનું મસ્તક ન કાપવું જોઈએ. કેવા છે ગુરુ? 'भूयस: अभ्यासात् उपलब्धि सुगति साधन समाधिसारस्य' –ઘણા અભ્યાસથી જેમણે સુગતિના કારણભૂત સમાધિનો સાર મેળવ્યો છે તેવા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**– આપણા ગુરુ અભ્યાસમાં લાગી ગયા છે (ધ્યાન-સમાધિમાં મગ્ન છે), અભ્યાસ ઘણો કર્યો, હવે જો એમના પ્રાણોનો અંત કરીએ તો તે ઉચ્ચ પદને પામે-એમ વિચાર કરીને શિષ્યે પોતાના ગુરુનું મસ્તક કાપવું યોગ્ય નથી. જો તેમણે સાધન કર્યું છે તો તેઓ જ પોતાનું ફળ આગળ પામશે. તું હિંસા કરીને પાપ શા માટે ઉપજાવે છે? ૮૭.

**धनलवपिपासितानां विनेयविश्वासनाय दर्शयताम् ।**
**झटितिघटचटकमोक्षं श्रद्धेयं नैव खारपटिकानाम् ॥८८॥**

**અન્વયાર્થઃ**– [धनलवपिपासितानां] થોડાક ધનના લોભી અને [ विनेयविश्वासनाय दर्शयताम्] શિષ્યોને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે દેખાડનાર [खारपटिकानाम्] ખારપટિકોના [ झटितिघटचटकमोक्षं] શીઘ્ર ઘડો ફૂટવાથી ચકલીના મોક્ષની જેમ મોક્ષનું [नैव श्रद्धेयम्] શ્રદ્ધાન ન કરવું જોઈએ.

**ટીકાઃ**– 'खारपटिकानां झटितिघटचटकमोक्षं नैव श्रद्धेयम्' – એક ખારપટિક મત છે; તેઓ તત્કાળ ઘડાના પક્ષીના મોક્ષ સમાન મોક્ષ કહે છે તેનું શ્રદ્ધાન ન કરવું.

**ભાવાર્થઃ**– કોઈ ખારપટિક નામનો મત છે, જેમાં મોક્ષનું સ્વરૂપ એવું કહ્યું છે કે જેમ ઘડામાં પક્ષી કેદ થયેલું છે, જો ઘડો ફોડી નાખવામાં આવે તો પક્ષી બંધનમાંથી મુક્ત થઈ જાય. તેમ આત્મા શરીરમાં બંધ થયેલ છે, જો શરીરનો નાશ કરીએ તો આત્મા બંધનરહિત-મુક્ત થાય. એવું શ્રદ્ધાન ન કરવું. કેમ કે આવું શ્રદ્ધાન હિંસાનું કારણ છે. અંતરંગ કાર્માણ શરીરના બંધનસહિત આત્મા એમ મુક્ત કેવી રીતે થાય? કેવા છે ખારપટિક? 'धनलवपिपासितानाम्' –થોડાક ધનના લોભી છે. વળી કેવા છે? 'विनेयविश्वासनाय दर्शयताम्' – શિષ્યોને વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે કેટલીક રીતો બતાવે છે. માટે એમના કથનનું શ્રદ્ધાન ન કરવું. ૮૮.

**दृष्ट्वापरं पुरस्तादशनाय क्षामकुक्षिमायान्तम् ।**
**निजमांसदानरभसादालभनीयो न चात्मापि ॥८९॥**

**અન્વયાર્થઃ**– [च] અને [अशनाय] ભોજન માટે [पुरस्तात्] પાસે [आयान्तम्] આવેલા [अपरं] અન્ય [क्षामकुक्षिम्] ભૂખ્યા પુરુષને [दृष्ट्वा] જોઈને [निजमांसदानरभसात्]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના શરીરનું માંસ દેવાની ઉત્સુકતાથી [आत्मापि] પોતાનો પણ [न आलभनीयः] ઘાત કરવો ન જોઈએ.

**ટીકાઃ–** 'च अशनाय आयान्तं क्षामकुक्षिं पुरस्तात् दृष्ट्वा निजमांसदानरभसात् आत्मा अपि न आलभनीयः' –ભોજન લેવા માટે આવેલા દુર્બળ શરીરવાળા મનુષ્યને પોતાની સામે જોઈને પોતાનું માંસ દેવાના ઉત્સાહથી પોતાના શરીરનો પણ ઘાત ન કરવો.

**ભાવાર્થઃ–** કોઈ માંસભક્ષી જીવ ભોજન માટે પોતાની પાસે આવ્યો. તેને જોઈ તેના પોતાના શરીરનો પણ ઘાત ન કરવો, કારણ કે માંસભક્ષી પાત્ર નથી. માંસનું દાન તે ઉત્તમ દાન નથી. ૮૯.

**को नाम विशति मोहं नयभङ्गविशारदानुपास्य गुरून् ।**
**विदितजिनमतरहस्यः श्रयन्नहिंसां विशुद्धमतिः ॥९०॥**

**અન્વયાર્થઃ–** [नयभङ्गविशारदान्] નયના ભંગો જાણવામાં પ્રવીણ [गुरून्] ગુરુઓની [उपास्य] ઉપાસના કરીને [विदितजिनमतरहस्यः] જૈનમતનું રહસ્ય જાણનાર [को नाम] એવો કોણ [विशुद्धमतिः] નિર્મળ બુદ્ધિધારી છે જે [अहिंसां श्रयन्] અહિંસાનો આશ્રય લઈને [मोहं] મૂઢતાને [विशति] પ્રાપ્ત થશે?

**ટીકાઃ–** 'नाम नयभङ्गविशारदान् गुरून् उपास्य कः मोहं विशति' –હે જીવ, નયના ભેદો જાણવામાં પ્રવીણ એવા ગુરુનું સેવન કરીને ક્યો જીવ મોહને પ્રાપ્ત થાય? ન થાય.

**ભાવાર્થઃ–** જીવને સારા-નરસાનું, હિત-અહિતનું શ્રદ્ધાન ગુરુના ઉપદેશથી થાય છે. પૂર્વોક્ત અશ્રદ્ધાની કુગુરુના ભરમાવવાથી અન્યથા પ્રવર્તે છે. પણ જે જીવે સર્વ નયના જાણનાર પરમ ગુરુની સેવા કરી છે તે કેવી રીતે ભ્રમમાં પડે? ન જ પડે. કેવો છે તે જીવ? 'विदितजिनमतरहस्यः' –જેણે જૈનમતનું રહસ્ય જાણ્યું છે તેવો છે. વળી કેવો છે? 'अहिंसां श्रयन्' –દયા જ ધર્મનું સ્વરૂપ છે એમ જાણી તેને અંગીકાર કરે છે. અને 'विशुद्धमतिः' –જેની બુદ્ધિ નિર્મળ છે એવો જીવ મોહને પ્રાપ્ત થતો નથી. આ રીતે દયાધર્મને દૃઢ કર્યો. એ પ્રમાણે અહિંસા વ્રતનું વર્ણન કર્યું. ૯૦.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સત્ય વ્રત

**यदिदं प्रमादयोगादसदभिधानं विधीयते किमपि ।**
**तदनृतमपि विज्ञेयं तद्भेदाः सन्ति चत्वारः ॥९१॥**

**અન્વયાર્થઃ–** [यत्] જે [किमपि] કાંઈ [प्रमादयोगात्] પ્રમાદ કષાયના યોગથી [इदं] આ [असदभिधानं] સ્વપરને હાનિકારક અથવા અન્યથારૂપ વચન [विधीयते] કહેવામાં આવે છે [तत्] તેને [अनृतं अपि] નિશ્ચયથી જૂઠું [विज्ञेयम्] જાણવું જોઈએ. [तद्भेदाः] તેના ભેદ [चत्वारः] ચાર [सन्ति] છે.

**ટીકાઃ–** 'यत् किमपि प्रमादयोगात् इदं असत् अभिधानं विधीयते तत् अनृतं अपि विज्ञेयम्' –જે કાંઈ પ્રમાદ સહિતના યોગના હેતુથી આ અસત્ય એટલે બૂરું અથવા અન્યથારૂપ વચન છે તેને નિશ્ચયથી અનૃત જાણવું. 'तद्भेदाः चत्वारः सन्ति'–તે અસત્યવચનના ચાર ભેદ છે. ૯૧.

**તે આગળ કહીએ છીએ. તેમાં પ્રથમ ભેદ કહે છે :–**

**स्वक्षेत्रकालभावैः सदपि हि यस्मिन्निषिध्यते वस्तु ।**
**तत्प्रथममसत्यं स्यान्नास्ति यथा देवदत्तोऽत्र ॥९२॥**

**અન્વયાર્થઃ–** [यस्मिन्] જે વચનમાં [स्वक्षेत्रकालभावैः] પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી [सत् अपि] વિદ્યમાન હોવા છતાં પણ [वस्तु] વસ્તુનો [निषिध्यते] નિષેધ કરવામાં આવે છે [तत्] તે [प्रथमम्] પ્રથમ [असत्यं] અસત્ય [स्यात्] છે. [यथा] જેમ કે [अत्र] 'અહીં [देवदत्तः] દેવદત્ત [नास्ति] નથી.'

**ટીકાઃ–** ' यस्मिन् स्वद्रव्यक्षेत्रकालभावैः सत् अपि वस्तु निषिध्यते तत् प्रथमं असत्यं स्यात् ' –જે વચનમાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી સત્તારૂપે વિદ્યમાન એવા પદાર્થનો પણ નિષેધ કરવામાં આવે કે પદાર્થ નથી; તે પ્રથમ ભેદરૂપ અસત્ય છે. દૃષ્ટાંત કહે છે– 'यथा अत्र देवदत्तः नास्ति' – જેમકે અહીં દેવદત્ત નથી.

**ભાવાર્થઃ–** કોઈ ક્ષેત્રમાં દેવદત્ત નામનો પુરુષ બેઠો હતો, ત્યાં કોઈએ પૂછયું કે અહીં દેવદત્ત છે? ત્યાં ઉત્તર આપ્યો કે અહીં તો દેવદત્ત નથી. આ રીતે પોતાના દ્રવ્ય,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્ષેત્ર, કાળ, ભાવથી જે વસ્તુ અસ્તિરૂપ હોય તેને નાસ્તિરૂપ કહીએ તે અસત્યનો પ્રથમ ભેદ છે. અસ્તિ વસ્તુને નાસ્તિ કહેવું તે. જે કોઇ તે પદાર્થ છે તેને તો દ્રવ્ય કહીએ. જે ક્ષેત્રમાં એકત્વરૂપ થઇને રહે છે તેને ક્ષેત્ર કહીએ. જે કાળે જે રીતે પરિણમે તેને કાળ કહીએ. તે પદાર્થનો જે કાંઇ નિજભાવ છે તેને ભાવ કહીએ. આ પોતાનાં ચતુષ્ટયની અપેક્ષાએ સર્વ પદાર્થ અસ્તિત્વરૂપ છે. અહીં દેવદત્તનાં પોતાનાં ચતુષ્ટય તો હતાં જ, પરંતુ નાસ્તિરૂપ જે કહ્યું તે જ અસત્ય વચન થયું. ૯૨.

**આગળ બીજો ભેદ કહે છે :–**

**असदपि हि वस्तुरूपं यत्र परक्षेत्रकालभावैस्तैः ।**
**उद्भाव्यते द्वितीयं तदनृतमस्मिन् यथास्ति घटः ।।९३।।**

**અન્વયાર્થઃ–** [हि] નિશ્ચયથી [यत्र] જે વચનમાં [तैः परक्षेत्रकालभावैः] તે પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી [असत् अपि] અવિદ્યમાન હોવા છતાં પણ [वस्तुरूपं] વસ્તુનું સ્વરૂપ [उद्भाव्यते] પ્રગટ કરવામાં આવે છે [तत्] તે [द्वितीयं] બીજું [अनृतम्] અસત્ય [स्यात्] છે, [यथा] જેમકે [अस्मिन्] અહીં [घटः] ઘડો છે.

**ટીકાઃ–** 'हि यत्र तैः परद्रव्यक्षेत्रकालभावैः वस्तुरूपं असत् अपि उद्भाव्यते तत् द्वितीयं अनृतं' – નિશ્ચયથી જે વચનમાં પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પદાર્થ સત્તારૂપ નથી તોપણ ત્યાં પ્રગટ કરવું તે બીજું અસત્ય છે. તેનું ઉદાહરણઃ– 'यथा अस्मिन् घटः अस्ति' – જેમ કે અહીં ઘડો છે.

**ભાવાર્થઃ–** કોઇ ક્ષેત્રમાં ઘડો તો હતો નહિ તેથી તે વખતે તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જ નહોતાં; બીજો પદાર્થ હતો તેથી તે વખતે તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હતાં. કોઇએ પૂછયું કે અહીં ઘડો છે કે નહિ ? ત્યાં ઘડો છે એમ કહેવું તે બીજો અસત્યનો ભેદ થયો, કેમકે નાસ્તિરૂપ વસ્તુને અસ્તિ કહી.

**આગળ ત્રીજો ભેદ કહે છેઃ–**

**वस्तु सदपि स्वरूपात् पररूपेणाभिधीयते यस्मिन् ।**
**अनृतमिदं च तृतीयं विज्ञेयं गौरिति यथाऽश्वः ।।९४।।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [च] અને [अस्मिन्] જે વચનમાં [स्वरूपात्] પોતાના ચતુષ્ટયથી [सत् अपि] વિદ્યમાન હોવા છતાં પણ [वस्तु] પદાર્થ [पररूपेण] અન્ય સ્વરૂપે [अभिधीयते] કહેવામાં આવે છે તે [इदं] આ [तृतीयं अनृतं] ત્રીજું અસત્ય [विज्ञेयं] જાણવું. [यथा] જેમ [गौः] બળદ [अश्वः] ઘોડો છે [इति] એમ કહેવું તે.

**ટીકાઃ–** 'च यस्मिन् सत् अपि वस्तु पररूपेण अभिधीयते इदं तृतीयं अनृतं विज्ञेयं' – જે વચનમાં પોતાનાં ચતુષ્ટયમાં વિદ્યમાન હોવા છતાં પણ તે પદાર્થને અન્ય પદાર્થરૂપે કહેવો તે ત્રીજું અસત્ય જાણવું. તેનું ઉદાહરણ :–यथा गौः अश्वः– જેમ કે બળદને ઘોડો કહેવો તે.

**ભાવાર્થઃ–** કોઈ ક્ષેત્રમાં બળદ પોતાના ચતુષ્ટયમાં હતો, ત્યાં કોઈએ પૂછ્યું કે અહીં શું છે ? ત્યારે એમ કહેવામાં આવે કે અહીં ઘોડો છે, તે ત્રીજો અસત્યનો ભેદ છે. વસ્તુને અન્યરૂપે કહેવી તે. ૯૪.

**આગળ ચોથો ભેદ કહે છે :–**

**गर्हितमवद्यसंयुतमप्रियमपि भवति वचनरूपं यत् ।**
**सामान्येन त्रेधा मतमिदमनृतं तुरीयं तु ॥९५॥**

**અન્વયાર્થઃ–** [तु] અને [इदं] આ [तुरीयं] ચોથું [अनृतं] અસત્ય [सामान्येन] સામાન્યરૂપે [गर्हितम्] ગર્હિત, [अवद्यसंयुतम्] પાપ સહિત [अपि] અને [अप्रियम्] અપ્રિય-એ રીતે [त्रेधा] ત્રણ પ્રકારનું [मतम्] માનવામાં આવ્યું છે. [यत्] કે જે [वचनरूपं] વચનરૂપ [भवति] છે.

**ટીકાઃ–** 'तु इदं तुरीयं अनृतं सामान्येन त्रेधा मतम्-यत् अपि वचनरूपं गर्हितं अवद्यसंयुतं अप्रियं भवति '– આ ચોથો જૂઠનો ભેદ ત્રણ પ્રકારે છે. ૧. વચનથી નિંદાના શબ્દો કહેવા, ૨. હિંસા સહિત વચન બોલવાં, ૩. અપ્રિય વચન અર્થાત્ બીજાને ખરાબ લાગે તેવાં વચન બોલવાં. આ ત્રણ ભેદ છે. ૯૫.

**આગળ ત્રણ ભેદોનું અલગ અલગ વર્ણન કરે છે. પહેલાં ગર્હિતનું સ્વરૂપ કહે છેઃ–**

**पैशून्यहासगर्भं कर्कशमसमञ्जसं प्रलपितं च ।**
**अन्यदपि यदुत्सूत्रं तत्सर्वं गर्हितं गदितम् ॥९६॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [पैशून्यहासगर्भं] દુષ્ટતા અથવા કુથલીરૂપ હાસ્યવાળું [कर्कशं] કઠોર, [असमञ्जसं] મિથ્યાશ્રદ્ધાનવાળું [च] અને [प्रलपितं] પ્રલાપરૂપ (બકવાદ) તથા [अन्यदपि] બીજું પણ [यत्] જે [उत्सूत्रं] શાસ્ત્ર-વિરુદ્ધ વચન છે [तत्सर्वं] તે બધાને [गर्हितं] નિંદ્ય વચન [गदितम्] કહ્યું છે.

**ટીકાઃ–** 'यत् वचनं पैशून्यहासगर्भं कर्कशं असमञ्जसं प्रलपितं च अन्यत् अपि उत्सूत्रं तत् गर्हितम् गदितम्' – જે વચન દુષ્ટતા સહિતનું હોય, બીજા જીવનું બૂરું કરનાર હોય, પોતાને રૌદ્રધ્યાન થાય તેવું હોય, તથા હાસ્યમિશ્રિત હોય, અન્ય જીવના મર્મને ભેદનારું હોય, પોતાને પ્રમાદ કરાવનારું હોય, કર્કશ-કઠોર હોય, અસમંજસ-મિથ્યાશ્રદ્ધા કરાવનાર હોય અને અપ્રમાણરૂપ હોય તે તથા બીજાં પણ જે શાસ્ત્ર-વિરુદ્ધ વચનો છે તે બધાં ગર્હિત વચનમાં જ ગર્ભિત છે. ૯૬.

**આગળ અવદ્યસંયુત જૂઠનું સ્વરૂપ લખે છેઃ–**

**छेदनभेदनमारणकर्षणवाणिज्यचौर्यवचनादि ।**
**तत्सावद्यं यस्मात्प्राणिवधाद्याः प्रवर्तन्ते ॥९७॥**

**અન્વયાર્થઃ–** [यत्] જે [छेदनभेदनमारणकर्षणवाणिज्यचौर्यवचनादि] છેદન, ભેદન, મારણ, શોષણ અથવા વ્યાપાર કે ચોરી આદિના વચન છે [तत्] તે બધાં [सावद्यं] પાપયુક્ત વચન છે, [यस्मात्] કારણ કે એ [प्राणिवधाद्याः] પ્રાણીહિંસા વગેરે પાપરૂપે [प्रवर्तन्ते] પ્રવૃત્તિ કરે છે.

**ટીકાઃ–** 'यत् छेदन भेदन मारण कर्षण वाणिज्य चौर्य वचनादि तत् सर्व सावद्यं अस्ति यस्मात् प्राणिवधाद्याः प्रवर्तन्ते' – અર્થઃ– જે નાક વગેરે છેદવાનું વચન, કાપવાનું, મારવાનું, ખેંચવાનું, વ્યાપાર કરવાનું, ચોરી કરવાનું વગેરે કહેવાં તે બધું અવદ્યસહિત જૂઠનું સ્વરૂપ છે. એનાથી પ્રાણીઓનો ઘાત થાય છે. ૯૭.

**આગળ અપ્રિય જૂઠનું સ્વરૂપ કહે છે :–**

**अरतिकरं भीतिकरं खेदकरं वैरशोककलहकरम् ।**
**यदपरमपि तापकरं परस्य तत्सर्वमप्रियं ज्ञेयम् ॥९८॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [यत्] જે વચન [परस्य] બીજા જીવને [ अरतिकरं ] અપ્રીતિ કરનાર, [भीतिकरं] ભય ઉત્પન્ન કરનાર, [खेदकरं ] ખેદ કરનાર, [वैरशोककलहकरं] વેર શોક અને કજિયો કરાવનાર હોય તથા જે [अपरमपि] બીજા પણ [तापकरं] સંતાપોને કરાવનારું હોય [तत्] તે [सर्वं] બધું જ [अप्रियम्] અપ્રિય [ज्ञेयम् ] જાણવું.

**ટીકાઃ**– 'यत् वचनं परस्य अरतिकरं भीतिकरं खेदकरं वैरशोककलहकरं तथा अपरमपि तापकरं तत्सर्वं अप्रियं ज्ञेयम्' –**અર્થઃ**– જે વચન બીજાને અરતિ કરનાર અર્થાત્ બૂરું લાગે તેવું હોય, ભય ઉપજાવનાર હોય, ખેદ ઉત્પન્ન કરનાર હોય, તથા વેર, શોક અને કલહ કરવાવાળું હોય તથા બીજું જે દુઃખ તે ઉત્પન્ન કરનાર હોય તે સર્વ વચન અપ્રિય જૂઠનો ભેદ છે. ૯૮.

## જૂઠ વચનમાં હિંસાનો સદ્ભાવ

**सर्वस्मिन्नप्यस्मिन्प्रमत्तयोगैकहेतुकथनं यत् ।**
**अनृतवचनेऽपि तस्मान्नियतं हिंसा समवतरति ॥९९॥**

**અન્વયાર્થઃ**– [यत्] જે કારણે [अस्मिन्] આ [सर्वस्मिन्नपि] બધાં જ વચનોમાં [प्रमत्तयोगैकहेतुकथनं] પ્રમાદ સહિત યોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે, [तस्मात्] તેથી [अनृतवचने] અસત્ય વચનમાં [अपि] પણ [हिंसा] હિંસા [नियतं] નિશ્ચિતરૂપે [समवतरति] આવે છે.

**ટીકા** – 'यत् अस्मिन् सर्वस्मिन् अपि अनृतवचने प्रमत्तयोगैकहेतुकथनं अस्ति तस्मात् अनृतवचने हिंसा नियतं समवतरति' –**અર્થઃ**– આ સર્વ પ્રકારનાં જૂઠ વચનોમાં પ્રમાદયોગ જ કારણ છે તેથી જૂઠું વચન બોલવામાં હિંસા અવશ્ય જ થાય છે, કારણ કે હિંસા પ્રમાદથી જ થાય. પ્રમાદ વિના હિંસા થાય નહિ. જયાં પ્રમાદ ન હોય ત્યાં હિંસા હોય નહિ. અને જયાં પ્રમાદ છે ત્યાં હિંસા અવશ્ય થાય છે. ' प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा'' इति वचनात्' – (પ્રમાદના યોગથી પ્રાણોનો ઘાત કરવો તે હિંસા છે એ વચન પ્રમાણે.) ૯૯.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રમાદસહિત યોગ હિંસાનું કારણ –

**हेतौ प्रमत्तयोगे निर्दिष्टे सकलवितथवचनानाम् ।**
**हेयानुष्ठानादेरनुवदनं भवति नासत्यम् ॥१००॥**

**અન્વયાર્થ:–** [सकलवितथवचनानाम्] સમસ્ત જૂઠ વચનોનો [प्रमत्तयोगे] પ્રમાદસહિત યોગ [हेतौ] હેતુ [निर्दिष्टे सति] નિર્દિષ્ટ કરવામાં આવ્યો હોવાથી [हेयानुष्ठानादे:] હેય-ઉપાદેયાદિ અનુષ્ઠાનોનું [अनुवदनं] કહેવું [असत्यम्] જૂઠ [न भवति] નથી.

**ટીકા:–** 'सकल वितथ वचनानां प्रमत्तयोगे हेतौ निर्दिष्टे सति हेयानुष्ठानादे: अनुवदनं असत्यं न भवति' – **અર્થ:–** સમસ્ત જૂઠ વચનોનું કારણ પ્રમાદસહિત યોગને બતાવીને હેય અને ઉપાદેયનું વારંવાર કથન કરવું-ઉપદેશ કરવો તે જૂઠ નથી.

**ભાવાર્થ:–** જૂઠ વચનના ત્યાગી મહામુનિ હેય અને ઉપાદેયનો વારંવાર ઉપદેશ કરે છે; ત્યાં પાપની નિંદા કરતાં પાપી જીવને તેમનો ઉપદેશ બૂરો લાગે, અથવા કોઈને ધર્મોપદેશ આપવાથી ખરાબ લાગે, તે દુઃખ પામે, પણ તે આચાર્યોને જૂઠનો દોષ લાગતો નથી. કેમકે તેમને પ્રમાદ (કષાય) નથી. પ્રમાદપૂર્વક વચનમાં જ હિંસા છે. તેથી જ કહ્યું છે કે પ્રમાદસહિત યોગથી વચન બોલવાં તે જ જૂઠ છે, અન્યથા નહિ. ૧૦૦.

## એવા ત્યાગનો પ્રકાર:–

**भोगोपभोगसाधनमात्रं सावद्यमक्षमा मोक्तुम् ।**
**ये तेऽपि शेषमनृतं समस्तमपि नित्यमेव मुञ्चन्तु ॥१०१॥**

**અન્વયાર્થ:–** [ये] જે જીવ [भोगोपभोगसाधनमात्रं] ભોગ-ઉપભોગના સાધન માત્ર [सावद्यम्] સાવદ્યવચન [मोक्तुम्] છોડવાને [ अक्षमा: ] અસમર્થ છે [ते अपि] તેઓ પણ [शेषम्] બાકીના [समस्तमपि] સમસ્ત [अनृतं] અસત્ય ભાષણનો [नित्यमेव] નિરન્તર [मुञ्चन्तु] ત્યાગ કરે.

**ટીકા:–** 'ये अपि भोगोपभोगसाधनमात्रं सावद्यं मोक्तुम् अक्षमा: (सन्ति) ते अपि शेषं समस्तम् अपि अनृतम् नित्यं एव मुञ्चन्तु' – **અર્થ:–** જે પ્રાણી પોતાના ન્યાયપૂર્વકના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે ભોગ-ઉપભોગ તેના કારણભૂત જે સાવદ્ય (હિંસાસહિત) વચન ત્યાગવાને અસમર્થ છે તેઓએ બીજાં બધાં જૂઠ વચનોનો હંમેશાં ત્યાગ કરવો જોઈએ.

**ભાવાર્થ :**– જૂઠનો ત્યાગ બે પ્રકારે છે. એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ બને છે તથા એકદેશ ત્યાગ શ્રાવકધર્મમાં હોય છે. જો સર્વથા ત્યાગ બની શકે તો ઉત્તમ જ છે, કદાચ કષાયના ઉદયથી ( અર્થાત્ કષાયવશ ) સર્વથા ત્યાગ ન બને તો એકદેશ ત્યાગ તો અવશ્ય જ કરવો જોઈએ. કારણ કે શ્રાવક અવસ્થામાં અન્ય જૂઠના સર્વ ભેદોનો ત્યાગ કરે છે પણ સાવદ્ય જૂઠનો ત્યાગ કરી શકે નહિ, તો ત્યાં પણ પોતાના ભોગ-ઉપભોગના નિમિત્તે જ સાવદ્ય જૂઠ બોલે, પ્રયોજન વિના બોલે નહિ.૧૦૧.

**ત્રીજા ચૌર્યપાપનું વર્ણન :–**

**अवितीर्णस्य ग्रहणं परिग्रहस्य प्रमत्तयोगाद्यत् ।**
**तत्प्रत्येयं स्तेयं सैव च हिंसा वधस्य हेतुत्वात् ॥१०२॥**

**અન્વયાર્થ:**– [यत्] જે [प्रमत्तयोगात्] પ્રમાદકષાયના યોગથી [अवितीर्णस्य] આપ્યા વિના [परिग्रहस्य] સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું [ग्रहणं] ગ્રહણ કરે છે [तत्] તેને [स्तेयं] ચોરી [प्रत्येयं] જાણવી જોઈએ. [च] અને [सा एव] તે જ [वधस्य] વધનું [हेतुत्वात्] કારણ હોવાથી [हिंसा] હિંસા છે.

**ટીકા:**– 'यत् प्रमत्तयोगात् अवितीर्णस्य परिग्रहस्य ग्रहणं तत् स्तेयं प्रत्येयं, च सैव हिंसा (भवति) वधस्य हेतुत्वात्' – **અર્થ:**– જે પ્રમાદના યોગથી દીધા વિના સુવર્ણ વસ્ત્રાદિ પરિગ્રહનું ગ્રહણ કરવું તેને જ ચોરી કહે છે. તે જ ચોરી હિંસા છે. કેમકે પોતાના અને પરના જીવના પ્રાણઘાતનું કારણ છે.

**ભાવાર્થ:**– પોતાને ચોરી કરવાના ભાવ થયા તે ભાવહિંસા અને જે પોતાને ચોર જાણતાં પ્રાણનો વિયોગ કરવામાં આવે તે દ્રવ્યહિંસા. જે જીવની વસ્તુ ચોરવામાં આવી તેને અંતરંગમાં પીડા થઈ તે તેની ભાવહિંસા છે અને તે વસ્તુના નિમિત્તે તેના જે દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો, તે દ્રવ્યપ્રાણોમાં પીડા થઈ એ કારણે પરની દ્રવ્યહિંસા. આ રીતે ચોરી કરવાથી ચોરી કરનારની તથા જેની ચોરી થઈ છે તેની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દ્રવ્યહિંસા અને ભાવહિંસા બન્ને પ્રકારે થાય છે. ૧૦૨.

**ચોરી પ્રગટપણે હિંસા છે :–**

**अर्था नाम य एते प्राणा एते बहिश्चराः पुंसाम् ।**
**हरति स तस्य प्राणान् यो यस्य जनो हरत्यर्थान् ॥१०३॥**

**અન્વયાર્થઃ–** [यः] જે [जनः] મનુષ્ય [यस्य] જે જીવના [अर्थान्] પદાર્થો અથવા ધન [हरति] હરે છે [सः] તે મનુષ્ય [तस्य] તે જીવના [प्राणान्] પ્રાણ [हरति] હરે છે, કેમકે જગતમાં [ये] જે [एते] આ [अर्था नाम] ધનાદિ પદાર્થો પ્રસિદ્ધ છે [एते] તે બધા જ [पुंसां] મનુષ્યોને [बहिश्चराः प्राणाः] બાહ્યપ્રાણ [सन्ति] છે.

**ટીકાઃ–** 'ये एते अर्था नाम एते पुंसाम् बहिश्चराः प्राणाः सन्ति यस्मात् यः जनः यस्य अर्थान् हरति स तस्य प्राणान् हरति' – આ જે પદાર્થો છે તે મનુષ્યના બાહ્યપ્રાણ છે. તેથી જે જીવ જેનું ધન હરે છે, ચોરે છે તે તેના પ્રાણને જ હરે છે.

**ભાવાર્થઃ–** ધન, ધાન્ય, સંપત્તિ, બળદ, ઘોડા, દાસ, દાસી, ઘર, જમીન, પુત્ર, સ્ત્રી, વસ્ત્રાદિ જેટલા પદાર્થો જે જીવને છે તે જીવને એટલા જ બાહ્યપ્રાણ છે. તે પદાર્થોમાંથી કોઈ પદાર્થનો નાશ થતાં પોતાના પ્રાણઘાત જેટલું જ દુઃખ થાય છે. તેથી પદાર્થો ને જ પ્રાણ કહેવામાં આવ્યા છે. જેમ કે अन्नं वै प्राणाः इति वचनात् – (અન્ન તે જ પ્રાણ છે એ વચન પ્રમાણે.) ૧૦૩

**હિંસા અને ચોરીમાં અવ્યાપકતા નથી પણ વ્યાપકતા છે :–**

**हिंसायाः स्तेयस्य च नाव्याप्तिः सुघटमेव सा यस्मात् ।**
**ग्रहणे प्रमत्तयोगो द्रव्यस्य स्वीकृतस्यान्यैः ॥१०४॥**

**અન્વયાર્થઃ–** [हिंसायाः] હિંસામાં [च] અને [स्तेयस्य] ચોરીમાં [अव्याप्तिः] અવ્યાપ્તિદોષ [न] નથી, [सा सुघटमेव] તે હિંસા બરાબર ઘટે છે, [यस्मात्] કારણ કે [अन्यैः] બીજાના [स्वीकृतस्य] સ્વીકારેલા [द्रव्यस्य] દ્રવ્યના [ग्रहणे] ગ્રહણમાં [प्रमत्तयोगः] પ્રમાદનો યોગ છે.

**ટીકાઃ–** 'हिंसायाः स्तेयस्य अव्याप्तिः न सा सुघटमेव यस्मात् अन्यैः स्वीकृतस्य द्रव्यस्य ग्रहणे प्रमत्तयोगः भवति' **–અર્થઃ–** હિંસામાં અને ચોરીમાં અવ્યાપકપણું નથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સારી રીતે વ્યાપકપણું છે. કેમકે બીજાએ મેળવેલા પદાર્થમાં પોતાપણાની કલ્પના કરવી તેમાં પ્રમાદયોગ જ મુખ્ય કારણ છે.

**ભાવાર્થ :–** જો કોઈ જીવને કોઈ કાળે (જે સમયે) જયાં ચોરી છે ત્યાં હિંસા ન હોય તો અવ્યાપ્તિ નામ પામે, પણ પ્રમાદ વિના તો ચોરી બને નહિ. પ્રમાદનું નામ જ હિંસા છે અને ચોરીમાં પ્રમાદ અવશ્ય છે. માટે એમ સિદ્ધ થયું કે જયાં જયાં ચોરી છે ત્યાં ત્યાં અવશ્ય જ હિંસા છે. ૧૦૪.

**હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિ પણ નથીઃ–**

**नातिव्याप्तिश्च तयोः प्रमत्तयोगैककारणविरोधात् ।**
**अपि कर्म्मानुग्रहणे नीरागाणामविद्यमानत्वात् ॥१०५॥**

**અન્વયાર્થ :–** [च] અને [नीरागाणाम्] વીતરાગી પુરુષોને [प्रमत्तयोगैककारणविरोधात्] પ્રમાદયોગરૂપ એક કારણના વિરોધથી [कर्म्मानुग्रहणे] દ્રવ્યકર્મ નોકર્મની કર્મવર્ગણાઓ ગ્રહણ કરવામાં [अपि] નિશ્ચયથી [स्तेयस्य] ચોરી [अविद्यमानत्वात्] ઉપસ્થિત ન હોવાથી [तयोः] તે બન્નેમાં અર્થાત્ હિંસા અને ચોરીમાં [अतिव्याप्तिः] અતિવ્યાપ્તિ પણ [न] નથી.

**ટીકાઃ–** 'च तयोः (हिंसा स्तेययोः) अतिव्याप्तिः च न अस्ति यतः नीरागाणां प्रमत्तयोगैककारण विरोधात् कर्मानुग्रहणे अपि हिंसायाः अविद्यमानत्वात्'– અર્થઃ–હિંસા અને ચોરીમાં અતિવ્યાપ્તિપણું પણ નથી, અર્થાત્ ચોરી હોય અને હિંસા ન થાય એમ નથી. તથા હિંસા હોય અને ચોરી ન હોય એમ પણ નથી કેમકે વીતરાગી મહાપુરુષોને પ્રમાદસહિત યોગનું કારણ નથી, તે કારણે દ્રવ્યકર્મ-નોકર્મની વર્ગણાઓનું ગ્રહણ હોવા છતાં પણ ચોરીનો સદ્ભાવ નથી, પ્રમાદ ન હોવાથી. દીધા વિના વસ્તુનું ગ્રહણ તે ચોરી છે. વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોય છે અને તે વર્ગણાઓ કોઈની આપેલી નથી માટે તેમને ચોરીનો પ્રસંગ આવે. પરંતુ પ્રમાદ અને યોગ વિના ચોરી હોતી નથી. પ્રમાદયોગ છે તે જ હિંસા છે તેથી અતિવ્યાપ્તિપણું નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો હિંસા પ્રમાદ વિના ચોરી થઈ શકતી હોત તો અતિવ્યાપ્તિ દોષ આવત, પણ તે તો અહીં નથી. માટે એ વાત સિદ્ધ થઈ કે જ્યાં હિંસા નથી ત્યાં ચોરી પણ નથી અને જ્યાં ચોરી નથી ત્યાં હિંસા પણ નથી. ૧૦૫

### ચોરીના ત્યાગનો પ્રકાર:–

**असमर्था ये कर्तुं निपानतोयादिहरणविनिवृत्तिम् ।**
**तैरपि समस्तमपरं नित्यमदत्तं परित्याज्यम् ।।१०६।।**

**અન્વયાર્થ:–** [ये] જેઓ [निपानतोयादिहरणविनिवृत्तिम्] બીજાનાં કુવા, વાવ આદિ જળાશયોનું જળ વગેરેનું ગ્રહણ કરવાનો ત્યાગ [कर्तुम्] કરવાને [असमर्था:] અસમર્થ છે [तै:] તેમણે [अपि] પણ [अपरं] અન્ય [समस्तं] સર્વ [अदत्तं] દીધા વિનાની વસ્તુઓ ગ્રહણ કરવાનો [नित्यम्] હંમેશા [परित्याज्यम्] ત્યાગ કરવો યોગ્ય છે.

**ટીકા:–** 'ये (जीवा:) निपानतोयादिहरणविनिवृत्तिम् कर्तुं असमर्था: तै: (जीवै:) अपि नित्यं समस्तं अपरं अदत्तं परित्याज्यम्'– જે જીવો કુવા, નદીનું જળથી માંડીને માટી વગેરે વસ્તુઓ-જે સામાન્ય જનતાના ઉપયોગને માટે હોય છે-તેના ગ્રહણનો ત્યાગ કરવા અશક્ત છે તે જીવોએ પણ હંમેશાં બીજાની દીધા સિવાયની બધી વસ્તુઓના ગ્રહણનો ત્યાગ કરવો જોઈએ.

**ભાવાર્થ:–** ચોરીનો ત્યાગ પણ બે પ્રકારે છે. એક સર્વથા ત્યાગ, બીજો એકદેશ ત્યાગ. સર્વથા ત્યાગ તો મુનિધર્મમાં જ હોય. તે જો બની શકે તો અવશ્ય કરવો. કદાચ ન બને તો એકદેશ ત્યાગ તો અવશ્ય કરવો જોઈએ. શ્રાવક કુવા-નદીનું પાણી, ખાણની માટી કોઈને પૂછયા વિના ગ્રહણ કરે તોપણ ચોરી નામ પામે નહિ, અને જો મુનિ તેને ગ્રહણ કરે તો ચોરી નામ પામે. ૧૦૬.

## કુશીલનું સ્વરૂપ

**यद्वेदरागयोगान्मैथुनमभिधीयते तदब्रह्म ।**
**अवतरति तत्र हिंसा वधस्य सर्वत्र सद्भावात् ।।१०७।।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [यत्] જે [वेदरागयोगात्] વેદના રાગરૂપ યોગથી [मैथुनं] સ્ત્રી-પુરુષોનો સહવાસ [अभिधीयते] કહેવામાં આવે છે [तत्] તે [अब्रह्म] અબ્રહ્મ છે અને [तत्र] તે સહવાસમાં [वधस्य] પ્રાણિવધનો [सर्वत्र] સર્વસ્થાનમાં [सद्भावात्] સદ્ભાવ હોવાથી [हिंसा] હિંસા [अवतरति] થાય છે.

**ટીકાઃ**– 'यत् वेदरागयोगात् मैथुनं अभिधीयते तत् अब्रह्म भवति तत्र हिंसा अवतरति (यत:) सर्वत्र वधस्य सद्भावात्' –જે પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના પરિણમનરૂપ રાગભાવ સહિતના યોગથી મૈથુન અર્થાત્ સ્ત્રી-પુરુષે મળીને કામસેવન કરવું તે કુશીલ છે. તે કુશીલમાં હિંસા ઉત્પન્ન થાય છે. કારણ કે કુશીલ કરનાર અને કરાવનારને સર્વત્ર હિંસાનો સદ્ભાવ છે.

**ભાવાર્થઃ**– સ્ત્રીની યોનિ, નાભિ, કુચ અને કાંખમાં મનુષ્યાકારના અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે, તેથી સ્ત્રી સાથે સહવાસ કરવાથી દ્રવ્યહિંસા થાય છે અને સ્ત્રી-પુરુષ બન્નેને કામરૂપ પરિણામ થાય છે તેથી ભાવહિંસા થાય છે. શરીરની શિથિલતાદિના નિમિત્તે પોતાના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે. પર જીવ સ્ત્રી કે પુરુષના વિકાર પરિણામનું કારણ છે અથવા તેને પીડા ઊપજે છે, તેના પરિણામ વિકારી થાય છે તેથી અન્ય જીવના ભાવપ્રાણનો ઘાત થાય છે. વળી મૈથુનમાં ઘણા જીવો મરે છે, એ રીતે અન્ય જીવના દ્રવ્યપ્રાણનો ઘાત થાય છે. ૧૦૭.

### મૈથુનમાં પ્રગટ હિંસા છે :–

**हिंस्यन्ते तिलनाल्यां तप्तायसि विनिहिते तिला यद्वत् ।**
**बहवो जीवा योनौ हिंस्यन्ते मैथुने तद्वत् ॥१०८॥**

**અન્વયાર્થઃ**– [यद्वत्] જેમ [तिलनाल्यां] તલની નળીમાં [तप्तायसि विनिहिते] તપેલા લોખંડનો સળિયો નાખવાથી [तिला:] તલ [हिंस्यन्ते] બળી જાય છે. [तद्वत्] તેમ [मैथुने] મૈથુન વખતે [योनौ] યોનિમાં પણ [बहवो जीवा:] ઘણા જીવો [हिंस्यन्ते] મરે છે.

**ટીકાઃ**– 'यद्वत् तिलनाल्यां तप्तायसि विनिहिते (सति) तिला: हिंस्यन्ते तद्वत् योनौ मैथुने (कृते सति) बहवो जीवा: हिंस्यन्ते' –જેમ તલથી ભરેલી નળીમાં તપાવેલો લોખંડનો સળિયો નાખવાથી તે નળીના બધા તલ બળી જાય છે તેમ સ્ત્રીના અંગમાં



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુરુષના અંગથી મૈથુન કરવામાં આવતાં યોનિગત જે જીવો હોય છે તે બધા તરત જ મરણ પામે છે એ જ પ્રગટરૂપે દ્રવ્યહિંસા છે. ૧૦૮.

**કોઈ કહે કે અનંગક્રીડામાં તો હિંસા થતી નથી. તેને કહે છેઃ–**

**यदपि क्रियते किञ्चिन्मदनोद्रेकादनङ्गरमणादि ।**
**तत्रापि भवति हिंसा रागाद्युंत्पत्तितन्त्रत्वात् ॥१०९॥**

**અન્વયાર્થઃ–** અને [अपि] એ ઉપરાંત [मदनोद्रेकात्] કામની ઉત્કટતાથી [यत् किञ्चित्] જે કાંઈ [अनङ्गरमणादि] અનંગક્રીડા [क्रियते] કરવામાં આવે છે. [तत्रापि] તેમાં પણ [रागाद्युत्पत्तितन्त्रत्वात्] રાગાદિની ઉત્પત્તિને કારણે [हिंसा] હિંસા [भवति] થાય છે.

**ટીકાઃ–** 'यत् अपि मदनोद्रेकात् अनङ्गरमणादि किञ्चित् क्रियते तत्रापि हिंसा भवति रागाद्युत्पत्तितन्त्रत्वात्' – જે જીવ તીવ્ર ચારિત્રમોહ કર્મના ઉદયથી (ઉદયમાં જોડાવાથી) તીવ્ર કામવિકાર થવાને લીધે અનંગક્રીડા કરે છે ત્યાં પણ હિંસા થાય છે. કેમકે હિંસાનું થવું રાગાદિની ઉત્પત્તિને આધીન છે. જો રાગાદિ ન થાય તો હિંસા કદી થઈ શકતી નથી. માટે એ સિદ્ધ થયું કે અનંગક્રીડામાં પણ હિંસા થાય છે. ૧૦૯.

**કુશીલના ત્યાગનો ક્રમ**

**ये निजकलत्रमात्रं परिहर्तुं शक्नुवन्ति न हि मोहात् ।**
**निःशेषशेषयोषिन्निषेवणं तैरपि न कार्यम् ॥११०॥**

**અન્વયાર્થઃ–** [ये] જે જીવ [मोहात्] મોહને લીધે [निजकलत्रमात्रं] પોતાની વિવાહિતા સ્ત્રીને જ [परिहर्तुं] છોડવાને [हि] નિશ્ચયથી [न शक्नुवन्ति] સમર્થ નથી [तैः] તેમણે [निःशेषशेषयोषिन्निषेवणं अपि] બાકીની સ્ત્રીઓનું સેવન તો અવશ્ય જ [न] ન [कार्यम्] કરવું જોઈએ.

**ટીકાઃ–**'ये (जीवाः) हि मोहात् निजकलत्रमात्रं परिहर्तुं हि न शक्नुवन्ति तैरपि निःशेषशेषयोषिन्निषेवणं न कार्यम्' – જે જીવ અપ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીયના ઉદયથી (-ઉદયવશે) પોતાની વિવાહિતા સ્ત્રીને છોડવાને શક્તિમાન નથી તેઓએ (વિવાહિતા સ્ત્રી સિવાયની) સંસારની સમસ્ત સ્ત્રીઓ સાથે કામસેવન ન કરવું. પોતાની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિવાહિતા સ્ત્રીમાં જ સંતોષ રાખવો, એ એકદેશ બ્રહ્મચર્યવ્રત છે, તથા સ્ત્રીમાત્રની સાથે કામસેવન કરવાનો ત્યાગ કરવો તે મહાવ્રત છે. ૧૧૦.

## પરિગ્રહ પાપનું સ્વરૂપ

**या मूर्च्छा नामेयं विज्ञातव्यः परिग्रहो ह्येषः ।**
**मोहोदयादुदीर्णो मूर्च्छा तु ममत्वपरिणामः ॥१११॥**

**અન્વયાર્થઃ–** [इयं] આ [या] જે [मूर्च्छा नाम] મૂર્ચ્છા છે [एषः] એને જ [हि] નિશ્ચયથી [परिग्रहः] પરિગ્રહ [विज्ञातव्यः] જાણવો જોઈએ. [तु] અને [मोहोदयात्] મોહના ઉદયથી [उदीर्णः] ઉત્પન્ન થયેલ [ममत्वपरिणामः] મમત્વરૂપ પરિણામ જ [मूर्च्छा] મૂર્ચ્છા છે.

**ટીકાઃ–** 'या इयं मूर्च्छा नाम हि एषः परिग्रहः विज्ञातव्यः तु (पुनः) मोहोदयात् उदीर्णः ममत्वपरिणामः मूर्च्छा (अस्ति)' – હે ભવ્ય જીવો ! જે આ મૂર્ચ્છા છે તે જ ખરેખર પરિગ્રહ છે. મૂર્ચ્છા એટલે શું ? તે કહે છે. ચારિત્રમોહનીય કર્મના ઉદયથી ઉદયને પ્રાપ્ત થયેલ જે મમત્વપરિણામ (અર્થાત્ આ મારું છે એવા પરિણામ) તેને જ મૂર્ચ્છા કહે છે. ૧૧૧.

### મમત્વપરિણામ જ વાસ્તવિક પરિગ્રહ છે એ વાતને દૃઢ કરે છેઃ–

**मूर्च्छालक्षणकरणात् सुघटा व्याप्तिः परिग्रहत्वस्य ।**
**सग्रन्थो मूर्च्छावान् विनापि किल शेषसङ्गेभ्यः ॥११२॥**

**અન્વયાર્થઃ–** [परिग्रहत्वस्य] પરિગ્રહપણાનું [मूर्च्छालक्षणकरणात्] મૂર્ચ્છા લક્ષણ કરવાથી [व्याप्तिः] વ્યાપ્તિ [सुघटा] સારી રીતે ઘટિત થાય છે, કેમ કે [शेषसङ्गेभ्यः] બીજા પરિગ્રહ [विना अपि] વિના પણ [मूर्च्छावान्] મૂર્ચ્છા કરનાર પુરુષ [किल] નિશ્ચયથી [सग्रन्थः] બાહ્ય પરિગ્રહ સહિત છે.

**ટીકાઃ–** 'परिग्रहत्वस्य मूर्च्छालक्षणकरणात् व्याप्तिः सुघटा (यतः) किल शेषसंगेभ्यः विना अपि मूर्च्छावान् सग्रन्थः भवति'– પરિગ્રહના ભાવનું લક્ષણ મૂર્ચ્છા કર્યું તેમાં વ્યાપ્તિ બરાબર બને છે, કેમ કે ધન-ધાન્યાદિ બાહ્ય પરિગ્રહ વિના પણ મમત્વ પરિણામવાળો જીવ પરિગ્રહ સહિત હોય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ–** સાહચર્યના નિયમને વ્યાપ્તિ કહે છે, અર્થાત્ જયાં લક્ષણ હોય ત્યાં લક્ષ્ય પણ હોય તેનું નામ વ્યાપ્તિ છે. તેથી જયાં જયાં મૂર્ચ્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે અને જયાં મૂર્ચ્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી. મૂર્ચ્છાની પરિગ્રહની સાથે વ્યાપ્તિ છે. કોઈ જીવ નગ્ન છે, બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો અંતરંગમાં મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ છે તો તે પરિગ્રહવાન જ છે. અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને પીંછી, કમંડળરૂપ બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ અંતરંગમાં મમત્વ નથી તેથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે. ૧૧૨.

### શંકાકારની શંકા

**यद्येवं भवति तदा परिग्रहो न खलु कोऽपि बहिरङ्गः ।**
**भवति नितरां यतोऽसौ धत्ते मूर्च्छानिमित्तत्वम् ॥११३॥**

**અન્વયાર્થઃ–** [यदि] જો [एवं] આમ [भवति] છે અર્થાત્ મૂર્ચ્છા જ પરિગ્રહ હોય [तदा] તો [खलु] નિશ્ચયથી [बहिरङ्गः परिग्रहः] બાહ્ય પરિગ્રહ [कः अपि] કાંઈ પણ [नभवति] નહિ સિદ્ધ થાય, તો એમ નથી [यतः] કેમ કે [असौ] એ બાહ્ય પરિગ્રહ [मूर्च्छानिमित्तत्वम्] મૂર્ચ્છાના નિમિત્તપણાને [नितरां] અતિશયપણે [धत्ते] ધારણ કરે છે.

**ટીકાઃ–પ્રશ્ન-**' खलु यदि एवं भवति तदा बहिरंगः कोऽपि परिग्रहः न (स्यात्)'

**ઉત્તરઃ–** 'यः असौ (बहिरंगः) नितरां मूर्च्छानिमित्तत्वम् धत्ते' – અહીં કોઈ પ્રશ્ન કરે છે કે જો નિશ્ચયથી મૂર્ચ્છાનું જ નામ પરિગ્રહ છે તો પછી ધન-ધાન્યાદિ બાહ્યવસ્તુ પરિગ્રહ ન ઠરી. એને પરિગ્રહ શા માટે કહો છો? શ્રીગુરુ ઉત્તર આપે છે :– આ બાહ્ય ધન-ધાન્યાદિ તો અત્યંતપણે પરિગ્રહ છે કેમ કે બાહ્યવસ્તુ જ મૂર્ચ્છાનું કારણ છે.

**ભાવાર્થઃ–** પરિગ્રહનું લક્ષણ તો મૂર્ચ્છા જ છે. પણ બાહ્ય ધન-ધાન્યાદિ વસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાને (નિમિત્ત) કારણ છે માટે તેને પણ પરિગ્રહ કહીએ છીએ. ૧૧૩.

### શંકાકારની શંકા

**एवमतिव्याप्तिः स्यात्परिग्रहस्येति चेद्भवेन्नैवम् ।**
**यस्मादकषायाणां कर्मग्रहणे न मूर्च्छास्ति ॥११४॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [एवं] આ રીતે [परिग्रहस्य] બાહ્ય પરિગ્રહની [अतिव्याप्तिः] અતિવ્યાપ્તિ [स्यात्] થાય છે [इति चेत्] એમ જો કદાચ કહો તો [एवं] એમ [न भवेत्] થતું નથી [यस्मात्] કારણ કે [अकषायाणां] કષાયરહિત અર્થાત્ વીતરાગી પુરુષોને [कर्मग्रहणे] કાર્મણવર્ગણાના ગ્રહણમાં [मूर्च्छा] મૂર્ચ્છા [नास्ति] નથી.

**ટીકાઃ–** 'एवं परिग्रहस्य अतिव्याप्तिः स्यात् इति चेत् न एवं भवेत् यस्मात् अकषायाणां कर्मग्रहणे मूर्च्छा नास्ति' **–અર્થઃ–** અહીં કોઈ પ્રશ્ન કરે કે જો પરિગ્રહને મૂર્ચ્છા ઉત્પન્ન કરવાનું નિશ્ચયકારણ કહેશો તો (मूर्च्छा परिग्रहः) એ લક્ષણમાં અતિવ્યાપ્તિ દોષ આવશે, કેમકે અર્હંત અવસ્થામાં પણ કાર્મણવર્ગણા તથા નોકર્મ વર્ગણા-એ બન્નેના ગ્રહણરૂપ પરિગ્રહ છે ત્યાં પણ મૂર્ચ્છા થઈ જશે. તો તેમ નથી, કારણ કે કષાયરહિત જીવોને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ નથી.

**ભાવાર્થઃ–** અતિવ્યાપ્તિ તો ત્યારે થાય જો નિષ્પરિગ્રહી વીતરાગી મહાપુરુષોને મૂર્ચ્છા હોય. તે તો તેમને હોતી નથી, માટે વીતરાગી અર્હંત ભગવાનને કર્મ-નોકર્મનું ગ્રહણ હોવા છતાં પણ મૂર્ચ્છા વિના પરિગ્રહ નામ પામતું નથી. તેથી અતિવ્યાપ્તિ દોષ નથી. બાહ્યવસ્તુ મૂર્ચ્છા ઉપજાવવાનું કારણમાત્ર છે તેથી તેને ઉપચારથી પરિગ્રહ કહી દીધેલ છે. વાસ્તવમાં પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છા જ છે. ૧૧૪.

## પરિગ્રહના ભેદ

**अतिसंक्षेपाद् द्विविधः स भवेदाभ्यन्तरश्च बाह्यश्च ।**
**प्रथमश्चतुर्दशविधो भवति द्विविधो द्वितीयस्तु ॥११५॥**

**અન્વયાર્થઃ–** [सः] તે પરિગ્રહ [अतिसंक्षेपात्] અત્યંત સંક્ષિપ્તપણે [आभ्यन्तरः] અંતરંગ [च] અને [बाह्यः] બહિરંગ [द्विविधः] બે પ્રકારે [भवेत्] છે. [च] અને [प्रथमः] પહેલો અંતરંગ પરિગ્રહ [चतुर्दशविधः] ચૌદ પ્રકારનો [तु] તથા [द्वितीयः] બીજો બહિરંગ પરિગ્રહ [ द्विविधः] બે પ્રકારનો [भवति ] છે.

**ટીકાઃ–** 'स (परिग्रहः) अति संक्षेपात् द्विविधः आभ्यन्तरः बाह्यश्च प्रथमः (आभ्यन्तरः) चतुर्दशविधः भवति द्वितीयस्तु द्विविधः भवति' – **અર્થઃ–** તે પરિગ્રહ સંક્ષેપમાં બે પ્રકારનો છે. પહેલો આભ્યન્તર, બીજો બાહ્ય. અંતરંગ આત્માના પરિણામને આભ્યંતર



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિગ્રહ કહે છે અને બહારના બધા પદાર્થો ને બાહ્ય પરિગ્રહ કહે છે. પહેલો પરિગ્રહ ચૌદ પ્રકારનો છે, બીજો બાહ્ય પરિગ્રહ બે પ્રકારનો છે. ૧૧૫.

## આભ્યંતર પરિગ્રહના ચૌદ ભેદ

**मिथ्यात्ववेदरागास्तथैव हास्यादयश्च षड् दोषाः ।**
**चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यन्तरा ग्रन्थाः ॥११६॥**

**અન્વયાર્થઃ–** [मिथ्यात्ववेदरागाः] મિથ્યાત્વ, સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદના રાગ [तथैव च] એ જ રીતે [हास्यादयः] હાસ્યાદિ અર્થાત્ હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જાુગુપ્સા એ [षड् दोषाः] છ દોષ [च] અને [चत्वारः] ચાર અર્થાત્ ક્રોધ, માન, માયા, લોભ અથવા અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણી, પ્રત્યાખ્યાનાવરણી અને સંજવલન એ ચાર [कषायाः] કષાયભાવ-આ રીતે [आभ्यन्तराः ग्रन्थाः] અંતરંગ પરિગ્રહ [चतुर्दश] ચૌદ છે.

**ટીકા–** 'आभ्यन्तराः ग्रन्थाः मिथ्यात्ववेदरागाः तथैव हास्यादयः षड् दोषाः च चत्वारः कषायाः -चतुर्दश (भवन्ति)' – અર્થઃ– આભ્યંતર પરિગ્રહ ૧૪ પ્રકારનો છે. ૧ મિથ્યાત્વ, ૨ પુરુષવેદ, ૩ સ્ત્રીવેદ, ૪ નપુંસકવેદ તથા ૫ હાસ્ય, ૬ રતિ, ૭ અરતિ, ૮ શોક, ૯ ભય, ૧૦ જાુગુપ્સા અને ૧૧ ક્રોધ, ૧૨ માન, ૧૩ માયા, ૧૪ લોભ-એ ૧૪ આભ્યંતર પરિગ્રહ છે. ૧૧૬.

## બાહ્ય પરિગ્રહના બે ભેદ

**अथ निश्चित्तसचित्तौ बाह्यस्य परिग्रहस्य भेदौ द्वौ ।**
**नैषः कदापि सङ्गः सर्वोऽप्यतिवर्तते हिंसाम् ॥११७॥**

**અન્વયાર્થઃ–** [अथ] ત્યાર પછી [बाह्यस्य] બહિરંગ [परिग्रहस्य] પરિગ્રહના [निश्चित्तसचित्तौ] અચિત્ત અને સચિત્ત એ [द्वौ] બે [भेदौ] ભેદ છે. [एषः] આ [सर्वः अपि] બધાય [सङ्गः] પરિગ્રહ [कदापि] કોઈપણ કાળે [हिंसाम्] હિંસાનું [न अतिवर्तते] ઉલ્લંઘન કરતા નથી અર્થાત્ કોઈપણ પરિગ્રહ કદીપણ હિંસારહિત નથી.

**ટીકાઃ–** 'अथ बाह्यस्य परिग्रहस्य निश्चित्त सचितौ द्वौ भेद्वौ (भवतः) एषः सर्वोऽपि



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(परिग्रह:) सङ्ग: हिंसाम् कदापि न अतिवर्तते' – **અર્થઃ**– બાહ્ય પરિગ્રહના ચેતન અને અચેતન એ બે ભેદ છે. આ જે બધોય પરિગ્રહ છે તે હિંસાનું ઉલ્લંઘન કરતો નથી, અર્થાત્ હિંસા વિના પરિગ્રહ હોતો નથી. ૧૧૭.

## હિંસા-અહિંસાનું લક્ષણ

**उभयपरिग्रहवर्जनमाचार्या: सूचयन्त्यहिंसेति ।**
**द्विविधपरिग्रहवहनं हिंसेति जिनप्रवचनज्ञा: ॥११८॥**

**અન્વયાર્થ :**– [जिनप्रवचनज्ञा:] જૈન સિદ્ધાન્તના જ્ઞાતા [आचार्या:] આચાર્યો [उभयपरिग्रहवर्जनम्] બન્ને પ્રકારના પરિગ્રહના ત્યાગ ને [अहिंसा] અહિંસા [इति] એમ અને [द्विविधपरिग्रहवहनं] બન્ને પ્રકારના પરિગ્રહનાં ધારણને [हिंसा इति] હિંસા એમ [सूचयन्ति] સૂચવે-કહે છે.

**ટીકાઃ**– 'जिनप्रवचनज्ञा: आचार्या: उभयपरिग्रहवर्जनं अहिंसा (भवति) इति सूचयन्ति तथा द्विविधपरिग्रहवहनं हिंसा (भवति) इति सूचयन्ति' – **અર્થઃ**– જૈન સિદ્ધાંતને જાણનાર આચાર્યો, 'બન્ને પ્રકારના અંતરંગ અને બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરવો તે અહિંસા છે અને બન્ને પ્રકારના પરિગ્રહને ધારણ કરવો તે હિંસા છે' એમ કહે છે. પરિગ્રહત્યાગ વિના અહિંસાની સિદ્ધિ નથી. ૧૧૮.

બન્ને પરિગ્રહોમાં હિંસા છે એમ બતાવે છેઃ–

**हिंसापर्यायत्वात् सिद्धा हिंसान्तरङ्गसङ्गेषु ।**
**बहिरङ्गेषु तु नियतं प्रयातु मूर्च्छैव हिंसात्वम् ॥११९॥**

**અન્વયાર્થઃ**– [हिंसापर्यायत्वात्] હિંસાના પર્યાયરૂપ હોવાથી [अन्तरङ्गसङ्गेषु] અંતરંગ પરિગ્રહોમાં [हिंसा] હિંસા [सिद्धा] સ્વયંસિદ્ધ છે [तु] અને [बहिरङ्गेषु] બહિરંગ પરિગ્રહોમાં [मूर्च्छा] મમત્વપરિણામ [एव] જ [हिंसात्वम्] હિંસાભાવને [नियतम्] નિશ્ચયથી [प्रयातु] પ્રાપ્ત થાય છે.

**ટીકાઃ**– 'अन्तरंगसंगेषु हिंसापर्यायत्वात् हिंसा सिद्धा तु (पुन:) बहिरङ्गेषु नियतं मूर्च्छैव हिंसात्वं प्रयातु' –અંતરંગ ૧૪ પ્રકારના પરિગ્રહોમાં બધા જ ભેદ હિંસાના પર્યાય હોવાથી હિંસા સિદ્ધ જ છે. બહિરંગ પરિગ્રહમાં નિશ્ચયથી મમત્વપરિણામ છે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હિંસાને પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થઃ**– અંતરંગ પરિગ્રહ જે મિથ્યાત્વાદિ ૧૪ પ્રકારનો છે તે બધું જીવનું વિભાવ (-વિકારી) પરિણામ છે. તે કારણે તે તો હિંસા જ છે, પરંતુ બાહ્યવસ્તુમાં પણ નિશ્ચયથી મમત્વપરિણામ છે તે જ હિંસાનું કારણ છે. બાહ્યવસ્તુમાં જે મમત્વપરિણામ છે તેનું જ નામ પરિગ્રહ છે. કેવળીને સમવસરણાદિ વિભૂતિ હોય છે પણ મમત્વપરિણામ વિના પરિગ્રહ નથી. અથવા જે કોઇ પરિગ્રહને અંગીકાર કરીને કહે કે મારે તો મમત્વપરિણામ નથી તો તે જૂઠું છે, કારણ કે મમત્વ વિના અંગીકાર થાય નહિ. ૧૧૯.

જો બહિરંગ પદાર્થમાં મમત્વપરિણામનું હોવું જ પરિગ્રહ છે તો બધામાં સરખો જ પરિગ્રહજન્ય પાપબંધ થવો જોઇએ.

**एवं न विशेष: स्यादुन्दुरुरिपुहरिणशावकादीनाम् ।**
**नैवं भवति विशेषस्तेषां मूर्च्छाविशेषेण ॥१२०॥**

**અન્વયાર્થ :**– [एवं] જો એમ જ હોય અર્થાત્ બહિરંગ પરિગ્રહમાં મમત્વપરિણામનું નામ જ મૂર્ચ્છા હોય તો [उन्दुरुरिपुहरिणशावकादीनां] બિલાડી અને હરણનાં બચ્ચાં વગેરેમાં [विशेष:] કાંઇ વિશેષતા [न स्यात्] નહિ રહે. પણ [एवं] એમ [न भवति] નથી, કારણ કે [मूर्च्छाविशेषेण] મમત્વપરિણામોની વિશેષતાથી [तेषां] તે બિલાડી અને હરણનાં બચ્ચાં વગેરે જીવોમાં [विशेष:] વિશેષતા છે, અર્થાત્ સમાનતા નથી.

**ટીકાઃ– પ્રશ્નઃ–** ' यदि एवं तर्हि उन्दुरुरिपु-हरिणशावकादीनाम् विशेष: न।

**ઉત્તરઃ–** एवं न भवति-तेषां मूर्च्छाविशेषेण विशेष: भवति ।' –અહીં કોઇ શંકા કરે છે કે જો બાહ્ય પદાર્થમાં જ મમત્વપરિણામ હિંસાનું કારણ છે અને તે મમત્વપરિણામ સામાન્ય રીતે બધા જીવોને હોય છે તો બધા જ જીવોને સરખું પાપ થવું જોઇએ. જેમ કે માંસાહારી બિલાડી અને ઘાસ ખાનાર હરણના બચ્ચામાં ભોજન કરવા સંબંધી મમત્વપરિણામ સામાન્યપણે સરખા જ છે. ત્યારે આચાર્ય ભગવાન તેને ઉત્તર આપે છે કે એમ નથી. બિલાડી અને હરણનાં બચ્ચાંની બાબતમાં પણ વિશેષતા છે, સમાનતા નથી. કેમકે બિલાડીને તો માંસ ખાવાના પરિણામ છે. અને હરણનાં બચ્ચાંને ઘાસ ખાવાના પરિણામ છે. બસ, આ મમત્વવિશેષ હોવાથી વિશેષતા છે. ૧૨૦



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## મમત્વ-મૂર્ચ્છામાં વિશેષતા

**हरिततृणाङ्कुरचारिणि मन्दा मृगशावके भवति मूर्च्छा ।**
**उन्दुरनिकरोन्माथिनि मार्जारे सैव जायते तीव्रा ।।१२१।।**

**અન્વયાર્થઃ–** [हरिततृणाङ्कुरचारिणि] લીલા ઘાસના અંકુર ખાનાર [मृगशावके] હરણના બચ્ચામાં [मूर्च्छा] મૂર્ચ્છા [मन्दा] મંદ [भवति] હોય છે અને [स एव] તે જ મૂર્ચ્છા [उन्दुरनिकरोन्माथिनि] ઉંદરોના સમૂહનું ઉન્મથન કરનાર [मार्जारे] બિલાડીમાં [तीव्रा] તીવ્ર [जायते] હોય છે.

**ટીકાઃ–** 'हरिततृणाङ्कुरचारिणि मृगशावके मन्दा मूर्च्छा भवति तथा सैव मूर्च्छा उन्दुरनिकरोन्माथिनि मार्जारे तीव्रा जायते' – **અર્થઃ–** લીલા ઘાસના અંકુર ખાનાર હરણનું બચ્ચું છે તેને ઘાસ ખાવામાં પણ મમત્વ બહુ ઓછું છે, અને ઉંદરોના સમૂહને ખાનાર બિલાડીને ઉંદર ખાવામાં બહુ તીવ્ર મમત્વ છે. બસ આ જ વિશેષતા છે.

**ભાવાર્થઃ–** પ્રથમ તો હરણના બચ્ચાને લીલા ઘાસમાં અધિક લાલસા નથી, પછી ખાવામાં ઘણી સરાગતા પણ નથી તથા ખાતી વખતે જો જરાપણ ભય પ્રાપ્ત થાય તો તે જ વખતે છોડીને ભાગી જાય છે. તેથી જણાય છે કે તેને અત્યંત આસક્તિ નથી. ઉંદરોના સમૂહને મારનાર બિલાડીને ઉંદર ખાવાની લાલસા ઘણી છે, પછી ઉંદરોને માર્યા પછી તેને ખાવામાં સરાગતા પણ ઘણી છે તથા જે વખતે તે ઉંદરોને ખાતી હોય ત્યારે ઉપર લાકડી પણ પડે તોયે મહામુશ્કેલીએ તેને છોડે છે, તેથી જણાય છે કે હરણના બચ્ચા અને બિલાડીની મૂર્ચ્છામાં ઘણો ફેર છે. એવી જ રીતે ઘણા આરંભ-પરિગ્રહવાળા અને અલ્પ આરંભ-પરિગ્રહવાળામાં પણ તફાવત જાણવો. ૧૨૧.

આગળ આ પ્રયોજન સિદ્ધ કરે છેઃ–

**निर्बाधं संसिध्येत् कार्यविशेषो हि कारणविशेषात् ।**
**औधस्यखण्डयोरिह माधुर्य्यप्रीतिभेद इव ।।१२२।।**

**અન્વયાર્થઃ–** [औधस्यखण्डयोः] દૂધ અને સાકરમાં [माधुर्य्यप्रीतिभेदः इव] મધુરતાના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રીતિભેદની જેમ [इह] આ લોકમાં [हि] નિશ્ચયથી [कारणविशेषात्] કારણ ની વિશેષતાથી [कार्यविशेष:] કાર્યની વિશેષતા [निर्बाधं] બાધારહિતપણે [संसिध्येत्] સારી રીતે સિદ્ધ થાય છે.

**ટીકા:–** हि कारणविशेषात् कार्यविशेष: निर्बाधं संसिध्येत् यथा औधस्यखण्डयो इह माधुर्य्यप्रीतिभेद: इव भवति - **અર્થ:–** નિશ્ચયથી કારણની વિશેષતા હોવાથી કાર્યની વિશેષતા થાય છે. જેમ ગાયના દૂધમાં અને ખાંડમાં ઓછીવત્તી મીઠાશ હોય છે તે જ ઓછીવત્તી પ્રીતિ ઉત્પન્ન કરે છે. ગાયના સ્તન ઉપર જે દૂધ રહેવાની થેલી છે તેને ઔધ કહે છે, તેમાંથી ઉત્પન્ન થયેલને ઔધસ્ય એટલે દૂધ કહે છે.

**ભાવાર્થ:–** એવો નિયમ છે કે જેવું કારણ હોય તેવું જ કાર્ય ઉત્પન્ન થાય છે. જેમ દૂધમાં મીઠાશ ઓછી છે અને સાકરમાં મીઠાશ વધારે છે તેથી દૂધમાં પ્રીતિ ઓછી થાય છે અને સાકરમાં પ્રીતિ વધારે થાય છે. ૧૨૨.

**ઉદાહરણ કહે છે:–**

**माधुर्यप्रीति: किल दुग्धे मन्दैव मन्दमाधुर्ये ।**
**सैवोत्कटमाधुर्ये खण्डे व्यपदिश्यते तीव्रा ॥१२३॥**

**અન્વયાર્થ:–** [किल] નિશ્ચયથી [मन्दमाधुर्ये] ઓછી મીઠાશવાળા [दुग्धे] દૂધમાં [माधुर्यप्रीति:] મીઠાશની રુચિ [मन्दा] થોડી [एव] જ [व्यपदिश्यते] કહેવામાં આવે છે અને [सा एव] તે જ મીઠાશની રુચિ [उत्कटमाधुर्ये] અત્યંત મીઠાશવાળી [खण्डे] સાકરમાં [तीव्रा] અધિક કહેવામાં આવે છે.

**ટીકા:–** 'किल मन्दमाधुर्ये दुग्धे माधुर्यप्रीति: मंदा व्यपदिश्यते तथा सैव माधुर्यप्रीति: उत्कटमाधुर्य खण्डे तीव्रा व्यपदिश्यते'– **અર્થ:–** નિશ્ચયથી થોડી મીઠાશવાળા દૂધમાં મિષ્ટરસની રુચિવાળા પુરુષને રુચિ બહુ થોડી હોય છે અને ઘણી મીઠાશવાળી સાકરમાં તે જ પુરુષને રુચિ ઘણી વધારે હોય છે.

**ભાવાર્થ:–** જેમ કોઈ મનુષ્ય મિષ્ટરસનો અભિલાષી છે તો તેની રુચિ દૂધમાં ઓછી હોય છે અને ખાંડમાં વધારે હોય છે; તેમ જે મનુષ્યને જેટલો પદાર્થોમાં મમત્વભાવ હશે તે પુરુષ તેટલો જ હિંસાનો ભાગીદાર થશે, વધારેનો નહિ. ભલે તેની પાસે તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પદાર્થો હાજર હોય કે ન હોય. અહીં કોઇ ઘણા આરંભ-પરિગ્રહ કરવાવાળો જીવ કહે કે અમને મમત્વભાવ નથી, પણ પરિગ્રહ ઘણો છે તો એમ બની શકે નહિ. કેમ કે જો મમત્વભાવ નહોતો તો બાહ્ય પરિગ્રહ એકત્ર જ શા માટે કર્યો ? અને જો બાહ્ય પરિગ્રહ હોવા છતાં પણ તે જો મમત્વનો ત્યાગી હોય તો તે આ બાહ્ય પદાર્થોને એક ક્ષણમાં છોડી શકે છે. માટે સિદ્ધ થયું કે મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઇ શકતો નથી. જેમ જેમ આપણો મમત્વભાવ વધતો જાય છે તેમ તેમ આપણે બાહ્ય પદાર્થોનો સંગ્રહ પણ કરતા જઇએ છીએ. ભાવહિંસા વિના દ્રવ્યહિંસા બની શકે છે પણ મમત્વભાવ વિના બાહ્ય પદાર્થોનો સંગ્રહ થઇ શકતો નથી. ૧૨૩.

## પરિગ્રહ ત્યાગવાનો ઉપાય

**तत्त्वार्थाश्रद्धाने निर्युक्तं प्रथममेव मिथ्यात्वम् ।**
**सम्यग्दर्शनचौरा: प्रथमकषायाश्च चत्वार: ।।१२४।।**

**અન્વયાર્થ:–** [प्रथमम्] પહેલાં [एव] જ [तत्त्वार्थाश्रद्धाने] [1]તત્ત્વાર્થના અશ્રદ્ધાનમાં જેને [निर्युक्तं] સંયુક્ત કર્યા છે એવા [मिथ्यात्वं] [2]મિથ્યાત્વ [च] અને [सम्यग्दर्शनचौरा:] સમ્યગ્દર્શનના ચોર [चत्वार:] ચાર [प्रथमकषाया:] પહેલા કષાય અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ છે.

**ટીકા:–** 'प्रथमं तत्त्वार्थाश्रद्धाने मिथ्यात्वं निर्युक्तं-एवं मिथ्यात्वं च चत्वार: प्रथम कषाया: सम्यग्दर्शनचौरा: सन्ति' **–અર્થ:–** પહેલાં તત્ત્વાર્થના મિથ્યાશ્રદ્ધાનમાં સંયુક્ત કર્યા છે અર્થાત્ પહેલો મિથ્યાત્વ નામનો અંતરંગ પરિગ્રહ છે અને પહેલી ચોકડી અર્થાત્ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ એ ચાર છે. આ રીતે સમ્યગ્દર્શનના એ પાંચ ચોર છે. જ્યાં સુધી એનો નાશ થતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી.

**ભાવાર્થ:–** અહીં એમ બતાવે છે કે આ અંતરંગ ચૌદ પ્રકારના પરિગ્રહોનો કેવી રીતે ત્યાગ કરવો જોઇએ. પહેલાં જ્યારે શ્રાવક સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ

૧. જેમ હિંસાના પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે કોઇ પુરુષથી જો બાહ્ય હિંસા થઇ જાય અને તેના પરિણામ તે હિંસા કરવાના ન હોય શુદ્ધ હોય, તો તે હિંસાનો ભાગીદાર થતો નથી.

૨. મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્પ્રકૃતિમિથ્યાત્વ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અનંતાનુબંધી ચોકડીનો નાશ કરે છે. અનાદિ મિથ્યાદષ્ટિની અપેક્ષાએ પાંચનો નાશ થાય છે અને સાદિ (મિથ્યાદષ્ટિ) ની અપેક્ષાએ સાતનો નાશ થાય છે. આ બે ભેદ અંતરંગ પરિગ્રહના થયા. ૧૨૪.

બાકીના બીજા બતાવે છે :–

**प्रविहाय च द्वितीयान् देशचरित्रस्य सन्मुखायात: ।**
**नियतं ते हि कषाया: देशचरित्रं निरुन्धन्ति ॥१२५॥**

**અન્વયાર્થ:**– [च] અને [द्वितीयान्] બીજા કષાય અર્થાત્ અપ્રત્યાખ્યાનાવરણી ક્રોધ-માન-માયા-લોભને [प्रविहाय] છોડીને [देशचरित्रस्य] દેશચારિત્રની [सन्मुखायात:] સન્મુખ આવે છે, [हि] કારણ કે [ते] તે [कषाया:] કષાય [नियतं] નિયત [देशचरित्रं] નક્કીપણે [देशचरित्रं] એકદેશ ચારિત્રને [निरुन्धन्ति] રોકે છે.

**ટીકા:**– 'च श्रावका: द्वितीयान् अप्रत्याख्यान क्रोधादीन् चतुष्कान् प्रविहाय देशचरित्रस्य सन्मुखायात: भवन्ति हि ते कषाया: नियतं देशचरित्रं निरुन्धन्ति ।'

**અર્થ:**– સમ્યગ્દષ્ટિ શ્રાવક તે [1]અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ-આ ચારે કષાયોનો નાશ કરીને એકદેશ ચારિત્ર સન્મુખ થાય છે અર્થાત્ ગ્રહણ કરે છે. કારણ કે નિશ્ચયથી તે જ અપ્રત્યાખ્યાનાવરણ આદિ ચારે દેશચારિત્ર-શ્રાવકનાં વ્રતોનો ઘાત કરે છે. આ રીતે આ ત્રીજો ભેદ અંતરંગ પરિગ્રહનો થયો. ૧૨૫.

**निजशक्त्या शेषाणां सर्वेषामन्तरङ्गसङ्गानाम् ।**
**कर्त्तव्य: परिहारो मार्दवशौचादिभावनया ॥१२६॥**

**અન્વયાર્થ:**– માટે [निजशक्त्या] પોતાની શક્તિથી [मार्दवशौचादिभावनया] માર્દવ, શૌચ, સંયમાદિ દશલક્ષણ ધર્મદ્વારા [शेषाणां] બાકીના [सर्वेषाम्] બધાય [अन्तरङ्गसङ्गानाम्] અંતરંગ પરિગ્રહોનો [परिहार:] ત્યાગ [कर्त्तव्य:] કરવો જોઈએ.

**ટીકા:**– 'शेषाणां सर्वेषाम् अंतरंगसंगानाम् निजशक्त्या मार्दव शौचादि भावनया परिहार: कर्त्तव्य:' – **અર્થ:**– અને બાકીના જે ૧૦ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે તેમને પોતાની શક્તિ અનુસાર પોતાના કોમળ પરિણામ તથા સંતોષરૂપી ભાવનાથી છોડવા

૧. અપ્રત્યાખ્યાનાવરણ–અ = ઈષત્ = થોડા, પ્રત્યાખ્યાન = ત્યાગને, આવરણ = આચ્છાદિત કરવાવાળા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અર્થાત્ યથાક્રમ બધાનો ત્યાગ કરવો.

**ભાવાર્થઃ–** અંતરંગ પરિગ્રહ ૧૪ પ્રકારના છે. તેમનાં નામ આ જ ગ્રન્થમાં શ્લોક ૧૧૬ માં બતાવ્યાં છે. ૧ મિથ્યાત્વ, ૪ ચોકડીરૂપ ચાર કષાય, તથા ૯ હાસ્યાદિ [1]નોકષાય– આ રીતે ૧૪ ભેદ છે. તેમનો ક્રમપૂર્વક ત્યાગ કરવો. તેમાંથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી ૪ કષાય છે તે સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો ઘાત કરે છે. અપ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય છે તે દેશચારિત્રનો ઘાત કરે છે અર્થાત્ શ્રાવકપદ થવા દેતા નથી. પ્રત્યાખ્યાનાવરણી નામે ચાર કષાય તે સકલસંયમનો ઘાત કરે છે અર્થાત્ મુનિપદ થવા દેતા નથી. સંજ્વલનાદિ ૪ અને હાસ્યાદિ ૬ તથા ૩ વેદ-એ બધા યથાખ્યાતચારિત્રના ઘાતમાં નિમિત્ત છે. ( નિજશક્તિના બળથી ) આ રીતે આ બધાં વ્રતોને ક્રમપૂર્વક ધારણ કરીને, અંતરંગ પરિગ્રહને ક્રમપૂર્વક છોડવો જોઈએ. ૧૨૬.

## બાહ્ય પરિગ્રહ ત્યાગવાનો ક્રમ

**बहिरङ्गादपि सङ्गात् यस्मात्प्रभवत्यसंयमोऽनुचितः ।**
**परिवर्जयेदशेषं तमचित्तं वा सचित्तं वा ॥१२७॥**

**અન્વયાર્થઃ–** [वा] તથા [तम्] તે બાહ્ય પરિગ્રહને [अचित्तं] ભલે તે અચેતન હોય [वा] કે [सचित्तं] સચેતન હોય, [अशेषं] સમ્પૂર્ણપણે [परिवर्जयेत्] છોડી દેવા જોઈએ. [यस्मात्] કારણ કે [बहिरङ्गात्] બહિરંગ [सङ्गात्] પરિગ્રહથી [अपि] પણ [अनुचित:] અયોગ્ય અથવા નિંદ્ય [असंयम:] અસંયમ [प्रभवति] થાય છે.

**ટીકાઃ–** 'यस्मात् बहिरंगात् अपि संगात् अनुचित: असंयम: भवति तस्मात् तं अचित्तं सचित्तं वा अशेषं परिग्रहं परिवर्जयेत्' – **અર્થઃ–** જેથી બાહ્ય ધન-ધાન્યાદિ પરિગ્રહથી પણ મહાન અસંયમ થાય છે અર્થાત્ જ્યાંસુધી પરિગ્રહ રહે છે ત્યાં સુધી સંયમનું સારી રીતે પાલન થઈ શકતું નથી. તેથી તે બાહ્ય પરિગ્રહ ભલે સજીવ હોય કે અજીવ હોય-બન્ને પ્રકારનો પરિગ્રહ છોડવો જોઈએ.

**ભાવાર્થઃ–** બાહ્ય પરિગ્રહમાં સંસારના જેટલા કોઈ પદાર્થો છે તે બધા પ્રાયઃ

---

૧. નોકષાય = ૧ હાસ્ય, ૨ રતિ, ૩ અરતિ, ૪ શોક, ૫, ભય, ૬ જાુગુપ્સા (ગ્લાનિ), ૭ સ્ત્રીવેદ, ૮ પુરુષવેદ, ૯ નપુંસકવેદ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવી જાય છે. તેથી બાહ્ય પરિગ્રહના સજીવ અને અજીવ એવા બે ભેદ કર્યા છે. રૂપિયા, પૈસા, ખેતી વગેરે અજીવ પરિગ્રહ છે અને હાથી, ઘોડા, બળદ, નોકર, ચાકર એ સજીવ પરિગ્રહ છે. એનો પણ ત્યાગ એકદેશ અને સર્વદેશ થાય છે. ૧૨૭.

**જે સર્વદેશ ત્યાગ ન કરી શકે તે એકદેશ ત્યાગ કરે**

**योऽपि न शक्यस्त्यक्तुं धनधान्यमनुष्यवास्तुवित्तादिः ।**
**सोऽपि तनूकरणीयो निवृत्तिरूपं यतस्तत्त्वम् ॥१२८॥**

**અન્વયાર્થઃ–** [अपि] અને [यः] જે [धनधान्यमनुष्यवास्तुवित्तादिः] ધન, ધાન્ય, મનુષ્ય, ગૃહ, સંપદા વગેરે [त्यक्तुम्] છોડવાને [ न शक्यः ] સમર્થ ન હોય [सः] તે પરિગ્રહ [अपि] પણ [तनूकरणीयः] ઓછો કરવો જોઈએ. [यतः] કારણ કે [निवृत्तिरूपं] [1]ત્યાગરૂપ જ [तत्त्वम्] વસ્તુનું સ્વરૂપ છે.

**ટીકાઃ–** 'योऽपि धन्यधान्यमनुष्यवास्तुवित्तादिः त्यक्तुम् न शक्यः सोऽपि मनुष्यः धन्यधान्यादिकः तनूकरणीयः यतः तत्त्वं निवृत्तिरुपं अस्ति' – **અર્થઃ–** જે પ્રાણી ધન, ધાન્ય, વાસ્તુ, મનુષ્યાદિ બહિરંગ (દસ પ્રકારના) પરિગ્રહને સર્વથા છોડવાને અશક્ત હોય તેણે તેમાંથી થોડો પરિગ્રહ રાખવાનું પરિમાણ કરવું જોઈએ. કારણ કે તત્ત્વ ત્યાગરૂપ છે.

**ભાવાર્થઃ–** બહિરંગ પરિગ્રહ મૂળ સજીવ અને અજીવના ભેદથી બે પ્રકારનો છે. બન્નેના દશ ભેદ છે. ખેતર, મકાન, ચાંદી, સોનું, ધન, ચાર પગવાળા પશુ, વસ્ત્ર-પાત્ર, અનાજ, [2]દાસી, દાસ વગેરે એ બાહ્ય પરિગ્રહના દશ ભેદ છે. એનો જો સંપૂર્ણ

---

૧. તત્ત્વ નિવૃત્તિરૂપ છે તેનો અર્થઃ– દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવથી સદાય પરિપૂર્ણ જ છે અને પરદ્રવ્યાદિકથી શૂન્ય અર્થાત્ નિવૃત્તિરૂપ જ છે. વર્તમાન અશુદ્ધદશામાં પરદ્રવ્યના આલંબનવડે રાગી જીવને બાહ્ય-સામગ્રી પ્રત્યે મમત્વરૂપ રાગ ભૂમિકાનુસાર હોય છે તેનો સ્વાશ્રયના બળ વડે ત્યાગ કરાવવા માટે બાહ્ય પદાર્થના ત્યાગનો ઉપદેશ છે. વાસ્તવમાં તો આત્માને પરવસ્તુનો ત્યાગ જ છે પણ જે કંઈ રાગ, મમત્વભાવ છે તેના ત્યાગરૂપ નિર્મળ પરિણામ જેટલા અંશે થાય છે તેટલા જ અંશે રાગાદિની ઉત્પત્તિ થતી જ નથી. જ્યાં આવું હોય ત્યાં તે જીવને પર વસ્તુના ત્યાગનો કર્તા કહેવો તે તે જાતના અભાવરૂપ નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. (નિશ્ચયસમ્યગ્દર્શન વિના અજ્ઞાની ના હઠરૂપ ત્યાગને વ્યવહારે પણ ધર્મ સંજ્ઞા નથી.)

૨. દાસી દાસાદિને દ્વિપદ = બે પગવાળાં કહેવામાં આવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાગ ન કરી શકે તો તેમાંથી પોતાની જરૂર જેટલાનું પરિમાણ કરીને રાખે અને બાકીનાનો ત્યાગ કરે, કારણ કે ત્યાગરૂપ જ તત્ત્વનું સ્વરૂપ છે. જયાંસુધી આ આત્મા [1]ત્યાગધર્મનું આચરણ નહિ કરે ત્યાં સુધી તેને મોક્ષ મળશે નહિ. નિવૃત્તિ નામ પણ મોક્ષનું જ છે. આ રીતે હિંસાદિ પાંચે પાપોનું વિસ્તૃત વર્ણન કર્યું. ૧૨૮.

**रात्रौ भुञ्जानानां यस्मादनिवारिता भवति हिंसा ।**
**हिंसाविरतैस्तस्मात् त्यक्तव्या रात्रिभुक्तिरपि ॥१२९॥**

**અન્વયાર્થઃ**– [यस्मात्] કારણ કે [रात्रौ] રાત્રે [भुञ्जानानां] ભોજન કરનારને [हिंसा] હિંસા [अनिवारिता] અનિવાર્ય [भवति] થાય છે. [तस्मात्] તેથી [हिंसाविरतैः] હિંસાના ત્યાગીઓએ [रात्रिभुक्तिः अपि] રાત્રિભોજનનો પણ [त्यक्तव्या] ત્યાગ કરવો જોઇએ.

**ટીકાઃ**–'यस्मात् रात्रौ भुञ्जानानां अनिवारिता हिंसा भवति तस्मात् हिंसाविरतैः रात्रिभुक्तिः अपि त्यक्तव्या' **અર્થઃ**– રાત્રે ખાનારને હિંસા અવશ્ય જ થાય છે માટે હિંસાના ત્યાગીઓએ રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય જ કરવો જોઇએ.

**ભાવાર્થઃ**– રાત્રે ભોજન કરવાથી જીવોની હિંસા અવશ્ય થાય છે. પ્રાયઃ એવાં નાનાં નાનાં ઘણાં જંતુઓ છે કે જે રાત્રે જ ગમન કરે છે અને દીવાના પ્રકાશના પ્રેમથી દીવાની ( દીપકની ) પાસે આવે છે, માટે રાત્રે ચૂલો સળગાવવામાં, પાણી આદિ ભરવામાં, ઘંટીથી દળવામાં, ભોજન બનાવવામાં નિયમથી અસંખ્ય જંતુઓનો ઘાત થાય છે. માટે હિંસાનો ત્યાગ કરનાર દયાળુ મનુષ્યોએ રાત્રે ખાવાનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

**રાત્રિભોજનમાં ભાવહિંસા પણ થાય છે :–**

**रागाद्युदयपरत्वादनिवृत्तिर्नातिवर्तते हिंसाम् ।**
**रात्रिं दिवमाहरतः कथं हि हिंसा न संभवति ॥१३०॥**

**અન્વયાર્થઃ**– [अनिवृत्तिः] અત્યાગભાવ [रागाद्युदयपरत्वात्] રાગાદિભાવોના ઉદયની

૧. ત્યાગધર્મ = જેમ પ્રકાશની ઉત્પત્તિ વિના અંધારું ટળે જ નહિ તેમ નિજ શુદ્ધાત્માના આશ્રય વડે નિર્મળ શ્રદ્ધા-જ્ઞાન અને સ્વરૂપમાં એકાગ્રતારૂપ શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ કર્યા વિના રાગનો ત્યાગ અર્થાત્ વીતરાગી ધર્મરૂપ મોક્ષનો ઉપાય અને મોક્ષ મળે નહીં.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્કટતાથી [हिंसाम्] હિંસાને [न अतिवर्तते] ઉલ્લંઘીને વર્તતા નથી, તો [रात्रिं दिवम्] રાતે અને દિવસે [आहरत:] આહાર કરનારને [हि] નિશ્ચયથી [हिंसा] હિંસા [कथं] કેમ. [न संभवति] ન સંભવે ?

**ટીકાઃ–** 'रागादिउदयपरत्वात् अनिवृत्ति: अत्याग: हिंसां न अतिवर्तते यत: रात्रि दिवं आहरत:- भुञ्जानस्य हि हिंसा कथं न संभवति? -अपितु संभवति एव ।' –

**અર્થઃ–** રાગદિભાવ ઉત્કૃષ્ટ હોવાને લીધે રાગાદિનું અત્યાગપણું હિંસાનું ઉલ્લંઘન કરી શકતું નથી. અર્થાત્ જયાં સુધી રાગાદિનો ત્યાગ નથી ત્યાં સુધી અહિંસા નથી, હિંસા જ છે. તો પછી રાતે અને દિવસે ખાનારને હિંસા કેમ ન હોય ? નિયમથી હોય જ. રાગાદિનું હોવું જ વાસ્તવિક હિંસાનું લક્ષણ છે. ૧૩૦.

## શંકાકારની શંકા

**यद्येवं तर्हि दिवा कर्त्तव्यो भोजनस्य परिहार: ।**
**भोक्तव्यं तु निशायां नेत्थं नित्यं भवति हिंसा ॥१३१॥**

**અન્વયાર્થઃ–** [यदि एवं] જો એમ છે અર્થાત્ સદાકાળ ભોજન કરવામાં હિંસા છે [तर्हि ] તો [दिवा भोजनस्य] દિવસના ભોજનનો [परिहार:] ત્યાગ [कर्तव्य:] કરવો જોઇએ [तु] અને [निशायां] રાત્રે [भोक्तव्यं] ભોજન કરવું જોઇએ. કેમકે [इत्थं] એ રીતે [हिंसा] હિંસા [नित्यं] સદાકાળ [न भवति] નહિ થાય.

**ટીકાઃ–** ' यदि एवं तहि दिवा भोजनस्य परिहार: कर्तव्य: तु निशायां भोक्तव्यं इत्थं नित्यं हिंसा न भवति' – **અર્થ :–** અહીં કોઇ તર્ક કરે છે કે જો દિવસે અને રાતે-બન્ને વખતે ભોજન કરવાથી હિંસા થાય છે તો દિવસે ભોજન ન કરવું જોઇએ અને રાત્રે ભોજન કરવું જોઇએ જેથી હંમેશાં હિંસા નહિ થાય. એવો જ નિયમ શા માટે કરવો કે દિવસે જ ભોજન કરવું અને રાત્રે ન કરવું ?

આચાર્ય તેનો ઉત્તર આપે છે :–

**नैवं वासरभुक्तेर्भवति हि रागोऽधिको रजनिभुक्तौ ।**
**अन्नकवलस्य भुक्तेर्भुक्ताविव मांसकवलस्य ॥१३२॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [एवं न] એમ નથી. કારણ કે [अन्नकवलस्य] અન્નના કોળિયાના [भुक्तेः] ભોજનથી [मांसकवलस्य] માંસના કોળિયાના [भुक्तौ इव] ભોજનમાં જેમ રાગ અધિક થાય છે તેવી જ રીતે [वासरभुक्तेः] દિવસના ભોજન કરતાં [रजनिभुक्तौ] રાત્રિભોજનમાં [हि] નિશ્ચયથી [अधिकः रागः] અધિક રાગ [भवति] થાય છે.

**ટીકાઃ**– 'हि रजनिभुक्तौ अधिकः रागः भवति वासरभुक्तेः एवं न भवति यथा अन्नकवलस्य भुक्तौ मांसकवलस्य भुक्तौ इव' – અર્થઃ– નિશ્ચયથી રાત્રે ભોજન કરવામાં અધિક રાગભાવ છે અને દિવસે ભોજન કરવામાં ઓછો રાગભાવ છે. જેમ અન્નના ભોજનમાં રાગભાવ ઓછો છે અને માંસના ભોજનમાં રાગભાવ અધિક છે.

**ભાવાર્થઃ**– પેટ ભરવાની અપેક્ષાએ તો બન્ને ભોજન સરખા જ છે. પણ પ્રત્યેક પ્રાણીને અન્ન, દૂધ, ઘી, વગેરે ખાવામાં તો સાધારણ રાગભાવ છે અર્થાત્ ઓછી લોલુપતા છે કેમ કે અન્નનો આહાર તો સર્વ મનુષ્યોને સહ્ય જ છે તેથી પ્રાયઃ ઘણા પ્રાણીઓ તો અન્નનું જ ભોજન કરે છે; પણ માંસના ભોજનમાં કામાદિની અપેક્ષાએ અથવા શરીરના મોહની અપેક્ષાએ વિશેષ રાગભાવ હોય છે કેમકે માંસનું ભોજન બધા મનુષ્યોનો સ્વાભાવિક-પ્રાકૃતિક આહાર નથી. તેવી જ રીતે દિવસના ભોજનમાં પ્રાયઃ બધા પ્રાણીઓનો સાધારણ રાગભાવ છે કેમકે દિવસનું ભોજન સર્વ પ્રાણીઓને હોય છે, અને રાતના ભોજનમાં કામાદિની અપેક્ષાએ તથા શરીરમાં અધિક સ્નેહની અપેક્ષાએ અધિક રાગભાવ છે તેથી રાતનું ભોજન બહુ ઓછા માણસોને હોય છે. એ સ્વાભાવિક વાત છે કે દિવસે ભોજન કરવાથી જેટલું સારી રીતે પાચન થાય છે અને જેટલું સારું સ્વાસ્થ્ય રહે છે તેટલું રાત્રે ખાવાથી કદી રહી શકતું નથી. માટે રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઈએ અને દિવસે જ ખાવું જોઈએ. તેથી શંકાકારની જે શંકા હતી તેનું નિરાકરણ થયું. ૧૩૨.

## રાત્રિભોજનમાં દ્રવ્યહિંસા

**अर्कालोकेन विना भुञ्जानः परिहरेत् कथं हिंसाम् ।**
**अपि बोधिते प्रदीपे भोज्यजुषां सूक्ष्मजीवानाम् ॥१३३॥**

**અન્વયાર્થઃ**– તથા [अर्कालोकेन विना] સૂર્યના પ્રકાશ વિના રાત્રે [भुञ्जानः] ભોજન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરનાર મનુષ્ય [बोधिते प्रदीपे] સળગાવેલા દીવામાં [अपि] પણ [भोज्यजुषां] ભોજનમાં મળેલા [सूक्ष्मजीवानाम्] સૂક્ષ્મ જંતુઓની [हिंसा] હિંસા [कथं] કેવી રીતે [परिहरेत्] છોડી શકે?

**ટીકા:–** 'बोधिते प्रदीपे अपि अर्कालोकेन विना भुञ्जानः भोज्यजुषां सूक्ष्मजन्तुनाम् हिंसां कथं परिहरेत्' – **અર્થ:–** રાત્રે દીવો સળગાવવા છતાં પણ સૂર્યના પ્રકાશ વિના રાત્રે ભોજન કરનાર મનુષ્ય, ભોજનમાં પ્રીતિ રાખનાર જે સૂક્ષ્મ જંતુઓ વગેરે છે તેની હિંસાથી બચી શકતો નથી.

**ભાવાર્થ:–** જે પુરુષ રાત્રે દીવા વિના ભોજન કરે છે તેના આહારમાં જો મોટા મોટા ઉંદર વગેરે પણ આવી જાય તો ખબર પડતી નથી, અને જે પુરુષ રાત્રે દીવો સળગાવી ભોજન કરે છે તેના ભોજનમાં દીવાના સંબંધથી તથા ભોજ્ય પદાર્થના સંબંધથી આવનારા નાનાં નાનાં પતંગિયાં, કૂદાં વગેરે અવશ્ય ભોજનમાં પડે છે અને તેમની અવશ્ય હિંસા થાય છે. તે કારણે એમ સાબિત થયું કે રાત્રે ભોજન કરનાર મનુષ્ય દ્રવ્યહિંસા અને ભાવહિંસા-એ બન્ને પ્રકારની હિંસાને રોકી શકતો નથી. માટે અહિંસાવ્રત પાળનારે રાત્રિભોજન અવશ્ય ત્યાગવું જોઈએ. જે મનુષ્ય રાત્રે શિંગોડાંનાં ભજિયાં વગેરે બનાવીને ખાય છે તેઓ પણ બન્ને પ્રકારની હિંસા કરે છે. ૧૩૩.

**किं वा बहुप्रलपितैरिति सिद्धं यो मनोवचनकायैः ।**
**परिहरति रात्रिभुक्तिं सततमहिंसां स पालयति ॥१३४॥**

**અન્વયાર્થ:–** [वा] અથવા [बहुप्रलपितैः] ઘણા પ્રલાપથી [किं] શું? [यः] જે પુરુષ [मनोवचनकायैः] મન, વચન અને કાયાથી [रात्रिभुक्तिं] રાત્રિભોજનનો [परिहरति] ત્યાગ કરે છે [सः] તે [सततम्] નિરંતર [अहिंसां] અહિંસાનું [पालयति] પાલન કરે છે [इति सिद्धम्] એમ સિદ્ધ થયું.

**ટીકા:–** 'वा बहुप्रलपितैः किं इति सिद्धं यः मनोवचनकायैः रात्रिभुक्तिं परिहरति स सततं अहिंसां पालयति' – **અર્થ:–** અથવા ઘણું કહેવાથી શું? એ વાત સિદ્ધ થઈ કે જે મનુષ્ય મન, વચન, કાયાથી રાત્રિભોજનનો ત્યાગ કરે છે તે હંમેશાં અહિંસાનું પાલન કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ–** રાત્રે ભોજન કરવામાં અને રાત્રે ભોજન બનાવવામાં હંમેશા હિંસા છે. રાત્રે ભોજન કરવાની અપેક્ષાએ રાત્રે ભોજન બનાવવામાં ઘણી વધારે હિંસા થાય છે. તેથી પહેલાં અહિંસાવ્રત પાળનારાઓએ રાત્રે બનેલા દરેક પદાર્થનો ત્યાગ કરવો જોઈએ. ખાસ કરીને બજારના બનેલા પદાર્થોનો તો બિલકુલ ત્યાગ જ કરી દેવો જોઈએ પણ જો પાક્ષિક શ્રાવક કોઈ રીતે સમ્પૂર્ણ ત્યાગ કરી ન શકે તો પાણી, પાન, મેવો વગેરે કે જેમાં રાતે બિલકુલ આરંભ કરવો પડતો નથી તેનું ગ્રહણ કરે તો કરી શકે છે, તે પણ જો તેને પાણી વિના ચાલતું ન હોય તો. ૧૩૪.

**इत्यत्र त्रितयात्मनि मार्गे मोक्षस्य ये स्वहितकामाः ।**
**अनुपरतं प्रयतन्ते प्रयान्ति ते मुक्तिमचिरेण ॥१३५॥**

**અન્વયાર્થઃ–** [इति] એ રીતે [अत्र] આ લોકમાં [ये] જે [स्वहितकामाः] પોતાના હિતના ઈચ્છુક [मोक्षस्य] મોક્ષના [त्रितयात्मनि] રત્નત્રયાત્મક [मार्गे] માર્ગમાં [अनुपरतं] સર્વદા અટકયા વિના [प्रयतन्ते] પ્રયત્ન કરે છે [ते] તે પુરુષ [मुक्तिम्] મોક્ષમાં [अचिरेण] શીઘ્ર જ [प्रयान्ति] ગમન કરે છે.

**ટીકાઃ–** 'ये (पुरुषाः) स्वहितकामाः इत्यत्र त्रितयात्मनि मोक्षमार्गे अनुपरतं प्रयतन्ते ते (पुरुषाः)अचिरेण मुक्तिं प्रयान्ति' – **અર્થઃ–** જે જીવ પોતાના હિતને ઈચ્છતા થકા આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં હંમેશાં પ્રયત્ન કરતા રહે છે તે જીવ તરત જ મોક્ષને પામે છે. જીવમાત્રનું હિત મોક્ષ છે, સંસારમાં બીજે કયાંય આનંદ નથી. તેથી જે જીવ મોક્ષમાં જવા ઈચ્છે છે તેમણે સદૈવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તેમાં સદૈવ જ પ્રયત્ન કર્યા કરવો. જો આપણે મોક્ષની વાતો કર્યા કરીએ અને મોક્ષના માર્ગની ખોજ કરીએ નહિ તથા તેના અનુસારે ચાલીએ નહિ તો આપણે કદી મોક્ષને પામી શકીએ નહિ અને જે જીવો તેના માર્ગમાં ચાલે છે અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લે છે તે જીવ તરત જ મોક્ષના પરમધામમાં પહોંચી જાય છે. આ રીતે (તત્ત્વજ્ઞાનપૂર્વક) પાંચે પાપના ત્યાગપૂર્વક પાંચે અણુવ્રતનું તથા રાત્રિભોજનત્યાગનું વર્ણન કરીને હવે સાત શીલવ્રતોનું વર્ણન કરે છેઃ કેમ કે સાત શીલવ્રત પાંચ અણુવ્રતની રક્ષા કરવા માટે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નગરના કોટ સમાન છે. જેમ કિલ્લો નગરનું રક્ષણ કરે છે તેથી જ રીતે સાત શીલવ્રત પાંચે અણુવ્રતની રક્ષા કરે છે. ૧૩૫

**परिधय इव नगराणि व्रतानि किल पालयन्ति शीलानि ।**
**व्रतपालनाय तस्माच्छीलान्यपि पालनीयानि ॥१३६॥**

**અન્વયાર્થઃ–** [किल] નિશ્ચયથી [परिधयः इव] જેમ કોટ, કિલ્લો [नगराणि] નગરોની રક્ષા કરે છે તેવી જ રીતે [शीलानि] ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત-એ સાત શીલ [व्रतानि] પાંચે અણુવ્રતોનું [पालयन्ति] પાલન અર્થાત્ રક્ષણ કરે છે. [तस्मात्] માટે [व्रतपालनाय] વ્રતોનું પાલન કરવા માટે [शीलानि] સાત શીલવ્રતો [अपि] પણ [पालनीयानि] પાળવાં જોઈએ.

**ટીકાઃ–** 'किल शीलानि व्रतानि पालयन्ति परिधयः नगराणि इव तस्मात् व्रतपालनाय शीलानि अपि पालनीयानि' **–અર્થ :–** નિશ્ચયથી જે સાત શીલવ્રત છે તે પાંચે અણુવ્રતની રક્ષા કરે છે, જેમ કોટ નગરની રક્ષા કરે છે. તેથી પાંચે અણુવ્રતોનું પાલન કરવા માટે ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એ સાત શીલવ્રતો અવશ્ય પાળવાં જ જોઈએ. હવે તેનું જ વર્ણન કરે છે તે સાંભળો. ત્રણ ગુણવ્રતોનાં નામઃ– ૧ દિગ્વ્રત, ૨ દેશવ્રત, ૩ અનર્થદંડત્યાગવ્રત. ચાર શિક્ષાવ્રતનાં નામઃ– ૧ સામાયિક. ૨ પ્રોષધોપવાસ, ૩ ભોગોપભોગપરિમાણવ્રત, ૪ વૈયાવૃત્ત. ૧૩૬.

**પહેલાં દિગ્વ્રત નામના ગુણવ્રતનું સ્વરૂપ કહે છે :–**

**प्रविधाय सुप्रसिद्धैर्मर्यादां सर्वतोप्यभिज्ञानैः ।**
**प्राच्यादिभ्यो दिग्भ्यः कर्तव्या विरतिरविचलिता ॥१३७॥**

**અન્વયાર્થઃ–** [सुप्रसिद्धैः] સારી રીતે પ્રસિદ્ધ [अभिज्ञानैः] ગામ, નદી, પર્વતાદિ જુદાં જુદાં લક્ષણોથી [सर्वतः] બધી દિશાએ [मर्यादां] મર્યાદા [प्रविधाय] કરીને [प्राच्यादिभ्यः] પૂર્વાદિ [दिग्भ्यः] દિશાઓમાં [अविचलिता विरतिः] ગમન ન કરવાની પ્રતિજ્ઞા [कर्तव्या] કરવી જોઈએ.

**ટીકાઃ–** 'सुप्रसिद्धैः अभिज्ञानैः सर्वतः मर्यादां प्रविधाय प्राच्यादिभ्यः दिग्भ्यः अविचलिता



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



विरति: कर्तव्या' – **અર્થઃ**– પ્રસિદ્ધપણે જાણેલા જે મહાન પર્વતાદિ, નગરાદિ અથવા સમુદ્રાદિવડે ચારે દિશામાં જિંદગીપર્યંત મર્યાદા બાંધીને ચાર દિશા, ચાર વિદિશા અને ઉપર તથા નીચે-એ રીતે દશે દિશાઓમાં જવાની પ્રતિજ્ઞા કરી લેવી અને પછી જિંદગીપર્યંત આ મર્યાદાની બહાર ન જવું તેને દિગ્વ્રત કહે છે. અહીં પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ચડવાની અપેક્ષાએ ઉપરની દિશા અને કૂવાં કે સમુદ્રાદિમાં જવાની અપેક્ષાએ નીચેની દિશાનું ગ્રહણ કર્યું છે. ૧૩૭.

## દિગ્વ્રત પાળવાનું ફળ

**इति नियमितदिग्भागे प्रवर्तते यस्ततो बहिस्तस्य ।**
**सकलासंयमविरहाद्भवत्यहिंसाव्रतं पूर्णम् ॥१३८॥**

**અન્વયાર્થઃ**– [यः] જે [इति] આ રીતે [नियमितदिग्भागे] મર્યાદા કરેલી દિશાઓની અંદર [प्रवर्तते] રહે છે [तस्य] તે પુરુષને [ततः] તે ક્ષેત્રની [बहिः] બહારના [सकलासंयमविरहात्] સમસ્ત અસંયમના ત્યાગના કારણે [पूर्णं] પરિપૂર્ણ [अहिंसाव्रतं] અહિંસાવ્રત [भवति] થાય છે.

**ટીકાઃ**– 'यः (पुरुषः) इति नियमित दिग्भागे प्रवर्तते तस्य ततः बहिः सकलासंयमविरहात् पूर्णं अहिंसाव्रतं भवति ।' – અર્થઃ– જે મનુષ્ય આ રીતે મર્યાદા કરેલા દશે દિશાઓના ક્ષેત્રની અંદર જ પોતાનું બધું કામ કરે છે તેને તે દિશાઓની બહાર અહિંસા મહાવ્રત પળાય છે. માટે દિગ્વ્રત પાળવાથી અહિંસાવ્રત પુષ્ટ થાય છે. ૧૩૮.

## દેશવ્રતનું સ્વરૂપ

**तत्रापि च परिमाणं ग्रामापणभवनपाटकादीनाम् ।**
**प्रविधाय नियतकालं करणीयं विरमणं देशात् ॥१३९॥**

**અન્વયાર્થઃ**– [च] અને [तत्र अपि] તે દિગ્વ્રતમાં પણ [ग्रामापणभवनपाटकादीनाम्] ગામ, બજાર, મકાન, શેરી વગેરેનું [परिमाणं] પરિમાણ [प्रविधाय] કરીને [देशात्] મર્યાદા કરેલા ક્ષેત્રમાંથી બહાર [नियतकालं] જવાનો કોઈ નક્કી કરેલા સમય સુધી [विरमणं] ત્યાગ [करणीयं] કરવો જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ–** 'तत्रापि च दिग्व्रतोऽपि च ग्रामापणभवनपाटकादीनाम् नियतकालं परिमाणं प्रविधाय देशात् विरमणं करणीयम् ।' – **અર્થઃ–** જે દશે દિશાઓની મર્યાદા દિગ્વ્રતમાં કરી હતી તેમાં પણ ગામ, બજાર, ઘર, શેરી વગેરે સુધી એક દિવસ, એક અઠવાડિયું, પખવાડિયું, મહિનો, અયન, વર્ષ વગેરે નિશ્ચિત કાળ સુધી જવાઆવવાનું પરિમાણ કરીને બહારના ક્ષેત્રથી વિરક્ત થવું એને જ દેશવ્રત કહે છે. આ દેશવ્રતથી પણ અહિંસા પળાય છે. ૧૩૯.

**इति विरतो बहुदेशात् तदुत्थहिंसाविशेषपरिहारात् ।**
**तत्कालं विमलमतिः श्रयत्यहिंसां विशेषेण ॥१४०॥**

**અન્વયાર્થઃ–** [इति] આ રીતે [बहुदेशात् विरतः] ઘણા ક્ષેત્રનો ત્યાગ કરનાર [विमलमतिः] નિર્મળ બુદ્ધિવાળો શ્રાવક [तत्कालं] તે નિયમિત કાળે [तदुत्थहिंसाविशेषपरिहारात्] મર્યાદાકૃત ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી હિંસા વિશેષના ત્યાગથી [विशेषेण] વિશેષપણે [अहिंसां] અહિંસાવ્રતનો [श्रयति] આશ્રય કરે છે.

**ટીકાઃ–** 'इति बहुदेशात् विरतो विमलमतिः तत्कालं तदुत्थहिंसाविशेषपरिहारात् विशेषेण अहिंसां श्रयति' – **અર્થઃ–** આ રીતે દિગ્વ્રતમાં કરેલા ક્ષેત્રનું પરિમાણ કરીને તે ક્ષેત્ર બહાર હિંસાનો ત્યાગ થવા છતાં પણ ઉત્તમ બુદ્ધિવાળો શ્રાવક જો તે વખતે બીજા પણ થોડા ક્ષેત્રની મર્યાદા કરે છે તો તે વિશેષપણે અહિંસાનું આશ્રય કરે છે. જે મનુષ્યે જીવનપર્યંત દક્ષિણમાં કન્યાકુમારી અને ઉત્તરમાં હિમાલય સુધીનું દિગ્વ્રત કર્યું છે તે કાયમ તો હિમાલય જતો નથી તેથી તે દરરોજ એવી પ્રતિજ્ઞા કરે છે કે આજ હું 'છપારા' ગામમાં જ રહીશ, બહાર નહીં જાઉં. તો જે દિવસે તે 'છપારા' સુધીનો જ નિયમ કરે છે તેને તે દિવસે 'છપારા'ની બહારના પ્રદેશમાં અહિંસા મહાવ્રતનું પાલન થાય છે. ૧૪૦.

### ત્રીજા અનર્થદંડત્યાગ નામના ગુણવ્રતનું સ્વરૂપ :–

પ્રયોજન વિનાના પાપનો ત્યાગ કરવો તેને અનર્થદંડત્યાગવ્રત કહે છે. તેના પાંચ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભેદ છેઃ– ૧. અપધ્યાનત્યાગવ્રત, ૨. પાપોપદેશત્યાગવ્રત, ૩. પ્રમાદચર્યાત્યાગવ્રત, ૪. હિંસાદાનત્યાગવ્રત, અને ૫. દુઃશ્રુતિત્યાગવ્રત.

**અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

**पापर्द्धिजयपराजयसङ्गरपरदारगमनचौर्याद्याः ।**
**न कदाचनापि चिन्त्याः पापफलं केवलं यस्मात् ॥१४१॥**

**અન્વયાર્થઃ–** [पापर्द्धि-जय-पराजयं-सङ्गरपरदारगमन-चौर्याद्याः] શિકાર, જય, પરાજય, યુદ્ધ, પરસ્ત્રીગમન, ચોરી, આદિનું [कदाचनापि] કોઈ પણ સમયે [न चिन्त्याः] ચિંતવન ન કરવું જોઈએ [यस्मात्] કારણ કે આ અપધ્યાનોનું [केवलं] માત્ર [पापफलं] પાપ જ ફળ છે.

**ટીકાઃ–** 'पापर्द्धि जय पराजय संगरपरदारगमन चौर्याद्याः कदाचन अपि न चिन्त्याः यस्मात् केवलं पापफलं भवति' – **અર્થઃ–** શિકાર કરવાનું, સંગ્રામમાં કોઈની જીત અને હારનું, પરસ્ત્રીગમનનું, ચોરી કરવાનું ઈત્યાદિ ખરાબ કાર્યો કે જે કરવાથી કેવળ પાપ જ થાય છે, તેનું કદી પણ ચિંતવન ન કરવું જોઈએ. એને જ અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ખોટા (ખરાબ) ધ્યાનનું નામ અપધ્યાન છે, તેથી જે વાતનો વિચાર કરવાથી કેવળ પાપનો જ બંધ થાય તેને જ અપધ્યાન કહે છે. તેનો ત્યાગ કરવો તે અપધ્યાનઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ૧૪૧.

**પાપોપદેશ નામના અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

**विद्यावाणिज्यमषीकृषिसेवाशिल्पजीविनां पुंसाम् ।**
**पापोपदेशदानं कदाचिदपि नैव वक्तव्यम् ॥१४२॥**

**અન્વયાર્થઃ–** [विद्या-वाणिज्य-मषी-कृषि-सेवा-शिल्पजीविनां] વિદ્યા, વ્યાપાર, લેખનકળા, ખેતી, નોકરી અને કારીગરીથી નિર્વાહ ચલાવનાર [पुंसाम्] પુરુષોને [पापोपदेशदानं] પાપનો ઉપદેશ મળે એવું [वचनं] વચન [कदाचित् अपि] કોઈ પણ વખતે [नैव] ન [वक्तव्यम्] બોલવું જોઈએ.

**ટીકાઃ–** 'विद्या वाणिज्य मषी कृषि सेवा शिल्प जीविनां पुंसाम् पापोपदेशदानं



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



वचनं कदाचित् अपि नैव वक्तव्यम् ।' – અર્થઃ– વિદ્યા અર્થાત્ વૈદક-જ્યોતિષ કરનાર, વ્યાપાર કરનાર, લેખનકાર્ય કરનાર, ખેતી કરનાર, નોકરી-ચાકરી કરનાર અને લુહાર, સોની, દરજી વગેરે નું કામ કરનારને આ જ કામ કરવાના અને બીજા જે કોઇ પાપબંધ કરનારાં કાર્ય છે તેને કોઇ ને પણ ઉપદેશ આપવો ન જોઇએ. એને જ પાપોપદેશ અનર્થદંડત્યાગવ્રત કહે છે. શ્રાવક ગૃહસ્થ પોતાના કુટુંબીઓને, ભાઇબંધોને, પોતાનાં સગાંવહાલાંઓને-સંબંધીઓને કે જેમની સાથે પોતાને પ્રયોજન છે તેમને તથા પોતાના સાધર્મી ભાઇઓ છે તેમને તેમનો નિર્વાહ ચલાવવા માટે અવશ્ય વ્યાપાર વગેરેનો ઉપદેશ આપીને નિમિત્ત સંબંધી ચેષ્ટા કરે, પણ જેમની સાથે પોતાને કાંઇ પણ પ્રયોજન નથી તેમને ઉપદેશ ન દેવો જોઇએ ૧૪૨.

**પ્રમાદચર્યા અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–**

**भूखननवृक्षमोट्टनशाड्वलदलनाम्बुसेचनादीनि ।**
**निष्कारणं न कुर्याद्दलफलकुसुमोच्चयानपि च ॥१४३॥**

**અન્વયાર્થઃ–** [भूखननवृक्षमोट्टनशाड्वलदलनाम्बुसेचनादीनि] પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવાં, અતિશય ઘાસવાળી જમીન કચરવી, પાણી સીંચવું વગેરે [च] અને [दलफलकुसुमोच्चयान्] પત્ર, ફળ, ફૂલ તોડવા [अपि] વગેરે પણ [निष्कारणं] પ્રયોજન વિના [न कुर्यात्] ન કરવું.

**ટીકાઃ–** 'निष्कारणं भूखनन वृक्षमोट्टन शाड्वलदलन अम्बुसेचनादीनि च दलफलकुसुमोच्चयान् अपि च न कुर्यात्' – **અર્થઃ–** વિના પ્રયોજને પૃથ્વી ખોદવી, વૃક્ષ ઉખાડવા, ઘાસ કચરવું, પાણી સીંચવું-ઢોળવું તથા પાંદડાં, ફળ, ફૂલો તોડવાં, ઇત્યાદિ કોઇ પણ કાર્ય ન કરવું.

**ભાવાર્થઃ–** ગૃહસ્થ શ્રાવક પોતાના પ્રયોજન માટે કાંઇ પણ કરી શકે છે, પણ જેમાં પોતાનો કાંઇ પણ સ્વાર્થ નથી, જેમકે રસ્તે ચાલતાં વનસ્પતિ વગેરે તોડવી ઇત્યાદિ નકામાં કામ ન કરવાં જોઇએ. એને જ પ્રમાદચર્યાઅનર્થદંડત્યાગવ્રત કહે છે. ૧૪૩.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## હિંસાપ્રદાન અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–

**असिधेनुविषहुताशनलाङ्गलकरवालकार्मुकादीनाम् ।**
**वितरणमुपकरणानां हिंसाया: परिहरेद्यत्नात् ॥१४४॥**

**અન્વયાર્થ:**– [असि-धेनु-विष-हुताशन-लाङ्गल-करवाल-कार्मुकादीनाम्] છરી, વિષ, અગ્નિ, હળ, તલવાર, ધનુષ આદિ [हिंसाया:] હિંસાનાં [उपकरणानां] ઉપકરણોનું [वितरणम्] વિતરણ એટલે કે બીજાને દેવું તે [यत्नात्] સાવધાનીથી [परिहरेत्] છોડી દેવું જોઈએ.

**ટીકા:**– 'हिंसाया: उपकरणानां असि धेनु विष हुताशन लाङ्गल करवाल कार्मुकादीनाम् परिहरेत्' – **અર્થ:**– હિંસા કરવાનાં સાધન છરી, વિષ, અગ્નિ, હળ, તરવાર, બાણ વગેરેનું દેવું પ્રયત્નથી દૂર કરે અર્થાત્ બીજાને આપે નહિ, એને જ હિંસાદાન અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે વસ્તુઓ આપવાથી હિંસા થતી હોય તે વસ્તુઓનો ઉપયોગ પોતાના માટે કરી શકે છે પરંતુ બીજાઓને કદી પણ ન આપવી. ૧૪૪.

## દુ:શ્રુતિ અનર્થદંડત્યાગવ્રતનું સ્વરૂપ :–

**रागादिवर्द्धनानां दुष्टकथानामबोधबहुलानाम् ।**
**न कदाचन कुर्वीत श्रवणार्जनशिक्षणादीनि ॥१४५॥**

**અન્વયાર્થ:**– [रागादिवर्द्धनानां] રાગ, દ્વેષ, મોહાદિને વધારનાર તથા [अबोधबहुलानाम्] ઘણા અંશે અજ્ઞાનથી ભરેલી [दुष्टकथानाम्] દુષ્ટ કથાઓનું [श्रवणार्जनशिक्षणादीनि] સાંભળવું, ધારવું, શીખવું આદિ [कदाचन] કોઈ સમયે, કદીપણ [न कुर्वीत] કરવું ન જોઈએ.

**ટીકા:**–'अबोध (मिथ्यात्व) बहुलानां रागादिवर्द्धनानां दुष्टकथानां श्रवणार्जनशिक्षणादीनि न कदाचन कुर्वीत' – **અર્થ:**– મિથ્યાત્વસહિત રાગદ્વેષ, વેરભાવ, મોહ, મદાદિ વધારનાર કુકથાઓનું શ્રવણ તથા નવી કથાઓ બનાવવી, વાંચવી વગેરે કદી પણ ન કરવું. એને જ દુ:શ્રુતિ અનર્થદંડત્યાગવ્રત કહે છે. જે કથાઓ સાંભળવાથી, વાંચવાથી અને શિખવવાથી વિષયાદિની વૃદ્ધિ થાય, મોહ વધે અને પોતાના તથા પરના પરિણામથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિત્તને સંક્લેશ થાય એવી રાજકથા, ચોરકથા, ભોજનકથા, સ્ત્રીકથા ઇત્યાદિ કથાઓ કહેવી નહિ. ૧૪૫.

**મહાહિંસાનું કારણ અને અનેક અનર્થ ઉત્પન્ન કરનાર જુગારનો પણ ત્યાગ કરવો જોઈએઃ–**

**सर्वानर्थप्रथमं मथनं शौचस्य सद्म मायायाः ।**
**दूरात्परिहरणीयं चौर्यासत्यास्पदं द्यूतम् ॥१४६॥**

**અન્વયાર્થઃ–** [सर्वानर्थप्रथमं] સાત વ્યસનોમાં પહેલું અથવા બધા અનર્થોમાં મુખ્ય, [शौचस्य मथनं] સંતોષનો નાશ કરનાર, [मायायाः] માયાચારનું [सद्म] ઘર અને [चौर्यासत्यास्पदम्] ચોરી તથા અસત્યનું સ્થાન [द्यूतम्] એવા જુગારનો [दूरात्] દૂરથી જ [परिहरणीयम्] ત્યાગ કરવો જોઈએ.

**ટીકાઃ–** ' सर्वानर्थप्रथमम् मथनं शौचस्य, सद्म मायायाः चौर्यासत्यास्पदं द्यूतम दूरात् परिहरणीयम्' – **અર્થઃ–** બધા અનર્થોને ઉત્પન્ન કરનાર, શૌચ જે લોભનો ત્યાગ તેનો નાશ કરનાર અને કપટનું ઘર એવા જુગારને દૂરથી જ છોડવો જોઈએ.

**ભાવાર્થઃ–** ખરી રીતે જુગાર રમવો ઘણું જ ખરાબ કામ છે. સાત વ્યસનોમાંથી જુગાર જ સૌથી ખરાબ છે. જે પુરુષ જુગાર રમે છે તેઓ પ્રાયઃ બધાં પાપોનું આચરણ કરે છે, માટે જુગારનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. તેથી અનર્થદંડત્યાગનારને જુગારનો પણ ત્યાગ કરવો જોઈએ. ૧૪૬.

**વિશેષ કહે છે :–**

**एवंविधमपरमपि ज्ञात्वा मुञ्चत्यनर्थदण्डं यः ।**
**तस्यानिशमनवद्यं विजयमहिंसाव्रतं लभते ॥१४७॥**

**અન્વયાર્થઃ–** [यः] જે મનુષ્ય [एवंविधं] આ પ્રકારના [अपरमपि] બીજા પણ [अनर्थदंडम्] અનર્થદંડને [ज्ञात्वा] જાણીને [मुञ्चति] ત્યાગે છે [तस्य] તેને [अनवद्य] નિર્દોષ [अहिंसाव्रतं] અહિંસાવ્રત [अनिशम्] નિરંતર [विजयम्] વિજય [लभते] પામે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ**– 'यः एवंविधं अपरं अपि अनर्थदण्डं ज्ञात्वा मुञ्चति तस्य अनवद्यं अहिंसाव्रतं अनिशं विजयं लभते' – **અર્થઃ**– જે મનુષ્ય આ રીતે બીજા પણ પાપબંધ કરનાર અનર્થદંડને જાણીને છોડે છે, તે પુરુષનું પાપરહિત અહિંસાવ્રત હંમેશા વિજય પામે છે, અર્થાત્ સદૈવ પુણ્યબંધ કરતો, પાપનો ત્યાગ કરતો થકો કર્મોની નિર્જરા કરે છે.

**ભાવાર્થઃ**– સંસારમાં એવાં નાનાં નાનાં ઘણાં કાર્યો છે કે જેને કરવાથી વ્યર્થ જ પાપનો બંધ કર્યા કરે છે, તેથી બધા મનુષ્યોએ જેનાથી પોતાનું કાંઈ પ્રયોજન નથી એવા વ્યર્થ અનર્થદંડોનો ત્યાગ અવશ્ય કરવો–એ તેમનું કર્તવ્ય છે. આ રીતે ત્રણ ગુણવ્રતોનું વર્ણન સમાપ્ત કર્યું. ૧૪૭.

## હવે ચાર શિક્ષાવ્રતનું વર્ણન કરે છે :–

### પહેલું સામાયિક [1]શિક્ષાવ્રત

**रागद्वेषत्यागान्निखिलद्रव्येषु साम्यमवलम्ब्य ।**
**तत्त्वोपलब्धिमूलं बहुशः सामायिकं कार्यम् ॥१४८॥**

**અન્વયાર્થઃ**– [रागद्वेषत्यागात्] રાગ-દ્વેષના ત્યાગથી [निखिलद्रव्येषु] બધા ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં [साम्यं] સામ્યભાવને [अवलम्ब्य] અંગીકાર કરીને [तत्त्वोपलब्धिमूलं] આત્મતત્ત્વની પ્રાપ્તિનું મૂળકારણ એવું [सामायिकं] સામાયિક [बहुशः] વારંવાર [कार्यम्] કરવું જોઈએ.

**ટીકાઃ**– 'निखिलद्रव्येषु रागद्वेषत्यागात् साम्यं अवलम्ब्य तत्त्वोपलब्धि मूलं सामायिकं बहुशः कार्यम् ।' અર્થઃ– સમસ્ત ઈષ્ટ-અનિષ્ટ પદાર્થોમાં રાગદ્વેષ ભાવોનો ત્યાગ કરવાથી, સમતાભાવનું આલંબન કરીને, આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં મૂળકારણ સામાયિક છે તે વારંવાર કરવું જોઈએ, અર્થાત્ દરરોજ ત્રણે કાળે કરવું જોઈએ. તેને જ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

---

૧. સામાયિકને માટે ૧– યોગ્ય ક્ષેત્ર, ૨– યોગ્ય કાળ, ૩– યોગ્ય આસન, ૪– યોગ્ય વિનય, ૫– મનશુદ્ધિ, ૬–વચનશુદ્ધિ, ૭–ભાવશુદ્ધિ અને ૮– કાયશુદ્ધિ એ આઠ વાતની અનુકૂળતા હોવી જરૂરી છે; તેમાં ભેદજ્ઞાનપૂર્વક સ્વસન્મુખતાના બળથી જેટલી પરિણામોની શુદ્ધતા થાય તેટલી નિશ્ચય સામાયિક છે. ત્યાં વર્તતા શુભરાગને વ્યવહાર સામાયિક કહેવામાં આવે છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જેણે કષાયની બે ચોકડીનો અભાવ કર્યો છે તે જીવને સાચાં અણુવ્રત અને સામાયિકવ્રત હોય છે, જેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત-અજ્ઞાનમયવ્રત કહેલ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**– 'સમ્' એટલે એકરૂપ અને 'અય' એટલે આત્માના સ્વરૂપમાં ગમન તે 'સમય' થયું. એવો 'સમય' જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઇ શકે નહિ. તેથી સુખદાયક અને દુઃખદાયક પદાર્થોમાં સમાન બુદ્ધિ રાખતો શ્રાવક ત્રણે કાળે પાંચે પાપોનો ત્યાગ કરીને અવશ્ય સામાયિક કરે. એને સામાયિક શિક્ષાવ્રત કહે છે. ૧૪૮.

**સામાયિક કયારે અને કેવી રીતે કરવું તે બતાવે છે :–**

**रजनीदिनयोरन्ते तदवश्यं भावनीयमविचलितम् ।**
**इतरत्र पुनः समये न कृतं दोषाय तद्गुणाय कृतम् ॥१४९॥**

**અન્વયાર્થઃ**– [तत्] તે સામાયિક [रजनीदिनयोः] રાત્રિ અને દિવસના [अन्ते] અંતે [अविचलितम्] એકાગ્રતાપૂર્વક [अवश्यं] અવશ્ય [भावनीयम्] કરવું જોઇએ. [पुनः] અને જો [इतरत्र समये] અન્ય સમયે [कृतं] કરવામાં આવે તો [तत्, कृतं] તે સામાયિક કાર્ય [दोषाय] દોષનો હેતુ [न] નથી, પણ [गुणाय] ગુણને માટે જ હોય છે.

**ટીકાઃ**– ' तत् सामायिकं रजनी दिनयोः अन्ते अवश्यं अविचलितं भावनीयं पुनः इतरत्र समये कृतम् दोषाय न किन्तु तत् गुणाय कृतम् अस्ति।' – **અર્થઃ**– તે સામાયિક પ્રત્યેક શ્રાવકે રાતના અંતે અને દિવસના અંતે અર્થાત્ પ્રભાતે અને સંધ્યાકાળે અવશ્ય નિયમપૂર્વક કરવું જોઇએ અને બાકીના વખતે જો સામાયિક કરે તો ગુણ નિમિત્તે જ હોય છે, દોષ નિમિત્તે નહિ.

**ભાવાર્થઃ**– ગૃહસ્થ શ્રાવક ગૃહસ્થપણાનાં અનેક કાર્યોમાં સંલગ્ન રહે છે. તેથી તેને માટે આલંબનરૂપ પ્રભાત અને સંધ્યાના બન્ને સમય આચાર્યોએ નિયમિત કર્યા છે. આમ તો સામાયિક ગમે ત્યારે કરવામાં આવે તેનાથી આત્માનું કલ્યાણ જ છે, નુકસાન કદીપણ નથી. તેથી પ્રત્યેક શ્રાવકે બન્ને સમય અથવા ત્રણ સમય બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી સુધી પાંચે પાપનો તથા આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને એકાંત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા, પછી નવવાર નમસ્કારમંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા અને એક શિરોનતિ કરવી. આ રીતે ચારે દિશામાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન કરીને સામાયિક કરવું. અને જ્યારે સામાયિક પૂર્ણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવવાર નમસ્કારમંત્રનો જાપ, ત્રણ ત્રણ આવર્તન, એક એક શિરોનતિ એ જ પ્રમાણે કરવી. આ જ સામાયિક કરવાની સ્થૂળ વિધિ છે. સામાયિક કરતી વખતે શ્રાવક પણ મુનિસમાન જ છે. ૧૪૯.

**सामायिकश्रितानां समस्तसावद्ययोगपरिहारात् ।**
**भवति महाव्रतमेषामुदयेऽपि चरित्रमोहस्य ॥१५०॥**

**અન્વયાર્થઃ—** [एषाम्] આ [सामायिकश्रितानां] સામાયિક દશાને પામેલા શ્રાવકોને [चरित्रमोहस्य] ચારિત્રમોહનો [उदये अपि] ઉદય હોવા છતાં પણ [समस्तसावद्ययोगपरिहारात्] સમસ્ત પાપના યોગના ત્યાગથી [महाव्रतं] મહાવ્રત [भवति] થાય છે.

**ટીકાઃ—** 'सामायिकश्रितानां एषां श्रावकानां समस्तसावद्ययोगपरिहारात् चरित्रमोहस्य उदये अपि महाव्रतं भवति ।' — **અર્થઃ—** સામાયિક કરનાર શ્રાવકને તે સમયે સમસ્ત પાંચે પાપોનો ત્યાગ હોવાથી પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોવા છતાં પણ મહાવ્રત જ છે.

**ભાવાર્થઃ—** શ્રાવક જે વખતે સામાયિક કરી રહ્યો છે ત્યારે ખરી રીતે તેની તે વખતની અવસ્થા મુનિ સમાન જ છે. તેના પરિણામોમાં અને મુનિના પરિણામોમાં વિશેષ તફાવત નથી. ભેદ ફક્ત એટલો જ છે કે મુનિ દિગંબર છે અને શ્રાવક વસ્ત્રસહિત છે. મુનિ મહારાજે પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કરી દીધો છે અને શ્રાવકે હજી સુધી પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ત્યાગ કર્યો નથી. ૧૫૦.

**હવે બીજા શિક્ષાવ્રત પ્રોષધોપવાસનું સ્વરૂપ કહે છે :—**

**सामायिकसंस्कारं प्रतिदिनमारोपितं स्थिरीकर्तुम् ।**
**पक्षार्द्धयोर्द्वयोरपि कर्तव्योऽवश्यमुपवासः ॥१५१॥**

**અન્વયાર્થઃ—** [प्रतिदिनं] દરરોજ [आरोपितं] અંગીકાર કરેલ [सामायिकसंस्कारं] સામાયિકરૂપ સંસ્કાર [स्थिरीकर्तुम्] સ્થિર કરવાને માટે [द्वयोः] બન્ને [पक्षार्द्धयोः] પક્ષના અર્ધભાગમાં અર્થાત્ અષ્ટમી અને ચતુર્દશીના દિવસે [उपवासः] ઉપવાસ [अवश्यमपि] અવશ્ય જ [कर्तव्यः] કરવો જોઈએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ–** 'प्रतिदिनं आरोपितं सामायिकं संस्कारं स्थिरीकर्तुम् द्वयोरपि पक्षार्द्धयोः अवश्यम् उपवासः कर्तव्यः' – **અર્થઃ–** પ્રતિદિન અંગીકાર કરેલ સામાયિક વ્રતની દ્રઢતા કરવા માટે બન્ને પખવાડિયાના અર્ધા ભાગમાં જે ચૌદશ અને આઠમ છે તેમાં અવશ્ય ઉપવાસ કરવો જોઈએ.

**ભાવાર્થઃ–** આ પ્રોષધ ઉપવાસ દરેક મહિનામાં ચાર વાર કરવામાં આવે છે, અર્થાત્ દરેક ચૌદશ અને આઠમના દિવસે તે કરવામાં આવે છે. તેનાથી સામાયિક કરવાની ભાવના દ્રઢ રહે અર્થાત્ વિષયકષાયોમાંથી ચિત્ત સદા વિરક્ત જ રહે છે તેથી પ્રત્યેક ગૃહસ્થે સામાયિક અવશ્ય કરવું જોઈએ. ૧૫૧.

## પ્રોષધોપવાસની વિધિ

**मुक्तसमस्तारम्भः प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे ।**
**उपवासं गृहणीयान्ममत्वमपहाय देहादौ ॥१५२॥**

**અન્વયાર્થઃ–** [मुक्तसमस्तारम्भः] સમસ્ત આરંભથી મુક્ત થઈને [देहादौ] શરીરાદિમાં [ममत्वं] આત્મબુદ્ધિનો [अपहाय] ત્યાગ કરીને [प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे] ઉપવાસના આગલા દિવસના અર્ધા ભાગમાં [उपवासं] ઉપવાસ [गृहणीयात्] અંગીકાર કરવો જોઈએ.

**ટીકાઃ–** 'प्रोषधदिनपूर्ववासरस्यार्द्धे मुक्तसमस्तारम्भः देहादौ ममत्वं अपहाय उपवासं गृहणीयात्।' – અર્થઃ– ઉપવાસ કરવાના એક દિવસ અગાઉ અર્થાત્ ધારણાના દિવસે સમસ્ત આરંભ છોડીને ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને શરીર વગેરેમાં મમત્વભાવ છોડીને ઉપવાસ ગ્રહણ કરવો.

**ભાવાર્થઃ–** જેમ કે આઠમનો ઉપવાસ કરવાનો છે તો સાતમના બાર વાગ્યાથી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને, સમસ્ત આરંભનો ત્યાગ કરતો થકો શરીરાદિથી મોહ છોડીને ઉપવાસ ધારણ કરવો. ૧૫૨.

## ઉપવાસના દિવસનું કર્તવ્ય

**श्रित्वा विविक्तवसतिं समस्तसावद्ययोगमपनीय ।**
**सर्वेन्द्रियार्थविरतः कायमनोवचनगुप्तिभिस्तिष्ठेत् ॥१५३॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– પછી [विविक्तवसतिं] નિર્જન [1]વસતિકા-નિવાસસ્થાનમાં [श्रित्वा] જઈને [समस्तसावद्ययोगं] સમ્પૂર્ણ [2]સાવદ્યયોગનો [अपनीय] ત્યાગ કરીને [सर्वेन्द्रियार्थविरत:] સર્વ ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈ [कायमनोवचनगुप्तिभि:] મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સહિત [तिष्ठेत्] સ્થિર થાય.

**ટીકાઃ**– 'विविक्त वसतिं श्रित्वा समस्त सावद्ययोगं अपनीय सर्वेन्द्रियार्थविरत: कायमनोवचनगुप्तिभि: तिष्ठेत्' – **અર્થઃ**– જેણે સાતમના દિવસે ઉપવાસ ધારણ કર્યો છે તે શ્રાવક તે જ વખતે એકાંત સ્થાનમાં જઈને હિંસાદિ પાંચે પાપોનો સંકલ્પપૂર્વક ત્યાગ કરીને, પાંચે ઈન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈને મન, વચન અને કાયાને વશ રાખે અર્થાત્ ત્રણે ગુપ્તિનું પાલન કરે.

**ભાવાર્થઃ**– ઉપવાસનો બધો સમય ધર્મધ્યાન વગેરેમાં વિતાવવો જોઈએ. એકાંત સ્થાન વિના ધર્મધ્યાન થઈ શકતું નથી. માટે એકાંત સ્થાન ધર્મશાળા, ચૈત્યાલય વગેરેમાં વાસ કરે અને જો મનમાં વિચાર કરે તો ધાર્મિક વાતોનો જ વિચાર કરે, જો વચન બોલે તો ધાર્મિક વાતોનું જ વિવેચન કરે અને જો કાયાની ચેષ્ટા કરે તો પોતાની મર્યાદા પ્રમાણે જ હરેફરે, નિરર્થક હરેફરે નહિ. આ રીતે ત્રણે ગુપ્તિઓનું પાલન કરે. ૧૫૩.

**પછી શું કરે તે બતાવે છેઃ–**

**धर्मध्यानासक्तो वासरमतिवाह्य विहितसान्ध्यविधिम् ।**
**शुचिसंस्तरे त्रियामां गमयेत्स्वाध्यायजितनिद्र: ।।१५४।।**

**અન્વયાર્થઃ**– [विहितसान्ध्यविधिम्] જેમાં પ્રાતઃકાળ અને સંધ્યાકાળની સામાયિકાદિ ક્રિયા કરીને [वासरम्] દિવસ [धर्मध्यानासक्त:] ધર્મધ્યાનમાં લીન થઈને [अतिवाह्य] વિતાવીને [स्वाध्यायजितनिद्र:] પઠન-પાઠનથી નિદ્રાને જીતીને [शुचिसंस्तरे] પવિત્ર પથારી પર [त्रियामां] રાત્રિ [गमयेत्] પૂર્ણ કરે.

**ટીકાઃ**– 'धर्मध्यानासक्तो वासरं अतिवाह्य विहित सान्ध्यविधिम् स्वाध्यायजितनिद्र

૧. પ્રાચીન સમયમાં નગર- ગ્રામોની બહાર ધર્માત્માજન મુનિઓને ઉતરવા માટે-આરામ માટે અથવા સામાયિક આદિ કરવા માટે ઝુંપડી કરાવી દેતા, તેને વસતિકા કહેતા હતા. અનેક નગરોમાં વસતિકાઓ આજ પણ જોવામાં આવે છે.

૨.-સમસ્તસાવદ્યયોગનો ત્યાગ = જે સમયે સાવદ્યક્રિયાઓનો ત્યાગ કરે, તે સમયે ''હું સર્વસાવદ્યયોગનો ત્યાગી થાઉં છું એવી પ્રતિજ્ઞા કરે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



– **અર્થઃ**– ઉપવાસ સ્વીકારીને શ્રાવક, ધર્મધ્યાનમાં લીન થઈ દિવસ પૂર્ણ કરી સંધ્યા સમયે સામાયિક વગેરે કરીને ત્રણ પહોર સુધી પવિત્ર પથારીમાં યથાશક્તિ સ્વાધ્યાય કરીને રાત્રિ પૂર્ણ કરે.

**ભાવાર્થઃ**– આ ઉપવાસ ધારણાનો દિવસ છે તેથી બપોરના બાર વાગ્યાથી સંધ્યાકાળ સુધી ધર્મધ્યાન કરવું, પછી સામાયિક કરવું, પછી સ્વાધ્યાય કરવી, પછી શયન કરવું. યથાશક્તિ બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું. પછી પ્રાતઃકાળે ચાર વાગ્યે પથારી છોડીને જાગ્રત થઈ જવું. ૧૫૪.

### પછી શું કરવું?

**प्रातः प्रोत्थाय ततः कृत्वा तात्कालिकं क्रियाकल्पम् ।**
**निर्वर्तयेद्यथोक्तं जिनपूजां प्रासुकैर्द्रव्यैः ॥१५५॥**

**અન્વયાર્થઃ**– [ततः] પછી [प्रातः] સવારમાં [प्रोत्थाय] ઊઠીને [तात्कालिकं] તે સમયની [क्रियाकल्पम्] ક્રિયાઓ [कृत्वा] કરીને [प्रासुकैः] પ્રાસુક અર્થાત્ જીવરહિત [द्रव्यैः] દ્રવ્યોથી [यथोक्तं] આર્ષ ગ્રન્થોમાં કહ્યા પ્રમાણે [जिनपूजां] જિનેશ્વરદેવની પૂજા [निर्वर्तयेत्] કરવી.

**ટીકાઃ**– ‘ ततः प्रातः प्रोत्थाय तात्कालिकं क्रियाकल्पं कृत्वा यथोक्तं प्रासुकैः द्रव्यैः जिनपूजां निर्वर्तयेत् ।’– **અર્થઃ**– સૂતા પછી ચાર વાગ્યે બ્રાહ્મમુહૂર્તમાં જાગ્રત થઈને સામાયિક અને ભજન-સ્તુતિ વગેરે કરીને શૌચાદિ સ્નાન વગેરે કરી પ્રાસુક આઠ દ્રવ્યોથી ભગવાનની પૂજા કરવી તથા સ્વાધ્યાય વગેરે કરવાં.

**ભાવાર્થઃ**– આચાર્યોનો અભિપ્રાય અહીં પ્રાસુક દ્રવ્યોથી પૂજન કરવાનો છે તેથી જળને લવિંગ દ્વારા પ્રાસુક[૧] બનાવી લેવું જોઈએ અથવા જળ ઉકાળી લેવું જોઈએ અને તે જળથી દ્રવ્યો ધોવાં જોઈએ. ભગવાનની પૂજા માટે મોસંબી, નારંગી, સીતાફળ, શેરડી આદિ સચિત્ત વસ્તુઓ ઉપવાસના વ્રતધારીએ કદીપણ ચઢાવવી નહિ. ૧૫૫.

૧. પ્રાસુક = જે દ્રવ્ય સુકાયેલું હોય, પાકી ગયેલું હોય, અગ્નિથી તપાવેલું હોય, આમ્લરસ તથા લવણ મિશ્રિત હોય, કોલ્હ, સંચો, છરી, ઘંટી આદિ યંત્રોથી છિન્નભિન્ન કરેલ હોય તથા સંશોધિત હોય તે બધાં પ્રાસુક = અચિત્ત છે. આ ગાથા સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રન્થની સંસ્કૃત ટીકામાં તથા ગોમ્મટસારની કેશવવર્ણીકૃત સં. ટીકામાં સત્યવચનના ભેદોમાં કહેવામાં આવી છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**उक्तेन ततो विधिना नीत्वा दिवसं द्वितीयरात्रिं च ।**
**अतिवाहयेत्प्रयत्नादर्द्धं च तृतीयदिवसस्य ॥१५६॥**

**અન્વયાર્થઃ–** [ततः] ત્યાર પછી [उक्तेन] પૂર્વોક્ત [विधिना] વિધિથી [दिवसं] ઉપવાસનો દિવસ [च] અને [द्वितीयरात्रिं] બીજી રાત્રિ [नीत्वा] વિતાવીને [च] પછી [तृतीयदिवसस्य] ત્રીજા દિવસનો [अर्धं] અર્ધભાગ પણ [प्रयत्नात्] અતિશય યત્નાચારપૂર્વક [अतिवाहयेत्] વ્યતીત કરવો.

**ટીકાઃ–** 'ततः उक्तेन विधिना दिवसं नीत्वा च द्वितीय रात्रिं नीत्वा च तृतीय दिवसस्य अर्द्धं प्रयत्नात् अतिवाहयेत् ।' – **અર્થઃ–** પછી જેવી રીતે ધર્મધ્યાનથી પહેલો અર્ધો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે બીજો દિવસ વિતાવીને, તથા જેવી રીતે સ્વાધ્યાયપૂર્વક પહેલી રાત્રિ વિતાવી હતી તેવી જ રીતે બીજી રાત્રિ વિતાવીને ખૂબ પ્રયત્નપૂર્વક ત્રીજો અર્ધો દિવસ પણ વિતાવવો.

**ભાવાર્થઃ–** જેવી રીતે ધારણાનો દિવસ વિતાવ્યો હતો તેવી જ રીતે પારણાનો દિવસ વિતાવવો. ધારણાથી લઈને પારણા સુધી સોળ પહોર સુધી શ્રાવકે સારી રીતે ધર્મધ્યાનપૂર્વક જ સમય વિતાવવો, ત્યારે જ તેનો ઉપવાસ કરવો સાર્થક છે; કારણ કે વિષય-કષાયોના ત્યાગ માટે જ ઉપવાસ વગેરે કરવામાં આવે છે. ૧૫૬.

ઉપવાસ કરવાનું ફળ બતાવે છેઃ–

**इति यः षोडशयामान् गमयति परिमुक्तसकलसावद्यः ।**
**तस्य तदानीं नियतं पूर्णमहिंसाव्रतं भवति ॥१५७॥**

**અન્વયાર્થઃ–** [यः] જે જીવ [इति] આ રીતે [परिमुक्तसकलसावद्यः सन्] સંપૂર્ણ પાપક્રિયાઓથી રહિત થઈ ને [षोडशयामान्] સોળ પહોર [गमयति] વિતાવે છે [तस्य] તેને [तदानीं] તે વખતે [नियतं] નિશ્ચયપૂર્વક [पूर्णं] સંપૂર્ણ [अहिंसाव्रत] અહિંસાવ્રત [भवति] થાય છે.

**ટીકાઃ–** 'इति (पूर्वोक्तरीत्या) यः (श्रावकः) परिमुक्तसकलसावद्यः षोडशयामान् गमयति, तस्य (श्रावकस्य) तदानीं नियतं पूर्णं अहिंसाव्रतं भवति ।' – **અર્થઃ–** જેવી રીતે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપવાસની વિધિ બતાવી છે તેવી રીતે જે શ્રાવક સંપૂર્ણ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરી સોળ પહોર વિતાવે છે તે શ્રાવકને તે સોળ પહોરમાં નિયમથી પૂર્ણ અહિંસાવ્રતનું પાલન થાય છે.

**ભાવાર્થઃ–** ઉપવાસ ત્રણ પ્રકારે છેઃ– ઉત્કૃષ્ટ ઉપવાસ સોળ પહોરનો છે, મધ્યમ ઉપવાસ બાર પહોરનો છે, જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે

જેમ (૧) સાતમને દિવસે બાર વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે બાર વાગ્યે પારણું કર્યું તો સોળ પહોર થયા તે ઉત્કૃષ્ટ ઉપવાસ છે.

(૨) સાતમને દિવસે સંધ્યા સમયે પાંચ વાગ્યે ઉપવાસ ધારણ કર્યો અને નોમને દિવસે સાત વાગ્યે પારણું કરે તો એ બાર પહોરનો મધ્યમ ઉપવાસ છે.

(૩) જઘન્ય ઉપવાસ આઠ પહોરનો છે. અને આઠમને દિવસે સવારમાં આઠ વાગ્યે ધારણ કરવામાં આવે અને નોમને દિવસે સવારે આઠ વાગ્યે પારણું કરવામાં આવે તે આઠ પહોરનો જઘન્ય ઉપવાસ થયો. આ રીતે ઉપવાસનું વર્ણન પૂર્ણ થયું. ૧૫૭.

### ઉપવાસ માં વિશેષપણે અહિંસાની પુષ્ટિ

**भोगोपभोगहेतोः स्थावरहिंसा भवेत् किलामीषाम् ।**
**भोगोपभोगविरहाद्भवति न लेशोऽपि हिंसायाः ॥१५८॥**

**અન્વયાર્થઃ–** [किल] ખરેખર [अमीषाम्] આ દેશવ્રતી શ્રાવકને [भोगोपभोगहेतोः] ભોગ-ઉપભોગના હેતુથી [स्थावरहिंसा] સ્થાવર અર્થાત્ એકેન્દ્રિય જીવોની હિંસા [भवेत्] થાય છે પણ [भोगोपभोगविरहात्] ભોગ-ઉપભોગના ત્યાગથી [हिंसायाः] હિંસા [लेशः अपि] લેશ પણ [न भवति] થતી નથી.

**ટીકાઃ–** ''किल अमीषाम् (श्रावकानाम्) भोगोपभोगहेतोः स्थावरहिंसा भवेत् (अतः उपवासे) भोगोपभोगविरहात् हिंसायाः लेशोऽपि न भवति'' – **અર્થઃ–** નિશ્ચયથી શ્રાવકોને ભોગ-ઉપભોગના પદાર્થો સંબંધી સ્થાવરહિંસા થાય છે, કેમકે ગૃહસ્થ શ્રાવક ત્રસહિંસાનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો પૂર્ણ ત્યાગી જ છે. જયારે ગૃહસ્થ ઉપવાસમાં સમસ્ત આરંભ-પરિગ્રહ અને પાંચે પાપનો સંપૂર્ણ ત્યાગ કરી દે છે ત્યારે તેને ઉપવાસમાં સ્થાવરહિંસા પણ થતી નથી. આ કારણે પણ તેને અહિંસા મહાવ્રતનું પાલન થાય છે. ૧૫૮.

એ જ રીતે ઉપવાસમાં અહિંસા મહાવ્રતની જેમ બીજાં ચાર મહાવ્રત પણ પળાય છે એ વાત બતાવે છેઃ–

**वाग्गुप्तेर्नास्त्यनृतं न समस्तादानविरहतः स्तेयम् ।**
**नाब्रह्म मैथुनमुचः सङ्गो नाङ्गेप्यमूर्च्छस्य ॥१५९॥**

**અન્વયાર્થઃ–** અને ઉપવાસધારી પુરુષને [वाग्गुप्तेः] વચનગુપ્તિ હોવાથી [अनृतं] જૂઠું વચન [न] નથી, [समस्तादानविरहतः] સંપૂર્ણ અદત્તાદાનના ત્યાગથી [स्तेयम्] ચોરી [न] નથી, [मैथुनमुचः] મૈથુન છોડનારને [अब्रह्म] અબ્રહ્મચર્ય [न] નથી અને [अङ्गे] શરીરમાં [अमूर्च्छस्य] નિર્મમત્વ હોવાથી [सङ्गः] પરિગ્રહ [अपि] પણ [न] નથી.

**ટીકાઃ–** ' वाग्गुप्तेः अनृतं नास्ति, समस्तादानविरहतः स्तेयं नास्ति, मैथुनमुचः अब्रह्म नास्ति, अङ्गे अपि अमूर्च्छस्य सङ्गः नास्ति।' – **અર્થઃ–** ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ પાળવાથી સત્ય મહાવ્રત પળાય છે, દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રત પળાય છે, સંપૂર્ણ મૈથુન કર્મનો ત્યાગ હોવાથી બ્રહ્મચર્ય મહાવ્રત પળાય છે અને શરીરમાં જ મમત્વપરિણામ ન હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રત પળાય છે. એ રીતે ચારે મહાવ્રત પાળી શકે છે. ૧૫૯.

હવે અહીં કોઈ શંકા કરે કે જો શ્રાવકને પણ મહાવ્રત છે અને મુનિઓને પણ મહાવ્રત છે તો બન્નેમાં તફાવત શું છે?

**તો કહે છે :–**

**इत्थमशेषितहिंसः प्रयाति स महाव्रतित्वमुपचारात् ।**
**उदयति चरित्रमोहे लभते तु न संयमस्थानम् ॥१६०॥**

**અન્વયાર્થઃ–** [इत्थम्] આ રીતે [अशेषितहिंसः] સંપૂર્ણ હિંસાઓથી રહિત [सः] તે પ્રોષધ ઉપવાસ કરનાર પુરુષ [उपचारात्] ઉપચારથી અથવા વ્યવહારનયથી [महाव्रतित्वं] મહાવ્રતપણું [प्रयाति] પામે છે, [तु] પણ [चरित्रमोहे] ચારિત્રમોહના [उदयति] ઉદયરૂપ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાના કારણે [संयमस्थानम्] સંયમસ્થાન અર્થાત્ પ્રમત્તાદિ ગુણસ્થાન [न लभते] પ્રાપ્ત કરતો નથી.

**ટીકાઃ–** 'इत्थं अशेषितहिंसः सः (श्रावकः) उपचारात् महाव्रतित्वं प्रयाति,तु चरित्रमोहे उदयति (सति) संयमस्थानं न लभते ।' **–અર્થઃ–** આ રીતે જેને હિંસા બાકી છે એવો શ્રાવક ઉપચારથી મહાવ્રતપણું પામે છે. ખરી રીતે તે મહાવ્રતી નથી, કેમકે પ્રત્યાખ્યાનાવરણ ચારિત્રમોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી તે શ્રાવક મહાવ્રત સંયમને પ્રાપ્ત થઈ શકતો નથી.

**ભાવાર્થઃ–** વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભનો અભાવ થઈ ગયો છે તે જ મહાવ્રતી સંયમી કહેવાય છે. પણ જેમને તે કષાયોનો અભાવ થયો નથી પણ તેને દ્રવ્યરૂપ પાંચે પાપોનો અભાવ થઈ ગયો હોય તો તેને ઉપચારથી મહાવ્રત છે; ખરી રીતે મહાવ્રત નથી, કેમકે પૂર્ણ સંયમ પ્રમત્ત ગુણસ્થાનમાં જ શરૂ થાય છે અને પ્રમત્ત ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવ વિના થતું નથી. આ રીતે પ્રોષધોપવાસનું વર્ણન કર્યું. આ પ્રોષધોપવાસ બધા શ્રાવકોએ કરવો જોઈએ, કેમ કે એમાં પાંચે મહાપાપોનો ત્યાગ થઈ જાય છે અને પાંચે ઇન્દ્રિયોના વિષય તથા કષાયોનું દમન પણ થાય છે. જે ગૃહસ્થ કેવળ માન-મોટાઈ માટે જ ઉપવાસ કરે છે અને પોતાના કષાયોનો ત્યાગ કરતા નથી તેમને ઉપવાસ કરવો એ ન કરવા સમાન જ છે. ૧૬૦.

## ત્રીજું શિક્ષાવ્રત-ભોગોપભોગપરિમાણ

**भोगोपभोगमूला विरताविरतस्य नान्यतो हिंसा ।**
**अधिगम्य वस्तुतत्त्वं स्वशक्तिमपि तावपि त्याज्यौ ॥१६१॥**

**અન્વયાર્થઃ–** [विरताविरतस्य] દેશવ્રતી શ્રાવકને [भोगोपभोगमूला] ભોગ અને ઉપભોગના નિમિત્તે થતી [हिंसा] હિંસા થાય છે [अन्यतः न] અન્ય પ્રકારે થતી નથી, માટે [तौ] તે બન્ને અર્થાત્ ભોગ અને ઉપભોગ [अपि] પણ [वस्तुतत्त्वं] વસ્તુસ્વરૂપ [अपि] અને [स्वशक्तिम्] પોતાની શકિતને [अधिगम्य] જાણીને અર્થાત્ પોતાની શક્તિ અનુસાર [त्याज्यौ] છોડવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'विरताविरतस्य भोगोपभोगमूला हिंसा भवति । अन्यतः न इति हेतोः



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



भावकेन वस्तुतत्त्वं अधिगम्य तथा स्वशक्तिम् अपि अधिगम्य तौ अपि भोगोपभोगौ अपि त्याज्यौ' – **અર્થઃ**– દેશવ્રત પાળનાર શ્રાવકને ભોગના પદાર્થો સંબંધી અને ઉપભોગના પદાર્થો સંબંધી હિંસા થાય છે, પણ બીજા કોઇ પ્રકારે હિંસા થતી નથી. આ કારણે વસ્તુસ્વરૂપ જાણીને તથા પોતાની શક્તિને પણ જાણીને તે ભોગ અને ઉપભોગને છોડવા.

**ભાવાર્થઃ**– જે એક વાર ભોગવવામાં આવે તેને ભોગ કહે છે. જેમ કે દાળ, ભાત, રોટલી, પુરી, પાણી, દૂધ, દહીં, પેંડા, જલેબી, પુષ્પમાળા વગેરે બધા ભોગ પદાર્થો છે. જે વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહે છે. જેમ કે કપડાં, વાસણ, ઘર, મકાન, ખેતર, જમીન, ગાય, બળદ વગેરે બધા ઉપભોગ પદાર્થો છે. શ્રાવકને આ પદાર્થોના સંબંધથી હિંસા થાય છે તેથી શ્રાવકોએ આ હિંસાનાં કારણોનો શીઘ્ર ત્યાગ કરવો જોઇએ. ૧૬૧.

**एकमपि प्रजिघांसुर्निहन्त्यनन्तान्यतस्ततोऽवश्यम् ।**
**करणीयमशेषाणां परिहरणमनन्तकायानाम् ॥१६२॥**

**અન્વયાર્થઃ**– [ततः] કારણ કે [एकम्] એક સાધારણ શરીરને-કંદમૂળાદિને [अपि] પણ [प्रजिघांसुः] ઘાતવાની ઇચ્છા કરનાર પુરુષ [अनन्तानि] અનંત જીવને [निहन्ति] મારે છે, [अतः] માટે [अशेषाणां] સંપૂર્ણ [अनन्तकायानां] અનંતકાયનો [परिहरणं] પરિત્યાગ [अवश्यम्] અવશ્ય [करणीयम्] કરવો જોઇએ.

**ટીકાઃ**– 'एकं अपि प्रजिघांसुः अतः अनन्तानि निहन्ति ततः अशेषाणां अनन्तकायानां अवश्यं परिहरणं करणीयम् ।' – **અર્થઃ**– એક કંદમૂળ સંબંધી જીવને ખાવાની ઇચ્છા કરનાર ગૃહસ્થ તે જીવની સાથે સાથે તેને આશ્રયે રહેતા સાધારણ અનંતા જીવો છે તે બધાયને મારે છે તેથી સાધારણ અનંતકાયવાળી જેટલી વનસ્પતિ છે [1]તે બધીનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

૧-તે બધીનો ત્યાગ એટલે તે સંબંધી રાગનો ત્યાગ તે પણ મિથ્યા અભિપ્રાયના ત્યાગરૂપ અને સ્વાશ્રયના ગ્રહણરૂપ સમ્યગ્દર્શન વિના 'યથાર્થ રીતે વ્યવહાર ત્યાગ' એવા નામને પામતો નથી. ધર્મી જીવે ત્રસ અને સ્થાવર જીવના ભેદ જાણવા જોઇએ. બેઇન્દ્રિય આદિથી પંચેન્દ્રિય સુધીના જીવને ત્રસ તથા પૃથિવીકાયિક, જળકાયિક, વાયુકાયિક, અગ્નિકાયિક અને વનસ્પતિકાયિક જીવને સ્થાવર કહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**– વનસ્પતિ સાધારણ અને પ્રત્યેક એમ બે પ્રકારે છે. તેમાં ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો ત્યાગ તો સર્વથા જ કરવો જોઇએ અને યથાશક્તિ પ્રત્યેક વનસ્પતિનો પણ ત્યાગ કરવો જોઇએ. હવે અહીં પ્રત્યેક અને સાધારણના સર્વ ભેદ-પ્રભેદપૂર્વક સ્પષ્ટ કથન કરે છે.

પાંચ સ્થાવરોમાંથી પૃથ્વીકાય, જળકાય, વાયુકાય અને અગ્નિકાય એ ચારમાં તો નિગોદના જીવ રહેતા નથી, કેવળ એક વનસ્પતિમાં જ રહે છે. તેના પ્રત્યેક અને સાધારણ એવા બે ભેદ છે. જે શરીરનો એક જ સ્વામી હોય તેને પ્રત્યેક કહે છે અને જે શરીરના અનંત સ્વામી હોય તેને સાધારણ કહે છે. પ્રત્યેકના પણ બે ભેદ છે. સપ્રતિષ્ઠિત પ્રત્યેક અને અપ્રતિષ્ઠિત પ્રત્યેક. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તે શરીરના આશ્રયે અનંત જીવ રહેતા હોય તેન સપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે. જે શરીરનો મૂળ સ્વામી એક હોય અને તેના આશ્રયે અનંત જીવ ન રહેતા હોય તેને અપ્રતિષ્ઠિત પ્રત્યેક કહે છે.

સાધારણ વનસ્પતિનું લક્ષણઃ–જેને તોડતાં સમાન ભંગ થાય, જેનાં પાંદડાંઓમાં જયાંસુધી તંતુરેખા અને નસની જાળ નીકળી ન હોય, જેનાં મૂળ, કંદ, કંદમૂળ, છાલ, પાંદડાં, નાની ડાળી, ફૂલ, ફળ અને બીજમાં- તેને તોડતી વખતે-સમાન ભંગ થઇ જાય ત્યાં સુધી તે બધી સાધારણ વનસ્પતિ છે અને જયારે તેમનામાં સમાન ભંગ ન થાય ત્યારે તે જ વનસ્પતિ પ્રત્યેક થઇ જાય છે. જોકે સાધારણ વનસ્પતિ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિ-એ બન્નેમાં અનંતા જીવ છે તોપણ સાધારણ વનસ્પતિના શરીરમાં જેટલા જીવ છે તે બધા જ તે શરીરના સ્વામી છે અને તે વનસ્પતિને તોડતાં-કાપતાં તે બધા જીવોનો ઘાત થાય છે અને સપ્રતિષ્ઠિત પ્રત્યેક વનસ્પતિમાં એક શરીરમાં સ્વામી તો શરીરનો એક જ છે પણ તે શરીરના આશ્રયે અનંત જીવ છે તે બધા સ્વામી નથી અને તે શરીરના સ્વામીના મરવા-જીવવા સાથે તે બધા જીવોના મરવા-જીવવાનો કોઇ સંબંધ નથી. બસ એ જ બન્નેમાં ભેદ છે. તેથી ગૃહસ્થ શ્રાવકે સાધારણ વનસ્પતિનો સર્વથા જ ત્યાગ કરવો જોઇએ અને સપ્રતિષ્ઠિત પ્રત્યેકનો પણ ત્યાગ કરવો જોઇએ કેમ કે એક સાધારણ વનસ્પતિના એક શરીરમાં અનંતાનંત જીવ રહે છે. તેથી જયારે આપણે એક બટેટું ખાઇએ છીએ ત્યારે અનંતાનંત જીવોનો ઘાત કરીએ છીએ.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે અહીં એક સાધારણ વનસ્પતિનો વિચાર કરવામાં આવે છે. જેમકે એક બટેટું લ્યો. આ બટેટાના જેટલા પ્રદેશો છે તેના કરતાં અસંખ્યાતગુણાં શરીર છે, તે બધાં શરીરના પિંડને 'સ્કંધ' કહીએ છીએ. (જેમ એક આપણું શરીર છે) અને તે એક સ્કંધમાં અસંખ્યાત લોકપ્રમાણ 'અંડર' છે (જેમ આપણા શરીરમાં હાથ, પગ વગેરે ઉપાંગ છે) અને એક અંડરમાં અસંખ્યાત લોકપ્રમાણ 'પુલવી' છે, (જેમ આપણા હાથને આંગળીયો છે ) અને એક પુલવીમાં અસંખ્યાત લોકપ્રમાણ 'આવાસ' છે, (જેમ એક આંગળીમાં ત્રણ વેઢા હોય છે) અને એક 'આવાસ' માં અસંખ્યાત લોકપ્રમાણ નિગોદના 'શરીર' છે. (જેમ એક વેઢામાં અનેક રેખાઓ છે) અને એક નિગોદ શરીરમાં અનંત સિદ્ધ (મુક્તાત્મા) ની રાશિથી અનંતગુણા જીવ છે (જેમ એક આંગળીની રેખામાં અસંખ્યાત પ્રદેશ છે) એ રીતે એક બટેટામાં અથવા એક બટેટાના ટુકડામાં અનંતાનંત જીવ રહે છે. તેથી આવી વનસ્પતિઓનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ. ૧૬૨.

**વિશેષપણે બતાવે છે :–**

**नवनीतं च त्याज्यं योनिस्थानं प्रभूतजीवानाम् ।**
**यद्वापि पिण्डशुद्धौ विरुद्धमभिधीयते किञ्चित् ।।१६३।।**

**અન્વયાર્થઃ–** [च] અને [प्रभूतजीवानाम्] ઘણા જીવોના [योनिस्थानं] ઉત્પત્તિસ્થાનરૂપ [नवनीतं] નવનીત અર્થાત્ માખણ [त्याज्यं] ત્યાગ કરવા યોગ્ય છે. [वा] અથવા [पिण्डशुद्धौ] આહારની શુદ્ધિમાં [यत्किञ्चित्] જે થોડું પણ [विरुद्धं] વિરુદ્ધ [अभिधीयते] કહેવામાં આવે છે [तत्] તે [अपि] પણ ત્યાગ કરવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'च प्रभूत जीवानां योनिस्थानं नवनीतं त्याज्यं वा पिण्डशुद्धौ यत्किञ्चित विरुद्धं अभिधीयते तत् अपि त्याज्यम् ।' **અર્થઃ–** ઘણા જીવોને ઊપજવાનું સ્થાન એવું માખણ અને તાજું માખણ તે પણ ત્યાગ કરવા યોગ્ય છે અને આહારશુદ્ધિમાં જે કાંઈ પણ નિષિદ્ધ છે તે બધું જ છોડવું જોઈએ.

**ભાવાર્થઃ–** આચારશાસ્ત્રમાં જે પદાર્થો અભક્ષ્ય અને નિષેધ્ય બતાવ્યા છે તે બધાનો ત્યાગ કરવો જોઈએ. જેમ કે ચામડામાં રાખેલ અથવા ચામડાનો સ્પર્શ થયો હોય તેવું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી, નળનું પાણી, ચામડામાં રાખેલ વા ચામડાનો સ્પર્શ થયો હોય તેવા ઘી, તેલ; ચામડામાં રાખેલ હીંગ વગેરે પણ અશુદ્ધ છે. તેથી તે ખાવા નહિ. ૪૮ મિનિટથી વધારે વખત રહેલું કાચું દૂધ, એક દિવસ ઉપરાંતનું દહીં, બજારનો લોટ, અજાણ્યાં ફળ, રીંગણાં, સડેલું અનાજ, બહુબીજવાળી વસ્તુઓ ખાવી નહિ. મર્યાદા ઉપરાંતનો લોટ ખાવો ન જોઈએ.

બત્રીસ આંગળ લાંબા અને ચોવીસ આંગળ પહોળા બેવડા કરેલા સ્વચ્છ, જાડા કપડાથી પાણી ગાળીને પીવું. તે ગાળેલા કાચા પાણીની મર્યાદા ૪૮ મિનિટની છે. ગાળેલા પાણીમાં જો લવિંગ, એલચી, મરી વગેરેનો ભૂકો કરીને નાખવામાં આવે અને તેનું પ્રમાણ એટલું હોય કે તે પાણીનો રંગ અને સ્વાદ બદલાઈ જાય તો તે પાણીની મર્યાદા છ કલાકની છે અને પાણીને ઉછાળો આવે તેવું ઉકાળવામાં આવે તો તેની મર્યાદા ૨૪ કલાકની છે.[૧] આ રીતે પાણીના ઉપયોગમાં આચરણ કરવું જોઈએ. પાણીનું ગાળણ જયાંથી પાણી આવ્યું હોય ત્યાં મોકલવું જોઈએ. આ રીતે શ્રાવકે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીમાં વિવેક રાખીને ત્યાગ અને ગ્રહણ કરવાં જોઈએ. ૧૬૩.

**વિશેષ કહે છે :–**

**अविरुद्धा अपि भोगा निजशक्तिमपेक्ष्य धीमता त्याज्या: ।**
**अत्याज्येष्वपि सीमा कार्यैकदिवानिशोपभोग्यतया ॥१६४॥**

**અન્વયાર્થઃ–** [धीमता] બુદ્ધિમાન મનુષ્યે [निजशक्तिम्] પોતાની શક્તિ [अपेक्ष्य] જોઈને [अविरुद्धा:] અવિરુદ્ધ [भोगा:] ભોગ [अपि] પણ [त्याज्या:] છોડી દેવા યોગ્ય છે. અને જે [अत्याज्येषु] ઉચિત ભોગ-ઉપભોગોનો ત્યાગ ન થઈ શકે તો તેમાં [अपि] પણ [एकदिवानिशोपभोग्यतया] એક દિવસ-રાતની ઉપભોગ્યતાથી [सीमा] મર્યાદા [कार्या] કરવી જોઈએ.

**ટીકાઃ–** 'धीमता निजशक्तिम् अपेक्ष्य अविरुद्धा: अपि भोगा: त्याज्या: तथा अत्याज्येषु अपि एक दिवानिशोपभोग्यतया सीमा कार्या ।' **અર્થઃ–** બુદ્ધિમાન શ્રાવક

૧. ઉકાળેલા પાણીની મર્યાદા પૂરી થાય પછી તે પાણી કોઈ કામમાં ન લેવું એવી આજ્ઞા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાની શક્તિનો વિચાર કરીને ખાવા યોગ્ય પદાર્થો પણ છોડે અને જે સર્વથા છૂટી ન શકે તેમાં એક દિવસ, એક રાત, એક અઠવાડિયું, પખવાડિયું વગેરેની મર્યાદા કરીને ક્રમે ક્રમે છોડે. ૧૬૪.

**હજી વિશેષ કહે છે:–**

**पुनरपि पूर्वकृतायां समीक्ष्य तात्कालिकीं निजां शक्तिम् ।**
**सीमन्यन्तरसीमा प्रतिदिवसं भवति कर्तव्या ॥१६५॥**

**અન્વયાર્થ:–** [पूर्वकृतायां] પ્રથમ કરેલી [सीमनि] મર્યાદામાં [पुन:] ફરીથી [अपि] પણ [तात्कालिकीं] તે સમયની અર્થાત્ વર્તમાન સમયની [निजां] પોતાની [शक्तिम्] શક્તિનો [समीक्ष्य] વિચાર કરીને [प्रतिदिवसं] દરરોજ [अन्तरसीमा] મર્યાદામાં પણ થોડી મર્યાદા [कर्तव्या भवति] કરવા યોગ્ય છે.

**ટીકા:–** 'पुनरपि पूर्वकृतायां सीमनि तात्कालिकीं निजां शक्तिम् समीक्ष्य प्रतिदिवसं अन्तर सीमा कर्तव्या भवति ।' – **અર્થ:–** પહેલાં જે એક દિવસ, એક સપ્તાહ ઈત્યાદિ ક્રમે ત્યાગ કર્યો છે તેમાં પણ તે સમયની પોતાની શક્તિ જોઈને ઘડી, કલાક, પહોર વગેરેની થોડી થોડી મર્યાદા કરીને જેટલો ત્યાગ બની શકે તેટલો ત્યાગ કરવો. આ રીતે પોતાના ભોગ-ઉપભોગની સામગ્રીના પદાર્થોની સંખ્યા તથા જેટલા કાળની મર્યાદા ઓછી કરી શકે તેટલી અવશ્ય કરવી. એમાં જ આત્માનું [૧]કલ્યાણ છે. ૧૬૫.

**વિશેષ બતાવે છે :–**

**इति यः परिमितभोगैः सन्तुष्टस्त्यजति बहुतरान् भोगान् ।**
**बहुतरहिंसाविरहात्तस्याऽहिंसा विशिष्टा स्यात् ॥१६६॥**

**અન્વયાર્થ:–** [य:] જે ગૃહસ્થ [इति] આ રીતે [परिमितभोगै:] મર્યાદારૂપ ભોગોથી [सन्तुष्ट:] સંતુષ્ટ થઈને [बहुतरान्] ઘણા [भोगान्] ભોગોને [त्यजति] છોડી દે છે [तस्य]

૧, [નોંધ:–અહીં ભૂમિકાનુસાર આવો રાગ આવે છે તેનું જ્ઞાન કરાવવા માટે ઉપદેશવચન છે. આત્માનું કલ્યાણ તો અંતરંગમાં નિજ કારણપરમાત્માના આશ્રયે થતી શુદ્ધિ = વીતરાગભાવ છે. ત્યાં અશુભથી બચવા જે શુભરાગ આવે છે તેને ઉપચારથી-વ્યવહારથી કહેવાની રીત છે]



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને [बहुतरहिंसाविरहात्] ઘણી હિંસાના ત્યાગથી [विशिष्टा अहिंसा] વિશેષ અહિંસાવ્રત [स्यात्] થાય છે.

**ટીકા:**– ‘ यः इति परिमितभोगैः सन्तुष्टः बहुतरान् भोगान् त्यजति तस्य बहुतरहिंसाविरहात् विशिष्टा अहिंसा स्यात् ।’ – **અર્થ:**– આ રીતે જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોથી સંતુષ્ટ થયો થકો ઘણા ભોગ-ઉપભોગના પદાર્થોને છોડી દે છે તેને ઘણી હિંસા ન થવાના કારણે વિશેષ અહિંસા થાય છે.

**ભાવાર્થ:**– જે શ્રાવક ભોગ-ઉપભોગના પદાર્થોનો મર્યાદાપૂર્વક ત્યાગ કરતો રહે છે તેને તેટલા જ અંશે સંતોષ પ્રગટ થઈને અહિંસા પ્રગટ થાય છે. તે વસ્તુઓના જીવોની હિંસા નહિ થવાથી દ્રવ્યહિંસા થતી નથી તથા એટલા જ અંશે લોભ કષાયનો ત્યાગ થવાને લીધે ભાવહિંસા પણ થતી નથી. તેથી (અકષાય જ્ઞાતાસ્વરૂપમાં સાવધાન એવા) ત્યાગી મનુષ્યને અવશ્ય જ વિશેષ અહિંસા હોય છે. આ રીતે ભોગ-ઉપભોગપરિમાણ નામના ત્રીજા શિક્ષાવ્રતનું વર્ણન કર્યું. ૧૬૬.

**હવે ચોથા વૈયાવૃત્ત (અતિથિસંવિભાગ) નામના શિક્ષાવ્રતનું વર્ણન કરે છે:–**

**विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय ।**
**स्वपरानुग्रहहेतोः कर्तव्योऽवश्यमतिथये भागः ॥१६७॥**

**અન્વયાર્થ:**– [दातृगुणवता] દાતાના ગુણવાળા ગૃહસ્થે [[1]जातरूपाय अतिथये] દિગંબર મુનિને [स्वपरानुग्रहहेतोः] પોતાના અને પરના અનુગ્રહના હેતુથી [द्रव्यविशेषस्य] વિશેષ દ્રવ્યનો અર્થાત્ દેવા યોગ્ય વસ્તુનો [भागः] ભાગ [विधिना] વિધિપૂર્વક [अवश्यम्] અવશ્ય જ [कर्तव्यः] કર્તવ્ય છે.

**ટીકા:**– ‘विधिना दातृगुणवता द्रव्यविशेषस्य जातरूपाय अतिथये स्वपरानुग्रहहेतोः अवश्यं भागः कर्तव्यः ।’ – **અર્થ:**– નવધાભક્તિપૂર્વક તથા દાતારના સાત ગુણ સહિત જે શ્રાવક છે તેણે દાન દેવા યોગ્ય વસ્તુનું જે ગુણવાન પાત્ર છે તેમને પોતાના અને પરના ઉપકારના નિમિત્તે અવશ્ય દાન કરવું જોઈએ.

---

૧. જાતરૂપા = જન્મ્યા પ્રમાણે (નિર્દોષ) જેવા રૂપમાં હતા તેવા અર્થાત્ નગ્ન દિગમ્બર, અથવા ઉત્તમ ગુણો સહિત અતિથિ. અતિથિ = જેમના આગમનની તિથિનો નિયમ નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ**- શ્રાવક જે ન્યાયપૂર્વક ધન પેદા કરે છે તેણે પોતાના ધનમાંથી થોડુંઘણું ધન ચારે સંઘના દાન નિમિત્તે કાઢવું જોઈએ અને તેનું વિધિપૂર્વક દાન આપવું જોઈએ. તેથી તેના ધનનો સદુપયોગ થઈને કર્મોની નિર્જરા થાય અને ચારે સંઘ પોતાનાં તપની વૃદ્ધિ કરે. ૧૬૭.

[આવેલા અભ્યાગતને પ્રતિદિન ભોજનાદિકનું દાન કરીને પછી પોતે ભોજન કરે એવું શ્રાવકોનું નિત્યકર્મ છે. તેને અતિથિસંવિભાગ કહે છે.]

**નવધા ભક્તિનાં નામ :–**

**संग्रहमुच्चस्थानं पादोदकमर्चनं प्रणामं च ।**
**वाक्कायमनःशुद्धिरेषणशुद्धिश्च विधिमाहुः ॥१६८॥**

**અન્વયાર્થઃ**– [च] અને [संग्रहम्] પ્રતિગ્રહણ, [उच्चस्थानं] ઊંચું આસન આપવું, [पादोदकम्] પગ ધોવા, [अर्चनं] પૂજા કરવી, [प्रणामं] નમસ્કાર કરવા, [वाक्कायमनः शुद्धिः] મનશુદ્ધિ, વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ રાખવી [च] અને [एषणशुद्धिः] ભોજનશુદ્ધિ. આ રીતે આચાર્યો [विधिम्] નવધાભક્તિરૂપ વિધિ [आहुः] કહે છે.

**ટીકાઃ**– 'संग्रहम्, उच्चस्थानं, पादोदकं, अर्चनं, प्रणामं, वाक्शुद्धिः, कायशुद्धिः, मनशुद्धिः, एषणशुद्धिः, इति विधिम् आहुः ।' ૧–સંગ્રહ એટલે પડગાહન કરવું, મુનિરાજને ખૂબ આદરપૂર્વક ભોજન માટે નિમંત્રણ આપીને ઘરમાં પ્રવેશ કરાવવો, ૨–ઉચ્ચ સ્થાન અર્થાત્ ઘરમાં લઈ જઈને તેમને ઊંચા આસન પર બેસાડવા, ૩–પાદોદક અર્થાત્ તેમના પગ નિર્દોષ જળથી ધોવા, ૪– અર્ચન અર્થાત્ આઠ દ્રવ્યથી તેમની પૂજા કરવી અથવા ફક્ત અર્ઘ ચડાવવો. ૫- પ્રણામ અર્થાત્ પૂજન પછી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા કરવી, ૬–વાક્શુદ્ધિ અર્થાત્ વિનયપૂર્વક વચન બોલવાં એવી વચનશુદ્ધિ, ૭-કાયશુદ્ધિ અર્થાત્ હાથ અને પોતાનું શરીર શુદ્ધ રાખવું, ૮– મનશુદ્ધિ અર્થાત્ મન શુદ્ધ કરવું જેમ કે દાન દેવામાં પરિણામ સેવા તથા ભક્તિરૂપ રાખવા, ખોટા પરિણામ ન કરવા, ૯–એષણશુદ્ધિ અર્થાત્ આહારની શુદ્ધિ રાખવી, આહારની



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધી વસ્તુઓ નિર્દોષ રાખવી. આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક જ આહારદાન આપવું જોઈએ, આ નવધાભક્તિ મુનિ મહારાજને માટે જ છે, અન્યને માટે યોગ્યતા પ્રમાણે ઓછીવત્તી છે. ૧૬૮.

**હવે દાતાના સાત ગુણ બતાવે છે :–**

**ऐहिकफलानपेक्षा क्षान्तिर्निष्कपटतानसूयत्वम् ।**
**अविषादित्वमुदित्वे निरहङ्कारित्वमिति हि दातृगुणाः ॥१६९॥**

**અન્વયાર્થઃ–** [ऐहिकफलानपेक्षा] આ લોક સંબંધી ફળની ઈચ્છા ન રાખવી, [क्षान्तिः] ક્ષમા અથવા સહનશીલતા, [निष्कपटता] નિષ્કપટપણું, [अनसूयत्वम्] ઈર્ષારહિતપણું, [अविषादित्वमुदित्वे] અખિન્નભાવ, હર્ષભાવ અને [निरहङ्कारित्वम्] નિરભિમાનપણું [इति]– એ રીતે આ સાત [हि] નિશ્ચયથી [दातृगुणाः] દાતાના ગુણ છે.

**ટીકાઃ–** 'हि ऐहिकफलानपेक्षा, क्षान्तिः, निष्कपटता, अनसूयत्वम्, अविषादित्वम्-मुदित्वम्, निरहंकारित्वम् इति सप्त दातृगुणाः सन्ति' – **અર્થઃ–** ૧-ઐહિકફલ-અનપેક્ષા–દાન આપીને આ લોક સંબંધી સારા ભોગોપભોગની સામગ્રીની ઈચ્છા ન કરવી. ૨–ક્ષાન્તિ–દાન આપતી વખતે ક્ષમાભાવ ધારણ કરવો. ૩–નિષ્કપટતા–કપટ ન કરવું તે. બહારમાં ભક્તિ કરે અને અંતરંગમાં પરિણામ ખરાબ રાખે તેમ ન કરવું જોઈએ. ૪– અનસૂયત્વમ્ - બીજા દાતા પ્રત્યે દુર્ભાવ ન રાખવો. અર્થાત્ પોતાને ઘેર મુનિ મહારાજનો આહાર ન થવાથી અને બીજાના ઘેર આહાર થવાથી બીજા પ્રત્યે બૂરો ભાવ ન રાખવો. ૫-અવિષાદપણું – વિષાદ ન કરવો તે. અમારે ત્યાં સારી વસ્તુ હતી તે અમે આપી શકયા નહિ વગેરે પ્રકારે ખિન્નતા કરવી નહિ. ૬–મુદિતપણું – દાન આપીને ખૂબ હર્ષ ન કરે. ૭– નિરહંકારીપણું – અભિમાન ન કરવું તે. અમે મહાન દાની છીએ ઈત્યાદિ મનમાં અભિમાન ન કરવું. આ [1]સાત ગુણ દાતાના છે. તે પ્રત્યેક દાતામાં અવશ્ય હોવા જોઈએ. આ રીતે નવ પ્રકારની ભક્તિપૂર્વક તથા સાત ગુણ

૧. રત્નકરણ્ડ શ્રાવકાચાર ગા૦ ૧૩૩માં દાતાના સાત ગુણ–૧ ભક્તિ–ધર્મમાં તત્પર રહી, પાત્રોના ગુણોના સેવનમાં લીન થઈ, પાત્રને અંગીકાર કરે, પ્રમાદરહિત જ્ઞાનસહિત શાન્ત પરિણામી થયો પાત્રની ભક્તિમાં પ્રવર્તે. ૨–તુષ્ટિ–દેવામાં અતિ આસક્ત, પાત્રલાભને પરમ નિધાનનો લાભ માને. ૩–શ્રદ્ધા, ૪–વિજ્ઞાન, ૫–અલોલુપ, ૬–સાત્ત્વિક, ૭–ક્ષમા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સહિત જે દાતા દાન આપે છે તે દાન ઘણું ફળ આપનાર થાય છે અને જે એ સિવાય દાન આપે છે તે ઘણું ફળ આપનાર થતું નથી. ૧૬૯.

**કેવી વસ્તુઓનું દાન કરવું જોઈએ એ હવે બતાવે છે :–**

**रागद्वेषासंयममददु:खभयादिकं न यत्कुरुते ।**
**द्रव्यं तदेव देयं सुतप:स्वाध्यायवृद्धिकरम् ।।१७०।।**

**અન્વયાર્થઃ–** [ यत् ] જે [द्रव्यं ] દ્રવ્ય [रागद्वेषासंयममददु:खभयादिकं ] રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ, ભય આદિ [न कुरुते] કરતું નથી અને [सुतप: स्वाध्यायवृद्धिकरम्] ઉત્તમ તપ તથા સ્વાધ્યાયની વૃદ્ધિ કરનાર છે [तत् एव] તે જ [देयं] દેવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'यत् (वस्तु) रागद्वेष असंयम मद दु:ख भयादिकं न कुरुते तत् एव सुतप: स्वाध्यायवृद्धिकरं द्रव्यं देयम् ।' **–અર્થઃ–** જે વસ્તુ રાગ, દ્વેષ, અસંયમ, મદ, દુઃખ અને ભય ઉત્પત્તિનું કારણ નથી અને જે વસ્તુ તપ અને શાસ્ત્રના સ્વાધ્યાયને વધારનાર છે તેનું જ દાન કરવું જોઈએ.

**ભાવાર્થઃ–** જે દ્રવ્યનું દાન આપવાથી પોતાના કર્મોની નિર્જરા થાય અને પાત્રજીવોને તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિ થાય તેવાં દ્રવ્યોનું જ દાન શ્રાવકે આપવું જોઈએ. જેનાથી આળસ વગેરેની વૃદ્ધિ થાય એવાં ગરિષ્ઠ ભોજન વગેરેનું દાન આપવું નહિ. આવું ઉત્કૃષ્ટ દાન ચાર પ્રકારનું છે. ૧–આહારદાન–શરીરની સ્થિરતા માટે આહાર આપવો તે પહેલું દાન છે. ૨–ઔષધદાન–રોગાદિની પીડા દૂર કરવા માટે ઔષધ આપવું તે બીજું દાન છે. ૩–જ્ઞાનદાન–અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો વિકાસ કરવા માટે શાસ્ત્ર વગેરે આપવાં તે ત્રીજું જ્ઞાનદાન છે. ૪–અભયદાન–જંગલમાં ઝૂંપડી, વસતિકા, ધર્મશાળા વગેરે બંધાવી આપવી. અંધારાવાળા રસ્તામાં પ્રકાશ આદિ થાય તેવી વ્યવસ્થા કરાવી આપવી તે ચોથું અભયદાન છે. આ રીતે આત્મકલ્યાણના નિમિત્તે દાન આપવું તે જ ખરું દાન છે. પણ જે વસ્તુઓનું દાન આપવાથી સંસારના વિષય આદિ અને રાગદ્વેષની વૃદ્ધિ થાય એવું દાન ન આપવું જોઈએ.

જેમ કે-પૃથ્વીનું દાન, હાથી, ઘોડા, સોનું, ચાંદી, સ્ત્રી વગેરેનું દાન કરવું તે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેનાથી રાગદ્વેષની વૃદ્ધિ થાય તેને જ કુદાન કહે છે. આવું દાન કરવાથી હલકી ગતિના બંધ સિવાય બીજું કાંઈ થતું નથી, માટે એવું કુદાન ન કરવું જોઈએ. ૧૭૦.

**હવે પાત્રોના ભેદ બતાવે છે :–**

**पात्रं त्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम् ।**
**अविरतसम्यग्दृष्टि: विरताविरतश्च सकलविरतश्च ॥१७१॥**

**અન્વયાર્થઃ–** [मोक्षकारणगुणानाम्] મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ગુણોનો [संयोग:] સંયોગ જેમાં હોય, એવા [पात्रं] પાત્ર [अविरतसम्यग्दृष्टि:] વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિ [च] તથા [विरताविरत:] દેશવ્રતી [च] અને [सकलविरत:] મહાવ્રતી [त्रिभेदम्] ત્રણ ભેદરૂપ [उक्तम्] કહેલ છે.

**ટીકાઃ–** 'मोक्षकारणगुणानां संयोग: पात्रं त्रिभेदं उक्तं सकलविरत: च विरताविरत: च अविरतसम्यग्दृष्टि: च इति' **–અર્થઃ–** મોક્ષના કારણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર-એ ત્રણેનો સંયોગ જેમાં હોય તેને પાત્ર કહે છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્યપાત્રના ભેદથી તેના ત્રણ પ્રકાર છે.

**ભાવાર્થઃ–** સમ્યકત્વસહિત મુનિને ઉત્તમપાત્ર, સમ્યકત્વસહિત દેશવ્રત પાળનાર શ્રાવકને મધ્યમપાત્ર અને વ્રતરહિત સમ્યકત્વસહિત શ્રાવકને જઘન્યપાત્ર કહે છે. જે જીવને સમ્યગ્દર્શન થઈ ગયું છે તે જ પાત્ર કહેવાવાને યોગ્ય છે. સમ્યગ્દર્શનના અભાવમાં કોઈ પ્રકારની પાત્રતા હોઈ શકતી નથી. તેથી દ્રવ્યલિંગી મુનિ પાત્ર નથી પણ ઉત્તમ કુપાત્ર છે, કેમ કે તેને સમ્યગ્દર્શન નથી. પણ અહીં વિચારવા જેવી વાત એ છે કે પાત્રના ભેદ વ્યવહારસમ્યગ્દર્શન ની અપેક્ષાથી છે કે નિશ્ચયસમ્યગ્દર્શનની અપેક્ષાએ? જો નિશ્ચયસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો તો ઉત્તમપાત્રની ઓળખાણ કરવી તે કુપાત્રની બુદ્ધિની બહારની વાત છે અને જો વ્યવહારસમ્યગ્દર્શનની અપેક્ષાએ માનવામાં આવે તો પહેલા ગુણસ્થાનવાળો જીવ પણ વ્યવહારસમ્યગ્દૃષ્ટિ હોઈ શકે છે અને તે ઉત્તમપાત્રની ગણનામાં આવી શકે છે. તેથી દ્રવ્યલિંગી મુનિ પણ ઉત્તમપાત્ર હોઈ શકે છે અને એ જ ઠીક લાગે છે. કારણ કે પાત્રની ઓળખાણ કરવી એ શ્રાવકનું કામ છે. શ્રાવક જે વાતની જેટલી પરીક્ષા કરી શકે છે તેટલી જ કરશે તેથી દ્રવ્યલિંગીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ (વ્યવહાર) પાત્રતા હોઇ શકે છે. માટે વ્યવહારસમ્યગ્દર્શનથી પાત્રોની પરીક્ષા કરીને યથાયોગ્ય વિનય, આદરપૂર્વક દાન દેવું અને તે સિવાય દુઃખી પ્રાણીઓને ભક્તિભાવ વિના કરુણાથી દાન આપવું જોઇએ.

જે દુઃખી નથી, પોતાની આજીવિકા કરવાને સમર્થ છે, વ્યસની અને વ્યભિચારી છે તેમને દાન ન આપવું જોઇએ. તેમને દાન આપવાથી અનેક પાપ ઉત્પન્ન થાય છે, માટે એવા જીવોને દાન નહિ આપવું જોઇએ. ઉત્તમપાત્રને દાન દેવાથી ઉત્તમ ભોગભૂમિ, મધ્યમપાત્રને દાન દેવાથી મધ્યમ ભોગભૂમિ, અને જઘન્ય પાત્રને દાન દેવાથી જઘન્ય ભોગભૂમિ તથા કુપાત્રને દાન દેવાથી કુભોગભૂમિ મળે છે. અપાત્રને દાન આપવાથી નરકાદિ ગતિની પ્રાપ્તિ થાય છે.

**જેમ કે રયણસારમાં કહ્યું છે કે :–**

**सप्पुरिसाणं दाणं कप्पतरूणं फलाण सोहं वा ।**
**लोहीणं दाणं जई विमाण सोहा सव्वस्स जाणेह ॥**

**અર્થઃ**– સત્પુરુષોને દાન દેવાથી કલ્પતરુની જેમ શોભા પણ થાય છે અને મનવાંછિત ફળની પ્રાપ્તિ પણ થાય છે. લોભી, પાપી પુરુષોને દાન આપવાથી મડદાની ઠાઠડીની જેમ શોભા તો થાય પણ દુઃખ પણ થાય છે. જેમ કે મડદાની ઠાઠડી શણગારીને કાઢવાથી લોકમાં કીર્તિ થાય પણ ઘરના સ્વામીને દુઃખ આપનાર બને છે, એવી જ રીતે અપાત્ર વગેરેને દાન આપવાથી સંસારમાં લોકો તો વખાણ કરે છે પણ તેનું ફળ ખરાબ જ થાય છે, સારું થતું નથી. ૧૭૧.

**દાન આપવાથી હિંસાનો ત્યાગ થાય છે :–**

**हिंसायाः पर्यायो लोभोऽत्र निरस्यते यतो दाने ।**
**तस्माददतिथिवितरणं हिंसाव्युपरमणमेवेष्टम् ॥१७२॥**

**અન્વયાર્થઃ**– [यतः] કારણ કે [अत्र दाने] અહીં દાનમાં [हिंसायाः] હિંસાના [पर्यायः] પર્યાય [लोभः] લોભનો [निरस्यते] નાશ કરવામાં આવે છે, [तस्मात्] તેથી [अतिथिवितरणं] અતિથિદાનને [हिंसाव्युपरमणमेव] હિંસાનો ત્યાગ જ [इष्टम्] કહ્યો છે.

**ટીકાઃ**– 'यतः अत्र दाने हिंसायाः पर्यायः लोभः निरस्यते तस्मात् अतिथि वितरणं



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



हिंसाव्युपरमणं एव इष्टम्' **અર્થઃ–** આ દાનમાં હિંસાનો એક ભેદ જે લોભ છે તેનો ત્યાગ થાય છે તેથી અતિથિ પાત્રને દાન દેવું તે હિંસાનો જ ત્યાગ છે.

**ભાવાર્થઃ–** ખરેખર જયારે આપણો અંતરંગ કષાય જે લોભ છે તેનો ત્યાગ થાય છે ત્યારે જ આપણા પરિણામ બાહ્ય વસ્તુમાં વિતરણ કરવાના થાય છે, તેથી લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે અને લોભ કષાય ભાવહિંસાનો એક ભેદ છે, તેથી જે સત્પુરુષ દાન કરે છે તેઓ જ ખરી રીતે અહિંસાવ્રત પાળે છે. ૧૭૨.

**गृहमागताय गुणिने मधुकरवृत्त्या परानपीडयते ।**
**वितरति यो नातिथये स कथं न हि लोभवान् भवति ।।१७३।।**

**અન્વયાર્થઃ–** [यः] જે ગૃહસ્થ [गृहमागताय] ઘેર આવેલા [गुणिने] સંયમાદિ ગુણવાન એવા અને [मधुकरवृत्त्या] ભ્રમર સમાન વૃત્તિથી [परान्] બીજાઓને [अपीडयते] પીડા ન દેવાવાળા [अतिथये] અતિથિ સાધુને [न वितरति] ભોજનાદિ દેતો નથી, [सः] તે [लोभवान्] લોભી [कथं] કેમ [ न हि भवति] ન હોય?

**ટીકાઃ–** 'यः गृहमागताय गुणिने परान् अपीडयते अतिथये न वितरति सः लोभवान् कथं न भवति ।' **–અર્થઃ–** પોતાની મેળે-સ્વયમેવ ઘેર આવેલા તથા રત્નત્રયાદિ ગુણસહિત અને ભમરા જેવી વૃત્તિથી દાતાને તકલીફ ન આપનાર એવા અતિથિ મુનિ મહારાજ વગેરે છે, તેમને જે શ્રાવક ગૃહસ્થ દાન દેતો નથી તે શ્રાવક લોભ-હિંસા સહિત કેમ ન હોય? અવશ્ય જ હોય છે.

**ભાવાર્થઃ–** જેવી રીતે ભમરો બધાં ફૂલોની વાસ લે છે પણ કોઈ ફૂલને પીડા ઉપજાવતો નથી તેવી જ રીતે મુનિ મહારાજ વગેરે પણ કોઈ પણ શ્રાવક ગૃહસ્થને પીડા પહોંચાડતા નથી. તેમને એમ કહેતા નથી કે અમારે માટે ભોજન બનાવો અથવા આપો. પણ શ્રાવક પોતે જયારે આદરપૂર્વક બોલાવે છે ત્યારે તેઓ થોડો લૂખો સૂકો શુદ્ધ પ્રાસુક જેવો આહાર મળે છે તેવો જ ગ્રહણ કરી લે છે; તેથી જે શ્રાવક આવા સંતોષી વ્રતીને જો દાન ન આપે તો તે અવશ્ય હિંસાનો ભાગીદાર થાય છે. ૧૭૩.

**कृतमात्मार्थं मुनये ददाति भक्तमिति भावितस्त्यागः ।**
**अरतिविषादविमुक्तः शिथिलितलोभो भवत्यहिंसैव ।।१७४।।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [आत्मार्थं] પોતાને માટે [कृतम्] બનાવેલ [भक्तम्] ભોજન [मुनये] મુનિને [ददाति] આપે-[इति] આ રીતે [भावित:] ભાવપૂર્વક [अरतिविषादविमुक्त:] અપ્રેમ અને વિષાદરહિત તથા [शिथिलितलोभ:] લોભને શિથિલ કરનાર [त्याग:] દાન [अहिंसा एव] અહિંસા સ્વરૂપ જ [भवति] છે.

**ટીકાઃ**– 'आत्मार्थं कृतं भुक्तं मुनये ददाति भावित: त्याग: अरतिविषादविमुक्त: शिथिलितलोभ: अहिंसैव भवति ।' –**અર્થઃ**– પોતાને માટે બનાવેલું ભોજન તે હું મુનિ મહારાજને આપું છું એમ ત્યાગભાવનો સ્વીકાર કરી તથા શોક અને વિષાદનો ત્યાગ કરી જેનો લોભ શિથિલ થયો છે એવા શ્રાવકને અવશ્ય અહિંસા હોય છે

**ભાવાર્થઃ**– આ અતિથિસંવિભાગ-વૈયાવૃત્ત શિક્ષાવ્રતમાં દ્રવ્ય-અહિંસા તો પ્રગટ જ છે કેમ કે દાન દેવાથી બીજાની ક્ષુધા-તૃષાની પીડા મટે છે તથા દાતા લોભનો ત્યાગ કરે છે તેથી ભાવ-અહિંસા પણ થાય છે અર્થાત્ દાન કરનાર પૂર્ણ અહિંસાવ્રતનું પાલન કરે છે. આ રીતે સાત શીલવ્રતોનું વર્ણન પૂરું થયું. ૧૭૪.

**(અહીં સુધી શ્રાવકનાં બાર વ્રતોનું વર્ણન પૂરું થયું)**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સલ્લેખનાધર્મ વ્યાખ્યાન

હવે સલ્લેખનાનું સ્વરૂપ કહે છેઃ–

**इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम् ।**
**सततमिति भावनीया पश्चिमसल्लेखना भक्त्या ॥१७५॥**

**અન્વયાર્થઃ–** [इयम्] આ [एका] એક [पश्चिमसल्लेखना एव] મરણના અંતે થવાવાળી સંલેખના જ [मे] મારા [धर्मस्वं] ધર્મરૂપી ધનને [मया] મારી [समं] સાથે [नेतुम्] લઇ જવાને [समर्था] સમર્થ છે. [इति] એ રીતે [भक्त्या] ભક્તિ સહિત [सततम्] નિરંતર [भावनीया] ભાવના કરવી જોઇએ.

**ટીકાઃ–**' इयम् एकैव मे धर्मस्वं मया समं नेतुम् समर्था इति पश्चिमसल्लेखना भक्त्या सततं भावनीया ।' **અર્થઃ–** આ માત્ર એકલી સંલેખના જ મારા ધર્મને મારી સાથે લઇ જવાને સમર્થ છે તે કારણે દરેક મનુષ્યે આ અંતિમ સંલેખના અથવા સમાધિમરણની ભક્તિથી સદા ભાવના કરવી જોઇએ.

**ભાવાર્થઃ–** સંસારનાં કારણ ક્રોધાદિ કષાય છે અને તેમનાં કારણ આહાર વગેરે પરિગ્રહમાં ઇચ્છા છે. (સ્વસન્મુખતાના બળવડે) એ બધાંને ઘટાડવાં તેને જ સંલેખના કહે છે. આ સંલેખના પણ બે પ્રકારની છે. એક ક્રમે ક્રમે ત્યાગ કરવો અને બીજી સર્વથા ત્યાગ કરવો. તેથી વિચાર કરીને શ્રાવકે પોતાના મરણના અંત સમયે જરૂર જ સંલેખના કરવી જોઇએ. મેં જે જીવનપર્યંત પુણ્યરૂપ કાર્ય કર્યું છે તથા ધર્મનું પાલન કર્યું છે તે ધર્મને મારી સાથે પહોંચાડવાને માટે આ એક સંલેખના જ સમર્થ છે-એવો વિચાર કરી શ્રાવકે અવશ્ય સમાધિમરણ કરવું. ૧૭૫.

**मरणान्तेऽवश्यमहं विधिना [१]सल्लेखनां करिष्यामि ।**
**इति भावनापरिणतोऽनागतमपि पालयेदिदं शीलम् ॥१७६॥**

૧. સત્ = સમ્યક્પ્રકારે, લેખના = કષાયને ક્ષીણ-કૃશ કરવાને સલ્લેખના કહે છે. તે અભ્યંતર અને બાહ્ય બે ભેદરૂપ છે. કાયને કૃશ કરવાને બાહ્ય અને આંતરિક ક્રોધાદિ કષાયોને કૃશ કરવાને અભ્યંતર સલ્લેખના કહે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [अहं] હું [मरणान्ते] મરણના સમયે [अवश्यं] અવશ્ય [विधिना] શાસ્ત્રોક્ત વિધિથી [सल्लेखनां] સમાધિમરણ [करिष्यामि] કરીશ-[इति] એ રીતે [भावना परिणतः] ભાવનારૂપ પરિણતિ કરીને [अनागतमपि] મરણકાળ આવવા પહેલાં જ [इदं] આ [शीलं] સંલેખના વ્રત [पालयेत्] પાળવું અર્થાત્ અંગીકાર કરવું જોઈએ.

**ટીકાઃ–** 'अहं मरणान्ते अवश्यं विधिना सल्लेखनां करिष्यामि-इति भावना परिणतः अनागतं अपि शीलं पालयेत् ।' **અર્થઃ–** હું મરણ સમયે અવશ્ય જ વિધિપૂર્વક સમાધિમરણ કરીશ–એવી ભાવનાસહિત શ્રાવક જે પ્રાપ્ત થયેલ નથી તેવા શીલ (સ્વભાવ) ને પ્રાપ્ત કરી લે છે.

**ભાવાર્થઃ–** શ્રાવકે આ વાતનો વિચાર સદૈવ કરવો જોઈએ કે હું મારા મરણ વખતે અવશ્ય જ સંલેખના કરીશ. કારણ કે મરણ વખતે પ્રાયઃ મનુષ્યોના પરિણામ બહુ દુઃખી થઈ જાય છે તથા કુટુંબીજનો અને ધનાદિથી મમત્વભાવ છૂટતો નથી. જેણે મમત્વભાવ છોડી દીધો તેણે સંલેખના કરી. મમત્વભાવ છૂટી જવાથી પાપનો બંધ થતો નથી તથા નરકાદિ ગતિનો બંધ થતો નથી, તેથી મરણ વખતે જરૂર જ સંલેખના કરવાના પરિણામ રાખવા જોઈએ. ૧૭૬.

**मरणेऽवश्यं भाविनि कषायसल्लेखनातनूकरणमात्रे ।**
**रागादिमन्तरेण व्याप्रियमाणस्य नात्मघातोऽस्ति ॥१७७॥**

**અન્વયાર્થઃ–** [अवश्यं] અવશ્ય [भाविनि] થવાવાળું [मरणे 'सति'] મરણ થતાં [कषायसल्लेखनातनूकरणमात्रे] કષાય સલ્લેખનાના કૃશ કરવા માત્રના વ્યાપારમાં [व्याप्रियमाणस्य] પ્રવર્તમાન પુરુષને [रागादिमन्तरेण] રાગાદિભાવોના અભાવમાં [आत्मघातः] આત્મઘાત [नास्ति] નથી.

**ટીકા :-** 'अवश्यं भाविनि कषायसल्लेखनातनूकरणमात्रे मरणे रागादिमन्तरेण व्याप्रियमाणस्य आत्मघातः न अस्ति ।' -અર્થ :-અવશ્ય જ થનાર જે મરણ છે તેમાં કષાયનો ત્યાગ કરતાં રાગદ્વેષ વિના પ્રાણત્યાગ કરનાર જે પુરુષ છે તેને આત્મઘાત થઈ શકતો નથી.

**ભાવાર્થઃ–** સંલેખના કરનાર પુરુષની ઇચ્છા એવી નથી કે હું જબરજસ્તીથી મરણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરું પણ એનો અભિપ્રાય એવો હોય છે કે જબરજસ્તીથી મરણ થવા લાગે ત્યારે મારા પરિણામ શુદ્ધ રહે અને હું સંસારના વિષય-ભોગોથી મમત્વનો ત્યાગ કરી દઉં. તેના મરણમાં જો રાગદ્વેષ થાય તો જ આત્મઘાત થાય. પણ જે મનુષ્ય રાગદ્વેષનો ત્યાગ કરી રહ્યો છે તેને આત્મઘાત થઈ શકતો નથી. ૧૭૭.

**આત્મઘાતી કોણ છે તે હવે બતાવે છેઃ–**

**यो हि कषायाविष्टः कुम्भकजलधूमकेतुविषशस्त्रैः ।**
**व्यपरोपयति प्राणान् तस्य स्यात्सत्यमात्मवधः ॥१७८॥**

**અન્વયાર્થઃ–** [हि] નિશ્ચયથી [कषायाविष्टः] ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો [यः] જે પુરુષ [कुम्भकजलधूमकेतुविषशस्त्रैः] શ્વાસનિરોધ, જળ, અગ્નિ, વિષ, શસ્ત્રાદિથી પોતાના [प्राणान्] પ્રાણને [व्यपरोपयति] પૃથક્ કરે છે [तस्य] તેને [आत्मवधः] આત્મઘાત [सत्यम्] ખરેખર [स्यात्] થાય છે.

**ટીકાઃ–** 'हि यः (श्रावकः) कषायाविष्टः (सन्) कुम्भक-जल-धूमकेतु-विषशस्त्रैः प्राणान् व्यपरोपयति तस्य आत्मवधः सत्यं स्याात् ।' **–અર્થઃ–** જે જીવ ક્રોધાદિ કષાય સંયુક્ત થયો થકો શ્વાસ રોકીને, વા જળથી, અગ્નિથી, વિષથી કે હથિયાર વગેરેથી પોતાના પ્રાણનો વિયોગ કરે છે તેને સદા આપઘાતનો દોષ થાય છે.

**ભાવાર્થઃ–** ક્રોધ-માન-માયા-લોભ ઇત્યાદિ કષાયોની તીવ્રતાથી જે પોતાના પ્રાણનો ઘાત કરવો તેને જ આપઘાત-મરણ કહે છે. ૧૭૮.

**વિશેષઃ–** સલ્લેખના ધર્મ (સમાધિમરણ વિધિ) ગૃહસ્થ અને મુનિ બેઉને છે, સલ્લેખના અથવા સંન્યાસમરણનો એક જ અર્થ છે. માટે બાર વ્રતો પછી સલ્લેખનાનું વર્ણન કર્યું છે. આ સલ્લેખનાવ્રતની ઉત્કૃષ્ટ મર્યાદા બાર વર્ષ સુધીની છે; - એમ શ્રી વીરનંદી આચાર્યકૃત યત્યાચારમાં કહ્યું છે.

જ્યારે શરીર કોઈ અસાધ્ય રોગથી અથવા વૃદ્ધાવસ્થાથી અસમર્થ થઈ જાય, દેવ-મનુષ્યાદિકૃત કોઈ દુર્નિવાર ઉપસર્ગ આવી પડે, કોઈ મહા દુષ્કાળથી ધાન્યાદિ ભોજ્ય પદાર્થો દુષ્પ્રાપ્ય થઈ જાય અથવા ધર્મનો નાશ કરવાવાળાં કોઈ વિશેષ કારણ આવી મળે ત્યારે પોતાના શરીરને પાકી ગયેલા પાન સમાન અથવા તેલરહિત દીપક સમાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપોઆપ વિનાશસન્મુખ જાણી, સંન્યાસ ધારણ કરે. જો મરણમાં કોઇ પ્રકારે સંદેહ હોય તો મર્યાદાપૂર્વક એવી પ્રતિજ્ઞા કરે, કે જો આ ઉપસર્ગમાં મારું આયુ પૂર્ણ થઇ જશે તો (મૃત્યુ થઇ જશે તો) મારે આહારાદિનો સર્વથા ત્યાગ છે અને કદાચિત્ જીવન બાકી રહેશે તો આહારાદિકને ગ્રહણ કરીશ. આ સંન્યાસ ગ્રહણ કરવાનો ક્રમ છે.

રોગાદિક થતાં યથાશક્તિ ઔષધ કરે પણ જ્યારે અસાધ્ય રોગ થઇ જાય, કોઇ રીતે ઉપચારથી લાભ ન થાય ત્યારે આ શરીર, દુષ્ટ સમાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય કહ્યું છે, અને ઇચ્છિત ફળદાતા ધર્મ વિશેષતાથી પાલન કરવા યોગ્ય કહેલ છે. શરીર મરણ બાદ બીજું પણ મળે છે પરંતુ ધર્મપાલન કરવાની યોગ્યતા પામવી અતિશય દુર્લભ છે. આથી વિધિપૂર્વક દેહના ત્યાગમાં દુઃખી ન થતાં સંયમપૂર્વક મન-વચન-કાયાનો ઉપયોગ આત્મામાં એકત્રિત કરવો જોઇએ અને **"જન્મ, જરા તથા મૃત્યુ શરીર સંબંધી છે, મને નથી"** – એવું ચિંતવન કરી નિર્મમત્વી થઇ, વિધિપૂર્વક આહાર ઘટાડી, પોતાના ત્રિકાળી અકષાય જ્ઞાતામાત્ર સ્વરૂપના લક્ષે કાયા કૃશ કરવી જોઇએ અને શાસ્ત્રામૃતના પાનથી કષાયોને પાતળા પાડવા જોઇએ, પછી [1]ચાર પ્રકારના સંઘની સાક્ષી વડે સમાધિમરણમાં સાવધાન-ઉદ્યમવંત થવું.

અંતની આરાધનાથી ચિરકાળથી કરેલી સમ્યક્ વ્રત-નિયમરૂપ ધર્મ આરાધના સફળ થઇ જાય છે, કેમકે તેથી ક્ષણભરમાં ઘણા કાળથી સંચિત પાપનો નાશ થઇ જાય છે. અને જો અંત મરણ બગડી જાય અર્થાત્ અસંયમપૂર્વક યા દેહમાં એકતાબુદ્ધિપૂર્વક મૃત્યુ થઇ જાય તો કરેલી ધર્મારાધના નિષ્ફળ થઇ જાય છે. અહીં કોઇ પ્રશ્ન કરે કે, ''જો અંત સમય સમાધિમરણ કરી લેવાથી ક્ષણમાત્રમાં પૂર્વ પાપોનો નાશ થઇ જાય છે તો પછી યુવાઅવસ્થામાં ધર્મ કરવાની શી જરૂર છે ? અંત સમયે સંન્યાસ ધારણ કરી લેવાથી જ સર્વ મનોરથ સિદ્ધ થઇ જશે,'' તો તેનું સમાધાન–જે જીવ પોતાની પૂર્વઅવસ્થામાં ધર્મથી વિમુખ રહે છે અર્થાત્ જેમણે તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત-નિયમ આદિ ધર્મારાધના નથી કરી તે જીવ અંતકાળમાં ધર્મસન્મુખ અર્થાત્ સંન્યાસયુક્ત કદી થઇ શકતો નથી. કેમકે-ચંદ્રપ્રભચરિત્ર પ્રથમ સર્ગમાં કહ્યું છે કે '' चिरन्तनाभ्यासनिबन्धनेरिता

૧. ચાર પ્રકારના સંઘ = મુનિ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



गुणेषु दोषेषु च जायते मति:'' અર્થાત્ ચિરકાળના અભ્યાસથી પ્રેરિત કરવામાં આવેલી બુદ્ધિ ગુણ અથવા દોષોમાં જાય છે. જે વસ્ત્ર પ્રથમથી જ ઉજળું કરેલું હોય છે તેની ઉપર મનપસંદ રંગ ચઢી શકે છે, પણ જે વસ્ત્ર પ્રથમથી મેલું છે તેની ઉપર કદીપણ રંગ ચઢાવી શકાતો નથી. માટે સમાધિમરણ તે જ ધારણ કરી શકે છે કે જે પ્રથમ અવસ્થાથી જ ધર્મની આરાધનામાં બરાબર સાવધાન રહેલો હોય. હાં, કોઈ સ્થાને એવું પણ જોવામાં આવે છે કે જેણે આજીવન ધર્મસેવનમાં ચિત્ત લગાડયું નહોતું તે પણ અપૂર્વ વિવેકનું બળ પ્રાપ્ત કરી સમાધિમરણ એટલે સંન્યાસપૂર્વક મરણ કરીને સ્વર્ગાદિક સુખોને પામી ગયા પણ તે તો કાકતાલીય ન્યાયવત્ અતિ કઠિન છે. (તાડવૃક્ષથી ફળ તૂટવું ને ઊડતા કાગડાના મોઢામાં તેની પ્રાપ્તિ થઈ જવી જેમ કઠિન છે તેમ સંસ્કારહીન જીવન વડે સમાધિમરણ પામવું કઠણ છે.) માટે સર્વજ્ઞ વીતરાગનાં વચનો પ્રતિ શ્રદ્ધાવાન છે તેમણે ઉપર કહી શંકાને પોતાના ચિત્તમાં કદીપણ સ્થાન આપવું નહિ.

સમાધિમરણના ઈચ્છુક પુરુષો બને ત્યાંસુધી જિનેશ્વર ભગવાનની જન્માદિ તીર્થભૂમિનો આશ્રય ગ્રહણ કરે, જો તેમ ન બની શકે તો મંદિર અથવા સંયમીજનોના આશ્રયમાં રહે. સંન્યાસાર્થી તીર્થક્ષેત્રે જતી વખતે બધા સાથે ક્ષમા યાચના કરે અને પોતે પણ મન-વચન-કાયપૂર્વક સર્વને ક્ષમા કરે. અંત સમયે ક્ષમા કરવાવાળો સંસારનો પારગામી થાય છે, અને વૈર-વિરોધ રાખનારો અર્થાત્ ક્ષમા ન રાખનાર અનંત સંસારી થાય છે. સંન્યાસાર્થીએ પુત્ર, કલત્રાદિ કુટુમ્બીઓથી તથા સાંસારિક સર્વ સંપદાથી સર્વથા મોહ છોડી (નિર્મોહી નિજ આત્માને ભજવો જોઈએ.) ઉત્તમ સાધક ધર્માત્માઓની સહાય લેવી કેમકે સાધર્મી તથા આચાર્યોની સહાયથી અશુભકર્મ યથેષ્ટ બાધાનું કારણ બનતાં નથી. વ્રતના અતિચારો સાધર્મીઓ અથવા આચાર્ય સન્મુખ પ્રગટ કરીને નિઃશલ્ય થઈ પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલી વિધિઓથી શોધન કરવું જોઈએ.

નિર્મળભાવરૂપી અમૃતથી સિંચિત સમાધિમરણને માટે પૂર્વ અથવા ઉત્તર દિશા તરફ મસ્તક રાખે. જો શ્રાવક મહાવ્રતની યાચના કરે, તો નિર્ણાયક આચાર્યને ઉચિત છે કે તેને મહાવ્રત દે. મહાવ્રત ગ્રહણમાં નગ્ન થવું જોઈએ. આર્જિકાને પણ અંતકાળ ઉપસ્થિત થતાં એકાન્ત સ્થાનમાં વસ્ત્રોનો ત્યાગ કરવો ઉચિત કહેલ છે. સંથારા વખતે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેક પ્રકારના યોગ્ય આહાર દેખાડી ભોજન કરાવે. અથવા જો તેને અજ્ઞાનતાવશ ભોજનમાં આસક્ત સમજે, તો પરમાર્થજ્ઞાતા આચાર્ય તેને ઉત્તમ પ્રભાવશાલી વ્યાખ્યાન દ્વારા એમ સમજાવે કે–

હે જિતેન્દ્રિય, તું ભોજન-શયનાદિરૂપ કલ્પિત પુદ્‌ગલોને હજી પણ ઉપકારી સમજે છે ! અને એમ માને છે કે આમાંથી કોઈ પુદ્‌ગલ એવાં પણ છે કે મેં ભોગવ્યા નથી. એ તો મહાન આશ્ચર્યની વાત છે ! ભલા વિચાર તો કર કે આ મૂર્તિક પુદ્‌ગલ તારા અરૂપીમાં કોઈ પ્રકારે મળી શકે તેમ છે ? માત્ર ઇન્દ્રિયોના ગ્રહણ પૂર્વક તેને અનુભવીને તેં એમ માની લીધું છે કે હું જ તેનો ભોગ કરું છું, તો હે ....દૂરદર્શીઃ હવે આવી ભ્રાન્ત બુદ્ધિને સર્વથા છોડી દે અને નિર્મળજ્ઞાનાનંદમય આત્મતત્ત્વમાં લવલીન થા. આ તે જ સમય છે કે જેમાં જ્ઞાની જીવ શુદ્ધતામાં સાવધાન રહે છે અને ભેદજ્ઞાનના બળથી ચિંતવન કરે છે કે હું અન્ય છું અને એ પુદ્‌ગલ દેહાદિ મારાથી સર્વથા ભિન્ન જુદા જ પદાર્થ છે. માટે હે મહાશય ! પરદ્રવ્યોથી મોહ તુરત જ છોડ અને પોતાના આત્મામાં નિશ્ચલ-સ્થિર રહેવાનો પ્રયત્ન કર. જો કોઈ પુદ્‌ગલમાં આસક્ત રહીને મરણ પામીશ તો યાદ રાખજે કે તને હલકા-તુચ્છ જંતુ થઈ, આ પુદ્‌ગલોનું ભક્ષણ અનંતવાર કરવું પડશે. આ ભોજનથી તું શરીરનો ઉપકાર કરવા ચાહે છે તે કોઈ રીતે પણ યોગ્ય નથી. કેમકે શરીર એવું કૃતઘ્ની છે કે તે કોઈના કરેલા ઉપકારને માને નહિ, માટે ભોજનની ઇચ્છા છોડી, કેવળ આત્મહિતમાં ચિત્ત જોડવું તે જ બુદ્ધિમત્તા છે.

આ પ્રકારે હિતોપદેશરૂપી અમૃતધારા પડવાથી અન્નની તૃષ્ણા દૂર કરી કવલાહાર છોડાવે તથા દૂધ આદિ પીવાયોગ્ય વસ્તુ વધારે, પછી ક્રમે ક્રમે ગરમ જળ લેવા માત્રનો નિયમ કરાવે. જો ઉનાળો, મારવાડ જેવો દેશ તથા પિત્ત પ્રકૃતિના કારણે તૃષાની પીડા સહન કરવા અસમર્થ હોય તો માત્ર ઠંડું પાણી લેવાનું રાખે, અને શિક્ષા દે કે હે આરાધક ! હે આર્ય ! પરમાગમમાં પ્રશંસનીય મરણાંતિક સલ્લેખના અત્યંત દુર્લભ વર્ણવી છે, માટે તારે વિચાર પૂર્વક અતિચાર આદિ દોષોથી તેની રક્ષા કરવી.

પછી અશક્તિની વૃદ્ધિ દેખીને, મરણકાળ નજીક છે એમ નિર્ણય થતાં આચાર્ય સમસ્ત સંઘની અનુમતિથી સંન્યાસમાં નિશ્ચલતા માટે પાણીનો પણ ત્યાગ કરાવે. આવા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુક્રમથી ચારે પ્રકારના આહારનો ત્યાગ થતાં સમસ્ત સંઘથી ક્ષમા કરાવે અને નિર્વિઘ્ન સમાધિની સિદ્ધિને માટે કાયોત્સર્ગ કરે. ત્યાર પછી વચનામૃતનું સિંચન કરે અર્થાત્ સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા કારણોનો ઉક્ત આરાધકના કાનમાં, મન્દ મન્દ વાણીથી જપ કરે. શ્રેણિક, વારિષેણ, સુભગાદિનાં દૃષ્ટાન્ત સંભળાવે અને વ્યવહાર-આરાધનામાં સ્થિર થઇ, નિશ્ચય-આરાધનાની તત્પરતા માટે આમ ઉપદેશ કરે કે–

હે આરાધક ! શ્રુતસ્કંધનું. ''एगो मे सासदा आदा'' ઇત્યાદિ વાક્ય ''णमो अरहंताणं'' ઇત્યાદિ પદ અને ' अर्हं ' ઇત્યાદિ અક્ષર-એમાંથી જે તને રુચિકર લાગે, તેનો આશ્રય કરીને તારા ચિત્તને તન્મય કર ! હે આર્ય ! ' હું એક શાશ્વત આત્મા છું' એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય કર ! સ્વસંવેદનથી આત્માની ભાવના કર ! સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઇને પ્રાણવિસર્જન કર! અને જો તારું મન કોઇ ક્ષુધા પરીષહથી અથવા કોઇ ઉપસર્ગથી વિક્ષિપ્ત (વ્યગ્ર) થઇ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર. કેમકે અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ અર્થાત્ '' હું દુઃખી છું હું સુખી છું - એવા સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે, પરંતુ ભેદવિજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન ભિન્ન માનીને દેહને કારણે સુખી દુઃખી થતો નથી, પણ વિચારે છે કે મને મરણ જ નથી તો પછી ભય કોનો ? મને રોગ નથી પછી વેદના કેવી ? હું બાળક, વૃદ્ધ યા તરુણ નથી તો પછી મનોવેદના કેવી ? હે મહાભાગ્ય ! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઇને પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત ન થઇશ, દઢચિત્ત થઇને પરમ નિર્જરાની અભિલાષ કર. જો, જયાંસુધી તું આત્મચિન્તવન કરતો થકો સંન્યાસ ગ્રહણ કરીને સંથારામાં બેઠો છો, ત્યાં સુધી ક્ષણે ક્ષણે તને પ્રચુર કર્મોનો વિનાશ થાય છે ! શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે ? જેમને લોઢાનાં ઘરેણાં અગ્નિથી તપાવી શત્રુએ પહેરાવ્યાં હતાં તોપણ તપસ્યાથી કિંચિત્ પણ ચ્યુત ન થતાં આત્મધ્યાનથી મોક્ષને પામ્યા ! શું તે મહાસુકુમાર સુકુમાલકુમારનું ચરિત્ર સાંભળ્યું નથી ? જેનું શરીર શિયાળે થોડુથોડું કરડીને અતિશય કષ્ટ દેવા માટે ઘણા દિવસ (ત્રણ દિવસ) સુધી ભક્ષણ કર્યું હતું, પરંતુ કિંચિત્ પણ માર્ગચ્યુત ન થતાં જેમણે સર્વાર્થસિદ્ધિ સ્વર્ગ પ્રાપ્ત કર્યું હતું. એવાં અસંખ્ય ઉદાહરણ શાસ્ત્રમાં છે જેમાં દુસ્સહ ઉપસર્ગો સહન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને અનેક સાધુઓએ સ્વાર્થસિદ્ધિ કરી છે. શું તારું આ કર્તવ્ય નથી કે તેમનું અનુકરણ કરીને જીવન-ધનાદિમાં નિર્વાંછક થઇ, અંતર્-બાહ્ય પરિગ્રહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઇ આનંદામૃતનું પાન કરવું ! અને ઉપરોક્ત ઉપદેશથી સમ્યક્ પ્રકારે કષાયને પાતળા કરી-કૃશ કરી રત્નત્રયની ભાવનારૂપ પરિણમનથી પંચ નમસ્કાર-મંત્ર સ્મરણ પૂર્વક સમાધિમરણ કરવું જોઇએ. - આ સમાધિમરણની સંક્ષેપ વિધિ છે.

### સલ્લેખના પણ અહિંસા છે

**नीयन्तेऽत्र कषाया हिंसाया हेतवो यतस्तनुताम् ।**
**सल्लेखनामपि ततः प्राहुरहिंसाप्रसिद्ध्यर्थम् ॥१७९॥**

**અન્વયાર્થઃ**– [यतः] કારણ કે [अत्र] આ સંન્યાસ મરણમાં [हिसायाः] હિંસાના [हेतवः] હેતુભૂત [कषायाः] કષાય [तनुताम्] ક્ષીણતાને [नीयन्ते] પામે છે [ततः] તેથી [सल्लेखनामपि] સંન્યાસને પણ આચાર્યો [अहिंसाप्रसिद्ध्यर्थं] અહિંસાની સિદ્ધિ માટે [प्राहुः] કહે છે.

**ટીકાઃ**– 'यतः हिंसायाः हेतवः कषायाः अत्र (सल्लेखनायां) तनुतां नीयन्ते ततः सल्लेखनाम् अहिंसा प्रसिद्ध्यर्थम् प्राहुः ।' **–અર્થઃ**– હિંસાના કારણ કષાય છે, તે આ સંલેખનામાં ક્ષીણ થઇ જાય છે તેથી સંલેખનાને પણ અહિંસાની પુષ્ટિ માટે કહી છે. ભાવાર્થઃ– આ સંન્યાસમાં કષાયો ઘટે છે અને કષાય જ હિંસાનું મૂળ કારણ છે, તેથી સંન્યાસનો સ્વીકાર કરવાથી અહિંસા વ્રતની જ સિદ્ધિ થાય છે. ૧૭૯.

**इति यो व्रतरक्षार्थं सततं पालयति सकलशीलानि ।**
**वरयति पतिंवरेव स्वयमेव तमुत्सुका शिवपदश्रीः ॥१८०॥**

**અન્વયાર્થઃ**– [यः] જે [इति] આ રીતે [व्रतरक्षार्थं] પંચ અણુવ્રતોની રક્ષા માટે [सकलशीलानि] સમસ્ત શીલોને [सततं] નિરંતર [पालयति] પાળે છે [तम्] તે પુરુષને [शिवपदश्रीः] મોક્ષપદની લક્ષ્મી [उत्सुका] અતિશય ઉત્કંઠિત [पतिंवरा इव] સ્વયંવરની કન્યાની જેમ [स्वयमेव] પોતે જ [वरयति] સ્વીકાર કરે છે, અર્થાત્ પ્રાપ્ત થાય છે.

'इति यः व्रतरक्षार्थं सकलशीलानि सततं पालयति तं उत्सुका शिवपदश्रीः पतिंवरा इव स्वयमेव वरयति ।' **અર્થઃ**– આ રીતે જે પાંચે અણુવ્રતોની રક્ષા માટે સાત શીલવ્રત પાળે છે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને મોક્ષરૂપી લક્ષ્મી ઉત્સુક થઈને સ્વયંવરમાં કન્યાની જેમ પોતે જ વરે છે.

**ભાવાર્થ:–** જેમ સ્વયંવરમાં કન્યા પોતાની મેળે ઓળખીને યોગ્ય પતિને વરે છે, તેમ મુક્તિરૂપી લક્ષ્મી વ્રતી અને સમાધિમરણ કરનાર શ્રાવકને પોતે જ પ્રાપ્ત થાય છે.૧૮૦.

આ રીતે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત, એક સંલેખના અને એક સમ્યક્ત્વ-આ રીતે શ્રાવકની ચૌદ વાતોનું વર્ણન કર્યું.

**હવે તેના પાંચ પાંચ અતિચારોનું વર્ણન કરે છે :–**

**अतिचारा: सम्यक्त्वे व्रतेषु शीलेषु पञ्च पञ्चेति ।**
**सप्ततिरमी यथोदितशुद्धिप्रतिबन्धिनो हेया: ॥१८१॥**

**અન્વયાર્થ:–** [सम्यक्त्वे] સમ્યક્ત્વમાં [व्रतेषु] વ્રતોમાં અને [शीलेषु] શીલોમાં [पञ्च पञ्चेति] પાંચ પાંચના ક્રમથી [अमी] આ [सप्तति:] સિત્તેર [यथोदितशुद्धिप्रतिबन्धिन:] યથાર્થ શુદ્ધિને રોકનાર [अतिचारा:] અતિચાર [हेया:] છોડવા યોગ્ય છે.

**ટીકા:–** ' सम्यक्त्वे व्रतेषु (सल्लेखना पञ्च) पञ्च पञ्च अतिचारा: इति अमी सप्तति: यथोदितशुद्धिप्रतिबन्धिन: हेया: ।' **અર્થ:–** સમ્યગ્દર્શનમાં, પાંચ અણુવ્રતોમાં, ત્રણ ગુણવ્રતોમાં, ચાર શિક્ષાવ્રતોમાં અને સંલેખનામાં પ્રત્યેકના પાંચ પાંચ અતિચાર છે. આ રીતે એ સિત્તેર અતિચાર છે તે બધા વ્રતોની શુદ્ધિને દોષ લગાડનાર છે.

**ભાવાર્થ:–** વ્રતનો સર્વદેશ ભંગ કરવો તેને અનાચાર કહે છે અને એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય છે. આ રીતે ઉપર કહેલી શ્રાવકની ચૌદ વાતોના સિત્તેર અતિચાર થાય છે. ૧૮૧.

**સમ્યગ્દર્શનના પાંચ અતિચાર**

**शङ्का तथैव काङ्क्षा विचिकित्सा संस्तवोऽन्यदृष्टीनाम् ।**
**मनसा च तत्प्रशंसा सम्यग्दृष्टेरतीचारा: ॥१८२॥**

**અન્વયાર્થ:–** [शङ्का] સંદેહ [काङ्क्षा] વાંછા [विचिकित्सा] ગ્લાનિ [तथैव] તેવી જ રીતે [अन्यदृष्टीनाम्] મિથ્યાદૃષ્ટિઓની [संस्तव:] સ્તુતિ [च] અને [मनसा] મનથી [तत्प्रशंसा] તે અન્ય મતવાળાઓની પ્રશંસા કરવી તે [सम्यग्दृष्टे:] સમ્યગ્દૃષ્ટિના



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[अतीचारा:] અતિચાર છે.

**ટીકા:**– 'शङ्का तथैव काङ्क्षा विचिकित्सा अन्यदृष्टीनाम् संस्तवः च मनसा प्रशंसा सम्यग्दृष्टेः अतीचाराः भवन्ति ' –**અર્થ** – (૧) જિનવચનમાં શંકા કરવી, (૨) વ્રતો પાળીને સંસારનાં સુખોની ઇચ્છા કરવી. (૩) મુનિ વગેરેનું શરીર જોઇને ઘૃણા કરવી, (૪) મિથ્યાદૃષ્ટિઓની સ્તુતિ કરવી, અને (૫) તેમનાં કાર્યોની મનથી પ્રશંસા કરવી. – આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે.

**ભાવાર્થ:**– જ્યાં સુધી આ પાંચ અતિચારોનો ત્યાગ થતો નથી ત્યાં સુધી તે નિશ્ચયસમ્યગ્દૃષ્ટિ થઇ શકતો નથી. ૧૮૨.

## અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર

**छेदनताडनबन्धा भारस्यारोपणं समधिकस्य ।**
**पानान्नयोश्च रोधः पञ्चाहिंसाव्रतस्येति ॥१८३॥**

**અન્વયાર્થ:**– [अहिंसाव्रतस्य] અહિંસા વ્રતના [छेदनताडनबन्धाः] છેદવું, તાડન કરવું, બાંધવું, [समधिकस्य] અતિશય વધારે [भारस्य] બોજો [आरोपणं] લાદવો, [च] અને [पानान्नयोः] અન્ન-પાણી [रोधः] રોકવા અર્થાત્ ન દેવા [इति] એ રીતે [पञ्च] પાંચ અતિચાર છે.

**ટીકા:**–'छेदन ताडन बन्धाः समधिकस्य भारस्य आरोपणं पानान्नयोश्च रोधः इति पञ्च अहिंसाव्रतस्य अतिचाराः ।' –**અર્થ:**– છેદના અર્થાત્ કાન, નાક, હાથ, વગેરે કાપવા, તાડન અર્થાત્ લાકડી, ચાબૂક, આર વગેરેથી મારવું, બંધ અર્થાત્ એક જગ્યાએ બાંધીને રોકી રાખવું, અધિક ભાર લાદવો તથા યોગ્ય સમયે ઘાસ, ચારો, પાણી વગેરે ન આપવાં-એ અહિંસા અણુવ્રતના પાંચ અતિચાર છે. ૧૮૩.

## સત્ય અણુવ્રતના પાંચ અતિચાર

**मिथ्योपदेशदानं रहसोऽभ्याख्यानकूटलेखकृती ।**
**न्यासापहारवचनं साकारमन्त्रभेदश्च ॥१८४॥**

**અન્વયાર્થ:**– [मिथ्योपदेशदानं] જૂઠો ઉપદેશ આપવો, [रहसोऽभ्याख्यानकूटलेखकृती] એકાન્તની ગુપ્ત વાતો પ્રગટ કરવી, જૂઠાં લખાણ કરવાં, [न्यासापहारवचनं] થાપણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓળવવાનું વચન કહેવું [च] અને [साकारमन्त्रभेद:] કાયાની ચેષ્ટાઓથી જાણીને બીજાનો અભિપ્રાય પ્રગટ કરવો—એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

**ટીકા:**—'मिथ्योपदेशदानं रहसोऽभ्याख्यानं कूटलेखकृती न्यासापहारवचनं साकार-मन्त्रभेदश्च इति सत्याणुव्रतस्य पञ्च अतिचारा: सन्ति ।' **અર્થ:**— ૧—જૂઠો ઉપદેશ આપવો કે જેથી જીવોનું અહિત થાય, ૨—કોઈ સ્ત્રી પુરુષની ગુપ્ત વાત પ્રગટ કરવી, ૩—જૂઠા લેખ લખવા તથા જૂઠી રસીદ વગેરે પોતે લખવી, ૪—કોઈની થાપણ પચાવી પાડવી, ૫—કોઈની આકૃતિ જોઈને તેનો અભિપ્રાય પ્રગટ કરી દેવો—એ પાંચ સત્ય અણુવ્રતના અતિચાર છે.

**ભાવાર્થ:**— એવો જૂઠો ઉપદેશ આપવો કે જેથી લોકો ધર્મ છોડીને અધર્મમાં લાગી જાય અને પોતાની પાસે કોઈ થાપણ મૂકી ગયું હોય અને તે ભૂલી ગયો તથા ઓછી વસ્તુ માગવા લાગ્યો ત્યારે તેને એમ કહેવું કે જેટલી હોય તેટલી લઈ જાવ, એને ન્યાસઅપહાર કહે છે. જૂઠી રસીદો લખી આપવી અથવા પરાણે લખાવી લેવી કૂટલેખ છે. ૧૮૪.

## અચૌર્ય અણુવ્રતના પાંચ અતિચાર

**प्रतिरूपव्यवहार: स्तेननियोगस्तदाहृतादानम् ।**
**राजविरोधातिक्रमहीनाधिकमानकरणे च ॥१८५॥**

**અન્વયાર્થ:**— [प्रतिरूपव्यवहार:] પ્રતિરૂપ વ્યવહાર એટલે સાચી વસ્તુમાં ખોટી વસ્તુ ભેળવીને વેચવી, [स्तेननियोग:] ચોરી કરનારાઓને મદદ કરવી, [तदाहृतादानम्] ચોરે લાવેલી વસ્તુઓ રાખવી, [च] અને [राजविरोधातिक्रमहीनाधिकमानकरणे] રાજાએ પ્રચલિત કરેલા નિયમોનું ઉલ્લંઘન કરવું, માપવાના કે તોળવાના ગજ, કાંટા, તોલા વગેરે ના માપમાં હીનાધિક કરવું—(एते पञ्चास्तेयव्रतस्य) એ પાંચ અચૌર્યવ્રતના અતિચાર છે.

**ટીકા:**— 'प्रतिरूपव्यवहार: स्तेननियोग: तदाहृतादानम् राजविरोधातिक्रम: च हीनाधिकमानकरणे इति अचौर्याणुव्रतस्य पञ्च अतीचारा: सन्ति ।' **અર્થ:**—૧. જૂઠી વસ્તુને (અશુદ્ધ વસ્તુને) ઠીક જેવી કરીને સાચી વસ્તુમાં ભેળવીને ચલાવવી, એનું નામ પ્રતિરૂપ વ્યવહાર છે, ૨. ચોરીની પ્રેરણા કરવી અથવા ચોરી કરવાનો ઉપાય બતાવવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ બીજો સ્તેનપ્રયોગ અતિચાર છે, ૩. ચોરીની વસ્તુ ખરીદવી એ ત્રીજો અતિચાર છે, ૪. રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું અથવા રાજાનો કર ન આપવો એ ચોથો અતિચાર છે. ૫. અધિક મૂલ્યવાળી વસ્તુમાં ઓછા મૂલ્યવાળી વસ્તુ ભેળવવી, માપવા-તોળવાનાં વાસણ, ત્રાજવાં વગેરે ઓછાંવત્તાં રાખવાં એ પાંચમો અતિચાર છે. -આ પાંચ અચૌર્ય અણુવ્રતના અતિચાર છે. ૧૮૫.

### બ્રહ્મચર્ય અણુવ્રતના પાંચ અતિચાર બતાવે છે :–

**स्मरतीव्राभिनिवेशोऽनङ्गक्रीडान्यपरिणयनकरणम् ।**
**अपरिगृहीतेतरयोर्गमने चेत्वरिकयोः पञ्च ॥१८६॥**

**અન્વયાર્થઃ**–[स्मरतीव्राभिनिवेशः] કામસેવનની અતિશય ઈચ્છા રાખવી, [अनङ्गक्रीडा] યોગ્ય અંગો સિવાય બીજાં અંગો સાથે કામક્રીડા કરવી, [अन्यपरिणयनकरणम्] બીજાના વિવાહ કરવા [च] અને [अपरिंगृहीतेतरयोः] કુંવારી કે પરણેલી [[1] इत्वरिक्रयोः] વ્યભિચારિણી સ્ત્રીઓ પાસે [गमने] જવું, લેણદેણાદિનો વ્યવહાર રાખવો. [एते ब्रह्मव्रतस्य] એ બ્રહ્મચર્યવ્રતના [पञ्च] પાંચ અતિચાર છે.

**ટીકાઃ**– 'स्मरतीव्राभिनिवेशः अनङ्गक्रीडा अन्यपरिणयनकरणं इत्वरिकयोः अपरिगृहीता गमनं च इत्वरिका परिगृहिता गमनं च इति पञ्च अतीचाराः ब्रह्मचर्याणुव्रतस्य सन्ति ।' **અર્થઃ**– ૧. કામ-ભોગ-વિષય સેવન કરવાની બહુ લાલસા રાખવી. ૨. જે અંગ વિષય સેવન કરવાના નથી તેવાં મુખ, નાભિ, સ્તન વગેરે અનંગોમાં રમણ કરવું, ૩. બીજાના પુત્ર-પુત્રીઓના વિવાહ કરાવવા, ૪. વ્યભિચારિણી વેશ્યા તથા કન્યા વગેરે સાથે લેણદેણ આદિ વ્યવહાર રાખે, વાર્તા કરે, રૂપ-શૃંગાર દેખે, ૫. વ્યભિચારિણી બીજાની સ્ત્રી સાથે પણ એ પ્રમાણે કરવું – એ પાંચ બ્રહ્મચર્ય અણુવ્રતના અતિચાર છે. ૧૮૬.

### પરિગ્રહપરિમાણ વ્રતના પાંચ અતિચાર

**वास्तुक्षेत्राष्टापदहिरण्यधनधान्यदासदासीनाम् ।**
**कुप्यस्य भेदयोरपि परिमाणातिक्रियाः पञ्च ॥१८७॥**

---

૧. રત્નકરંડ શ્રાવકાચાર ગા ૬૦ માં ઈત્વરિકાગમનનો અર્થ - ' ઈત્વરિકા જે વ્યભિચારિણી સ્ત્રી તેને ઘરે જવું અથવા તેને પોતાના ઘેર બોલાવી (ધનાદિ) લેણદેણ રાખે, પરસ્પર વાર્તા કરે, શ્રૃંગાર દેખે તે ઈત્વરિકાગમન નામે અતિચાર છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [वास्तुक्षेत्राष्टापदहिरण्यधनधान्यदासदासीनाम्] ઘર, ભૂમિ, સોનું, ચાંદી, ધન, ધાન્ય, દાસ, દાસી, અને [कुप्यस्य] સુવર્ણાદિ ધાતુઓ સિવાય વસ્ત્રાદિના [भेदयोः] બબ્બે ભેદોનાં [अपि] પણ [परिमाणातिक्रियाः] પરિમાણનું ઉલ્લંઘન કરવું- [एते अपरिग्रहव्रतस्य ] એ અપરિગ્રહવ્રતના [पञ्च] પાંચ અતિચાર છે.

**ટીકાઃ**– 'वास्तु क्षेत्र परिमाणातिक्रमः, अष्टापदहिरण्यपरिमाणातिक्रमः, धनधान्यपरिमाणातिक्रमः, दासदासीपरिमाणातिक्रमः, अपि कुप्यस्य भेदयोः परिमाणातिक्रमः इति पंच परिग्रहपरिमाणव्रतस्य अंतीचाराः सन्ति ।' **અર્થઃ**– ૧- ઘર અને ક્ષેત્રનું પરિમાણ વધારી દેવું, ૨-સોના-ચાંદીનું પરિમાણ વધારી દેવું, ૩-ગાય, ભેંસ, ઘોડા, ઘઉં, ચણા વગેરેનું પરિમાણ વધારી દેવું, ૪-દાસ-દાસીનું પરિમાણ વધારી દેવું, ૫-કુપ્ય એટલે ગરમ અને સુતરાઉ-એ બન્ને પ્રકારનાં વસ્ત્રોનું પરિમાણ વધારી દેવું; - એ રીતે આ પાંચ પરિગ્રહપરિમાણવ્રતના અતિચાર છે. ૧૮૭.

**દિગ્વ્રતના પાંચ અતિચાર બતાવે છે :–**

**ऊर्ध्वमधस्तात्तिर्यग्व्यतिक्रमाः क्षेत्रवृद्धिराधानम् ।**
**स्मृत्यन्तरस्य गदिताः पञ्चेति प्रथमशीलस्य ॥१८८॥**

**અન્વયાર્થઃ**– [ऊर्ध्वमधस्तात्तिर्यग्व्यतिक्रमाः] ઉપર, નીચે અને સમાન ભૂમિની કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું અર્થાત્ જેટલું પ્રમાણ કર્યું હોય તેનાથી બહાર ચાલ્યા જવું, [क्षेत्रवृद्धिः] પરિમાણ કરેલા ક્ષેત્રની લોભાદિવશ વૃદ્ધિ કરવી અને [स्मृत्यन्तरस्य] સ્મૃતિ સિવાયના ક્ષેત્રની મર્યાદા [आधानम्] ધારણ કરવી અર્થાત્ યાદ ન રાખવી, [इति] એ રીતે [पञ्च] પાંચ અતિચાર [प्रथमशीलस्य] પ્રથમ શીલ અર્થાત્ દિગ્વ્રતનાં [गदिताः] કહેવામાં આવ્યા છે.

**ટીકાઃ**– 'ऊर्ध्व व्यतिक्रमःअधस्तात् व्यतिक्रमः तिर्यक् व्यतिक्रमः क्षेत्रवृद्धिः, स्मृत्यन्तरस्य आधानम् इति पञ्च अतीचाराः प्रथमशीलस्य दिग्व्रतस्य सन्ति ।' **અર્થઃ**– ૧. મર્યાદા કરેલી ઉપરની દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૨. મર્યાદા કરેલી નીચેની દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૩. મર્યાદા કરેલી તિર્યક્ દિશાઓનું ઉલ્લંઘન કરવું, ૪. મર્યાદા કરેલા ક્ષેત્રને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વધારવું, ૫. પરિમાણ કરેલી મર્યાદાને ભૂલી જઈને હદ વધારી દેવી-એ પાંચ અતિચાર દિગ્વ્રતનાં છે. ૧૮૮.

## દેશવ્રતના પાંચ અતિચાર

**प्रेष्यस्य संप्रयोजनमानयनं शब्दरूपविनिपातौ ।**
**क्षेपोऽपि पुद्गलानां द्वितीयशीलस्य पञ्चेति ॥१८९॥**

**અન્વયાર્થઃ–** [प्रेष्यस्य संप्रयोजनम्] પ્રમાણ કરેલા ક્ષેત્રની બહાર બીજા મનુષ્યને મોકલવો, [आनयनं] ત્યાંથી કોઈ વસ્તુ મંગાવવી, [शब्दरूपविनिपातौ] શબ્દ સંભળાવવા, રૂપ બતાવીને ઈશારા કરવા અને [पुद्गलानां] કાંકરા વગેરે પુદ્ગલો [क्षेपोऽपि] પણ ફેંકવા-[इति] આ રીતે [पञ्च] પાંચ અતિચાર [द्वितीयशीलस्य] બીજા શીલના અર્થાત્ દેશવ્રતના કહેવામાં આવ્યા છે.

**ટીકાઃ–** 'प्रेष्यस्य संप्रयोजनम् आनयनं शब्दविनिपातो रूपविनिपातो पुद्गलानां क्षेपः इति पञ्च अतीचाराः द्वितीयशीलस्य सन्ति ।' **અર્થઃ–** ૧. મર્યાદા બહાર નોકર ચાકર મોકલવા, ૨. મર્યાદા બહારથી કોઈ વસ્તુ મંગાવવી, ૩. મર્યાદા બહાર શબ્દ કરીને-બોલીને પોતાનું કામ કરવું, ૪. મર્યાદાની બહાર પોતાનું રૂપ દેખાડીને સ્વાર્થ સાધવો, ૫. મર્યાદા બહાર કોઈ ચીજ વગેરે ફેંકીને પણ પોતાનું કાર્ય કરી લેવું-એ પાંચ દેશવ્રતના અતિચાર છે. ૧૮૯.

## અનર્થદંડત્યાગ વ્રતના પાંચ અતિચાર

**कन्दर्पः कौत्कुच्यं भोगानर्थक्यमपि च मौखर्यम् ।**
**असमीक्षिताधिकरणं तृतीयशीलस्य पञ्चेति ॥१९०॥**

**અન્વયાર્થઃ–** [कन्दर्पः] કામનાં વચન બોલવાં, [कौत्कुच्यं] ભાંડરૂપ અયોગ્ય કાયચેષ્ટા કરવી, [भोगानर्थक्यम्] ભોગ-ઉપભોગના પદાર્થોનું આનર્થક્ય, [मौखर्यम्] વાચાળપણું [च] અને [असमीक्षिताधिकरणं] વિચાર કર્યા વિના કાર્ય કરવું; [इति] એ રીતે [तृतीयशीलस्य] ત્રીજા શીલ અર્થાત્ અનર્થદંડવિરતિ વ્રતના [अपि] પણ [पंच] પાંચ અતિચાર છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ–** ''कन्दर्पः कौत्कुच्यं भोगानर्थक्यम् मौखर्यम् च असमीक्षिताधिकरणं इति तृतीयशीलस्य पञ्च अतीचाराः सन्ति ।'' **અર્થઃ–** ૧-હાસ્ય સહિત ભાંડ વચન બોલવાં, ૨- કાયાથી કુચેષ્ટા કરવી, ૩-પ્રયોજનથી અધિક ભોગના પદાર્થો ભેગા કરવા તથા નામ ગ્રહણ કરવું, ૪- લડાઈ - ઝગડા કરાવનાર વચનો બોલવાં, ૫-પ્રયોજન વિના મન, વચન, કાયાનો વ્યાપાર વધારતા જવું-એ જ પાંચ અનર્થદંડત્યાગવ્રતના અતિચાર છે. ૧૯૦.

## સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર

**वचनमनःकायानां दुःप्रणिधानं त्वनादरश्चैव ।**
**स्मृत्यनुपस्थानयुताः पञ्चेति चतुर्थशीलस्य ॥१९१॥**

**અન્વયાર્થઃ–** [स्मृत्यनुपस्थानयुताः] સ્મૃતિઅનુપસ્થાન સહિત, [वचनमनःकायानां] વચન, મન અને કાયાની [दुःप्रणिधानं] ખોટી પ્રવૃત્તિ [तु] અને [अनादरः] અનાદર- [इति] એ રીતે [चतुर्थशीलस्य] ચોથા શીલ અર્થાત્ સામાયિકવ્રતના [पञ्च] પાંચ [एव] જ અતિચાર છે.

**ટીકાઃ–** 'वचनप्रणिधानं, मनःप्रणिधानं, कायप्रणिधानं तु अनादरः च स्मृत्यनुपस्थानयुताः इति पंच चतुर्थशीलस्य अतीचाराः सन्ति ।' **અર્થઃ–** ૧-વચનનો દુરુપયોગ કરવો અર્થાત્ સામાયિક કરતી વખતે મન્ત્રનું ઉચ્ચારણ અથવા સામાયિક પાઠનું ઉચ્ચારણ બરાબર ન કરવું, ૨-મનનો દુરુપયોગ અર્થાત્ મનમાં ખરાબ ભાવના ઉત્પન્ન થવી, મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ઊઠવા, ૩-કાયાનો દુરુપયોગ અર્થાત્ સામાયિક કરતી વખતે હાથ-પગ હલાવવા, ૪-અનાદર અર્થાત્ સામાયિક આદરપૂર્વક ન કરતાં વેઠની જેમ પૂર્ણ કરવું, ૫-સ્મૃત્યનુપસ્થાન એટલે સામાયિકનો પાઠ ભૂલી જવો-એ સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર છે. સામાયિકમાં મન, વચન, કાયા એ ત્રણેની એકાગ્રતાની ઘણી જ આવશ્યકતા છે. એ ત્રણેને વશ કર્યા વિના સામાયિક થઈ શકતી જ નથી. માટે તેને અવશ્ય જ વશ કરવા જોઈએ. ૧૯૧.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચાર

**अनवेक्षिताप्रमार्जितमादानं संस्तरस्तथोत्सर्गः ।**
**स्मृत्यनुपस्थानमनादरश्च पञ्चोपवासस्य ॥१९२॥**

**અન્વયાર્થઃ–** [अनवेक्षिताप्रमार्जितमादानं] જોયા વિના કે શુદ્ધ કર્યા વિના ગ્રહણ કરવું, [संस्तरः] પથારી પાથરવી [तथा] તથા [उत्सर्गः] મળ-મૂત્રનો ત્યાગ કરવો, [स्मृत्यनुपस्थानम् ] ઉપવાસની વિધિ ભૂલી જવી [च] અને [अनादरः] અનાદર-એ [उपवासस्य] ઉપવાસના [पञ्च] પાંચ અતિચારછે.

**ટીકાઃ–** ' १-अनवेक्षिताप्रमार्जितमादानं २-अनवेक्षिताप्रमार्जित संस्तरः ३-अनवेक्षिताप्रमार्जित उत्सर्गः ४-स्मृत्यनुपस्थानम् ५-अनादरश्च इति पञ्च अतीचाराः उपवासस्य सन्ति ।' અર્થઃ– ૧-જોયા વિના તથા પોંછ્યા વિના કોઈ વસ્તુ ગ્રહણ કરવી, ૨-જોયા વિના સાફ કર્યા વિના પથારી પાથરવી, ૩-જોયા વિના સાફ કર્યા વિના મળ-મૂત્રનો ત્યાગ કરવો, ૪-ઉપવાસની વિધિ ભૂલી જવી અને ૫-તપ કે ઉપવાસની વિધિમાં અનાદર (ઉદાસીનતા) કરવો-એ પાંચ પ્રોષધઉપવાસવ્રતના અતિચાર છે. ૧૯૨.

## ભોગ-ઉપભોગપરિમાણ શિક્ષાવ્રતના પાંચ અતિચાર

**आहारो हि सचित्तः सचित्तमिश्रः सचित्तसंबन्धः ।**
**दुष्पक्वोऽभिषवोपि च पञ्चामी षष्ठशीलस्य ॥१९३॥**

**અન્વયાર્થઃ–** [हि] નિશ્ચયથી [सचित्तः आहारः] સચિત્ત આહાર, [सचित्तमिश्रः] સચિત્ત મિશ્ર આહાર, [सचित्तसम्बन्धः] સચિત્તના સંબંધવાળો આહાર [दुष्पक्वः] દુષ્પક્વ આહાર [च अपि] અને [अभिषवः] [1]અભિષવ આહાર, [अमी] આ [पञ्च] પાંચ અતિચાર [षष्ठशीलस्य] છઠ્ઠા શીલ અર્થાત્ ભોગ-ઉપભોગ પરિમાણવ્રતના છે.

**ટીકાઃ–** 'हि सचित्तः आहारः सचित्तमिश्रः आहारः सचित्तसंबन्धः आहारः च दुःपक्वः आहारः अभिषवाहारः इति अमी पञ्च अतीचाराः षष्ठशीलस्य सन्ति ।' ૧-જીવસહિત કાચી લીલી (લીલોતરી) વસ્તુનો આહાર લેવો, ૨-લીલોતરીના મિશ્રણવાળી વસ્તુનો આહાર લેવો, ૩-લીલોતરી ઢાંકી હોય તેવી વસ્તુનો આહાર લેવો, ૪-એવી

૧. દુગ્ધ ઘૃતાદિક રસમિશ્રિત કામોત્પાદક આહાર.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વસ્તુનો આહાર કરવો જે સારી રીતે રંધાયેલી ન હોય, અતિ રંધાએલી વા અધકચરી રંધાયેલી હોય તથા ૫-ગરિષ્ઠ, કામોદ્દીપક વસ્તુનો આહાર કરવો. –એ પાંચ ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર છે.

**ભાવાર્થઃ–** જો કે આ ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત પાળનાર શ્રાવક હજી સચિત્તનો ત્યાગી નથી તોપણ સચિત્તત્યાગ પ્રતિમાના પાલનના અભ્યાસ માટે તથા ખાવાના પદાર્થોમાં અધિક લાલસા મટાડવા માટે જ તેણે આ અતિચાર ટાળવા જોઈએ.૧૯૨.

## વૈયાવૃત્ત અતિથિસંવિભાગના પાંચ અતિચાર

**परदातृव्यपदेशः सचित्तनिक्षेपतत्पिधाने च ।**
**कालस्यातिक्रमणं मात्सर्य्यं चेत्यतिथिदाने ।।१९४।।**

**અન્વયાર્થઃ–**[परदातृव्यपदेशः] પરદાતૃવ્યપદેશ, [सचित्तनिक्षेपतत्पिधाने च] સચિત્તનિક્ષેપ અને સચિત્તપિધાન, [कालस्यातिक्रमणं] કાળનો અતિક્રમ [च] અને [मात्सर्य्यं] માત્સર્ય–[इति] એ રીતે [अतिथिदाने] અતિથિસંવિભાગવ્રતના પાંચ અતિચાર છે.

**ટીકાઃ–**'अतिथिदाने परदातृव्यपदेशः अतिथिदाने सचित्तनिक्षेपः अतिथिदाने सचित्तपिधानं अतिथिदाने कालस्य अतिक्रमणं च अतिथिदाने मात्सर्य्य-इति पञ्च अतीचाराः वैयावृतस्य सन्ति ।' **અર્થઃ–** ૧-ઘરનું કામ અધિક હોવાથી પોતાના હાથે દાન ન દેતાં બીજાના હાથે અપાવવું, ૨-આહારની વસ્તુને લીલા પાંદડામાં મૂકી રાખવી, ૩-આહારની વસ્તુઓ લીલા પાંદડાથી ઢાંકવી, ૪-મુનિ મહારાજને આવવાનો સમય હોય ત્યારે ઘરે ન મળવું અને ૫-પોતાને ઘેર મુનિ મહારાજને માટે આહારની વિધિ ન મળી શકવાને કારણે અથવા પોતાના ઘરે ન આવવાને કારણે જો બીજા શ્રાવકને ઘરે મુનિને આહારદાન થાય તો તે શ્રાવકપ્રત્યે દ્વેષ રાખવો-આ પાંચ અતિચાર અતિથિસંવિભાગ શિક્ષાવ્રતના છે. ૧૯૪.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સલ્લેખનાના પાંચ અતિચાર

**जीवितमरणाशंसे सुहृदनुरागः सुखानुबन्धश्च ।**
**सनिदानः पञ्चैते भवन्ति सल्लेखनाकाले ॥१९५॥**

**અન્વયાર્થઃ–** [जीवितमरणाशंसे] જીવનની આશંસા, મરણની આશંસા, [सुहृदनुरागः] સુહ્રદ અર્થાત્ મિત્ર પ્રતિ અનુરાગ, [सुखानुबन्धः] સુખનો અનુબન્ધ [च] અને [सनिदानः] નિદાન સહિત- [एते] આ [पंच] પાંચ અતિચાર [सल्लेखनाकाले] સમાધિમરણના સમયે [भवन्ति] હોય છે.

**ટીકાઃ–** 'जीविताशंसा मरणाशंसा सुहृदनुरागः सुखानुबन्धः च सनिदानः इति एते पंच सल्लेखनाकाले अतीचाराः सन्ति ।' **–અર્થઃ–** ૧. સલ્લેખના ધારણ કર્યા પછી જીવવાની ઈચ્છા કરવી, ૩. સલ્લેખના ધારણ કર્યા પછી જો કાંઈ વેદના થતી હોય તો એવી ઈચ્છા કરવી કે હું જલદી મરણ પામું, ૩. પૂર્વના મિત્રોનું સ્મરણ કરવું કે તે સારો મિત્ર હતો, હું તેની સાથે રમતો હતો વગેરે, ૪. પૂર્વે જે શાતાની સામગ્રી ભોગવી હતી તેને યાદ કરવી, તે ભોગ હવે કયારે મળશે એવું સ્મરણ કરવું, ૫. આગામી કાળમાં સારા સારા ભોગોની પ્રાપ્તિ ની ઈચ્છા કરવી. – આ પાંચ સલ્લેખનાના અતિચાર છે.

**ભાવાર્થઃ–** આ રીતે ૧ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત, અને ૧ સલ્લેખના-એ ચૌદના સિત્તેર અતિચારોનું વર્ણન કરી ચૂકયા. તેથી નૈષ્ઠિક શ્રાવકે આ બધાનું જયાં સુધી બની શકે ત્યાં સુધી યથાશક્તિ અતિચારરહિત પાલન કરવું, તો જ મનુષ્યભવ મળવો સાર્થક છે.

આ ઉપર બતાવેલા ચૌદ [૧]વ્રત ત્રણે પ્રકારના શ્રાવક પાળે છે. ૧. પાક્ષિક

શ્રાવક સમ્યગ્દર્શનનો ધારક હોય છે, તે સાત વ્યસનોનો ત્યાગી અને આઠ મૂળગુણોનો પાળનાર છે. ૨. નૈષ્ઠિક શ્રાવક ઉપરની વાતો સહિત બાર વ્રતોનું પાલન કરે છે. એ નૈષ્ઠિક અવસ્થા જીવનપર્યંત રહે છે. ૩. સાધક-શ્રાવક જયારે મરણનો સમય નિકટ આવી જાય છે ત્યારે તે નૈષ્ઠિક શ્રાવક સાધક અવસ્થાને પ્રાપ્ત થઈ શકે છે.

૧. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પ્રથમના બે કષાયની ચોકડીના અભાવરૂપ શુદ્ધભાવરૂપે (અંશે વીતરાગી સ્વાશ્રયરૂપ) નિશ્ચયવ્રતનું પાલન કરે છે તે જીવને સાચાં અણુવ્રત હોય છે; નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તો તેનાં વ્રત-તપને સર્વજ્ઞદેવે બાળવ્રત (અજ્ઞાનવ્રત) અને અજ્ઞાનતપ કહ્યા છે. એમ સર્વત્ર સમજવું.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



- આ રીતે જે મનુષ્ય આ ત્રણે અવસ્થાઓને પ્રાપ્ત કરે છે તે અવશ્ય સ્વર્ગને પામી શકે છે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત કરી લે છે. એ જ મોક્ષપ્રાપ્તિનો ક્રમ છે. ૧૯૫.

## અતિચારનો ત્યાગ કરવાનું ફળ

**इत्येतानतिचारानपरानपि संप्रतर्क्य परिवर्ज्य ।**
**सम्यक्त्वव्रतशीलैरमलैः पुरुषार्थसिद्धिमेत्यचिरात् ।।१९६।।**

**અન્વયાર્થઃ–** [इति] એ પ્રકારે ગૃહસ્થ [एतान्] આ પૂર્વે કહેલા [अतिचारान्] અતિચાર અને [अपरान्] બીજા દોષ ઉત્પન્ન કરનાર અતિક્રમ, વ્યતિક્રમ આદિનો [अपि] પણ [संप्रतर्क्य] વિચાર કરીને [परिवर्ज्य] છોડીને [अमलैः] નિર્મળ [सम्यक्त्वव्रतशीलैः] સમ્યકત્વ, વ્રત અને શીલ દ્વારા [अचिरात्] થોડા જ કાળમાં [पुरुषार्थसिद्धिम्] પુરુષના પ્રયોજનની સિદ્ધિ [एति] પામે છે.

**ટીકાઃ–** 'इति एतान् अतिचारान् अपि अपरान् सम्प्रतर्क्य च परिवर्ज्य अमलैः सम्यक्त्वव्रतशीलैः अचिरात् पुरुषार्थसिद्धिम् एति ।' **અર્થઃ–** આ રીતે આ અતિચાર અને બીજા પણ જે દોષ છે તેને સારી રીતે વિચારીને છોડે છે અને નિર્દોષ સમ્યગ્દર્શન, ૫ અણુવ્રત, ૪ શિક્ષાવ્રત, ૩ ગુણવ્રત- એ બધા વ્રતોના પાલન દ્વારા જીવ શીઘ્ર જ મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

**ભાવાર્થઃ–** પુરુષ નામ આત્માનું છે અને અર્થ નામ મોક્ષનું છે. આ રીતે (સ્વાશ્રિત નિશ્ચયશુદ્ધિ સહિત) વ્રતોના પાલનથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાથી શીઘ્ર જ મોક્ષ પ્રાપ્ત થઇ જાય છે. [૧]તપ વિના સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. ૧૯૬.

---

૧. સમ્યક્તપનો અર્થ શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અથવા નિજપરમાત્માના આશ્રયે નિશ્ચયસમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધિવડે શુભાશુભ ઇચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ-નિરાકુળ જ્ઞાન આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યરૂપે શોભિત થવું તે તપ છે. આવું નિશ્ચયતપ ભૂમિકાનુસાર સાધકને હોય છે. ત્યાં બાહ્યમાં ૧૨ પ્રકારના તપમાંથી યથાયોગ્ય નિમિત્ત હોય છે, તેનું જ્ઞાન કરાવવા માટે તેને વ્યવહારતપ કહેવાય છે. (વિશેષપણે સમજવા માટે જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક અ૦ ૭, નિર્જરાતત્ત્વની શ્રદ્ધાની અયથાર્થતા).



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# સકલચારિત્ર વ્યાખ્યાન

**चारित्रान्तर्भावात् तपोपि मोक्षाङ्गमागमे गदितम् ।**
**अनिगूहितनिजवीर्यैस्तदपि निषेव्यं समाहितस्वान्तैः ॥१९७॥**

**અન્વયાર્થ :-** [आगमे] જૈન આગમમાં [चारित्रान्तर्भावात्]ચારિત્રનું અન્તર્વર્તી હોવાથી [तपः] તપને [अपि] પણ [मोक्षाङ्गम्] મોક્ષનું અંગ [गदितम्] કહેવામાં આવ્યું છે, તેથી [अनिगूहितनिजवीर्यैः]પોતાનું પરાક્રમ ન છુપાવનાર તથા [समाहितस्वान्तैः]સાવધાન ચિત્તવાળા પુરુષોએ [तदपि] તે તપનું પણ[निषेव्यम्] સેવન કરવા યોગ્ય છે,

**ટીકા:-** चारित्रान्तर्भावात् तपः अपि आगमे मोक्षाङ्गम् गदितम् अतः एव अनिगूहितनिजवीर्यैः समाहितस्वान्तैः तदपि निषेव्यम् ।અર્થ:- સમ્યક્ચારિત્રમાં સમાવેશ પામતું હોવાથી તપને પણ શાસ્ત્રોમાં મોક્ષનું કારણ કહ્યું છે, તેથી પોતાની શક્તિ છુપાવ્યા વિના પોતાનું મન વશ રાખી તે તપનું પણ આચરણ કરવું જોઈએ.

**ભાવાર્થ :-** તપ એક પ્રકારે વ્યવહારચારિત્ર છે. (ભૂતાર્થનો આશ્રય કરનારને ) વ્યવહારચારિત્રથી નિશ્ચયચારિત્ર કે જે સમ્યક્ચારિત્ર છે તેની પ્રાપ્તિ થાય છે અર્થાત્ એ નિયમ છે કે તપશ્ચરણ વિના નિશ્ચય સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી તેથી મોક્ષ ઈચ્છનાર પુરુષોએ અવશ્ય તપ ધારણ કરવું જોઈએ. ૧૯૭.

[નોંધ:- ચારિત્ર તો વીતરાગતા છે અને તે નિજ શુદ્ધાત્માના આશ્રયે જ પ્રગટે છે. પણ ત્યાં તે કાળે વ્યવહારચરણ કેવું હોય તે બતાવવા તેને વ્યવહારનયથી કારણ કહ્યું છે. રાગ છે તે બાધક જ છે પણ તે તે ભૂમિકાને યોગ્ય રાગ તે ગુણસ્થાનનો નાશક નથી એટલો મેળ બતાવવા માટે ઉપચાર-વ્યવહાર નિરૂપણની એ રીત છે, રાગ કરતાં કરતાં નિશ્ચયચારિત્ર થાય નહિ એમ પ્રથમથી જ નિઃસંદેહપણે પ્રતીતિ કરવી જોઈએ,]

બાહ્ય અને અંતરંગ એવા ભેદથી તપ બે પ્રકારનું છે. પહેલાં બાહ્ય તપના ભેદ બતાવે છે:-



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**अनशनमवमौदर्यं विविक्तशय्यासनं रसत्यागः ।**
**कायक्लेशो वृत्तेः सङ्ख्या च निषेव्यमिति तपो बाह्यम् ॥१९८॥**

**અન્વયાર્થઃ–** [अनशनम्] અનશન, [अवमौदर्यं] ઊણોદર, [विविक्तशय्यासनं] વિવિક્ત શય્યાસન, [रसत्यागः] રસ પરિત્યાગ [कालक्लेशः] કાયકલેશ [च] અને [वृत्तेः संख्या ] વૃત્તિની સંખ્યા–[इति] એ રીતે [बाह्यं तपः] બાહ્યતપનું [निषेव्यम्] સેવન કરવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'अनशनं अवमौदर्यं विविक्तशय्यासनं रसत्यागः कायक्लेशः च वृत्तेः संख्या बाह्यं तपः इति निषेव्यम् ।' **અર્થઃ–** ૧ અનશન તપ – અર્થાત્ ઉપવાસ દ્વારા ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો. ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય એ–રીતે આહાર ચાર પ્રકારનો છે. ૨-અવમૌદર્ય તપ– એટલે એકાશન કરવું, ભૂખથી ઓછું ખાવું, એ બેઉ પ્રકારના તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે અને ધ્યાનની પ્રાપ્તિ થાય છે. નિદ્રા મટે છે, દોષ ઘટે છે, સંતોષ થાય છે, સ્વાધ્યાય કરવામાં મન લાગે છે. ૩-વિવિક્ત શય્યાસન–જ્યાં મનુષ્યોનું આવાગમન ન હોય એવા એકાંત સ્થાનમાં વાસ કરવો. ૪-રસત્યાગ–દૂધ, દહીં, ઘી, સાકર અને તેલ-આ પાંચ રસનો ત્યાગ અને મીઠાનો તેમ જ લીલોતરીનો પણ ત્યાગ કરવો તેને રસત્યાગ કહે છે. જોકે રસ તો પાંચ જ છે તોપણ ઇન્દ્રિયસંયમની અપેક્ષાએ સાતેનો ત્યાગ કરવો જોઇએ. એના ત્યાગનો ક્રમ મીઠું, લીલોતરી, સાકર, ઘી, દૂધ, દહીં અને તેલ એ પ્રમાણે છે. અને તે રવિવારના દિવસથી શરૂ કરવું જોઇએ. ૫-કાયકલેશ-શરીરને પરિષહ ઉપજાવીને પીડા સહન કરવી તેનું નામ કાયકલેશ છે. આ કાયકલેશનો અભ્યાસ કરવાથી અનેક કઠોર ઉપસર્ગ સહન કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, શરીર સાથેનો મમત્વભાવ ઘટે છે અને રાગનો અભાવ થાય છે. ૬-વૃત્તિસંખ્યા-વૃત્તિની મર્યાદા કરી લેવી. જેમ કે આજે મને આવું ભોજન મળે તો હું આહાર કરીશ અથવા આટલાં ઘરે ભોજન માટે જઇશ વગેરે પ્રકારથી નિયમ કરી લેવો. આ રીતે છ પ્રકારનાં બાહ્યતપનું નિરૂપણ કર્યું. ૧૯૮.

હવે અંતરંગ તપનું નિરૂપણ કરે છેઃ–



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## અંતરંગ તપના છ ભેદ

**विनयो वैयावृत्त्यं प्रायश्चित्तं तथैव चोत्सर्गः ।**
**स्वाध्यायोऽथ ध्यानं भवति निषेव्यं तपोऽन्तरङ्गमिति ॥१९९॥**

**અન્વયાર્થઃ–** [विनयः] વિનય, [वैयावृत्त्यं] વૈયાવૃત્ય, [प्रायश्चित्तं] પ્રાયશ્ચિત્ત [तथैव च] અને એવી જ રીતે [उत्सर्गः] ઉત્સર્ગ, [स्वाध्यायः] સ્વાધ્યાય [अथ] અને [ध्यानं] ધ્યાન- [इति] એ રીતે [अन्तरङ्गम्] અંતરંગ [तपः] તપ [निषेव्यं] સેવન કરવા યોગ્ય [भवति] છે.

**ટીકાઃ–** ' विनयः वैयावृत्त्यं प्रायश्चित्तं च उत्सर्गः तथैव स्वाध्यायोः ध्यानं इति अन्तरंगतपः निषेव्यम् ।' અર્થઃ– ૧- વિનય- વિનય અંતરંગતપ ચાર પ્રકારનું છે. ૧. દર્શન વિનય, ૨. જ્ઞાન વિનય, ૩. ચારિત્ર વિનય અને ૪. ઉપચાર વિનય.

૧. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ઉપાય કરવો, સમ્યગ્દર્શનના માહાત્મ્યનો પ્રચાર કરવો, સમ્યગ્દષ્ટિ જીવોની વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો કરવા તથા પોતાનું સમ્યગ્દર્શન સદા નિર્દોષ રાખવું-એ દર્શનવિનય છે. ૨. જ્ઞાનની પ્રાપ્તિ કરવી, જ્ઞાનનો પ્રચાર કરવો, સ્વાધ્યાયશાળા, વિદ્યાલય ખોલાવવાં, શાસ્ત્રો વહેંચવા-એ બધો જ્ઞાનવિનય છે. ૩. ચારિત્ર પ્રાપ્ત કરવું, ચારિત્રનો ઉપદેશ દેવો વગેરે ચારિત્રવિનય છે. ૪. રત્નત્રયધારકોનો અને બીજા ધર્માત્મા ભાઈઓનો શારીરિક વિનય કરવો, તે આવે ત્યારે ઊભા થવું, નમસ્કાર કરવા, હાથ જોડવા, પગે પડવું વગેરે-એ બધો ઉપચારવિનય છે. તીર્થક્ષેત્રની વંદના કરવી એ પણ ઉપચારવિનય છે, પૂજા-ભક્તિ કરવી એ પણ ઉપચારવિનય છે. રત્નત્રયની પ્રાપ્તિ કરવી એ જ સાચો વિનય છે. આ રીતે વિનયતપનું વર્ણન પૂર્ણ કર્યું.

**૨-વૈયાવૃત્ત્ય–** પોતાના ગુરુ વગેરે આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા, ત્યાગી ઈત્યાદિ ધર્માત્મા સજ્જનોની સેવા-સુશ્રૂષા કરવી એને વૈયાવૃત્ત્ય કહે છે. કોઈવાર કોઈ વ્રતધારીને રોગ થઈ જતાં શુદ્ધ પ્રાસુક ઔષધથી તેમનો રોગ દૂર કરવો, જંગલોમાં વસતિકા, કુટી વગેરે બનાવવાં, એ બધું વૈયાવૃત્ત્ય જ છે.

**૩-પ્રાયશ્ચિત્ત–**પ્રમાદથી જે કાંઈ દોષ થઈ ગયો હોય તેને પોતાના ગુરુ સામે પ્રગટ કરવો, તેમના કહેવા પ્રમાણે તે દોષને દોષ માનીને તથા આગામી કાળમાં તે પ્રમાણે ન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવાની પ્રતિજ્ઞા કરીને જે કાંઇ દંડ દે તે દંડનો સ્વીકાર કરવો તેને પ્રાયશ્ચિત્ત અંતરંગતપ કહે છે. એનાથી વ્રત-ચારિત્રની શુદ્ધિ થાય છે. ૧. આલોચન, ૨. પ્રતિક્રમણ, ૩. આલોચન પ્રતિક્રમણ, ૪. વિવેક, ૫. વ્યુત્સર્ગ, ૬. તપ, ૭. છેદ, ૮. પરિહાર અને ૯. ઉપસ્થાપના-એ રીતે પ્રાયશ્ચિત્તના નવ ભેદ છે.

**૪-ઉત્સર્ગ–** શરીરમાં મમત્વનો ત્યાગ કરવો તથા ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો અને સંસારની વસ્તુઓને પોતાની ન માનવી ઇત્યાદિ મમત્વ-અહંકારબુદ્ધિનો ત્યાગ કરવો તેને જ ઉત્સર્ગ નામનું અંતરંગતપ કહે છે.

**૫. સ્વાધ્યાય–** પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ, એ ચારે પ્રકારના શાસ્ત્રોની સ્વાધ્યાય કરવી, શીખવું, શીખવવું, વિચારવું, મનન કરવું. એ સ્વાધ્યાય કરવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અન્ય જીવોને સમ્યગ્જ્ઞાનનો બોધ થાય છે, પરિણામ સ્થિર રહે છે, સંસારથી વૈરાગ્ય થાય છે, ધર્મની વૃદ્ધિ થાય છે વગેરે અનેક ગુણ પ્રગટ થાય છે, તેથી સ્વાધ્યાય કરવી જોઇએ.

**૬. ધ્યાન–** એકાગ્રચિત્ત થઇને સમસ્ત આરંભ-પરિગ્રહથી મુક્ત થઇ પંચપરમેષ્ઠી અને આત્માનું ધ્યાન કરવું તેને જ ધ્યાન કહે છે. તે આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન-એ રીતે ચાર પ્રકારનું છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારનાં કારણ છે તથા ધર્મધ્યાન અને શુકલધ્યાન મોક્ષનાં કારણ છે.

ધ્યાનના સામાન્ય રીતે ત્રણ ભેદ થઇ શકે છે–અશુભધ્યાન, શુભધ્યાન અને શુદ્ધધ્યાન. તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે અશુભધ્યાન છે, ધર્મધ્યાન શુભધ્યાન છે અને શુકલધ્યાન શુદ્ધધ્યાન છે. માટે મોક્ષાર્થી જીવોએ ધર્મધ્યાન અને શુકલધ્યાન અવશ્ય અપનાવવું જોઇએ. ધ્યાનના અવલંબનરૂપે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત-એ ચાર ભેદ છે. એનું વિશેષ વર્ણન પણ જ્ઞાનાર્ણવ ગ્રન્થમાંથી જાણી લેવું. અહીં લખવાથી ઘણો વિસ્તાર થઇ જશે.

**ભાવાર્થઃ–** અહીં એ વાત જાણી લેવી બહુ જરૂરી છે કે બાહ્યતપ અને અંતરંગ તપમાં શું તફાવત છે. બાહ્યતપમાં કેવળ બાહ્યપદાર્થ તથા શરીરની ક્રિયા જ પ્રધાન કારણ હોય છે અને અંતરંગ તપમાં આત્મીય ભાવ તથા મનનું અવલંબન જ પ્રધાન



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ પડે છે. જેમ અગ્નિ સોનાને શુદ્ધ બનાવે છે તેમ આ બન્ને પ્રકારના તપ આત્માને શુદ્ધ બનાવે છે. કારણ કે તપ વિના ચારિત્ર હોતું નથી અને ચારિત્ર વિના કર્મોની નિર્જરા થતી નથી, માટે આ બન્ને પ્રકારના તપનું આચરણ અવશ્ય કરવું જોઈએ. અહીં સુધી ગૃહસ્થના વ્રતોનું વર્ણન કર્યું.હવે ત્યારપછી શ્રી અમૃતચન્દ્રસ્વામી મુનિઓના ચારિત્રનું વર્ણન કરે છે. મુનિપદ ધારણ કર્યા વિના મોક્ષની પ્રાપ્તિ કદી થતી નથી માટે મોક્ષાર્થી ભવ્યાત્માઓએ જયાંસુધી બની શકે ત્યાં સુધી સમસ્ત આરંભ-પરિગ્રહનો ત્યાગ કરીને મુનિપદ ધારણ કરી, આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવી જોઈએ. ૧૯૯.

### મુનિવ્રત ધારણ કરવાનો ઉપદેશ

**जिनपुङ्गवप्रवचने मुनीश्वराणां यदुक्तमाचरणम् ।**
**सुनिरूप्य निजां पदवीं शक्तिं च निषेव्यमेतदपि ॥२००॥**

**અન્વયાર્થઃ**— [जिनपुङ्गवप्रवचने] જિનેશ્વરના સિદ્ધાન્તમાં [मुनीश्वराणां] મુનીશ્વર અર્થાત્ સકલવ્રતધારીઓનું [यत्] જે [आचरणम्] આચરણ [उक्तम्] કહ્યું છે, [एतत्] એ [अपि] પણ ગૃહસ્થોએ [निजां] પોતાનાં [पदवीं] પદ [च] અને [शक्ति] શક્તિનો [सुनिरूप्य] સારી રીતે વિચાર કરીને [निषेव्यम्] સેવન કરવા યોગ્ય છે.

**ટીકાઃ**— 'जिनपुङ्गवप्रवचने मुनीश्वराणां यत् आचरणं उक्तम् एतत् अपि निजां पदवीं सुनिरूप्य शक्तिं च सुनिरूप्य निषेव्यम्' **અર્થઃ**— અર્હંત ભગવાન તથા ગણધરાદિએ કહેલાં જિનશાસ્ત્રોમાં જે મુનિ-મહાત્માઓનું સર્વદેશ ત્યાગરૂપ આચરણ કહ્યું છે તે આચરણ પોતાના પદની યોગ્યતા અને પોતાની શક્તિ જોઈને અવશ્ય આચરવું જોઈએ.

**ભાવાર્થઃ**— જયાં સુધી બની શકે ત્યાં સુધી પ્રત્યેક આત્મકલ્યાણાર્થીએ મુનિપદનો સ્વીકાર કરીને પોતાના આત્માનું કલ્યાણ કરવું જોઈએ. જો તે કોઈ પણ રીતે સર્વદેશવ્રતનું પૂર્ણપણે પાલન ન કરી શકે તો પહેલાં અણુવ્રત પાળવાં જોઈએ અને પછી મહાવ્રત ધારણ કરવાં જોઈએ. ૨૦૦.

### છ આવશ્યકનું વર્ણન

**इदमावश्यकषट्कं समतास्तववन्दनाप्रतिक्रमणम् ।**
**प्रत्याख्यानं वपुषो व्युत्सर्गश्चेति कर्त्तव्यम् ॥२०१॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [समतास्तववन्दनाप्रतिक्रमणम्] સમતા, સ્તવન, વંદના, પ્રતિક્રમણ, [प्रत्याख्यानं] પ્રત્યાખ્યાન [च] અને [वपुषो व्युत्सर्ग:] કાયોત્સર્ગ- [इति] એ રીતે [इदम्] આ [आवश्यकषट्कं] છ આવશ્યક [कर्त्तव्यम्] કરવાં જોઇએ.

**ટીકાઃ**– 'समता स्तव वन्दना प्रतिक्रमणं प्रत्याख्यानं वपुषो व्युत्सर्गः इति इदं आवश्यक षट्कम् ।'

**૧. સમતા**– સમસ્ત જીવો પર સમતાભાવ રાખવો અથવા સામાયિક કરવી.

**૨. સ્તવ**– શ્રી ભગવાન અર્હંતદેવ-તીર્થંકર ભગવાનના ગુણોનું કીર્તન કરવું અર્થાત્ સ્તુતિ કરવી. એ સ્તવ વ્યવહારસ્તવ અને નિશ્ચયસ્તવ-એમ બે પ્રકારે છે.

**૩. વંદના**– પાંચ પરમેષ્ઠીને પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપે સાષ્ટાંગ નમસ્કાર કરવા.

**૪. પ્રતિક્રમણ**– પોતે કરેલા દોષોનો પશ્ચાત્તાપ કરવો. અર્થાત્ જયારે પોતાનાથી કોઇ દોષ કે ભૂલ થઇ જાય ત્યારે તે પોતાના ગુરુ સમક્ષ પ્રગટ કરી તે ભૂલ માની લેવી એ જ પ્રતિક્રમણ છે.

**૫. પ્રત્યાખ્યાન**– જે રત્નત્રયમાં વિઘ્ન ઉત્પન્ન કરનાર છે તેને મન, વચન અને કાયાથી રોકવા અને તેમનો ત્યાગ કરવો તેને જ પ્રત્યાખ્યાન કહે છે. આ પ્રત્યાખ્યાન ૧. અખંડિત, ૨. સાકાર, ૩. નિરાકાર, ૪. પરિમાન, ૫. ઇતરત, ૬. વર્તનીપાત, ૭. સહેતુક ઇત્યાદિ ભેદથી ૧૦ પ્રકારનું છે.

**૬. વ્યુત્સર્ગ**– શરીરનું મમત્વ છોડીને વિશેષ પ્રકારના આસનપૂર્વક ધ્યાન કરવું એ વ્યુત્સર્ગ નામનું છઠ્ઠું આવશ્યક છે.

**ભાવાર્થઃ**– આ રીતે છ આવશ્યકોનું વર્ણન કર્યું કે જે મુનિઓએ અને શ્રાવકોએ પણ પાળવું જોઇએ. મુનિ અને શ્રાવકોએ તેમનું પાલન પ્રતિદિન જરૂર કરવું જોઇએ તેથી જ તેમનું નામ આવશ્યક છે. માટે મુનિઓએ તેનું પાલન સર્વદેશ કરવું જોઇએ અને શ્રાવકોએ પોતાની યોગ્યતા અનુસાર એકદેશ કરવું જોઇએ. ૨૦૧.

## ત્રણ ગુપ્તિઓનું વર્ણન

**सम्यग्दण्डो वपुषः सम्यग्दण्डस्तथा च वचनस्य ।**
**मनसः सम्यग्दण्डो गुप्तीनां त्रितयमवगम्यम् ॥२०२॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ–** [वपुषः] શરીરને [सम्यग्दण्डः] સારી રીતે-શાસ્ત્રોક્ત વિધિથી વશ કરવું, [तथा] તથા [वचनस्य] વચનનું [सम्यग्दण्डः] સારી રીતે અવરોધન કરવું [च] અને [मनसः] મનનો [सम्यग्दण्डः] સમ્યક્પણે નિરોધ કરવો-આ રીતે [गुप्तीनां त्रितयम्] ત્રણ ગુપ્તિઓને [अवगम्यम्] જાણવી જોઇએ.

**ટીકાઃ–** 'वपुषः सम्यग्दण्डः तथा वचनस्य सम्यग्दण्डः च मनसः सम्यग्दण्डः इति गुप्तीनां त्रितयं समनुगम्यम् ।' **અર્થઃ–** શરીરને વશ કરવું, વચનને વશ કરવાં અને મનને વશ કરવું-આ ત્રણે ગુપ્તિ જાણવી જોઇએ.

**ભાવાર્થઃ–** ગુપ્તિ નામ ગોપવવાનું અથવા છુપાવવાનું છે. જેમ કે મનની ક્રિયા રોકવી એટલે મનની ચંચળતા રોકી એકાગ્રતા કરી લેવી તે મનગુપ્તિ છે તથા વચનને ન બોલવા તે વચનગુપ્તિ છે અને શરીરની ક્રિયા રોકવી અર્થાત્ સ્થિર થઇ જવું તે કાયગુપ્તિ છે. આ ત્રણે ગુપ્તિઓમાંથી મનોગુપ્તિનું પાલન જ ઘણું કઠિન છે. જે મુનિને મનગુપ્તિ હોય છે તેમને અવધિજ્ઞાન અવશ્ય નિયમથી હોય છે. જયારે ત્રણે ગુપ્તિ થઇ જાય છે ત્યારે આત્મધ્યાન હોય છે. ૨૦૨.

## પાંચ સમિતિ

**सम्यग्गमनागमनं सम्यग्भाषा तथैषणा सम्यक् ।**
**सम्यग्ग्रहनिक्षेपौ व्युत्सर्गः सम्यगिति समितिः ।।२०३।।**

**અન્વયાર્થઃ–** [सम्यग्गमनागमनं] સાવધાનીથી સારી રીતે ગમન અને આગમન, [सम्यग्भाषा] ઉત્તમ હિતમિતરૂપ વચન, [सम्यक् एषणा] યોગ્ય આહારનું ગ્રહણ, [सम्यग्ग्रहनिक्षेपौ] પદાર્થનું યત્નપૂર્વક ગ્રહણ અને યત્નપૂર્વક ક્ષેપણ કરવું [तथा] અને [सम्यग्व्युत्सर्गः] પ્રાસુક ભૂમિ જોઇને મળ-મૂત્રાદિનો ત્યાગ કરવો – [इति] એ રીતે આ પાંચ [समितिः] સમિતિ છે.

**ટીકાઃ–** 'सम्यग्गमनागमनं सम्यग्भाषा तथा सम्यक् एषणा च सम्यग्ग्रहनिक्षेपः सम्यक् व्युत्सर्गः इति (पंच) समितिः ।' **અર્થઃ–** ૧-ઈર્યાસમિતિ-બે ઘડી સૂર્ય ઊગ્યા પછી રસ્તો પ્રાસુક થઇ ગયા પછી યત્નાચારપૂર્વક ચાર હાથ પ્રમાણ જમીન જોઇ સંભાળીને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવવું-જવું.

૨- **ભાષાસમિતિ**- હિતકારી અને થોડાં એવાં વચન બોલવાં કે જે સાંભળતાં કોઇ પણ પ્રાણીને દુઃખ ન થાય.

૩-**એષણાસમિતિ**- છેંતાળીસ દોષ, બત્રીસ અંતરાય ટાળીને ઉત્તમ કુલીન શ્રાવકને ઘેર આચારસહિત વિધિપૂર્વક શુદ્ધ પ્રાસુક આહાર એકવાર લેવો.

૪-**આદાનનિક્ષેપણસમિતિ**– યત્નાચારપૂર્વક જોઇ સંભાળીને પુસ્તક, પીંછી, કમંડળ વગેરે લેવું-મૂકવું.

૫-**પ્રતિષ્ઠાપનસમિતિ**- જોઇ સંભાળીને નિર્જીવ સ્થાનમાં કફ, મળ, મૂત્ર વગેરેનો ત્યાગ કરવો, લીલોતરી ઉપર અથવા ભીની જમીન પર મળત્યાગ ન કરવો. -આ રીતે સમિતિનું વર્ણન કર્યું. આ પાંચે સમિતિ ગુપ્તિના પાલનમાં સહાયક થાય છે અને જેવી રીતે સમિતિનું કથન કર્યું છે તે પ્રકારે પાલન તો મુનિમહારાજ જ કરે છે, તોપણ જેટલું બની શકે તેટલું શ્રાવકે પણ પાલન કરવું જોઇએ. જેમ કે શ્રાવકે જોઇ સંભાળીને ચાલવું જોઇએ, ઓછું અને હિતકારી વચન બોલવું જોઇએ, શુદ્ધ પ્રાસુક આહાર લેવો, બધી વસ્તુઓ જોઇ સંભાળીને લેવી-મૂકવી અને જોઇ સંભાળીને જીવરહિત સ્થાનમાં મળ-મૂત્ર વગેરેનું ક્ષેપણ કરવું. એ રીતે યથાશક્તિ શ્રાવકોએ પાલન કરવું જોઇએ. ૨૦૩.

## દશ ધર્મો

**धर्मः सेव्यः क्षान्तिर्मृदुत्वमृजुता च शौचमथ सत्यम् ।**
**आकिञ्चन्यं ब्रह्म त्यागश्च तपश्च संयमश्चेति ॥२०४॥**

**અન્વયાર્થઃ**– [क्षान्तिः] ક્ષમા, [मृदुत्वम्] માર્દવ, [ऋजुता] સરળપણું અર્થાત્ આર્જવ, [शौचम्] શૌચ, [अथ] પછી [सत्यम्] સત્ય, [च] તથા [आकिञ्चन्यं] આકિંચન, [ब्रह्म] બ્રહ્મચર્ય, [च] અને [त्यागः] ત્યાગ, [च] અને [तपः] તપ, [च] અને [संयमः] સંયમ- [इति] એ રીતે [धर्मः] દશ પ્રકારનો ધર્મ [सेव्यः] સેવન કરવા યોગ્ય છે.

**ટીકાઃ**–' क्षान्तिः मृदुत्वं ऋजुता च शौचम् अथ सत्यम् आकिञ्चन्यं ब्रह्म च त्यागः च तपः च संयमः इति धर्मः सेव्यः ।' **અર્થઃ**– ૧-ક્રોધનો ત્યાગ કરી ક્ષમા ધારણ કરવી તે ઉત્તમક્ષમા પહેલો ધર્મ છે. ૨-માન કષાયનો ત્યાગ કરીને કોમળતા ધારણ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવી તે ઉત્તમ માર્દવ નામનો બીજો ધર્મ છે. ૩-માયાચાર (કપટ) નો ત્યાગ કરીને સરળતા ધારણ કરવી તે આર્જવ નામનો ત્રીજો ધર્મ છે. ૪-લોભનો ત્યાગ કરી સંતોષ ધારણ કરવો તે શૌચ નામનો ચોથો ધર્મ છે. શૌચ નામ શુદ્ધિનું છે. આ શુદ્ધિ બે પ્રકારની છે. ૧ બાહ્યશુદ્ધિ, ૨ અંતરંગશુદ્ધિ. સ્નાન વગેરેથી શરીરને પવિત્ર રાખવું એ બાહ્યશુદ્ધિ છે અને લોભકષાયનો ત્યાગ કરવો એ અંતરંગશુદ્ધિ છે. આ બન્ને પ્રકારની શુદ્ધિ કરવી એને જ શૌચધર્મ કહે છે. અહીં આ એક વાત વિચારવા જેવી છે કે આ બન્ને શુદ્ધિ ગૃહસ્થ-શ્રાવકની અપેક્ષાએ જ છે, મુનિની અપેક્ષાએ નથી; કારણ કે મુનિમહારાજને તો અંતરંગશુદ્ધિની જ મુખ્યતા છે.

૫- બીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, નિન્દનીય કપટી વચનો ન બોલવાં તેને સત્ય કહે છે અને એ જ પાંચમો ઉત્તમ સત્યધર્મ છે. ૬-પાંચ ઇન્દ્રિયના વિષયોને તથા મનના વિષયને રોકવા અને છ કાયના જીવોની હિંસા ન કરવી એને જ સંયમ કહે છે. વ્રતોનું ધ્યાન કરવાથી, સમિતિઓનું પાલન કરવાથી, કષાયોનો નિગ્રહ કરવાથી અને મન-વચન-કાયાને વશ રાખવાથી આ સંયમનું પાલન થાય છે. એ જ છઠ્ઠો સંયમ ધર્મ છે. ૭- જેવી રીતે સોનાનો મેલ દૂર કરવા માટે અગ્નિનો તાપ દેવામાં આવે છે તેવી જ રીતે આત્મા સાથે લાગેલાં કર્મો દૂર કરવાને માટે (સર્વજ્ઞ-વીતરાગ કથિત) તપ કરવામાં આવે છે. આ તપ બાર પ્રકારના છે. એ સાતમો તપધર્મ છે. ૮-લોકમાં આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન આપવું તેને ત્યાગધર્મ કહે છે, પરંતુ એ ત્યાગ પણ સાચો ત્યાગ નથી. ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરવો તે જ સાચો ત્યાગ છે. માટે પ્રત્યક્ષપણે મુનિમહારાજ કાંઇ દાન કરતા નથી તોપણ વાસ્તવમાં કષાયનો ત્યાગ કરનાર તેઓ જ સાચા દાની છે અને જે વખતે જે જીવને લોભકષાયનો ત્યાગ થઇ ગયો તેને બાહ્ય પદાર્થોનો તો ત્યાગ થઇ જ ગયો, કેમકે લોભકષાય છોડયા વિના બાહ્ય વસ્તુનો ત્યાગ થતો નથી. તેથી એમ સિદ્ધ થયું કે (તત્ત્વજ્ઞાનના બળ વડે) લોભાદિ કષાયોનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે, તે જ દાન છે.

૯-મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો તે આકિંચન્ય ધર્મ છે. ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ અને દસ પ્રકારના બાહ્ય પરિગ્રહ-એ બન્ને પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરી દેવો તે જ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્તમ આકિંચન્ય ધર્મ છે. ૧૦-સંસારના સર્વ પદાર્થો પ્રત્યેથી મનની વૃત્તિ ખસેડીને કેવળ એક આત્મામાં જ રમણ કરી શકે તે બ્રહ્મચર્ય.

એ દશા તે વખતે થઇ શકે છે કે જ્યારે આત્મા પાંચે ઇન્દ્રિયોના વિષયોને રોકવા માટે સમર્થ હોય તથા ખાસ કરીને સ્પર્શેન્દ્રિયના વિષય અર્થાત્ કામવાસનાને જીતવા માટે સમર્થ થઇ જાય, અને તે કામવાસનાનો ત્યાગ ત્યારે જ થાય છે કે જ્યારે સ્ત્રી માત્રનો ત્યાગી થાય અર્થાત્ સંસારની સ્ત્રી માત્રને મન-વચન-કાયાથી ત્યાગે. પણ એવો ત્યાગ તો કેવળ એક મુનિમહારાજ જ કરી શકે છે; શ્રાવક તો એકદેશ ત્યાગ કરી શકે છે અર્થાત્ પોતાની સ્ત્રીમાં સંતોષ રાખીને પોતાની સ્ત્રી સિવાય બાકીની સંસારની સમસ્ત સ્ત્રીઓને માતા, બેન કે પુત્રી સમાન જ જાણે છે—એ જ એકદેશ બ્રહ્મચર્યનું પાલન છે.

**ભાવાર્થઃ**— આ રીતે આ દશ ધર્મોનું વર્ણન કર્યું. તે ધર્મોનું પાલન કરવું એ પ્રત્યેક પ્રાણીનું મુખ્ય કર્તવ્ય છે, કારણ કે આ જ દશ ધર્મ મોક્ષમાર્ગનું સાધન કરવા માટે મુખ્ય કારણ છે. ૨૦૪.

## બાર ભાવનાઓનું નિરૂપણ

**अध्रुवमशरणमेकत्वमन्यताऽशौचमास्रवो जन्म ।**
**लोकवृषबोधिसंवरनिर्जराः सततमनुप्रेक्ष्याः ॥२०५॥**

**અન્વયાર્થઃ**— [अध्रुवम्] અધ્રુવ, [अशरणम्] અશરણ, [एकत्वम्] એકત્વ, [अन्यता] અન્યત્વ, [अशौचम्] અશુચિ, [आस्रवः] આસ્રવ, [जन्म] સંસાર, [लोकवृषबोधिसंवरनिर्जराः] લોક, ધર્મ, બોધિદુર્લભ, સંવર અને નિર્જરા [एता द्वादशभावनाः] એ બાર ભાવનાઓનું [सततम्] નિરંતર [अनुप्रेक्ष्याः] વારંવાર ચિંતવન અને મનન કરવું જોઇએ.

**ટીકાઃ**— 'अध्रुवं अशरणं जन्म एकत्वं अन्यता अशौचं आस्रवः संवरः निर्जरा लोक बोधि वृषः इति द्वादश अनुप्रेक्ष्याः सततं भावनीयाः ।'

**અર્થઃ**— ૧. અનિત્ય ભાવના—સંસારની સમસ્ત વસ્તુઓ શરીર, ભોગાદિ બધું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાશવાન છે, આત્મા નિત્ય છે, ધ્રુવ છે, માટે અધ્રુવ વસ્તુને છોડીને ધ્રુવ વસ્તુમાં ચિત્ત લગાવવું એને જ અનિત્ય ભાવના કહે છે.

**૨. અશરણ ભાવના**– આ જગતમાં કોઈ કોઈને શરણ નથી, બધા પ્રાણી કાળને વશ છે, કાળથી બચાવનાર કોઈ નથી. વ્યવહારનયથી ચાર શરણ છે–અર્હંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુનું શરણ અને જૈનધર્મનું શરણ, અને વાસ્તવમાં નિશ્ચયનયથી કેવળ પોતાનો આત્મા જ શરણ છે, બીજું નહિ. એવો (સ્વસન્મુખતાસહિત) વિચાર કરવો તે આ બીજી અશરણ ભાવના છે.

**૩. સંસાર ભાવના**– સંસાર બહુ દુઃખરૂપ છે, ચારે ગતિમાં ક્યાંય પણ સુખ નથી. નરક ગતિમાં તો પ્રગટરૂપ તાડન, ભેદન-છેદન, ઈત્યાદિ ઘણાં દુઃખ છે, તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ, ઘણો ભાર લાદવો વગેરે દુઃખ છે. મનુષ્ય ગતિમાં પણ અનેક ચિંતા, વ્યાકુળતા વગેરે ઘણાં દુઃખ છે, દેવગતિમાં પણ વિષય-વાસના છે અને નાના દેવો મોટા દેવોનો વૈભવ જોઈને દુઃખી થાય છે, દેવોનું આયુષ્ય લાંબું અને દેવાંગનાઓનું આયુષ્ય ટૂંકું હોવાથી વિયોગમાં અવશ્ય દુઃખ થાય છે. મરણના છ માસ અગાઉ જ્યારે માળા કરમાવા લાગે છે ત્યારે અત્યંત ખેદ અને દુઃખ થાય છે વગેરે પ્રકારે દેવગતિમાં પણ ઘણાં દુઃખ છે. એક સુખ માત્ર પંચમગતિ અર્થાત્ મોક્ષમાં છે તેથી પ્રત્યેક પ્રાણીએ ચાર ગતિરૂપ સંસારથી ઉદાસીન થઈને પંચમગતિ પ્રાપ્ત કરવાનો ઉપાય કરવો જોઈએ. આવું હંમેશાં ચિંતન કરતા રહેવું તે ત્રીજી સંસાર ભાવના છે.

**૪. એકત્વ ભાવના**– આ આત્મા સદા એકલો જ છે. જન્મમાં તથા મરણમાં એકલો છે, તેનો કોઈ સંગી નથી. તે સુખ ભોગવવામાં એકલો, સંસારભ્રમણ કરવામાં એકલો, નિર્વાણ થવામાં પણ એકલો. સદા આત્મા એકલો જ રહે છે, તેનો સાથી કોઈ નથી એવું હંમેશાં વિચારવું તેને એકત્વ ભાવના કહે છે.

**૫. અન્યત્વ ભાવના**– સંસારના જેટલા પદાર્થો છે તે બધા જુદા જુદા છે, કોઈ પદાર્થ કોઈ પદાર્થમાં મળેલો નથી, મન, વચન, કાયા અને બધાં આત્માથી જુદાં છે, જ્યારે આ શરીર, મન અને વચન પણ આત્માથી જુદાં છે તો આ પ્રગટરૂપે જુદાં એવાં ઘર, મકાન વગેરે એક કેવી રીતે હોઈ શકે ? આ જાતનું વારંવાર ચિંતવન કરવું તે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અન્યત્વ ભાવના છે.

**૬. અશુચિ ભાવના** – આ શરીર સદૈવ નવદ્વારેથી વહેતા મળ-મૂત્રનો ખજાનો મહા અશુચિરૂપ છે અને આત્મા જ્ઞાનમય મહા પવિત્ર છે, તો આત્માનો શરીરાદિથી સંબંધ કેવી રીતે હોઇ શકે? એમ વારંવાર ચિંતવન કરવું તે છઠ્ઠી અશુચિ ભાવના છે.

**૭. આસ્રવ ભાવના**–૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય, ૧૫ યોગ-એ આસ્રવના ૫૭ ભેદ છે. આ ભેદો વડે આ જીવ હંમેશા કર્મોનો આસ્રવ કર્યા કરે છે. જયાંસુધી ( શુદ્ધભાવરૂપ સંવર વડે ) તે આસ્રવોનો ત્યાગ ન થાય ત્યાંસુધી આ જીવ સંસારમાંથી છૂટી શકતો નથી. અર્થાત્ જીવને આ આસ્રવ જ દુઃખદાયક પદાર્થ છે – એમ વારંવાર ચિંતવન કરવું તેને જ આસ્રવભાવના કહે છે.

**૮. સંવર ભાવના**– કર્મોના આગમનને રોકવું તેને જ સંવર કહે છે. આ સંવર જ સંસારથી છોડાવનાર અને મોક્ષમાં પહોંચાડનાર છે. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ધર્મ, બાર ભાવના, બાવીસ પરિષહ, પાંચ પ્રકારના ચારિત્ર - એ બધાં સંવરનાં કારણ છે. બધા પ્રાણીઓએ આ બધાં કારણોને ધારણ કરી સંવર ની પ્રાપ્તિ કરવી જોઇએ. -એવું વારંવાર ચિંતવન કરવું તેને જ સંવર ભાવના કહે છે.

**૯. નિર્જરા ભાવના** – કર્મોનો એકદેશ ક્ષય થવો તેને નિર્જરા કહે છે. આ નિર્જરા બે પ્રકારની છેઃ સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા. સવિપાક નિર્જરા તો સંસારના સમસ્ત જીવોને સદૈવ થયા જ કરે છે પણ અવિપાક નિર્જરા તપ વગેરે કરવાથી જ થાય છે અને અવિપાક નિર્જરા વિના જીવ સંસારથી મુક્ત થઇ શક્તો નથી. માટે મોક્ષાર્થી જીવોએ આ અવિપાક નિર્જરા અવશ્ય કરવી જોઇએ. -એવું વારંવાર ચિંતવન કરવું તેને જ નિર્જરા ભાવના કહે છે.

**૧૦. લોક ભાવના**– આ અનાદિનિધન લોક કોઇએ બનાવ્યો નથી, કોઇ એનો રક્ષક નથી કે કોઇ એનો નાશ કરનાર નથી. એ સ્વયંસિદ્ધ અવિનાશી-કદી પણ નાશ ન પામનાર છે. આ લોકના ત્રણ ભાગ છે. અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોક. આ જીવ અનાદિકાળથી આ ત્રણે લોકમાં ભ્રમણ કરી રહ્યો છે. આ ત્રણે લોકમાં સુખનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંશ પણ નથી, એ મહાન દુઃખની ખાણ છે. આ લોકનો નિવાસ ક્યારે છૂટે એવો વારંવાર વિચાર કરવો એને જ લોકભાવના કહે છે.

**૧૧. બોધિદુર્લભ ભાવના**– સંસારમાં બધી જ વસ્તુઓ સુલભ છે અર્થાત્ શીઘ્ર જ બધાને પ્રાપ્ત થઈ શકે છે, પણ જો કાંઈ દુર્લભ અને કઠિન હોય તો તે એક કેવળજ્ઞાન છે. અને કેવળજ્ઞાન વિના આ જીવને મોક્ષ મળી શકતો નથી, માટે પ્રત્યેક પ્રાણીએ તે જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરવામાં તત્પર અને પ્રયત્નશીલ થવું જોઈએ. જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારમાં ભ્રમણ કરતો જ રહેશે. તેથી હે આત્મા ! જો તારે વાસ્તવિક સુખની પ્રાપ્તિ કરવી હોય તો તું શીઘ્ર ચાર ઘાતિકર્મોનો નાશ કરી શીઘ્ર જ કેવળજ્ઞાનને પ્રાપ્ત કર. -આ પ્રકારનું વારંવાર ચિંતવન કરતા રહેવું તેને જ બોધિદુર્લભ ભાવના કહે છે.

**૧૨. ધર્મભાવના**– વાસ્તવમાં જીવને સુખ આપનારી વસ્તુ એક ધર્મ છે, કેમકે ધર્મ નામ સ્વભાવનું છે. પ્રત્યેક વસ્તુનો જે સ્વભાવ છે તેને જ ધર્મ કહે છે. જ્યારે તે દ્રવ્ય પોતાના સ્વભાવમાં પરિણમન કરે છે ત્યારે તે સુખી અને શુદ્ધ કહેવાય છે. આ આત્માનો જે જ્ઞાનગુણ છે તે જ એનો ધર્મ છે. જ્યાં સુધી તે જ્ઞાન ધર્મનો અથવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ધર્મોનો પૂર્ણ વિકાસ નહિ થાય ત્યાં સુધી આ આત્મા સંસારના બંધનમાંથી છૂટી શકતો નથી.

ઉત્તમ ક્ષમા, માર્દવ વગેરે પણ આત્માના જ ધર્મ છે તથા દયા કરવી એ પણ આત્માનો ધર્મ છે. જો કે આ ધર્મ પ્રત્યેક સંસારી આત્મામાં વિરાજમાન છે તોપણ જ્યાંસુધી એનો આત્મામાં વિકાસ ન થાય ત્યાં સુધી આ આત્મા સંસારરૂપી જેલમાંથી છૂટી શકતો નથી અર્થાત્ મોક્ષ પામી શકતો નથી, માટે આ પ્રમાણે વારંવાર ચિંતવન કરતા રહેવું એને જ ધર્મભાવના કહે છે. – આ રીતે બાર ભાવનાઓનું વર્ણન કર્યું કેમકે સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન કરવામાં એ પ્રધાન સહાયક છે. બાર ભાવનાઓનું ચિંતવન કરવાથી આ વૈરાગ્યની પુષ્ટિ થાય છે માટે એનું સદૈવ ચિંતવન કરવું જોઈએ. ૨૦૫.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## બાવીસ પરિષહો

**क्षुत्तृष्णा हिममुष्णं नग्नत्वं याचनारतिरलाभः ।**
**दंशो मशकादीनामाक्रोशो व्याधिदुःखमङ्गमलम् ॥२०६॥**

**स्पर्शश्च तृणादीनामज्ञानमदर्शनं तथा प्रज्ञा ।**
**सत्कारपुरस्कारः शय्या चर्या वधो निषद्या स्त्री ॥२०७॥**

**द्वाविंशतिरप्येते परिषोढव्याः परीषहाः सततम् ।**
**संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन ॥२०८॥**

**અન્વયાર્થઃ–** [संक्लेशमुक्तमनसा] મમમમસંકલેશરહિત ચિત્તવાળા અને [संक्लेशनिमित्तभीतेन] સંકલેશના નિમિત્તથી અર્થાત્ સંસારથી ભયભીત સાધુએ [सततम्] નિરંતર [क्षुत्] ક્ષુધા, [तृष्णा] તૃષા, [हिमम्] શીત, [उष्णं] ઉષ્ણ, [नग्नत्वं] નગ્નપણું, [याचना] પ્રાર્થના, [अरतिः] અરતિ, [अलाभः] અલાભ, [मशकादीनां दंशः] મચ્છરાદિનું કરડવું, [आक्रोशः] કુવચન, [व्याधिदुःखम्] રોગનું દુઃખ, [अङ्गमलम्] શરીરનો મળ, [तृणादीनां स्पर्शः] તૃણાદિકનો સ્પર્શ, [अज्ञानम्] અજ્ઞાન, [अदर्शनम्] અદર્શન, [तथा प्रज्ञा] એ જ રીતે પ્રજ્ઞા, [सत्कारपुरस्कारः] સત્કારપુરસ્કાર, [शय्या] શયન, [चर्या] ગમન, [वधः] વધ, [निषद्या] બેસવું તે, [च] અને [स्त्री] સ્ત્રી -[एते] આ [द्वाविंशतिः] બાવીસ [परीषहाः] પરીષહ [अपि] પણ [परिषोढव्याः] સહન કરવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'क्षुत् तृष्णा हिमं उष्णं नग्नत्वं याचना अरतिः अलाभः मशकादीनां दंशः आक्रोशः व्याधिदुःखं अङ्गमलं तृणादीनां स्पर्शः अज्ञानं अदर्शनं तथा प्रज्ञा सत्कारपुरस्कारः शय्या चर्या वधः निषद्या स्त्री एते द्वाविंशतिः अपि परीषहाः संक्लेशमुक्तमनसा संक्लेशनिमित्तभीतेन सततं परिषोढव्याः।' **અર્થ–** ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નગ્નપણું, યાચના, અરતિ, અલાભ, મચ્છર વગેરેના ડંશ, નિન્દા, રોગ, દુઃખ, શરીરનો મળ, કાંટા વગેરે લાગવા, અજ્ઞાન, અદર્શન, જ્ઞાન, આદરસત્કાર, શયન, ચાલવું, આસન અને સ્ત્રીના એ બાવીસ પરીષહોને મુનિઓ સંકલેશ દૂર કરીને અને સંકલેશભાવથી ડરતા સદૈવ સહન કરે છે. હવે અહીં બાવીસ પરિષહોનું સંક્ષેપમાં વર્ણન કરે છેઃ–



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates
Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૧. ક્ષુધા પરિષહ**– બધા જીવો ભૂખના કારણે ઘણા દુઃખી થાય છે પણ મુનિમહારાજને જયારે ભૂખની પીડા હોય ત્યારે તેમણે એમ વિચારવું જોઇએ કે હે જીવ ! તું અનાદિકાળથી સંસારમાં ભટકી રહ્યો છે, તેં અનેક પ્રકારની વસ્તુઓનું ભક્ષણ કર્યું છે પણ આજ સુધી તારી ભૂખ શાન્ત થઇ નથી તથા નરકગતિમાં પણ ખૂબ ભૂખ સહન કરી. હવે તું અત્યારે મોક્ષની પ્રાપ્તિ માટે તૈયાર થઇ રહ્યો છે, આ તારું શરીર અહીં જ રહી જશે તેથી (શાન્ત જ્ઞાનાનંદ સ્વરૂપમાં લીનતા વડે) ભૂખનો નાશ કરી દે કે જેથી શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ થઇ જાય. આ પ્રકારનો વિચાર કરતાં મુનિ ભૂખને જીતે.

**૨. તૃષા પરિષહ**– બધા જીવો તરસથી ખૂબ દુઃખી થાય છે. જયારે મુનિમહારાજ ઉનાળાના વખતે પર્વતની ટોચ ઉપર બેઠા હોય છે અને તેમને તરસ લાગે છે તે વખતે તેમણે એમ વિચારવું જોઇએ કે હે જીવ ! તેં સંસારમાં ભટકતાં આખા સંસારનું પાણી પીધું છે તો પણ આ તરસ છીપી નથી. નરકગતિ અને તિર્યંચગતિમાં તેં ઘણી તરસ સહન કરી છે અને ત્યાં થોડું પણ પાણી પીવા માટે મળ્યું નથી, તેથી હવે તું તરસ સહન કર અને આત્મધ્યાનમાં મન લગાવ કે જેથી આ તરસ કાયમને માટે મટી જાય. આ રીતે ચિંતવન કરીને તરસની પીડા સહન કરવી–એને જ તૃષા પરિષહ કહે છે.

**૩. શીત પરિષહ**– ઠંડીથી સંસારના પ્રાણીઓ ખૂબ દુઃખી થાય છે. લીલાંછમ વૃક્ષો પણ બળી જાય છે એવી પોષ અને માહ મહિનાની ઠંડીમાં પણ મુનિમહારાજ સરોવર કે નદીને કિનારે બેસીને ધ્યાન કરે છે. તે વખતે જયારે ઠંડીની પીડા થાય છે તો તે મુનિમહારાજ એવો વિચાર કરે છે કે હે જીવ ! તેં અનાદિકાળથી ઘણી ઠંડી સહન કરી છે અને તે ઠંડી દૂર કરવાને ઘણા ઉપાય પણ કર્યા પરંતુ આજ સુધી ઠંડી મટી નથી. હવે તેં મુનિવ્રત ધારણ કર્યાં છે, આ જ પદથી મોક્ષની પ્રાપ્તિ થશે, તેથી હે જીવ ! તું આ ઠંડીની બાધા-પીડા સારી રીતે સહન કર. આમ ચિંતવન વિચાર કરીને આત્મધ્યાનમાં લીન થવું તેને જ શીત પરિષહ કહે છે.

**૪. ઉષ્ણ પરિષહ**– ઉનાળાની ઋતુમાં સૂર્ય ખૂબ તપી રહ્યો છે, આખી દુનિયાના પ્રાણીઓ ગરમીની પીડાથી વ્યાકુળ થઇ રહ્યા છે. નદી, સરોવરનું જળ સુકાઇ ગયું છે એવા વખતે મુનિમહારાજ પથ્થરની શિલા પર બેસીને એમ વિચાર કરે છે કે હે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા ! તેં અગ્નિપર્યાય ધારણ કરીને ખૂબ ગરમી સહન કરી છે, નરકગતિમાં ખૂબ ગરમી સહન કરી છે, તો અત્યારે કઇ વધારે ગરમી છે ? આ વખતે તો તેં મુનિવ્રત ધારણ કર્યાં છે, આટલી થોડીક ગરમીની બાધા આનંદથી સહન કર – આમ ચિંતવન કરતાં ઉષ્ણ પરિષહને જીતે છે–એને ઉષ્ણ પરિષહ કહે છે.

**૫. નગ્ન પરિષહ** – મુનિરાજ સમસ્ત પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ કરીને નગ્નદિગંબરપણે રહેતાં અખંડ બ્રહ્મચર્યનું પાલન કરીને પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. નગ્ન રહેવાથી રંચમાત્ર દુઃખ માનતા નથી પણ હંમેશાં પોતાના આત્મામાં લીન રહે છે-એને જ નગ્ન પરિષહ કહે છે.

**૬. યાચના પરિષહ**- મુનિરાજને ભલે મહિનાઓ સુધી આહાર ન મળે, વર્ષો સુધી પણ ન મળે છતાં તે મુનિરાજ કદી કોઇ શ્રાવક પાસે આહારની યાચના કરતા નથી, તેથી જ મુનિની વૃત્તિને સિંહવૃત્તિ કહી છે. – આ રીતે યાચના પરિષહને જીતે છે.

**૭. અરતિ પરિષહ** – જગતના જીવો ઇષ્ટ પદાર્થ મળતાં રતિ માને છે અને અનિષ્ટ પદાર્થ મળતા અરતિ-ખેદ માને છે, પણ તે પરમયોગી ભલે જંગલમાં રહે, કોઇ તેમને ભલા (સારા) કહે, કોઇ તેમને બૂરા (ખરાબ) કહે તોપણ કદી પોતાના ચિત્તમાં ખેદ કરતા નથી. આ રીતે અરતિ પરિષહને જીતે છે.

**૮. અલાભ પરિષહ**- જેમ આહાર વગેરે ન મળવાથી તેની યાચના કરતા નથી તેમ મહિનાઓ સુધી આહારની પ્રાપ્તિ ન થવા છતાં પણ પોતાના મનમાં રંચમાત્ર પણ ખેદ લાવતા નથી. એ રીતે અલાભ પરિષહનો જય કરે છે.

**૯. દંશમશક પરિષહ**– ડાંસ, મચ્છર, કીડી, મકોડા વગેરેના ડંખની પીડા સંસારના પ્રાણીઓ સહન કરી શકતા નથી, યોગી પુરુષો તે બધાની બાધા-પીડા સહન કરે છે. કીડા વગેરે જંતુઓ નગ્ન શરીરને ખૂબ બાધા-પીડા ઉત્પન્ન કરે છે, પણ મુનિમહારાજ મનમાં ખેદ કરતા નથી. આ રીતે દંશમશક પરિષહને જીતે છે.

**૧૦. આક્રોશ પરિષહ**– જો કોઇ મુનિરાજની નિંદા કરે, કુવચન કહે, ગાળ વગેરે દે તો તેને સાંભળીને જરાપણ ખેદ કરતા નથી પણ ઉત્તમક્ષમા જ ધારણ કરે છે. એ રીતે યોગીઓ આક્રોશ પરિષહ જીતે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૧૧. રોગ પરિષહ**– પૂર્વના અશાતાવેદનીય કર્મના ઉદયથી જો શરીરમાં કોઈ પીડા થાય તો મુનિમહારાજ તે રોગથી દુઃખી થતા નથી પણ પોતાના પૂર્વકર્મનું ફળ જાણી આત્મધ્યાનમાં લીન રહે છે. એને રોગ પરિષહ કહે છે.

**૧૨. મળ પરિષહ**– મુનિમહારાજને સ્નાન વગેરે ન કરવાથી ધૂળ, પરસેવો આદિ આવવાના કારણે મેલ જેવું જામી જાય છે પણ તેના તરફ તેમનું ધ્યાન જતું નથી, કારણ કે પોતાના આત્મગુણોમાં જ લીન રહે છે. એને જ મળ પરિષહ કહે છે.

**૧૩. તૃણસ્પર્શ પરિષહ**– ચાલતી વખતે અથવા બેસતી વખતે જીવોની રક્ષા કરવામાં તત્પર તે મુનિમહારાજને જો કાંટા, કાંકરા વગેરે પેસી જાય તો તે પીડા દૂર કરવા માટે કાંઈ પણ ઉપાય કરતા નથી પરંતુ પોતાના આત્મધ્યાનમાં જ લીન રહે છે તેને તૃણસ્પર્શ પરિષહ કહે છે.

**૧૪. અજ્ઞાન પરિષહ**– સંસારના બધા પ્રાણીઓ અજ્ઞાનથી દુઃખી થઈ રહ્યા છે. તેવી જ રીતે જો કોઈ યોગીને પૂર્વ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય થવાથી તથા ઘણું તપ કરવા છતાં પણ તથા પઠન-પાઠનનો ઉદ્યમ કરવા છતાં પણ જો જ્ઞાનની વૃદ્ધિ ન થઈ શકે તોપણ તે મુનિરાજ પોતાના મનમાં ખેદ ન કરે કે મને હજી સુધી જ્ઞાન ન થયું. એને અજ્ઞાન પરિષહ કહે છે.

**૧૫. અદર્શન પરિષહ**– જગતના જીવો સમસ્ત કાર્યો પોતાના પ્રયોજનની સિદ્ધિ માટે કરે છે, ત્યાં જો પુરુષાર્થ કરવા છતાં પણ પ્રયોજનની સિદ્ધિ ન થાય તો કલેશ માને છે, પણ તે મુનિરાજ એવો વિચાર કરતા નથી કે હું ખૂબ તપ કરું છું, સ્વાધ્યાય કરું છું, સમસ્ત કષાયો ઉપર વિજય મેળવી ચૂકયો છું, સંયમ પાળું છું, પણ આજ સુધીમાં મને કોઈ ઋદ્ધિ પેદા થઈ નહિ, જ્ઞાનાતિશય થયો નહિ, તો શું આ તપ વગેરેનું કાંઈ ફળ હશે કે નહિ ? - એ પ્રકારે તેમના મનમાં કદી સંશય થતો નથી એને અદર્શન પરિષહ કહે છે.

**૧૬. પ્રજ્ઞા પરિષહ**– સંસારના જીવોને જો થોડું પણ જ્ઞાન થઈ જાય તો તેનું અભિમાન કરવા લાગી જાય છે, પણ મુનિમહારાજને અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ થઈ જાય તો પણ તેમને પોતાના જ્ઞાનનું અભિમાન-ઘમંડ થતું નથી, એને જ પ્રજ્ઞા પરિષહ કહે છે.

**૧૭. સત્કારપુરસ્કાર પરિષહ**– દેવ, મનુષ્ય, તિર્યંચ, સંસારના બધા જીવો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**આદરસત્કારથી હર્ષિત થાય છે, સત્કાર કરનાર પ્રત્યે મૈત્રી રાખે છે અને અનાદર કરનાર પ્રત્યે શત્રુતા રાખે છે. અજ્ઞાની જીવ અનેક કુગુરુઓ અને કુદેવોને પૂજ્યા કરે છે, પણ મુનિમહારાજના મનમાં એવી ભાવના ઉત્પન્ન થતી નથી કે કોઇ પૂજા કરતું નથી, અર્થાત્ તેઓ કોઇની પાસેથી આદર-સન્માન ઇચ્છતા નથી. આ રીતે સત્કાર પુરસ્કાર-પરિષહવિજયી કહેવાય છે.**

**૧૮. શય્યા પરિષહ–** જગતના જીવ વિષયના અભિલાષી થઇને કોમળ શય્યા ઉપર શયન કરે છે અને મુનિમહારાજ વનવાસી બનીને કાંકરાવાળી જમીન ઉપર પાછલી રાતે એક પડખે થોડી નિદ્રા લે છે. ક્ષીણ શરીરમાં જો કાંકરા કે પથ્થર વાગે તોપણ દુઃખ માનતા નથી, પરંતુ એવી ભાવના ભાવે છે કે હે આત્મા ! તેં નરકમાં તીવ્ર વેદના સહન કરી છે, ત્યાંના જેવી બીજી કોઇ વિષભૂમિ નથી, એનો તું નકામો ખેદ કરે છે. તેં ત્રૈલોકયપૂજય જિનમુદ્રા ધારણ કરી છે, તું મોક્ષને ઇચ્છે છે તેથી મોહરૂપી નિદ્રાને જીત, સદા જાગ્રત થા, પોતાના સ્વરૂપમાં મગ્ન થા. આ રીતે શય્યા પરિષહને જીતે છે.

**૧૯. ચર્યા પરિષહ –** ગમન કરતા સંસારના જીવો ઘોડા, હાથી, રથ, પાલખી વગેરે ઉપર બેસીને ગમન કરે છે તથા તિર્યંચ પણ ગમન કરવામાં દુઃખ માને છે, પણ મુનિમહારાજ સદૈવ માર્ગ જોઇને ચાલે છે. કાંકરા, પથ્થર, કાંટા વગેરે ખૂંચતાં જરાય ખેદ માનતા નથી. આ રીતે ચર્યા પરિષહને જીતે છે.

**૨૦. વધ પરિષહ–** ભવવાસી જીવ મારવા-પીટવાથી સદા ડરે છે, પણ મુનિમહારાજને જો કોઇ મારે, પીટે, બાંધે, કોઇ કાંઇ પણ કરે, છતાં રંચમાત્ર પણ ખેદ પામતા નથી. તેઓ એવી ભાવના રાખે છે કે હે આત્મા ! તું તો અવિનાશી ચિદાનન્દમય છો, તને દુઃખ આપનાર કોણ છે ? તને કોણ મારી શકે છે ? કોણ પીટી શકે છે ? આમ વધ પરિષહને જીતે છે.

**૨૧. નિષદ્યા પરિષહ–** સંસારના સમસ્ત જીવ ઉત્તમ મનોજ્ઞ સ્થાનમાં બેસીને સુખ માને છે, પણ મુનિમહારાજ સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્જન વનમાં જયાં સિંહ વગેરે અનેક ક્રૂર જાનવરો વસે છે ત્યાં પર્વતની ગુફાઓમાં, શિખરો ઉપર અથવા સ્મશાન ભૂમિમાં નિવાસ કરે છે પરંતુ રંચમાત્ર પણ દુઃખ માનતા નથી. આ રીતે નિષદ્યા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિષહને જીતે છે.

**૨૨. સ્ત્રી પરિષહ–** જગતના જીવ ઘણું કરીને બધી સ્ત્રીઓ દ્વારા પોતાને સુખી માને છે અને તેની સાથે હાસ્ય-કુતૂહલની વાતો કરીને આનંદ માને છે. પણ મુનિમહારાજ સારી સારી સુંદર સ્ત્રીઓનાં સુંદર વચનો સાંભળવા છતાં પણ હાવભાવ-વિલાસ-વિભ્રમ-કૌતુકની ક્રિયાઓ જોવા છતાં પણ જરાય વિચલિત થતા નથી પણ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરી પોતાના આત્મધ્યાનમાં લીન રહે છે. આ રીતે સ્ત્રી પરિષહને જીતે છે. – આ રીતે બાવીસ પરિષહ નિરંતર સહન કરવા જોઈએ. જે મુનિ સંસારપરિભ્રમણના દુઃખથી કંપાયમાન છે તે દઢ ચિત્તવાળા બનીને બાવીસ પરિષહો સહન કરે, કાયરતા ન કરે. જે મુનિરાજ પરિષહ સહન કરી શકતા નથી તેમનું ચિત્ત નિશ્ચલ થઈ શકતું નથી અને ચિત્તની નિશ્ચલતા વિના ધ્યાન થઈ શકતું નથી, ધ્યાન વિના કર્મોનો નાશ થઈ શકતો નથી અને કર્મોનો નાશ થયા વિના મોક્ષ થઈ શકતો નથી; તેથી મોક્ષના અભિલાષીએ અવશ્ય જ પરિષહ સહન કરવા જોઈએ. આ રીતે બાવીસ પરિષહોનું વર્ણન કર્યું. ૨૦૮.

**આગળ એમ બતાવે છે કે મોક્ષાભિલાષીએ રત્નત્રયનું સેવન કરવું જોઈએ.**

**इति रत्नत्रयमेतत्प्रतिसमयं विकलमपि गृहस्थेन ।**
**परिपालनीयमनिशं निरत्ययां मुक्तिमभिलषता ॥२०९॥**

**અન્વયાર્થઃ–** [इति] આ રીતે [एतत्] પૂર્વોક્ત [रत्नत्रयम्] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય [विकलम्] એકદેશ [अपि] પણ [निरत्ययां] અવિનાશી [मुक्तिम्] મુક્તિને [अभिलषता] ચાહનાર [गृहस्थेन] ગૃહસ્થે [अनिशं] નિરંતર [प्रतिसमयं] સમયે સમયે [परिपालनीयम्] સેવવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'इति एतत् रत्नत्रयं प्रतिसमयं विकलं अपि निरत्ययां मुक्तिं अभिलषता गृहस्थेन अनिशं परिपालनीयम् ।' અર્થઃ– આ રીતે આ રત્નત્રય અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું ગૃહસ્થ શ્રાવકે પણ એકદેશપણે સદૈવ મોક્ષને ઈચ્છતો થકો પાલન કરવું જોઈએ.

**ભાવાર્થઃ–** મુનિને રત્નત્રય પૂર્ણરૂપે છે અને ગૃહસ્થ શ્રાવક સમ્પૂર્ણ રત્નત્રયનું



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાલન કરી શકતો નથી તેથી તેણે એકદેશ પાલન કરવું જોઈએ પણ રત્નત્રયથી વિમુખ થવું ન જોઈએ, કેમકે રત્નત્રય જ મોક્ષનું કારણ છે. મુનિને રત્નત્રય મહાવ્રતના યોગથી સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને શ્રાવકને અણુવ્રતના યોગથી પરંપરા મોક્ષનું કારણ છે, અર્થાત્ જે શ્રાવકને સમ્યગ્દર્શન થઈ જશે તેનું અલ્પજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન અને અણુવ્રત પણ સમ્યક્ચારિત્ર કહેવાશે, તેથી રત્નત્રયનું ધારણ કરવું ઘણું જરૂરી છે.

સાત તત્ત્વોની શ્રદ્ધા કરવી તે વ્યવહારસમ્યગ્દર્શન અને નિજસ્વરૂપની શ્રદ્ધા અર્થાત્ સ્વાનુભવ થવો તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. જિનાગમથી આગમપૂર્વક જે સાતે પદાર્થોને જાણી લેવા તે વ્યવહારસમ્યગ્જ્ઞાન અને નિજસ્વરૂપનું ભાન અર્થાત્ આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. અશુભકાર્યોની નિવૃત્તિપૂર્વક શુભકાર્યોમાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર અને શુભપ્રવૃત્તિથી પણ નિવૃત્ત થઈને શુદ્ધોપયોગરૂપ નિજસ્વરૂપમાં સ્થિર થવું તે નિશ્ચયસમ્યક્ચારિત્ર છે.– આ રીતે સંક્ષેપથી રત્નત્રયનું શ્રાવકે એકદેશપણે અવશ્ય જ પાલન કરવું જોઈએ. રત્નત્રય વિના કોઈનું પણ કલ્યાણ નથી. ૨૦૯.

**ગૃહસ્થોએ શીઘ્ર મુનિવ્રત ધારણ કરવું જોઈએ, એમ બતાવે છેઃ–**

**बद्धोद्यमेन नित्यं लब्ध्वा समयं च बोधिलाभस्य ।**
**पदमवलम्ब्य मुनीनां कर्त्तव्यं सपदि परिपूर्णम् ॥२१०॥**

**અન્વયાર્થઃ–** [च] અને આ વિકલરત્નત્રય [नित्यं] નિરંતર [बद्धोद्यमेन] ઉદ્યમ કરવામાં તત્પર એવા મોક્ષાભિલાષી ગૃહસ્થે [बोधिलाभस्य] રત્નત્રયના લાભનો [समयं] સમય [लब्ध्वा] પ્રાપ્ત કરીને તથા [मुनीनां] મુનિઓના [पदम्] ચરણનું [अवलम्ब्य] અવલંબન કરીને [सपदि] શીઘ્ર જ [परिपूर्णम्] પરિપૂર્ણ [कर्त्तव्यम्] કરવા યોગ્ય છે.

**ટીકાઃ–** 'नित्यं बद्धोद्यमेन बोधिलाभस्य समयं लब्ध्वा च मुनिनां पदम् अवलम्ब्य सपदि परिपूर्णं कर्त्तव्यम्' અર્થઃ– ગૃહસ્થે સદા ઉદ્યમશીલ થઈને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનો સમય મેળવી મુનિપદ ધારણ કરીને શીઘ્ર સર્વ દેશવ્રતો પાળવાં જોઈએ.

**ભાવાર્થઃ–** વિવેકી પુરુષ ગૃહસ્થ દશામાં પણ સંસાર અને શરીરથી વિરક્ત થઈને



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સદાય મોક્ષમાર્ગમાં ઉદ્યમી રહે છે અને તેઓ સમય પામીને શીઘ્ર મુનિપદ ધારણ કરી, સકળ પરિગ્રહનો ત્યાગ કરી નિર્વિકલ્પ ધ્યાનમાં આરૂઢ થઈને, પૂર્ણ રત્નત્રયને પ્રાપ્ત કરી, સંસારભ્રમણનો નાશ કરી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ કરે છે. એકદેશ રત્નત્રયને ધારણ કરી ઈન્દ્રાદિક ઉચ્ચપદ પામે તથા પરંપરાએ મોક્ષ પણ પામે ૨૧૦.

**असमग्रं भावयतो रत्नत्रयमस्ति कर्मबन्धो यः ।**
**स विपक्षकृतोऽवश्यं मोक्षोपायो न बन्धनोपायः ।२११।।**

**અન્વયાર્થઃ–** [असमग्रं] અપૂર્ણ [रत्नत्रयम्] રત્નત્રયની [भावयतः] ભાવના કરનાર પુરુષને [यः] જે [कर्मबन्धः] શુભ કર્મનો બંધ [अस्ति] થાય છે, [सः] તે બંધ [विपक्षकृतः] વિપક્ષકૃત અથવા રાગકૃત હોવાથી [अवश्यं] અવશ્ય જ [बन्धनोपायः] બંધનો ઉપાય છે, [मोक्षोपायः न] મોક્ષનો ઉપાય નથી.

**ટીકાઃ–** 'असमग्रं रत्नत्रयं भावयतः यः कर्मबंधः अस्ति सः विपक्षकृंतः रत्नत्रयं तु मोक्षोपायः अस्ति न बन्धनोपायः ।' અર્થઃ– એકદેશરૂપ રત્નત્રયનું પાલન કરનાર પુરુષને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો, પણ રત્નત્રયનો વિપક્ષ જે રાગદ્વેષ છે તેનાથી થાય છે. તે રત્નત્રય તો વાસ્તવમાં મોક્ષનો ઉપાય છે, બંધનો ઉપાય નથી.

**ભાવાર્થઃ–** સમ્યગ્દૃષ્ટિ જીવ જે એકદેશ રત્નત્રય ધારણ કરે છે તેને જે કર્મબંધ થાય છે તે રત્નત્રયથી નથી થતો પણ તેનો જે શુભકષાય છે તેનાથી જ થાય છે. આથી એમ સિદ્ધ થયું કે કર્મબંધ કરનાર શુભકષાય છે પણ રત્નત્રય નથી. ૨૧૧.

હવે રત્નત્રય અને રાગનું ફળ બતાવે છે :–

**येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति ।**
**येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति ।।२१२।।**

**येनांशेन ज्ञानं तेनांशेनास्य बन्धनं नास्ति ।**
**येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति ।।२१३।।**

**येनांशेन चरित्रं तेनांशेनास्य बन्धनं नास्ति ।**
**येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति ।।२१४।।**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [अस्य] આ આત્માને [येनांशेन] જે અંશથી [सुद्दष्टि:] સમ્યગ્દર્શન છે, [तेन] તે [अंशेन] અંશથી [बन्धनं] બંધ [नास्ति] નથી, [तु] પણ [येन] જે [अंशेन] અંશથી [अस्य] એને [राग:] રાગ છે, [तेन] તે [अंशेन] અંશથી [बन्धनं] બંધ [भवति] થાય છે. [येन] જે [अंशेन] અંશ થી [अस्य] એને [ज्ञानं] જ્ઞાન છે, [तेन] તે [अंशेन] અંશથી [बन्धनं] બંધ [नास्ति] નથી [तु] પણ [येन] જે [अंशेन] અંશથી [राग:] રાગ છે, [तेन] તે [अंशेन] અંશથી [अस्य] એને [बन्धनं] બંધ [भवति] થાય છે. [येन] જે [अंशेन] અંશથી [अस्य] એને [चरित्रं] ચારિત્ર છે, [तेन] તે [अंशेन] અંશથી [बन्धनं] બંધ [नास्ति] નથી, [तु] પણ [येन] જે [अंशेन] અંશથી [राग:] રાગ છે, [तेन] તે [अंशेन] અંશથી [अस्य] એને [बन्धनं]બંધ [भवति] થાય છે.

**ટીકાઃ**–'येन अंशेन सुद्दष्टि: तेन अंशेन बन्धनं नास्ति किन्तु येन अंशेन राग: तेन अंशेन बन्धनं भवति ।' અર્થઃ– જેટલા અંશે સમ્યગ્દર્શન છે એટલા અંશે કર્મબંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.

**ભાવાર્થઃ**– જીવના ત્રણ ભેદ છે–૧. બહિરાત્મા, ૨. અંતરાત્મા, ૩. પરમાત્મા. આ ત્રણમાં બહિરાત્મા તો મિથ્યાદ્રષ્ટિ છે કેમકે તેને સમ્યગ્દર્શન નથી, કેવળ રાગભાવ છે તેથી સર્વથા બંધ જ છે; અને પરમાત્મા ભગવાન જેમને પૂર્ણ સમ્યગ્દર્શન થઈ ગયું છે તેમને રાગભાવ રંચમાત્ર પણ નથી તેથી સર્વથા બંધ નથી, મોક્ષ જ છે. અંતરાત્મા સમ્યગ્દ્રષ્ટિ ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી છે, માટે આ અંતરાત્માને જેટલા અંશે સમ્યગ્દર્શન થઈ ગયું છે તેટલા અંશે કર્મનું બંધન નથી અને જેટલા અંશે રાગભાવ છે એટલા અંશે કર્મનો બંધ છે. જેમકે ચોથા ગુણસ્થાને અનંતાનુબંધી સંબંધી રાગભાવ નથી તો એટલો કર્મબંધ પણ નથી, બાકીના અપ્રત્યાખ્યાનાવરણનો બંધ છે. પાંચમા ગુણસ્થાને અપ્રત્યાખ્યાનનો પણ રાગભાવ ન હોવાથી તેનો પણ બંધ નથી પરંતુ પ્રત્યાખ્યાનનો બંધ છે. એ જ પ્રમાણે આગળ જેટલા અંશે રાગભાવનો અભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે. ૨૧૨.

જેટલા અંશે જે જીવને સમ્યગ્જ્ઞાન થઈ ગયું છે તેટલા જ અંશે રાગભાવ નહિ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોવાથી કર્મનો બંધ નથી. જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે.

**ભાવાર્થઃ–** જેવી રીતે સમ્યગ્દર્શનનું કથન કર્યું છે તેવી રીતે સમ્યગ્જ્ઞાનનું પણ સમજવું, જેમ કે બહિરાત્માને સમ્યગ્જ્ઞાન નથી, મિથ્યાજ્ઞાન જ છે તેથી તેને પૂર્ણ રાગદ્વેષ હોવાથી અવશ્ય કર્મનો બંધ થાય છે. પરમાત્મા જે તેરમા ગુણસ્થાનવર્તી છે તેમને પૂર્ણ સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે, રાગભાવનો બિલકુલ અભાવ છે તેથી તેમને કર્મનો બંધ બિલકુલ નથી. અને અંતરાત્મા જે ચોથા ગુણસ્થાનથી લઈને બારમા ગુણસ્થાન સુધી છે તેમને જેટલા અંશે સમ્યગ્જ્ઞાન પ્રગટ થઈ ગયું છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી તથા જેટલા અંશે રાગભાવ છે તેટલા જ અંશે કર્મબંધ છે. ૨૧૩.

જેટલા અંશે સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ ગયું છે તેટલા જ અંશે કર્મનો બંધ નથી અને જેટલા અંશે રાગદ્વેષભાવ છે તેટલા જ અંશે કર્મનો બંધ છે. ઉપરની જેમ અહીં પણ સમજી લેવું. જેમકે બહિરાત્માને મિથ્યાચારિત્ર છે, સમ્યક્ચારિત્ર રંચમાત્ર પણ નથી તેથી એને રાગદ્વેષની પૂર્ણતા હોવાથી પૂર્ણ કર્મનો બંધ છે, અને પરમાત્માને પૂર્ણ સમ્યક્ચારિત્ર છે તેથી એને રંચમાત્ર પણ કર્મનો બંધ નથી. અંતરાત્માને જેટલા અંશે રાગદ્વેષ ભાવોનો અભાવ છે એટલા જ અંશે કર્મનો બંધ નથી.

**ભાવાર્થઃ–** મોહનીય કર્મના બે ભેદ છે– ૧. દર્શનમોહ, ૨. ચારિત્રમોહ. દર્શનમોહના ઉદયથી મિથ્યાદર્શન થાય છે અને ચારિત્રમોહના ઉદયથી મિથ્યાચારિત્ર થાય છે. જેટલો તે કષાયોનો અભાવ થતો જાય છે તેટલો તેટલો તેને સમ્યગ્દર્શન અથવા સમ્યક્ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય છે. જેમકે દર્શનમોહનીયનો અભાવ થવાથી સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય છે અને અનંતાનુબંધી ચોકડીનો અભાવ થવાથી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. અપ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી દેશચારિત્ર પ્રગટ થાય છે. પ્રત્યાખ્યાનાવરણી ચોકડીનો અભાવ થવાથી સકલચારિત્ર પ્રગટ થાય છે. સંજ્વલન ચોકડી અને નવ નોકષાયનો અભાવ થવાથી યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે. – આ રીતે આ મોહનીયકર્મની ૨૫ પ્રકૃતિ જ જીવને રાગદ્વેષ થવામાં નિમિત્તકારણ છે.

એમાંથી અનંતાનુબંધી ક્રોધ અને માન, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ અને માન, સંજ્વલન ક્રોધ અને માન-એ આઠ અને અરતિ, શોક, ભય, જુગુપ્સા-કુલ એ બાર પ્રકૃતિ તો દ્વેષરૂપ પરિણમનમાં કારણ છે તથા બાકી રહેલી તેર પ્રકૃતિઓ રાગરૂપ પરિણમનમાં કારણ છે. આ રીતે આ જીવ અનાદિકાળથી પચીસ કષાયોને જ વશીભૂત થઈને નિત્ય અનેક દુષ્કર્મો કરતો થકો સંસારસાગરમાં ભ્રમણ કરી રહ્યો છે માટે આઠે કર્મોમાં આ મોહનીય કર્મને સર્વથી પહેલાં જીતવું જોઈએ. જ્યાં સુધી મોહનીય કર્મનો પરાજય ન થાય ત્યાં સુધી બાકીનાં કર્મોનો પરાજય થઈ શકતો નથી. તેથી સૌથી પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને દર્શનમોહનો નાશ કરવો. સમ્યગ્જ્ઞાન વડે જ્ઞાનાવરણનો નાશ અને સમ્યક્ચારિત્રવડે ચારિત્રમોહનીયનો નાશ કરી સમ્યક્રત્નત્રય પ્રાપ્ત કરવાં જોઈએ. જ્યારે કોઈ પણ જીવ આ ક્રમે કર્મોનો નાશ કરી આત્માના ગુણોનો વિકાસ કરશે ત્યારે જ તે પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે. ૨૧૪.

**આત્મા સાથે કર્મોનો બંધ કરાવનાર કોણ છે એ વાત હવે બતાવે છેઃ–**

**योगात्प्रदेशबन्धः स्थितिबन्धो भवति तु कषायात् ।**
**दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च ॥२१५॥**

**અન્વયાર્થઃ–** [प्रदेशबन्धः] પ્રદેશબંધ [योगात्] મન, વચન, કાયાના વ્યાપારથી [तु] અને [स्थितिबन्धः] સ્થિતિબંધ [कषायात्] ક્રોધાદિ કષાયોથી [भवति] થાય છે, પરંતુ [दर्शनबोधचरित्रं] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય [न] ન તો [योगरूपं] યોગરૂપ છે [च] અને ન [कषायरूपं] કષાયરૂપ પણ છે.

**ટીકાઃ–** 'योगात् प्रदेशबन्धः भवति तु कषायात् स्थितिबन्ध : भवति यतः दर्शनबोधचरित्रं योगरूपं च कषायरूपं न भवति ।' **અર્થઃ–** મન, વચન, કાયાના ત્રણ યોગથી પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ થાય છે તથા ક્રોધાદિ કષાયોથી સ્થિતિબંધ અને અનુભાગબંધ થાય છે. અહીં શ્લોકમાં જોકે પ્રકૃતિબંધ અને અનુભાગબંધ ગણાવ્યા નથી તો પણ ઉપલક્ષણથી ગ્રહણ થઈ જાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે ન તો યોગરૂપ છે અને ન કષાયરૂપ પણ છે. તેથી રત્નત્રય કર્મબંધનું કારણ થઈ શકતા નથી.

**ભાવાર્થઃ–** બંધ ચાર પ્રકારના છે – પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ. આમાથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી થાય છે તથા સ્થિતિબંધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અને અનુભાગબંધ કષાયોથી થાય છે. હવે આ ચારે બંધોનું સ્વરૂપ કહે છે. ૧. પ્રકૃતિબંધ-પ્રકૃતિ નામ સ્વભાવનું છે કર્મોની મૂળ-પ્રકૃતિ આઠ અને ઉત્તર-પ્રકૃતિ એકસો અડતાલીસ છે, જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો સ્વભાવ પડદા સમાન છે. જે વસ્તુ ઉપર પડદો ઢંકાયો હોય તે પડદો તે વસ્તુનું જ્ઞાન ન થવામાં કારણ છે, તેવી જ રીતે જ્યાં સુધી આત્માની સાથે જ્ઞાનાવરણીય કર્મરૂપી પડદો હોય ત્યાં સુધી તે આત્માને પદાર્થોનું સમ્યગ્જ્ઞાન ન થવામાં કારણ છે.

**દર્શનાવરણીય** કર્મનો સ્વભાવ દરબારી જેવો છે. જેમ દરબારી રાજાનું દર્શન થવા દેતો નથી તેમ દર્શનાવરણીય કર્મ આત્માને સ્વ-પર પદાર્થોનું દર્શન થવા દેતું નથી.

**વેદનીય** કર્મનો સ્વભાવ મધ ચોપડેલી તલવાર જેવો છે. જેમ તે તલવાર ચાટવાથી મીઠી લાગે છે પણ તે જીભને કાપી નાખે છે ; તેમ વેદનીય કર્મ પણ પહેલાં થોડા સમય સુધી સુખરૂપ લાગે છે, પછી તે જ દુઃખ આપનાર બની જાય છે.

**મોહનીય** કર્મનો સ્વભાવ મદિરા જેવો છે. જેમ મદિરા પીવાથી મનુષ્યને પોતાના મનુષ્યપણાનું ભાન રહેતું નથી તેવી જ રીતે મોહનીય કર્મમાં જોડાવાથી આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી પર પદાર્થોમાં પોતાપણું, કર્તા-ભોક્તા, સ્વામીપણું માને છે.

**આયુકર્મનો** સ્વભાવ હેડબેડી સહિત જેલ સમાન છે. જેમ જે માણસ જયાં સુધી જેલમાં છે ત્યાં સુધી તે માણસ ત્યાંથી કયાંય પણ જઇ શકતો નથી તેવી જ રીતે જે જીવે જે આયુકર્મનો બંધ કર્યો છે તે આયુ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી તેને તે જ ગતિમાં રહેવું પડે છે.

**નામકર્મનો** સ્વભાવ ચિત્રકાર સમાન છે. જેમ ચિત્રકાર જુદી જુદી જાતના અર્થાત્ કોઈવાર મનુષ્યનું, કોઈવાર ઘોડાનું, કોઈવાર હાથીનું ચિત્ર બનાવે છે, તેવી જ રીતે નામકર્મ પણ આ જીવને કોઈવાર માણસ બનાવે છે, કોઈવાર ઘોડો બનાવે છે, કોઈવાર કાણો, કોઈવાર બહેરો, કોઈવાર લૂલો ઈત્યાદિ પ્રકારે અનેકરૂપ બનાવે છે.

**ગોત્રકર્મનો** સ્વભાવ કુંભાર જેવો છે, જેમ કુંભાર કોઈવાર નાનું વાસણ બનાવે છે અને કોઈવાર મોટું વાસણ બનાવે છે, તેમ ગોત્રકર્મ પણ આ જીવને કોઈવાર ઉચ્ચ કુળમાં અને કોઈવાર નીચ કુળમાં પેદા કરે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્તરાયકર્મનો** સ્વભાવ ભંડારી જેવો છે. જેમ રાજા કોઈને કાંઈક ઈનામ વગેરે આપતા હોય અને ભંડારી તેને આપવા દેતો નથી, તેવી જ રીતે અંતરાય કર્મ પણ આત્માને પ્રાપ્ત થનાર પદાર્થોમાં અનેક પ્રકારનાં વિઘ્ન નાખીને તે પદાર્થ પ્રાપ્ત થવા દેતું નથી. -આ રીતે આ આઠે કર્મોનો સ્વભાવ છે. એ પોતપોતાના સ્વભાવ સહિત જીવ સાથે સંબંધ કરે છે.

હવે પ્રદેશબંધનું વર્ણન કરે છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાંથી એક એક પ્રદેશ સાથે કર્મનાં અનંતાનંત પરમાણુ બંધાય અર્થાત્ જીવના પ્રદેશ અને કર્મનાં પરમાણુ-બન્ને એકક્ષેત્રાવગાહ થઈને રહે તેને પ્રદેશબંધ કહે છે.

હવે સ્થિતિબંધનું વર્ણન કરે છે. જે કર્મ (જીવની સાથે રહેવાની ) પોતાની સ્થિતિસહિત બંધાય તેને સ્થિતિબંધ કહે છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય-આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની છે અને મોહનીય કર્મમાંથી દર્શનમોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની અને ચારિત્રમોહનીયની ૪૦ ક્રોડાક્રોડી સાગરની છે. નામ અને ગોત્રકર્મની સ્થિતિ ૨૦ ક્રોડાક્રોડી સાગરની છે. આયુકર્મની સ્થિતિ ૩૩ સાગરની છે. આ બધાની ઉત્કૃષ્ટ સ્થિતિ થઈ. જઘન્ય સ્થિતિ નામ-ગોત્રની આઠ મુહૂર્ત, વેદનીયની બાર મુહૂર્ત, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય અને આયુ એ પાંચ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. મધ્યમસ્થિતિના અનંત ભેદ છે. આ પ્રકારે સ્થિતિબંધનું નિરૂપણ કર્યું.

હવે અનુભાગબંધનું વર્ણન કરે છે. કર્મોમાં જે ફળ દેવાની શક્તિ હોય છે તેને જ અનુભાગબંધ કહે છે. આ અનુભાગબંધ ઘાતીકર્મોનો તો કેવળ અશુભરૂપ જ હોય છે અને અઘાતીકર્મોનો શુભરૂપ અને અશુભરૂપ બન્ને પ્રકારનો હોય છે. જેમ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય-એ ચાર કર્મોનો લતા-લાકડું-હાડકાં અને પથ્થરરૂપ ક્રમથી વધતો વધતો બંધ થાય છે અને નામ, ગોત્ર, વેદનીય, આયુ-આ ચાર કર્મોનો જો શુભરૂપ હોય તો ગોળ, ખાંડ, સાકર અને અમૃત સમાન શુભફળ આપે છે અને જો અશુભરૂપ હોય તો લીંબડો, કાંજી, વિષ અને હળાહળ સમાન અશુભ ફળ આપે છે. -આ રીતે આ બધાં કર્મોનો વિપાક થયા કરે છે. આ રીતે



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારે પ્રકારના બંધનું વર્ણન કર્યું. ૨૧૫

**રત્નત્રયથી બંધ કેમ થતો નથી એ વાત હવે બતાવે છે:–**

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।**
**स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः ॥२१६॥**

**અન્વયાર્થ:–** [आत्मविनिश्चितिः] પોતાના આત્માનો વિનિશ્ચય [दर्शनम्] સમ્યગ્દર્શન, [आत्मपरिज्ञानम्] આત્માનું વિશેષ જ્ઞાન [बोधः] સમ્યગ્જ્ઞાન અને [आत्मनि] આત્મામાં [स्थितिः] સ્થિરતા [चारित्रं] સમ્યક્ચારિત્ર [इष्यते] કહેવાય છે તો પછી [एतेभ्यः 'त्रिभ्यः'] આ ત્રણથી [कुतः] કેવી રીતે [बन्धः] બંધ [भवति] થાય?

**ટીકા:–**'आत्मविनिश्चितिः दर्शनं, आत्मपरिज्ञानं बोधः, आत्मनि स्थितिः चारित्रं इष्यते एतेभ्यः बंधः कुतः भवति ।' અર્થ:– આત્માના સ્વરૂપનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે, આત્માના સ્વરૂપનું પરિજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે અને આત્મસ્વરૂપમાં લીન થવું તે સમ્યક્ચારિત્ર છે. આ ત્રણે આત્મસ્વરૂપ જ છે. જયારે આ ત્રણે ગુણ આત્મસ્વરૂપ છે તો એનાથી કર્મોનો બંધ કેવી રીતે થઇ શકે? અર્થાત્ થઇ શકતો નથી.

**ભાવાર્થ:–** રત્નત્રય બે પ્રકારના છે. - ૧. વ્યવહારરત્નત્રય અને ૨. નિશ્ચયરત્નત્રય. દેવ-શાસ્ત્ર-ગુરુનું તથા સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન છે, તત્ત્વોના સ્વરૂપને જાણી લેવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે, અશુભ ક્રિયાઓથી પ્રવૃત્તિ હટાવીને શુભક્રિયામાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારસમ્યક્ચારિત્ર છે. – આ વ્યવહારરત્નત્રય થયાં. આત્મસ્વરૂપનું શ્રદ્ધાન તે નિશ્ચયસમ્યગ્દર્શન, આત્મજ્ઞાન થવું તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપમાં પરિણમન તે નિશ્ચયસમ્યક્ચારિત્ર. તે આ જીવને કર્મોથી છોડાવવાનું કારણ છે, પણ કર્મોના બંધનું કારણ નથી. ૨૧૬.

**રત્નત્રય તીર્થંકરાદિ પ્રકૃતિઓનો પણ બંધ કરનાર નથી, એ વાત હવે બતાવે છે:–**

**सम्यक्त्वचरित्राभ्यां तीर्थंकराहारकर्म्मणो बन्धः ।**
**योऽप्युपदिष्टः समये न नयविदां सोऽपि दोषाय ॥२१७॥**

**અન્વયાર્થ:–** [अपि] અને [तीर्थंकराहारकर्मणः] તીર્થંકરપ્રકૃતિ અને આહાર પ્રકૃતિનો



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[यः] જે [बन्धः] બંધ [सम्यक्त्वचरित्राभ्यां] સમ્યક્ત્વ અને ચારિત્રથી [समये] આગમમાં, [उपदिष्टः] કહ્યો છે, [सः] તે [अपि] પણ [नयविदां] નયના જાણનારાઓના [दोषाय] દોષનું કારણ [न] નથી.

**ટીકાઃ–** 'सम्यक्त्व चरित्राभ्यां तीर्थंकराहारकर्मणः बन्धः (भवति) यः अपि समये उपदिष्टः सः अपि नयविदां दोषाय न भवति ।' **અર્થઃ–** સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી તીર્થંકર-પ્રકૃતિ અને આહારક-પ્રકૃતિનો બંધ થાય છે, એવો જે શાસ્ત્રોમાં ઉપદેશ છે તેમાં પણ નયવિવક્ષા જાણનારને દોષ અર્થાત્ વિરોધ જણાતો નથી.

**ભાવાર્થઃ–** જો કોઈ એમ શંકા કરે કે સમ્યગ્દર્શન થયા પછી જ તીર્થંકર-પ્રકૃતિનો બંધ થાય છે અને સમ્યક્ચારિત્ર થયા પછી જ આહારક-પ્રકૃતિનો બંધ થાય છે તો ઉપર જે આ કહેવામાં આવ્યું છે કે રત્નત્રય કર્મનો બંધ કરનાર નથી એ કેવી રીતે? તેનો ખુલાસો કરે છે:–

**सति सम्यक्त्वचरित्रे तीर्थकराहारबन्धकौ भवतः ।**
**योगकषायौ नासति तत्पुनरस्मिन्नुदासीनम् ॥२१८॥**

**અન્વયાર્થ :–** [यस्मिन्] જેમાં [सम्यक्त्वचरित्रे सति] સમ્યક્ત્વ અને ચારિત્ર હોવા છતાં [तीर्थंकराहारबन्धकौ] તીર્થંકર અને આહારક પ્રકૃતિનો બંધ કરનાર [योगकषायौ] યોગ અને કષાય [भवतः] થાય છે [पुनः] અને [असति न] નહોતા, થતા નથી અર્થાત્ સમ્યક્ત્વ અને ચારિત્ર વિના બંધના કર્તા યોગ અને કષાય થતા નથી [तत्] તે સમ્યક્ત્વ અને ચારિત્ર [अस्मिन्] આ બંધમાં [उदासीनम्] ઉદાસીન છે.

**ટીકાઃ–** 'सम्यक्त्व चरित्रे सति योगकषायौ तीर्थंकराहार बंधकौ भवतः तस्मात् तत्पुनः अस्मिन्ः उदासीनम् ।' **અર્થઃ–** સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર હોય ત્યારે જ યોગ અને કષાય તીર્થંકર તથા આહારકનો બંધ કરનાર થાય છે, તેથી રત્નત્રય તો પ્રકૃતિઓનો બંધ કરવામાં ઉદાસીન છે.

**ભાવાર્થઃ–** જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રગુણ પ્રગટ હોતા નથી ત્યારે પણ આત્માની સાથે કર્મોનો બંધ થાય છે અને જ્યારે એકદેશ સમ્યક્ચારિત્ર પ્રગટ થાય ત્યારે પણ આત્માની સાથે કર્મનો બંધ થાય છે, તેથી જણાય છે કે કર્મોનો બંધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવામાં કારણ યોગ-કષાયોનું થવું અને કર્મોના અબંધમાં કારણ યોગ-કષાયોનું ન થવું જ છે. ૨૧૮.

**શંકાઃ– જો આમ છે તો સમ્યક્ત્વને દેવાયુના બંધનું કારણ કેમ કહ્યું છે?**

**ननु कथमेवं सिद्ध्यति देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः ।**
**सकलजनसुप्रसिद्धो रत्नत्रयधारिणां मुनिवराणाम् ॥२१९॥**

**અન્વયાર્થઃ–** [ननु] શંકા-કોઈ પુરુષ શંકા કરે છે કે [रत्नत्रयधारिणां] રત્નત્રયના ધારક [मुनिवराणां] શ્રેષ્ઠ મુનિઓને [सकलजनसुप्रसिद्धः] સર્વજનોમાં સારી રીતે પ્રસિદ્ધ [ देवायुप्रभृतिसत्प्रकृतिबन्धः ] દેવાયુ આદિ ઉત્તમ પ્રકૃતિઓનો બંધ [एवं] પૂર્વોક્ત પ્રકારે [कथम्] કેવી રીતે [सिद्ध्यति] સિદ્ધ થશે?

**ટીકાઃ–**'ननु रत्नत्रयधारिणां मुनिवराणां सकलजनसुप्रसिद्धः देवायुप्रभृतिसत्प्रकृति-बन्धः एवं कथं सिद्ध्यति ।' અર્થઃ– અહીં કોઈ શંકા કરે કે રત્નત્રયના ધારક મુનિઓને દેવાયુ વગેરે શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે એવું જે શાસ્ત્રોમાં કથન છે તે કેવી રીતે સિદ્ધ થશે? ૨૧૯. તેનો ઉત્તરઃ–

**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य ।**
**आस्रवति यत्तु पुण्यं शुभोपयोगोऽयमपराधः ॥२२०॥**

**અન્વયાર્થઃ–** [इह] આ લોકમાં [रत्नत्रयं] રત્નત્રયરૂપ ધર્મ [निर्वाणस्य एव] નિર્વાણનું જ [हेतु] કારણ [भवति] થાય છે, [अन्यस्य] અન્ય ગતિનું [न] નહીં, [तु] અને [यत्] જે રત્નત્રયમાં [पुण्यं आस्रवति] પુણ્યનો આસ્રવ થાય છે. તે [अयम्] આ [अपराधः] અપરાધ [शुभोपयोगः] શુભોપયોગનો છે.

**ટીકાઃ–** 'इह रत्नत्रयं निर्वाणस्य एव हेतुः भवति अन्यस्य न तु यत् पुण्यं आस्रवति अयं अपराधः शुभोपयोगः ।' **અર્થઃ–** આ લોકમાં રત્નત્રય મોક્ષનું જ કારણ છે, બીજી ગતિનું કારણ નથી. વળી રત્નત્રયના સદ્ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે તે બધો શુભકષાય અને શુભયોગથી જ થાય છે, અર્થાત્ તે શુભોપયોગનો જ અપરાધ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે પણ રત્નત્રયનો નથી. ભિન્ન ભિન્ન કારણોથી ભિન્ન ભિન્ન કાર્ય થાય છે તોપણ વ્યવહારથી એકબીજાનું પણ કાર્ય કહી દેવામાં આવે છે. ૨૨૦.

**एकस्मिन् समवायादत्यन्तविरुद्धकार्ययोरपि हि ।**
**इह दहति घृतमिति यथा व्यवहारस्तादृशोऽपि रूढिमितः ।।२२१।।**

**અન્વયાર્થઃ–** [हि] નિશ્ચયથી [एकस्मिन्] એક વસ્તુમાં [अत्यंतविरुद्धकार्ययो:] અત્યંત વિરોધી બે કાર્યોના [अपि] પણ [समवायात्] મેળથી [तादृश: अपि] તેવો જ [व्यवहार:] વ્યવહાર [रूढिम्] રૂઢિને [इत:] પ્રાપ્ત છે, [यथा] જેમ [इह] આ લોકમાં ''[घृतम्] ઘી [दहति] બાળે છે''– [इति] એ પ્રકારની કહેવત છે.

**ટીકાઃ–** 'हि एकस्मिन् अत्यंतविरुद्धकार्ययो: अपि समवायात् तथा घृतं दहति इति व्यवहार: अपि तादृशा: व्यवहार: रुढिं इत: ।' અર્થઃ– નિશ્ચયથી એક અધિકરણમાં પરસ્પર વિરુદ્ધ બે કાર્યોનો બંધ થવાથી 'જેમ ઘી બાળે છે' એવો એકનો બીજામાં વ્યવહાર થઈ જાય છે, તેવી જ રીતે અહીં પણ વ્યવહાર પ્રસિદ્ધ થઈ ગયો છે કે સમ્યક્ત્વથી શુભ પ્રકૃતિઓનો બંધ થાય છે.

**ભાવાર્થઃ–** જોકે ઘી બાળતું નથી તોપણ અગ્નિના સંબંધથી જ્યારે ઘી ગરમ થઈ જાય છે ત્યારે એવું જાણવામાં આવે છે કે ઘી બાળે છે. તેવી જ રીતે સમ્યક્ત્વનું કામ કર્મબંધ કરવાનું નથી તોપણ જ્યારે આત્મામાં સમ્યક્ત્વ અને રાગભાવ બન્ને મળી જાય છે ત્યારે એમ જ કહેવામાં આવે છે કે સમ્યક્ત્વથી કર્મનો બંધ થાય છે. તેથી જ લોકમાં વ્યવહાર પણ એવો થાય છે કે સમ્યક્ત્વથી શુભકર્મોનો બંધ થાય છે, રત્નત્રયથી મોક્ષનો લાભ થાય છે. ૨૨૧.

**सम्यक्त्वबोधचारित्रलक्षणो मोक्षमार्ग इत्येष: ।**
**मुख्योपचाररूप: प्रापयति परं पदं पुरुषम् ।।२२२।।**

**અન્વયાર્થઃ–** [इति] આ રીતે [एष:] આ પૂર્વકથિત [मुख्योपचाररूप:] નિશ્ચય અને વ્યવહારરૂપ [सम्यक्त्वबोधचारित्रलक्षण:] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર લક્ષણવાળો [मोक्षमार्ग:] મોક્ષનો માર્ગ [पुरुषम्] આત્માને [परं पदं] પરમાત્માનું પદ [प्रापयति] પ્રાપ્ત કરાવે છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ટીકાઃ–** 'सम्यक्त्वबोधचारित्रलक्षण: इति एष: मोक्षमार्ग: मुख्योपचाररूप: पुरुषं परं पदं प्रापयति।' અર્થઃ– સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ સ્વરૂપ જ મોક્ષમાર્ગ છે. એ મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહાર એમ બે પ્રકારનો જ આત્માને મોક્ષ પહોંચાડે છે.

**ભાવાર્થઃ–** નિશ્ચયમોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાધક છે તથા વ્યવહારમોક્ષમાર્ગ પરંપરાએ મોક્ષમાર્ગનો સાધક છે અર્થાત્ વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ છે. ૨૨૨.

**नित्यमपि निरुपलेप: स्वरूपसमवस्थितो निरुपघात: ।**
**गगनमिव परमपुरुष: परमपदे स्फुरति विशदतम: ॥२२३॥**

**અન્વયાર્થઃ–** [नित्यमपि] હંમેશાં [निरुपलेप:] કર્મરૂપી રજના લેપ રહિત [स्वरूपसमवस्थित:] પોતાના અનંતદર્શન-જ્ઞાન સ્વરૂપમાં સારી રીતે ઠરેલો [निरुपधात:] ઉપઘાત રહિત અને [ विशदतम:] અત્યંત નિર્મળ [परमपुरुष:] પરમાત્મા [गगनम् इव] આકાશની જેમ [परमपदे] લોકશિખરસ્થિત મોક્ષસ્થાનમાં [स्फुरति] પ્રકાશમાન થાય છે.

**ટીકાઃ–** ' नित्यम् अपि निरुपलेप: स्वरूपसमवस्थित: निरुपघात: विशदतम: परमपुरुष: गगनम् इव परमपदे स्फुरति ।' –અર્થઃ– સદાકાળ કર્મમળ રહિત, પોતાના સ્વરૂપમાં સ્થિત, કોઈના પણ ઘાતરહિત, અત્યંત નિર્મળ એવા જે પરમાત્મા સિદ્ધ ભગવાન છે તે મોક્ષમાં આકાશ સમાન દેદીપ્યમાન રહે છે.

**ભાવાર્થઃ–** પુરુષ નામ જીવનું છે અને પરમ પુરુષ નામ પરમાત્મા સિદ્ધ ભગવાનનું છે. જીવ તો નર-નારકાદિ ચારે ગતિઓમાં પોતાના આયુષ્ય પ્રમાણે થોડા કાળ સુધી જ રહે છે અને સિદ્ધભગવાન મોક્ષમાં સદા અનંત કાળ સુધી રહે છે. સંસારી જીવ કર્મરૂપી મેલથી મલિન છે, સિદ્ધ ભગવાન કર્મમળથી રહિત છે. સંસારી જીવ પુણ્ય-પાપરૂપી લેપથી લિપ્ત છે, સિદ્ધ ભગવાન આકાશ સમાન નિર્લેપ છે. સંસારી જીવ વિભાવ પરિણતિના યોગથી સદા દેહાદિરૂપે થઈ રહ્યો છે, સિદ્ધ ભગવાન સદા નિજસ્વરૂપમાં જ વિરાજમાન રહે છે. સંસારના જીવ બીજા જીવોનો ઘાત કરે છે અને બીજાઓ દ્વારા



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હણાય છે પણ સિદ્ધ ભગવાન કોઈ જીવને હણતા નથી કે કોઈ જીવો વડે હણાતા નથી. આવા સિદ્ધ ભગવાન અખંડ, અવિનાશી, નિર્મળ, પોતાના સ્વરૂપમાં સ્થિત સદાકાળ મોક્ષમાં જ બિરાજમાન રહે છે. ૨૨૩.

## પરમાત્માનું સ્વરૂપ

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा ।**
**परमानन्दनिमग्नो ज्ञानमयो नन्दति सदैव ॥२२४॥**

**અન્વયાર્થઃ–** [कृतकृत्यः] કૃતકૃત્ય [सकलविषयविषयात्मा] સમસ્ત પદાર્થો જેમના વિષય છે એવા અર્થાત્ સર્વ પદાર્થોના જ્ઞાતા [परमानन्दनिमग्नः] વિષયાનન્દથી રહિત જ્ઞાનાનંદમાં અતિશય મગ્ન [ज्ञानमयः] જ્ઞાનમય જ્યોતિરૂપ [परमात्मा] મુક્તાત્મા [परमपदे] સૌથી ઉપર મોક્ષપદમાં [सदैव] નિરંતર જ [नन्दति] આનંદરૂપે સ્થિત છે.

**ટીકાઃ–** परमात्मा कृतकृत्यः सकलविषयविषयात्मा (विरतात्मा) वा परमानन्दनिमग्नः ज्ञानमयः परमपदे सदैव नन्दति । અર્થઃ– સિદ્ધ ભગવાનને કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી, સકલ પદાર્થોને પોતાના જ્ઞાનમાં વિષય કરનાર અથવા સકળ પદાર્થોથી વિરક્ત, પરમ સુખમાં નિમગ્ન અને કેવળજ્ઞાનસહિત મોક્ષમાં નિરંતર આનંદ કરે છે.

**ભાવાર્થઃ–** સંસારના જીવોને અનેક કાર્ય કરવાની અભિલાષા છે તેથી કૃતકૃત્ય નથી, સિદ્ધ ભગવાનને કાંઈ કામ કરવાનું બાકી રહ્યું નથી તેથી કૃતકૃત્ય છે. જગતના જીવ મોક્ષથી વિમુખ છે અને સિદ્ધ ભગવાન મોક્ષમાં બિરાજમાન છે. સંસારના જીવો વિષય વિકાર સહિત છે, સિદ્ધ ભગવાન વિષય વિકાર રહિત છે. સંસારના જીવ અનેક શરીરો ધારણ કરીને દુઃખી થઈ રહ્યા છે, સિદ્ધ ભગવાન મન, વચન, કાયાથી રહિત છે. ઈત્યાદિ અનંત ગુણો સહિત સિદ્ધ ભગવાન છે. ૨૨૪.

## જૈન નીતિ અથવા નય-વિવક્ષા

**एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।**
**अन्तेन जयति जैनी नीतिर्मन्थाननेत्रमिव गोपी ॥२२५॥**



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ**– [मन्थाननेत्रम्] રવઇ-વલોણાને ખેંચનાર [गोपी इव] ગોવાલણની જેમ [जैनी नीति:] જિનેન્દ્રદેવની સ્યાદ્વાદનીતિ અથવા નિશ્ચય-વ્યવહારરૂપ નીતિ [वस्तुतत्त्वम्] વસ્તુના સ્વરૂપને [एकेन] એક સમ્યગ્દર્શનથી [आकर्षन्ती] પોતા તરફ ખેંચે છે, [इतरेण] બીજાથી અર્થાત્ સમ્યગ્જ્ઞાનથી [श्लथयन्ती] શિથિલ કરે છે અને [अन्तेन] અન્તિમ અર્થાત્ સમ્યક્ચારિત્રથી સિદ્ધરૂપ કાર્યને ઉત્પન્ન કરવાથી [जयति] સર્વની ઉપર વર્તે છે. (અથવા બીજો અન્વયાર્થ)

**અન્વયાર્થઃ**– [मन्थाननेत्रम् ] રવઇને ખેંચનાર [गोपी इव] ગોવાલણની જેમ જે [वस्तुतत्त्वम्] વસ્તુના સ્વરૂપની [एकेन अन्तेन] એક અંતથી અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી [आकर्षन्ती] આકર્ષણ કરે છે-ખેંચે છે, અને વળી [इतरेण] બીજા પર્યાયાર્થિકનયથી [श्लथयन्ती] શિથિલ કરે છે, તે [जैनीनीति:] જૈનમતની ન્યાયપદ્ધતિ [जयति] જયવંતી છે.

**ટીકાઃ**– मन्थानेत्रं गोपी इव जैनी नीति: वस्तुतत्त्वं एकेन आकर्षन्ती इतरेण श्लथयन्ती अन्तेन जयति । **અર્થઃ**– વલોણામાં રવઇ ખેંચનાર ગોવાલણની જેમ જિનેન્દ્ર ભગવાનની જે નીતિ અર્થાત્ વિવક્ષા છે તે વસ્તુરૂપને એક નય-વિવક્ષાથી ખેંચતી, બીજી નય-વિવક્ષાથી ઢીલી મૂકતી અંતે અર્થાત્ બન્ને વિવક્ષાઓથી જયવંત રહે.

**ભાવાર્થઃ**– ભગવાનની વાણી સ્યાદ્વાદરૂપ અનેકાન્તાત્મક છે. વસ્તુનું સ્વરૂપ પ્રધાન તથા ગૌણનયની વિવક્ષાથી કરવામાં આવે છે. જેમ કે જીવદ્રવ્ય નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દ્રવ્યાર્થિકનયની વિવક્ષાથી નિત્ય છે અને પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે, એ જ નય-વિવક્ષા છે. ૨૨૫.

[નોંધ :– આ શ્લોકમાં એમ બતાવ્યું છે કે શાસ્ત્રમાં કોઇ ઠેકાણે નિશ્ચયનયની મુખ્યતાથી કથન છે અને કોઇ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાથી કથન છે, પણ તેનો અર્થ એમ નથી કે સાચો ધર્મ કોઇ વખતે વ્યવહારનય (અભૂતાર્થનય) ના આશ્રયથી થાય અને કોઇવાર નિશ્ચયનય (ભૂતાર્થનય) ના આશ્રયથી થાય છે; ધર્મ તો સદાય નિશ્ચયનય અર્થાત્ ભૂતાર્થનયના વિષયના આશ્રયથી જ થાય છે. મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે થાય છે પણ મોક્ષમાર્ગ બે નથી. સરાગતાથી પણ મોક્ષમાર્ગ તથા વીતરાગતાથી



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ મોક્ષમાર્ગ – એમ પરસ્પર વિરુદ્ધતાથી તથા સંશયરૂપ મોક્ષમાર્ગ નથી.]

**ગ્રંથ પૂર્ણ કરતાં આચાર્ય મહારાજ પોતાની લઘુતા બતાવે છેઃ–**

**वर्णै: कृतानि चित्रै: पदानि तु पदै: कृतानि वाक्यानि ।**
**वाक्यै: कृतं पवित्रं शास्त्रमिदं न पुनरस्माभि: ॥२२६॥**

**અન્વયાર્થઃ–** [चित्रै:] અનેક પ્રકારના [वर्णै:] અક્ષરો વડે [कृतानि] રચાયેલા [पदानि] પદ, [पदै:] પદોથી [कृतानि] બનાવેલા [वाक्यानि] વાકયો છે, [तु] અને [वाक्यै:] તે વાકયોથી [पुन:] પછી [इदं] આ [पवित्रं] પવિત્ર-પૂજ્ય [शास्त्रम्] શાસ્ત્ર [कृतं] બનાવવામાં આવ્યું છે, [अस्माभि:] અમારાથી [न किमपि कृतम्] કાંઈ પણ કરાયું નથી.

**ટીકાઃ–** चित्रै: वर्णै पदानि कृतानि तु पदै: वाक्यानि कृतानि वाक्यै: पवित्रं शास्त्रं कृतं पुन: अस्माभि: न । **અર્થઃ–** સ્વામી અમૃતચન્દ્ર મહારાજ ગ્રંથ પૂર્ણ કરતાં પોતાની લઘુતા બતાવે છે અને કહે છે કે આ ગ્રંથ મેં બનાવ્યો નથી. તો પછી કોણે બનાવ્યો છે?– તો કહે છે કે અનેક પ્રકારના સ્વર, વ્યંજન, વર્ણ અનાદિ કાળના છે, તે વર્ણોથી પદ અનાદિનાં છે, તથા પદોથી વાકય બને છે અને તે વાકયોએ આ પવિત્ર શાસ્ત્ર બનાવ્યું છે, અમે કાંઈ પણ બનાવ્યું નથી.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(દોહા)

અમૃતચન્દ્ર મુનીન્દ્રકૃત ગ્રંથ શ્રાવકાચાર,
અધ્યાતમરૂપી મહા આર્યા છન્દ જુ સાર;
પુરુષારથકી સિદ્ધિકો જામેં પરમ ઉપાય,
જાહિ સુનત ભવભ્રમ મિટૈ આતમ તત્ત્વ લખાય.
ભાષા ટીકા તા ઉપર કીની ટોડરમલ્લ,
મુનિવરકૃત બાકી રહી તાકે માંહિ અચલ;
યે તો પરભવકું ગયે જયપુર નગર મંઝાર,
સબ સાધર્મી તબ કિયો મનમેં યહૈ વિચાર.
ગ્રન્થ મહા ઉપદેશમય પરમ ધામકો મૂલ,
ટીકા પૂરણ હોય તો મિટે જીવકી ભૂલ;
સાધર્મિનમેં મુખ્ય હૈં રતનચન્દ્ર દીવાન,
પૃથ્વીસિંહ નરેશકો શ્રદ્ધાવાન સુજાન.
તિનકે અતિરુચિ ધર્મસોં સાધર્મિન સોં પ્રીતિ,
દેવ-શાસ્ત્ર-ગુરુકી સદા ઉરમેં મહા પ્રતીત;
આનન્દ સુત તિનકો સખા નામ જુ દૌલતરામ,
ભૃત્ય ભૂપકો કુલ વણિક જાકો બસવે ધામ.
કુછ ઇક ગુરુ પરતાપસેં કીનોંઈ ગ્રન્થ અભ્યાસ,
લગન લગી જિનધર્મસોં જિન દાસન કો દાસ;
તાસૂં રતન દીવાનને કહી પ્રીતિ ધર એહ,
કરિયે ટીકા પૂરણા ઉર ધર ધર્મ સનેહ.
તબ ટીકા પૂરણ કરી ભાષારૂપ નિધાન,
કુશલ હોય ચહું સંઘકો લહે જીવ નિજ જ્ઞાન;
સુખી હોય રાજા પ્રજા હોય ધર્મકી વૃદ્ધિ,
મિટેં દોષ દુઃખ જગતકે પાવેં ભવિજન સિદ્ધિ.
અઠારહસૈં ઊપરે સંવત સત્તાઈસ,
માસ માર્ગશિર ઋતુ શિશિર સુદિ દોયજ
રજનીશ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# પરિશિષ્ટ

## પુરુષાર્થસિદ્ધિ-ઉપાયના શ્લોકોની વર્ણાનુક્રમણિકા


| | श्लोक पृष्ठ |
|---|---|
| **अ** | |
| अक्रमकथनेन यत: | १९-२५ |
| अतिचारा: सम्यक्त्वे | १८१-१४७ |
| अतिसंक्षेपाद् द्विविध: | ११५-९४ |
| अत्यन्तनिशितधारं | ५९-६० |
| अथ निश्चित्तसचित्तौ | ११७-९५ |
| अनवेक्षिताप्रमार्जित | १९२-१५४ |
| अध्रुवमशरणमेकत्व | २०५-१६७ |
| अनवरतमहिंसायां | २९-३६ |
| अनुसरतां पदमेतत् | १६-२३ |
| अबुधस्य बोधनार्थ | ६-२० |
| अप्रादुर्भाव: खलु | ४४-५० |
| अभिमानभयजुगुप्सा | ६४-६३ |
| अमृतत्वहेतुभूतं | ७८-७१ |
| अरतिकरं भीतिकरं | ९८-८४ |
| अर्कालोकेन विना | १३३-१०७ |
| अर्था नाम य एते प्राणा | १०३-८७ |
| अवबुध्य हिंस्यहिंसक | ६०-६१ |
| अनशनमवमौदर्य | १९८-१५९ |
| अवितीर्णस्य ग्रहणं | १०२-८६ |
| अविधायापि हि हिंसा | ५१-५६ |
| अविरुद्धा अपि भोगा | १६४-१२९ |
| अष्टावनिष्टदुस्तर | ७४-६८ |
| असदपि हि वस्तुरूपं | ९३-८१ |
| असमग्रं भावयतो | २११-१७८ |
| असमर्था ये कर्तु | १०६-८९ |
| असिधेनुहुताशन | १४४-११४ |
| अस्ति पुरुषश्चिदात्मा | ९-१४ |
| **आ** | |
| आत्मपरिणामहिंसन | ४२-४८ |
| आत्मा प्रभावनीयो | ३०-३७ |
| आत्मां वा पक्वां वा | ६८-६५ |
| आमास्वपि पक्वास्वपि | ६७-६५ |
| आहारो हि सचित्त: | १९३-१५८ |
| **इ** | |
| इति य: परिमितिभोगै: | १६६-१३० |
| इति यो व्रतरक्षार्थं | १८०-१६१ |
| इति य: षोडशयामान् | १५७-१४६ |
| इतिरत्नत्रयमेतत् | २०९-१२२ |
| इति नियमितदिग्भागे | १३८-१७६ |
| इति विरतो बहुदेशात् | १४०-१११ |
| इति विविधभङ्गगहने | ५८-६० |
| इत्थमशेषितहिंस: | १६०-१२४ |
| इत्यत्र त्रितयात्मनि | १३५-१०८ |
| इत्येतानतिचारापरानपि | १९६-१५७ |
| इदमावश्यकषट्कं | २०१-१६२ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक पृष्ठ |
|---|---|
| इत्याश्रितसम्यक्त्वै: | ३१-३८ |
| इयमेकैव समर्था | १७५-१३९ |
| इह जन्मनि विभवादीन्य | २४-३२ |
| **उ** | |
| उक्तेन ततो विधिना | १५६-१२२ |
| उपलब्धिसुगतिसाधन | ८७-७७ |
| उभयपरिग्रहवर्जन | ११८-९६ |
| **ऊ** | |
| ऊर्ध्वमधस्तात्तिर्यग् | १८८-१५१ |
| **ए** | |
| एकमपि प्रजिघांसुर्निहन्त्य | १६२-१२६ |
| एकस्मिन् समवायाद | २२१-१८७ |
| एकस्य सैव तीव्रं | ५३-५७ |
| एकस्याल्पा हिंसा | ५२-५६ |
| एकेनाकर्षन्ती श्लथयन्ती | २२५-१८९ |
| एक: करोति हिंसा | ५५-५८ |
| एवं न विशेष: स्यादुन्दु | १२०-९७ |
| एवमतिव्याप्ति: स्यात् | ११४-९४ |
| एवमयं कर्मकृतैर्भावै | १४-२० |
| एवंविधमपरमपि ज्ञात्वा | १४७-११५ |
| एवं सम्यग्दर्शनबोध | २०-२६ |
| **ऐ** | |
| ऐहिकफलानपेक्षा | १६९-१३३ |
| **क** | |
| कर्त्तव्योऽध्यवसाय: | ३५-४२ |
| कन्दर्प: कौत्कुच्यं | १९०-१५२ |
| कस्यापि दिशति हिंसा | ५६-५९ |

| | श्लोक पृष्ठ |
|---|---|
| कामक्रोधमदादिषु | २८-३५ |
| कारणकार्यविधानं | ३४-४१ |
| किंवा बहुप्रलपितैरिति | १३४-१०७ |
| को नाम विशति मोहं | ९०-७९ |
| कृच्छ्रेण सुखावाप्तिर्भवन्ति | ८६-७७ |
| कृतकारितानुमननै | ७५-६९ |
| कृतकृत्य: परमपदे | २२४-१७८ |
| कृतमात्मार्थं मुनये | १७४-१३८ |
| **ग** | |
| गर्हितमवद्यसंयुत | ९५-८२ |
| गृहमागताय गुणिने | १७३-१३७ |
| ग्रन्थार्थोभयपूर्णं | ३६-४३ |
| **च** | |
| चारित्रान्तर्भावात् तपोपि | १९७-१५८ |
| चारित्रं भवति यत: | ३९-४६ |
| **छ** | |
| छेदनताडनबन्धा | १८३-१४८ |
| छेदनभेदनमारणकर्षण | ९७-८३ |
| **ज** | |
| जिनपुङ्गवप्रवचने | २००-१६२ |
| जीवकृतं परिणामं | १२-१८ |
| जीवाजीवादीनां | २२-२७ |
| जीवितमरणाशंसे | १९५-१५६ |
| **त** | |
| तज्जयति परं ज्योति: | १-२ |
| तत्त्वार्थाश्रद्धाने निर्युक्तं | १२४-२०० |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक पृष्ठ |
|---|---|
| तत्रादौ सम्यक्त्वं | २१-२६ |
| तत्रापि च परिमाणं | १३९-१२० |
| **द** | |
| दर्शनमात्मविनिश्चिति | २१६-१८४ |
| द्वाविंशतिरप्येते | २०८-१७२ |
| दृष्टापरं पुरस्तादशनाय | ८९--७८ |
| **ध** | |
| धनलवपिपासितानां | ८८-७८ |
| धर्मध्यानासक्तो वासर | १५४-१२० |
| धर्ममहिंसारूपं | ७६-७० |
| धर्मः सेव्यः क्षान्ति, | २०४-१६५ |
| धर्मोऽभिवर्धनीयः | २७-३५ |
| धर्मो हि देवताभ्यः | ८०-७३ |
| **न** | |
| नवनीतं च त्याज्यं | १६३-१२८ |
| ननु कथमेवं सिद्धयति | २१९-१८६ |
| न विना प्राणविघातान् | ६५-६४ |
| न हि सम्यग्व्यपदेशं | ३८-४५ |
| नातिव्याप्तिश्च तयोः | १०५-८८ |
| निजशक्त्या शेषाणां | १२६-२०२ |
| नित्यमपि निरुपलेपः | २२३-१८८ |
| निरतः कार्त्स्न्यनिवृत्तौ | ४१-४८ |
| निर्बाधं संसिध्येत् | १२२-९९ |
| निश्चयप्रबुध्यमानो | ५०-५५ |
| निश्चयमिह भूतार्थं | ५-८ |
| नीयन्तेऽत्र कषाया | १७९-१४६ |
| नैवं-वासरभुक्तेर्भवति | १३२-१०६ |

| | श्लोक पृष्ठ |
|---|---|
| **प** | |
| परदातृव्यपदेशः | १९४-१५५ |
| परमागमस्य जीवं | २-४ |
| परिणममानस्य चित | १३-१९ |
| परिणममानो नित्यं | १०-१६ |
| परिधय इव नगराणि | १३६-१०९ |
| पात्रं त्रिभेदयुक्तंसंयोगो | १७१-१३५ |
| पापर्द्धिजयपराजय | १४१-११२ |
| पुनरपि पूर्वकृतायां | १६५-१३० |
| पूज्यनिमित्तं घाते | ८१-७४ |
| पैशून्यहासगर्भं | ९६-८३ |
| पृथगाराधनमिष्टं | ३२-३८ |
| प्रविधाय सुप्रसिद्धै | १३७-१०९ |
| प्रतिरूपव्यवहार | १८५-१४९ |
| प्रविहाय च द्वितीयान् | १२५-२०२ |
| प्रागेव फलति हिंसा | ५४-५७ |
| प्रातः प्रोत्थाय ततः कृत्वा | १५५-१२१ |
| प्रेष्यस्य संप्रयोजन | १८९-१५२ |
| **ब** | |
| बद्धोद्यमेन नित्यं | २१०-१७७ |
| बहिरङ्गादपि सङ्गात् | १२७-१०२ |
| बहुशः समस्तविरतिं | १७-२४ |
| बहुसत्त्वघातजनिता | ८२-७४ |
| बहुसत्त्वघातिनोऽमी | ८४-७६ |
| बहुदुःखासंज्ञपिताः | ८५-७६ |
| **भ** | |
| भूखननवृक्षमोट्टन | १४३-१२३ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक पृष्ठ |
|---|---|
| भोगोपभोगमूला | १६१-१२५ |
| भोगोपभोगसाधनमात्रं | १०१-८५ |
| भोगोपभोगहेतोः | १५८-१२३ |
| **म** | |
| मधु मद्यं नवनीतं | ७१-६६ |
| मधुशकलमपि प्रायो | ६९-६६ |
| मद्यं मांसं क्षौद्रं | ६१-६२ |
| मद्यं मोहयति मानो | ६२-६२ |
| मरणान्तेऽवश्यमहं | १७६-१३९ |
| मरणेऽवश्यं भाविनि | १७७-१४० |
| माणवक एव सिंहो | ७-११ |
| माधुर्यप्रीतिः किल दुग्धे | १२३-९९ |
| मिथ्यात्ववेदरागात् | ११६-९५ |
| मिथ्योपदेशदानं | १८४-१४८ |
| मुख्योपचारविवरण | ४-७ |
| मुक्तसमस्तारम्भः | १५२-१२९ |
| मूर्छालक्षणकरणात् | ११२-९२ |
| **य** | |
| यत्खलुकषाययोगात् | ३३-४२ |
| यदपि किल भवति मांसं | ६६-६४ |
| यदपि क्रियते किञ्चिन् | १०९-९१ |
| यदिदं प्रमादयोगाद | ९१-८० |
| यद्वेदरागयोगान | १०७-९० |
| यद्येवं तर्हि द्रिवा | १३१-२०५ |
| यद्येवं भवति तदा | ११३-९३ |
| यस्मात्सकषायः सन् | ४७-५२ |
| यानि तु पुनर्भवेयुः | ७३-६८ |
| या मूर्च्छा नामेयं | १११-९२ |
| युक्ताचरणस्य सतो | ४५-५२ |
| येनांशेन चरित्रं | २१४-१७८ |
| येनांशेन सुदृष्टिम् | २१२-१७८ |
| येनांशेन ज्ञानं | २१३-१७८ |
| ये निजकलत्रमात्रं | ११०-९१ |
| योगात्प्रदेषबन्ध | २१५-१८१ |
| योनिरुदुम्बरयुग्मं | ७२-६७ |
| योऽपि न शक्यस्त्यक्तुं | १२८-२०३ |
| यो यतिधर्ममकथयन्नु | १८-२४ |
| यो हि कषायाविष्टः | १७८-१४१ |
| **र** | |
| रत्नत्रयमिह हेतुर्निर्वाण | २२०-१८६ |
| रजनीदिनयोरन्ते | १४९-११७ |
| रसजानां च बहुनां | ६३-६३ |
| रक्षा भवति चहुनामेक | ८३-७५ |
| रागद्वेषत्यागान्निखिल | १४८-११६ |
| रागद्वेषासंयममद | १७०-१३४ |
| रागादिवर्द्धनानां | १४५-११४ |
| रागाद्युदयपरत्वाद् | १३०-२०५ |
| रात्रौ भुञ्जानानां | १२९-२०४ |
| **ल** | |
| लोकत्रयैकनेत्रं निरूप्य | ३-६ |
| लोके शास्त्राभासे | २६-३४ |
| **व** | |
| वचनमनः कायानां | १९१-१५३ |
| वर्णैः कृतानि चित्रैः | २२६-१९१ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




| | श्लोक पृष्ठ |
|---|---|
| वस्तु सदपि स्वरूपात् | ९४-८२ |
| वाग्गुप्तेर्नास्त्यनृतं न | १५९-१२४ |
| वास्तुक्षेत्राष्टापदहिरण्य | १८७-१५० |
| विगलितदर्शनमोहै: | ३७-४५ |
| विद्यावाणिज्यमषीकृषि | १४२-११२ |
| विधिना दातृगुणवता | १६७-१३२ |
| विनयो वैयावृत्यं | १९९-१६० |
| विपरीताभिनिवेशं | १५-२२ |
| व्यवहारनिश्चयौ य: | ८-१२ |
| व्युत्थानावस्थायां | ४६-५२ |
| शङ्का तथैव कांक्षा | १८२-१४७ |
| श्रित्वा विविक्तवसतिं | १५३-१२० |
| **स** | |
| सकलमनेकान्तात्मक | २३-३२ |
| सर्वविवर्त्तोत्तीर्णं यदा | ११-१७ |
| सति सम्यक्त्वचरित्रे | २१८-१८५ |
| सम्यक्त्वचारित्राभ्यां | २१७-१८४ |
| सम्यक्त्वबोधचारित्र | २२२-१८७ |
| सम्यग्गमनागमनं | २०३-१६४ |
| सम्यग्दण्डो वपुष: | २०२-१६३ |
| सम्यग्ज्ञानं कार्य | ३३-४१ |
| सर्वस्मिन्नप्यस्मिन् | ९९-८४ |
| सर्वानर्थप्रथमं मथनं | १४६-११५ |

| | श्लोक पृष्ठ |
|---|---|
| सामायिकश्रितानां | १५०-११८ |
| सामायिकसंस्कारं | १५१-११८ |
| सूक्ष्मापि न खलु हिंसा | ४९-५४ |
| सूक्ष्मो भगवद्धर्मो | ७९-७२ |
| संग्रहमुच्चस्थानं पादोदक | १६८-१३२ |
| स्तोकैकेन्द्रियघाताद् | ७७-७१ |
| स्पर्शश्च तृणादीनाम | २०७-१७१ |
| स्मरतीव्राभिनिवेशो | १८६-१५० |
| स्वक्षेत्रकालभावै: सदपि | ९२-८० |
| स्वयमेव विगलितं यो | ७०-६६ |
| **ह** | |
| हरिततृणांकुरचारिणि | १२१-९८ |
| हिंसातोऽनृतवचनात् | ४०-४७ |
| हिंसापर्यायत्वात् | ११९-९६ |
| हिंसाफलमपरस्य तु | ५७-५९ |
| हिंसायाअविरमणं | ४८-५३ |
| हिंसाया: पर्यायो | १७२-१३६ |
| हिंसाया: स्तेयस्य च | १०४-८७ |
| हिंस्यन्ते तिलनाल्यां | १०८-९० |
| हेतौ प्रमत्तयोगे | १००-८५ |
| **क्ष** | |
| क्षुत्तृष्णाशीतोष्ण | २४-३२ |
| क्षुत्तृष्णा हिममुष्णं | २०६-१७१ |




Please inform us of any errors on rajesh@AtmaDharma.com